રોજ આમદાદનો.

11-10-19

૩૬૫ મનશાની.

સ્થાન પ્રગટ કરનાર—

શેઠ દીનશા નસરવાન ઈરાની.

રોજ બામદાદનો

નેક વીચાર.

૩૬૫ દીવસોની મનશાની

રચીને છપાવી પ્રગટ કરનાર

મી૦ દીનશા મેહરવાન ઈરાની.

(૫૨ રવીવારો માટેના વધારાના

ઉંચ વીચારો સાથે.)

મુંબઇ મધે જામે જમશેદ પ્રીંટીંગ વર્કસ, એલાઉં હાઉસ, કોટમાં માણેકજી નવરોજી પ્રીંટરે છાપ્યું છે, અને દીનશાઉ મેરવાન ઇરાનીએ સગ્ચા પીર સ્ટ્રીટ, પુનામાં પ્રગટ કીધું છે.

દીબાચો.

સૌથી પહેલાં પરવરદેગારનો આભાર માનું છું કે તેવોની મેહેરબાનીથી આ નાનું પુસ્તકનું કામ હાર પડયું છે.

બીજો ઉપકાર જામે જમશેદના માલેક શેઠ જાંહાગીરજી બેહરામજી મરઝબાનો માનું છું કે તેવો સાહેબે "રોજંદી નેક વીચારો" ના ફકરા દર રોજ બાર માશ સુધી છાપવા માટે પોતાના પત્રની કીમતી જગા ફાજલ પાડી હતી.

ત્રીજો ઉપકાર મી૦ ફીરોજશા જાંહાગીરજી મરઝબાનનો માનું છું કારણ કે રોજંદી નેક વીચારોની ચોપડી છાપવામાં અને લખાણુમાં સેવકને ઘણી કીમતી સલાહ આપી હતી.

લા૦ સેવક,

દીનશા મેરવાન ઈરાની.

૬૧૭ કેંપ પુણા,

તા૦ ૨૧-૩-૨૨.

ભલા કર—ભલા હોગા!

મારા અસીલ મીત્ર મી૦ દીનશા મહેરવાન ઈરાનીને હું નાનો સ્કુલબોય હતો ત્યારથી પીછાણતો આવેલો છું. નરમ દીલના, એકમાર્ગી સ્વભાવના, દીલસોજ અસરાફ આ ઇરાની–જરથોસ્તી ગ્રહસ્થની આખી કારકીરદીનું જો હું ત્રણ શબ્દોમાં તાત્પર્ય કાહડું તો તે "મનશની"—"ગવશની"—"કુનશની" છે. બીરાદર દીનશા વાડી વજીફાઓમાં ચમન કરતા એક લક્ષાપતી નથી—પણ એમની છાતીમાં એક એવું તો મોતેબર દીલડું પરવરદેગારે મેલેલું છે કે તેને હું એની કરોડોની દોલત સમાન લેખું છું. પોતાના મનુષ્ય ભાઈબંધોને—ખાસ કરી પોતીકા હમજાતી કોમબંધુઓને-નેક વીચારતાં, નેક બોલતાં, અને નેક કામ બજાવતાં બનાવવા માટે ભાઈ દીનશાહ ઈરાનીએ પોતાના ગરીબ ગજવાંમાંથી અત્યાર તુલીક અવારનવાર સારી રકમ કાહડી આપ્યા કરી છે.

“તન સાફ—મન સાફ—
એ સાફ આદમી મોટા !”

આ મારા મીત્ર મી૦ દીનશાનો ગોયા મુદ્રાલેખ છે. ‘જામે જમશેદ’માં લાગટ એક વર્ષ એઓએ “રોજીંદી મનશની” ચાલુ એડીટ કરી—અને તે આ પત્રનાં વાંચનારાંઓને એટલી પસંદ પડી કે “નેક વીચાર”ની હારમાળા એજ ભાઇએ લાગટ એક બીજું વર્ષ દોડતી કરી. આ રોજીંદા નેક વીચારોનો સંગ્રહ હાલ તમારા હાથમાં એક પ્યારી પનોતી નાની કેતાબના આકારમાં મી૦ દીનશા મહેરવાને હાલ મેલ્યો છે. એમાંથી દોઢીયાંની કમાણી કરવાનો ખ્યાલ તો શેનોજ હોય? જે કાંઈ રકમ બધી ચોપડીઓ વેચતાં વધશે તે મી૦ દીનશાહ કોઈ લાયક ધર્મખાતાંને અર્પણ કરશે.

ભલા મી૦ દીનશાની આવી રૂડી કોશેશોમાં કોણ ખુશીથી શરીક નહીં થાય? એક શખ્સ ખીસે ગમે તેવોબી ગરીબ હોવા છતાં તે પોતાની નેકીથી ખુદાની નજરમાં કેટલો તવંગર હોઇ શકે છે તેનો આ સદગુણી, સાલેસ

ઈરાની ભાઈ એક જીવતો જાગતો દાખલો છે.

રોજ સહવારના ઉઠતાં ખુદાનું પાક નામ મ્હો ઉપર લઈ, કુસ્તી પાદીઆબ કરીને સઉથી પહેલું આ કામ કરજો :– તમારાં વાહલાં બચ્ચાંઓને ભેગાં કરી તેમની આગળ મોટેથી–ધીરેથી–એક નેક વીચાર વાંચી જજો. સો નસીહતો અને હઝાર વાયજીઓની તે ગરજ સારશે.

લા૦ સેવક,

ફીરોઝશાહ જહાંગીર

મરઝબાન.

પહેલી ચીજોને સદા પહેલીજ મુકતા રહેજો! રમતની અગાઉ રંજ—ગમતની અગાઉ ફરજ—અને પોતાનાની અગાઉ પારકાને હરહંમેશ રહેવા દેજો! આ એક ઉત્તમ નીયમ છે કે જેથી તમે જીન હાર આડે મારગે જશો નહી. શરૂઆત સારી કરો—તેજ ફત્તેહને અડધે રસતે જઇ મળવા બરાબર છે. જે તાલીમબાઝ ખોટો "સ્ટાર્ટ" લે છે તે ઇનામ જીતતો નથી. જે વેપારી ખોટી શરૂઆત કરે છે તે બાઝે વખત કીરતી ગુમાવે છે. જે સચાઇનો શોધક મુળ મંડાણજ ખોટું કરે છે તે નેકીનું તાજ ગુમાવવાની ધાસ્તીમાં રહે છે. મનશની—ગવશની—કુનશની, ઉંચી અભીલાષા અને બીનસ્વાર્થી અંતકરણ અખતયાર કરો! બસ તેના જેવો અચછો "સ્ટાર્ટ" બીજો કોઇજ નથી. પછી બીજી બધી રૂડી ચીજો તમારી પુઠે શાંતી તી અને સમાધાની સાથ દોરવાઇ આવશે; જીંદગી સાદી, સુંદર, શાંત અને સબકતી બની રહેશે!

માટે ભાગે એક ગુસ્સાવાળો આદમી પારકાંઓની ભુલ સુધારવા સઉથી વધારે આતુર હોય છે; પણ એક સ્યાનો આદમી ખુદ પોતાની ભુલ સુધારવા માટે તલબગાર રહે છે. જો કોઇબી ઇનશાનની ખાહેશ સારી જગતને સુધારવાની હોય તો તેને પ્રથમ ખુદ પોતાનામાં સુધારો કરીને શરૂઆત કરવી જોઇયે. પણ કામી તત્વોને નાબુદ કરવાથીજ કાંઇ એક આસામીનો સુધારો પુરો થઇ જતો નથી; તે તો માત્ર ખરા સુધારાની એક શરૂઆતજ છે. સાચ્ચો સુધારો ત્યારેજ હાંસલ થાય છે કે જયારે દરેક છાલકો વીચાર અને સ્વારથી મતલબને જેર કરવામાં આવે છે. સંપુર્ણ પાકીજગી અને ડાહપણ મેળવવા આગમજ એક પ્રકારની અંગત–ગુલામગીરી અથવા ખુદ ખાઇ ઉપર આપણુને જીત મેળવવાની છે.

ઉમેદની પાંખો ઉપર ઇનશાન આ ખાકી જગતમાંથી મીનોઇ બેહેસ્તમાં ચઢી શકે છે, અજ્ઞાન પણામાંથી જ્ઞાનીપણામાં જાય છે; નીચેના અંધકારમાંથી ઉપરનાં ઉજાસમાં પસાર થાય છે. તે વગર માનવી એક જમીન ઉપર કસડાતું ફાની, હવસી, અભણ, હોશ વગરનું એક જનાવરજ રહે છે.

જયાં તુલીક એક ઇનશાનને જનાવરના હવશી આચારવીચારો પસંદ પડતા રહે છે તયાં તુલીક તે માનવી કાંઇ માતેબર ઉમીદ રાખી શકતો નથી: ટુંક મુદત તેને સંતોષ મળે છે ખરો—પણ જયારે આ હલકી લાગણીઓનો મીઠાસ કડવાસમાં બદલાઇ જશે તયારે એ આસામી પોતાની શરમીંદગીમાં ઉંચ પ્રકારની ચીઝો માટે વીચાર કરવા માંડે છે. બાકી ફાની મજાહથી જયારે તે વીખુટો પડે છે ત્યારે તે મીનોઇ મજાહની ઉમીદ ધરાવે છે. જયારે ગલીચાનો અંજામ ગીરફતારીમાં આવે છે તયારેજ સ્વચ્છતાની શોધ જાગે છે. સાચી અભીલાષા, પશ્ચાતાપની ખાખમાંથી ઇજીપશીયન ફીનીક્ષની માફક પ્રગટે છે—પણ તેની જબરદસ્ત પાંખોની ઉપર ઇનંશાન બેહશતોના બેહેશતમાં પહોંચી શકે છે. ઉમીદવાળો માનવી શાંતી તરફ જવાના મારગમાં દાખલ થઇ ચુકેલો છે—જો તે થોભતો નથી યા પાછો ફરતો નથી તો ચોકસ પોતાના ધારેલાં મુકામે પુગી શકે છે. જો તે બેહેશતની કલપના હરહમેશ પોતાના મન આગળ ધરતોજ રહે તો જરૂરજ તે બેહેશતરૂપ હાલતે પુગયા વીના રહેતો નથી.

• જેટલી એક ઇનશાનની ઉંચી અભીલાશાઓ હશે તેટલો તે ઉંચી સપાટીએ પુગશે. તે પોતે શું થવાનો હાંફરો રાખે છે તેની ઉપરથી તે પોતે શું થવાને સામરથવાન છે તેનું માપ મળશે. તમારાં મનને અમુક દીશાએ મુકરર કરશો તો તે દીશાએ તમારી ફતેહનો પાયો તમે રચી દેશો. જો એક આસામી સઘળી હલકી ચીજો જાણી તથા અનુભવી શકે છે તો તેજ પ્રમાણે તે સઘળી ઉતમ ચીજોભી અનુભવી તથા જાણી શકવાને કામીલ છે. તે જેમ આદમ જાત બનયા છે તેમજ તે ફરેસ્તા ઇ બનવાને લાયક છે, મનને ઉંચી અને નેક દીશાઓમાં દોરવવું બસ એજ એકલું જરૂરી અને મુખ્ય કામ છે.

ગંદકી—એ ગૈર કરનરના ગલીચ વીચારોના અંજામ સીવાય બીજું શું છે? સ્વચ્છતા—એ દરયાફત કરનારના નેક વીચારનાં પરીણામ સીવાય બીજું શું છે! તમારા તુરંગો કોઇ પારકાના ભેજામાં બરપા થતા નથી. દરેક માનવી સ્વચ્છ કે અસ્વચ્છ હોવા માટે ખુદ એકલો પોતેજ જોખમદાર છે. ઉંચી ઉમીદોવાળો માણસ પોતાની સમક્ષ મીનોઇની મોતેબરીનો માર્ગ ખુલ્લો જોઇ શકે છે, અને સેવટની શાંતીનો અત્યારથીજ તેના જીગરમાં કાંઇ ભાસ આવી શકે છે.

બેહેસ્તનો દરવાજો સદા ખુલ્લો છે, અને તેમાં દાખલ થવાનું યા દાખલ થતાં અટકવાનું દરેક આદમીની એકલાની રાજીખુશી યા શકતી ઉપરજ રહેલું છે. કોઇ બાહેરની મરજી યા શકતી તેના બાબમાં કામ કરતી નથી. પણ જ્યાં સુધી એક ઇન્શાન દોજખની મોહીની ઓથી વંશ થયલો હોય છે—જયાં સુધી તે ગુનાહ અને ગમીમાં ગીરફતાર છે—ત્યાં સુધી તે બેહેસ્તના અમલમાં દાખલ થઇ શકતોજ નથી.

પાપ અને પાયમાલીની જીંદગી કરતાં એક વધારે મોટી, વધારે બુલંદ, વધારે નેક, વધારે ખુદાઇ હયાતી મોજુદ છે. ગુન્હાહ અને ગમખારી આ જગતમાં બહુજ સાધારણ છે; તેમાં લગભગ સરવે કોઇ ડુબેલું છે. જે ખરેખરી ખુદાઇ હયાતી છે તે બુરાઇની ઉપર ફતેહ મેળવવામાં—બદીની ઉપર જીત પામવામાં—સમાયલી છે. તેજ ખરી ડાહપણભરી અને સુખી, નેકીવંતી અને શાંતીભરી, સદગુણી અને સુલેહભરી જીંદગી છે. આ જાતની હયાતી તમે હમણાજ શોધી શકશો અને તે હમણાજ ભોગવી શકશો. જે માણસ એવી જીંદગી જુગવી શકયા તે ચાલુ થતા ફેરફારમાં ઓસ્તવાર, બેચેનીમાં નીરાંતભરયો અને ચોમેરના તુફાનમાં શાંતીભરયો રહે છે.

જેમ એક ઉમંગી કામદાર માણસ મુશ્કેલીઓથી ડરી જતો નથી, પણ તેઓને કેવી રીતે જેર કરવી તેનો અભ્યાસ કરે છે–તેમ નીત્ય રોજ અભીલાશાઓ ધરાવતો એક આદમી લાલચોને આધીન થઇ કચડાઇ જતો નથી, પરંતુ પોતાના મનને મજબુત કેમ કરવું તેનો દરયાફત કરતોજ રહે છે. લાલચ બતાવનારો આસામી હીચકારો હોય છે; તે હંમેશા નબળી અને બચાવ વગરની દીશાએથી અંદર ઘુસવા માંગે છે. જેની ધનશાનને લલચાવવામાં આવતો હોય તેણે પુર અંદેશાથી ખ્યાલ કરવો જોઇયે કે લાલચ કઇ જાતની છે અને તેનો ખરો અર્થ શું છે? જ્યાં સુધી તમે લાલચને તેના ખરાં રૂપમાં પીછાણી શકો નહીં ત્યાં સુધી તમે તેને જેર કરી શકો નહીં. મોહ માયાને આંકોશમાં રાખવા જે કોઇ માંગતું હોય તેણે સમજવું જોઇયે કે લાલચ કેમ તેની પોતાનીજ ગફ્લતીના અંધકારને લીધે અને તેની પોતાનીજ અજ્ઞાનતાને પ્રતાપે પેદા થાય છે. તે આદમીએ અંતરનો અભ્યાસ કરી, પાકટ વીચાર કરી, પોતાની આ અજ્ઞાનતાનો કાળાસ દુર કરી નાખવો જોઇયે છે તથા પોતાની ગફ્લતીના અંધકારને ઠેકાણે સચ્ચાઇનો ઉજાસ ફેલાવવો જોઇયે છે. સચ્ચાઇને પીછાણવા માંગતા હોવ તો ખુદ પહેલાં તમો પોતાને પીછાણતાં શીખો. અંતરનું જ્ઞાન મેળવો અને તમને સ્વતાની જય માટે એક મોતેબર હથીયાર જડશે.

ઉંચ જીંદગીએ પહોંચવા થાડું કાંઇ ને કાંઇ પાછળ અને નીચે મેલી જવું જોઇએ છે. હલકી ચીજોનો ભોગ આપવાથીજ ઉંચ જીંદગીએ પહોંચી શકાય છે. બદી તજવાથીજ નેક થવાય છે. અજ્ઞાનપણાનો નાશ કરવાથીજ જ્ઞાન પ્રાપત કરી શકાય છે. દરેક ચીજ તમે હાથ કરો તે માટે તમોને કાંઇ ને કાંઇ કીંમત આપવી પડે છે. અને તે કીંમતની પણ "પઇએ પઇ પગાર કરવી જોઇએ." દરેક જાનવર—દરેક જીવડો એવી કાંઇ બક્ષીસ કે શકતી ધરાવે છે કે જે ઇનસાને પોતાની ઉંચ સ્થીતીએ પહોંચતાં તજી દીધેલી હોય છે—જે તેણે કાંઇક ઉંચ બક્ષીશ કે શકતીનો અવેજમાં બદલી લીધી છે. જુની એકલપેટી રાહરીતીને વળગી રહેવાથી મહાન ભલા પુરૂષો શું ખોઈ દે છે? દરેક નમ્રભોગની પછવાડે પાંખવાળો એક ફરેસ્તો આપણે માટે પોભતો ઉભેલો હોય છે કે જે આપણને જ્ઞાન અને ડાહપણના શીખરે પહોંચાડવાને તઇયાર છે. જેણે ઉંચ જીંદગી પ્રાપત કરી હોય તેણે પાછળ કદમ ભરવા સામે સાવચેત રહેવું. નહાના નહાના કામ કરતી વખતે પણ બહુજ સંભાળ રાખવી; અને પાપમાં સપડાવા સામે મજબુત બાથ બીડવી.

માણસાઇ જીંદગીની તમામ ચીત્ર વીચીત્ર રોકાણોનું મુળ જોઇયે તો તે મનુશય માત્રના હરૂદયમાં છે; આદમના અંત:કરણમાંથીજ તેની સઘળી હીલચાલોને પુશટી મળે છે. આ જગતની સઘળી બદબખતીઓ અને સરવે ખુશબખતીઓ ધનશાન જાતની હઇયાતીના જાહેર ઉદ્યોગીપણામાં વાસો કરતી નથી-તેઓ જીગરની અને મનશકતીની બાતેનની ચલવલોમાં વસે છે. માનવી જાતની ચાલચલણુથીજ દરેક બાહેરના તેના કામ કાજેને પોશણુ મળે છે.

જે આસામી પોતાની ભુલો અને ખોડખાપણોને પ્રગટ થયલી યા જાહેર થયલી જોવાનું સાંખી શકતો નથી-પણ ઓરખી તેઓને ઢાંકી નાખવાને કોશીશ કરે છે-તે આસામી રાસ્તીના મોતેબર રાહ ઉપર ચાલવાને લાયક નથી. લાલચ સામે ટક્કર ઝીલવાને-મોહ માયા ઉપર જીત મેળવવાને-તેનું ખમીરજ નથી. જે ધણી ખુદ પોતાના હલકા ખવાસની સામે બેપીકર કમર કસવાને સામરથવાન નથી તે ધણી જાતીભાગનો ખડબચડો પહાડ ઓળગવાને અશકત હોય છે.

શીકસ્ત મળવે હારી ખાશો નહી. તમારી અમુક નીશફળતામાંથી કાંઇ ખાસ પ્રકારની મોટાઇ–કાંઇ આર જાતનું ડહાપણ–મેળવી શકાય એમ છે; અને તે મોટાઇ ભણી, તે ડહાપણની દીશાએ જેટલી મુસ્તકીમ રીતે અને જેટલી ઝડપથી તેમને તમારી નીશફળતાનો અનુભવ દોરવી લઇ જશે તેટલી ખાત્રી સાથ અને તેટલી ઉતાવળેન્તમને બીજો કોઇબી શીક્ષાગુરૂ દોરવી શકનાર નથી. દરેક ગફલતી જે તમે કરો છો–દરેક ઠોકડ જે તમો ખાઓ છો–તેમાં એક ગંભીર અગતયતા નો બોધ સમાયલો છે: આ બોધ તમારે શોધી કાહડવાનીજ માત્ર બોઠી છે. જે શખ્સ એક દેખઇતા આફતકારક મામલામાં સમાયલો ફાયદો ખુંડી કહાડવાને વાંકો વળવા તઇયાર થયો તે શખ્સ હરેક બનાવમાં ફતેહમંદ બાહેર તરી નીકળશે; તે આસામી પોતાની શીકસ્તોને પાંખવાળા ઘોડાઓ તરીકે ઉપયોગમાં લઇ તેમની પીઠ ઉપર આયંદેની ફતેહ કાઠી ભણી સવારી કરી જશે.

મુરખ માણસો ખુદ પોતાની ભુલચુકો અને ગુનાહગારીઓ માટે પારકાંઓને દોશ દે છે; જો તમો સચાઇનાજ સેવક હોવ તો તમારી ગફલતીઓ માટે માત્ર તમો પોતાનેજ ઠપકો દેજો–તમારી પોતાની વરતણુકની સંપુરણ જોખમદારી તમે માન્ય રાખજો!

નવું રજુ થાય તે આગમજ જુનું દફે થવુંજ જોઇયે. નવો મેહલ એક અમુક જગ્યા ઉપર દેખાવ દઇ શકે તે અગાઉ ત્યાંનું પુરાણું ઝુપડું જમીનદોસ્ત થવુંજ જોઇયે. નવી સચ્ચાઇ પ્રવેશ કરી શકે તે પહેલાં અસલી ભુલનો નાશ થવોજ જોઇયે. માનવીનું નવું સ્વરૂપ જન્મ લઇ શકે તેની પ્રથમ તેનું જુનું સ્વરૂપ પડતું મેલાવુંજ જોઇયે. ગુસ્સો, અધીરાઇ, અદેખાઇ, ગરૂરી અને ગલીચીનું જુનું આદમી જ્યારે ફના થાય છે ત્યારેજ તેમની જગ્યા નરમાશ, સબુરી, મોહબત અને પાકી જગીનાં નવાં માણસથી લેવાઇ શકાય છે. ગુનાહ અને ગમખ્વારીની જુની જીંદગી ઉપર છેકો મારો—નેકી અને ખુશાલીની નવી હૈયાતીનો સફો ખોલો. પછી દરેક ચીઝ જે અસલી અને એબ્બીયલ હશે તે પોતાની મેળે નવી અને ખુબસુરત બની જશે.

એજ નીયમ એખ્તયાર કરવામાં બેહસ્તનો તોશો છે—આત્માનો સેવટનો વાસો છે. એજ નીયમ જાવેદાનીના આશીરવાદનાં એક મુળ સમાન છે—હંમેશગીનાં સુખનો ભંડાર સમાન છે.

બાહેરથી વાજબી દેખાતા પણ લોકમતીથી વીખુટા પડતા ઘણાક સુધારાઓને ખેદકારક નીશફળતા મળે છે તેનાં કારણનું મુળ જોશો તો એજ જડશે કે એવા સુધારાના હીમાયતીઓ ફકત સુધારો કરવાને ખાતરજ તેની પાછળ મંડે છે અને તેમ કરવા પછી અટકી જાય છે; આદમ જાતની આયંદેની સંપુર્ણતા ભણી દરેક સુધારો માંત્ર એકેકું પગઠયુંજ છે એમ તેઓ જોઇ શકતા નથી.

સઘળો સાચ્ચો સુધારો ખરેખરાં બાતેનમાંથી શરૂ થવો જોઇયે છે—તે એક બદલાયલાં જીગર અને બદલાયલી મન શકતીમાંથી બરપા થવો જોઇયે છે. ચોક્કસ પ્રકારનો ખોરાક યા પીણું તમે તજી દો—અને એ રીતે ચોક્કસ બાહેરની આદતો તમે છોડતા જાઓ—એ અલબતાં ઘણી સારી અને જરૂરી શરૂઆતો છે. પણ તે માત્ર "શરૂઆતો"જ છે અને ત્યાંજ અટકી પડવું એ ખરી આત્મીક હેયાતીની વાવટા કાઠીથી બહુ છેટે રહી જવા બરાબર છે. અંતકરણને સ્વચ્છ કરવામાં, મનશકતીને દરૂસ્ત કરવામાં, અને સમજશકતીને ખીલવવામાં ફાયદો છે—કેમ જે આપણે જાણયે છીય કે આજે જે એક ચીજની ખાસ જરૂર છે તે ચોખ્ખું થયલું અંતઃકરણ છે.

તા૦ ૭ એપ્રીલ.

દહાડાઓ હવે લંબાતા જાય છે. રોજબરોજ આફતાબ આસમાનમાં વધારે અને વધારે ચઢતો ચાલે છે—રોશની વધારે વખત ટકી રહે છે. તેજ મુજબ આપણે બી દીવસ પછી દીવસ ઉગતાં આપણી ચાલચલણ વધુ મજબુત બનાવી શંકીયે એમ છે. રોજ બરોજ આપણે સચાઇની રોશની ભણી આપણું અંતકરણ "સેહેજ વધારે અને વધારે ઉઘાડવાને સામરથવાન છીયે." નેકીના સુર્યને આપણા મનમાં વધારે પ્રકાશીત કરવાને એ રીતે આપણે શકતીવાન છીયે. સુર્ય પોતે કાંઇ કદમાં કે તેજસ્વીપણામાં વધતો નથી—પણ પૃથ્વી તેની તરફ ઢળે છે, અને તેમ કરતાં વધુ પ્રકાશ મેળવે છે. સચાઇ અને ભલાઇની સર્વ સામગ્રી હવેજ આપણને માટે હાજર છે. રાસ્તી અને નેકીનો જથો કાંઇ આપણને માટે વધારે મોટો યા વધારે કમતી થતો નથી—પણ જેમ આપણે તેઓની દીશાએ ફરયે છીયે તેમ આપણે તેઓનો ઝળકાટ અને ઓની ખુબી વધારે અને વધારે પ્રમાણમાં, વધુ અને વધુ જોશ સાથ, પામયે છીયે.

જેમ એક કામદાર માણસ પોતાની હુનરમંદીની વસ્તુઓ બનાવવામાં ઓજારો સાથની રોજીંદી ખંતીલી પ્રાકટીસથી સંપુરણ કુશળતા મેળવે છે તેમ તમે પોતેબી સચાઇને માટે રોજીંદી અને ખંતીલી કોશેશ કરશો તો ભલાઇનાં કામો ઉપજાવવામાં તમે સંપુરણ કુશળતા મેળવશો.

એકેકો નવો દીવસ તે વખતના એ નવા જન્મ જેવો છે. તે તમો માટે નવી શરૂઆતો, નવા સંભવો, નવાં પરીણામો રજુ કરતો રહે છે. ગુજરી ગયલા જમાનાઓએ સેતા-રાઓને તેઓનાં ચક્રમાં ફરતા દીઠા છે—પણ આજનો તમારો દહાડો કોઇબી જમાનાએ જોયલો નથી. એ રોઝ એક નવોજ દેખાવ છે—એક નવીજ હસ્તી છે. એક નવી જ જીંદગીનું તે રણસીંગડું છે—અરે, નવા બંદોબસ્ત, નવાં સંસાર મંડળ, નવા જમાનાનું તે ચીન્હ છે. માનવી જાત માટે તે પોતાની સાથે નવી આશાઓ લેતો આવે છે, નવી તકો સાંધનો લાવે છે. નવો દહાડો ઉગતાં તમે એક નવા પુરૂષ—એક નવી ઓરત—બની શકો તેમ છે. એજ નવો રોઝ તમારે માટે નવી હૈયાતી, નવી કારકીદી, પુનર જન્મ સમાન થઇ પડે એ બનવા જોગ છે. જુના ભુતકાળની ભુલચુકોમાંથી નીશફળતાઓમાંથી ગમખ્વારીઓમાંથી તમે કાયનાત અને મક્કમ ઠરાવ સાથે—નવા નેક વીચારોના રૂડા ઉમંગ સાથે—એક નવાંજ માણસ તરીકે જાગ્રત થવાને સામર્થવાન છો.

મન અને તનમાં પાક રહેજો. કામી મોજમજાહથી અલગ રહેજો. મગજને એકલપેટાઇથી નીરાળું રાખજો—અને ઉત્તમ પ્રકારની પવીત્રાઇ સાથે જીંદગી જુગવજો.

૧૨૬ જાતની જય થવા પ્રથમ તઇયારીની એક મોસમ રજુ થાય છે. જેમ એક ફુલ કે એક પહાડ ચટ ને પટ ઢંગધડા વગર દેખાવ દઇ શકતાં નથી તેમ ફત્તેહખી તડ ને ફડ આવીને ઉભી રહેતી નથી. ફુલ-પહાડનીજ માફક જીતખી એક ઉગતા પ્રયોગની સેવટની પોઇન્ટ છે-અસર અને કારણોની હારમાળાનું આયંદેનું પરીણામ છે. ખાલી માત્ર ખાએશ રાખયાથી-એક જાદુઇ સુખન આચરવાથી-દુનયવી ફતેહ કાંઇ પેદા થનાર નથી. ચાલુ, નીયમીત અને રામબાણ ટાંકેલી કોશિશાથીજ તેને પેદા કરવી પડે છે. જે શખસ એવા ધખારો રાખતો હોય કે જયાં સુધી લાલચની ઘડી આવે નહી તયાં-તુલીક આતમીક જીત શરૂ થનારજ નથી તે શખસ આતમીક ફતેહ સંપાદન કરવાનોજ નથી. સર્વમીનોઇ જીત ફકત મોતેબર મનશનીના મુંગા કલાકમાંજ ઉપજાવી શકાય છે—નાના પાયાની જીતો પહેલાં મેળવવા પછીજ તે મોટી મહાન ફત્તેહ પામી શકાય છે. મોટી લાલચનો વખત તો તે લડાઇની સઉથી કટોકટ ઘડી છે—કે જે લડાઇની ફત્તેહ માટે આપણે લાંબી તઇયારીને પ્રતાપે તદન તઇયાર અને ઓસ્તવાર બની રહીયે છીયે.

જેમ વરસતો વરસાદ અનાજ અને ફળફળાદીના ભવીષ્યના પાક માટે જમીનને તઇયાર કરે છે, તેમ સંખ્યાબંધ દુઃખોનાં ઝાપટાં જીગર ઉપર તુટી પડયા કરવાથી તેને એક એવાં દાનાઇના પાક માટે તઇયાર અને નરમ બનાવી મેળે છે કે જે ડાહપણ અંતકરણને શાદ બનાવવા ઉપરાત મનને સંપુરણ સ્થીતી ઉપર લાવે છે. જે પ્રમાણે સીહાવા દળાંઓ ધર્તી ઉપર કાળો પડછાયો પાંથરે છે ખરાં, પરંતુ તેને તેમ કરીને તાઝગીભરી ફળદ્દરૂપ માત્ર કરે છે—તે ગીસાલ ગમીનાં વાદળાંઓ હરૂદય ઉપર એક ઓઢો નાખતાં માત્ર તેને કાંઇક વધારે ઉમદા ચીજો માટે તઇયાર બનાવે છે. ગમીનો અવસર-તે ખરો બંદગીનો અવસર છે. ગમખારીની ઘડી આવી પોંહચતાંજ છાલકી ઠઠાબાજી, હલકી મશકેરી, ઘાટકી નીંદા અલોપ થઇ જાય છે. વીપત્તી ની વેળ રજુ થતાંજ દીલસોઝીથી હઇયું પોચું પડે છે, દુરઅંદેશીથી મગઝ માલદાર બને છે. રયાનપત- એ મુખ્ય કરીને મુસીબતથી આપણે શીખેલા પાઠોનું એક જાતનું સ્મરણ છે.

તમારી ગમખારી જાવેદાન ટકી રહેશે એમ વીચારશો નહી; તે એક વાદળાંની પેઠેજ વીખેરાઇ જશે.

નેક બાબદોમાં ગુંટાવાના કરતાં બીજુ કશું બી વધારે મોતેબર સુખ હસ્તી ધરાવતું જ નથી; નેક વીચારો નેક કામો—નેક ઉદયોગો—હરેક ભલી ચીઝોનો અંજામ આશીષમાંજ આવે છે. જે જીગર કે જે ઘરમાં ભલાઇએ પ્રવેશ કરેલો હોય છે ત્યાં બુરાઇ જીનહાર દાખલ થઇ શકતી નથી. જેમ પુરતા અને સાવચેત સંત્રીઓની ટુકડી દુશમનને દુરનો દુર રાખ્યા શકે છે તેમ નેકીની પાસબાની તળે મેલ્લાયલું મન અસુખને પોતાથી આઘું ને આઘુંજ રાખી શકે છે. બરાબર ચોકી પાહરા વગરના દરવાજા માંહેથીજ અસુખ અંદર પેઠસ થઇ શકે છે. ત્યાં ખુદ દાખલ થવા પછીબી જો માંહે વસ્તો ભાડુત બુરાઇમાં ચકચુર થયલો હોતો નથી તો અસુખ ઝાઝું ફાવતું નથી. મનરનીમાં મશગુલ થાઓ; બુરા તુરંગોને બસ રહેવાજ ના દો; કુનશનીમાં ચકચુરહો; ખરાબ કામની બસ અડાસેજના જાઓ; હલકી અને શકમંદ રોકાણીમાં પડોજ ના; સઘળી ચીજોમાં માત્ર નેકીનોજ સ્ટાનડરડ જાળવો—એજ સર્વથી ઉત્તમ સુખનું સાચ્ચું સાધન છે.

તા૦ ૮મી એપ્રીલ

પરીણામો માટે અંદેશામાં પડશો નહીં—ભવીષ્ય માટે ચીંતાતુર રહેશો નહી. તમારો મુખ્ય અંદેશો તમારી અંગત ખોડખામીના સંબંધમાં રાખજો—તે ખામીઓ દુર કેમ કરવી તે બાબેજ ચીંતા કરયા જજો. આટલી એક સાદી સાચ્ચી બીના જાણી લેજો: સાચ્ચી અને ખરી બાબદનું પરીણામ બુરૂં નીવડનાર ખોટારાંમાં આવતુંજ નથી. આજની ભલી ચીઝમાંથી ભવીષ્યની બુરી ચીઝ હરગેઝ જન્મ પામવાની નથી. તમે તમારાં કર્મો ના ધણી છો—પણ એ કર્મોના જે પરીણામો નીપજશે તેનાં તમો માલીક નથી. આજે તમે જે કામો કરશો તેથી આવતી કાલનું સુખ યા સંતાપ પેદા થશે. તેથી તમે આજે શું વીચારો છો અને શું કરો છો તેનીજ કાળજીમાં રહેજો—એ તમારા વીચારો અને કામોથી તમને શું મળશે તેની ખટરાત કરતા ના. જે શખ્સનાં કામો રૂડાં હશે તે શખ્સ પોતાના કામોના પરીણામો માટે નફકરોજ રહેશે અને કોઇબી જાતની ધાસ્તી યા ભવીષ્યની ખરાબીથી નીરાળોજ રહેશે.

બહારથી તોફાન ભલે ઉભાઇ નીકળે— પણ જો અંદરની શાંતી હશે, તો તે તોફાન આપણા ઉપર અસર કરી શકશે નહી. જેમ સળગેલા આતશની પનાહમાં રહેવાથી ગમે તેવાં સખ્ત તોફાન સામે સલામતી છે, તેમ આસપાસ જોકે સઘળું વાતાવરણ ટંટાફેસાદ તથા ગભરાટ અકરાટથી ઘેરાયલું હોય, તોપણ સચ્ચાઇનાં જ્ઞાનમાં જે અંતઃકરણ મક્કમ છે, તે તો શાંતીનેજ વળગી રહેશે. આદમીઓની તીક્ષણ વીરૂધ્ધતા અને દુન્યાની અશાંતી જ્યાં સુધી આપણે તેની અંદર સંડોવાઇ જતા નથી અને તેમાં હમશરીક થતા નથી, ત્યાં સુધી આપણને સખ્ત તથા અશાંત બનાવી શકતી નથી. જો આપણા અંતઃકરણમાં આપણે શાંતી ધરાવતા હોઇશું, તો બાહેરનું તોફાન માણસ જાતનાં અંતઃકરણોને નરમ બનાવવા અને માણસ જાતની મનશકતીને ખીલવવા માટેનાં સુધેહ શાંતીનાં કામોમાં આપણી શાંતીને ઉંડી બનાવનારૂં, તેનાં મુલીયાં ઓર વધારે મક્કમ નાખનારૂં અને વધારે મોટાં પ્રમાણમાં તેને બહાર પાડનારૂં થઇ પડશે.

તેજ ખરો સુખી છે કે જેને કંઇબી ખોટાં કામો યાદ કરવાના નથી, કાંઇબી. પાપો વીસરી જવાના નથી—અને જેનાં સ્વચ્છ અંતઃકરણમાં બીજા વીશે કંઇબી ભુંડો વીચાર ધર કરી શકતો નથી અને ખીલી શકતો નથી.

તા૦ ૧૦ મી એપ્રીલ.

જ્યારે એક તુફાન સમી જાય છે અને પાછી શાંતી પથરાય છે. ત્યારે—જુવો—તમામ કુદરત જાણે ફરીથી તટાર થવા કેવી ખામોશીમાં થંબ થઇને ઉભી રહી જાય છે! સર્વ વસ્તુઓની આસપાસ એક જાતની ચુપ સમાધાની ફેલાય છે—ગોયા જીવ વગરની જીણસોખી આ તૃપ્તીભરી આશાએશમાં શરીક બને છે. તેજ મુઆફેક એક આસામીના ખાબમાંથી જો કાંઇ ઝનુની આતુરતા યા ઓચીંતા ગુસ્સાનો ઉભરો પ્રગટી નીકળે છે તો તે ખતમ થતાંજ તેના મન ઉપર કાંઇ વીચારવંત અંદેશો, એક શાંતીની ઘડી પથરાઇ જાય છે—જેથી તેનું મગજ પાછું રાહે ઉપર આવે છે અને તે માણસ પછી હરેક ચીઝને તેનાં ખરાં રંગરૂપમાં, તેના ખરાં પ્રમાણમાં પીછાણી શકે છે. આવા શાંતીભર્યા વખતનો લાભ લેવામાં ખરૂં ડહાપણ છે—તેથી આપણા પોતાના સંબંધમાં આપણને વધારે સાચ્ચું જ્ઞાન મળે છે અને બીજાંઓને માટે આપણે વધારે દીલસોઝ અભીપ્રાય બાંધવાને સામર્થવાન થઇયે છીયે. સમાધાનીનો વખત—તેજ આપણી દરૂસ્તીનો ખરો કલાક છે.

પોતાની મેળે ખાલી થઇ ગયલાં જીગરમાં પછી ખુશાલી ઉભરાય છે. એ ખુશાલી માત્ર શાંત માણસોને જ મળે છે—અને પવીત્ર માણસોનાં બાબમાં તો એ ખુશાલી રાજ કરે છે.

જ્યારે આંસુઓ ખરતાં હોય અને જીગર જખ્ખમાયલું હોય, ત્યારે સારી દુનયાની ગમીને યાદ કરજો. જ્યારે સંતાપનો ડુંગર જો તમારે સર તુટી પડેલો હોય ત્યારે ધ્યાન રાખજો કે સંતાપ દરેકને ફાળે આવે છે. કોઇ તેમાંથી છટકતું નથી. માનવી માત્રની જીંદગીમાં હસ્તી ભોગવતી એક જબ્બુન જબરદસ્ત બાબદ "ગમખારી" છે—અને તેને લીધેજ "દીનદારી" આજે એક જરૂરી બાબદ બની રહેલી છે. એવું વીચારશો નહીં કે તમારૂં દુઃખ એકલું તમનેજ મળેલું છે—અને તે નાહક તમને દેવામાં આવેલું છે. તમામ જગતને માટે નીરમાણ થયલાં સંકટનો તે માત્ર એક નાનો ભાગ છે. સંકટ—એ દરેકે દરેક જણનો સામાનય અનુભવ છે. આટલું ગોખી રાખીને ગમીના વખતમાં તમે નરમાશ સાથ એક વધારે ઉંડા મહઝબમાં ગુંથાઇ જજો, વધારે દીલસોઝીથી કામ લેજો, સરવે આદમીઓ અને જનાવરો ભણી વધારે મમતાથી વરતજો. ગમીના આવેશમાં તમે વધુ મોહબતવંતા અને વધુ શાંતીભરયા બનજો.

ખુબ જાણજો કે જે ચીઝ માટે તમે લાયક નહીં હશો તે ચીઝ તમારા બાબમાં જીનહાર બનવાની નથી—જેખી કાંઇ બને છે તે તમારાં ભલાંને માટેજ બને છે.

જેમ અંધકાર પછી રોશની આવે છે—જેમ તુફાન પછી શાંતી પંકરાય છે—તેમ દલગીરી પછી ખુશાલી આવે છે અને દરદ પછી આરામ આવે છે. ગમીનો અનુભવ મેળવયા પછી જે ઉંડું ડહાપણ ઉપજે છે તે પોતાની સાથે એક તગુંહની વધારે પવીત્ર અને વધારે જાથુકની ખુશી લેતું આવે છે--કે જે ખુશાલી ગમગીનીની અગાઉ પ્રગટ થતી ઠાલી ઉશકેરણી કરતાં ઘણી વધારે ચઢીયાતી હોય છે. આપણી ઇંદ્રીઓની ઉતરતા કીસમની મજાહો અને આપણા આત્માની વધુ બુલંદ પ્રકારની ખુશાલીઓની વચ્ચે ગમખારીની એક અંધારી ખાહી મોજુદ છે; આ ખાહીમાંથા આપણ દરેક ખાકી જાત્રાળુઓને પસાર થવાનું છે; અને એક વાર ત્યાંથી પસાર થવા બાદ સ્વર્ગની શાદમાની, જાવેદાની નો ઉમંગ આપણા સાથી બને છે. જેઓ આ ફાની દુનયામાંથી મીનો ઇ દુનયામાં જાત્રાએ જઇ ચુકયા છે તેઓ રાસ્તીના પ્રકાશીત મુખડા ઉપરથી ગમીનો કાળો બુરખો ઉંચકી શકયાં છે.

સુખમાં કે દુખમાં—મજાહમાં કે માહેતમમાં—જીતમાં કે હારમાં—ફતેહમાં કે નીશફળતામાં; દીન યકીન, ધંધા રોજગાર, યા સંજોગ સમયના સંબંધમાં; જીંદગીના દરેક સવાલોના બાબમાં જે મુખ્ય ચીઝ આયંદે અસર કરે છે તે "કેરેક્ટર" છે. આદમ જાતના મનની વેળણુજ તે આદમની બાહેરની કારકીરદીના તમામ કારણો છુપાયલાં છે. કેરેક્ટર—ખાસ્યત—એજ દરેક બાબદનું કારણ છે તેમજ હરેક બાબદનું પરીણામખી છે. કેરકટરજ કાર્યો નીપજાવે છે—અને તે કાર્યોના પરીણામોખી પછી કેરકટરજ સેહવે છે. બેહસ્ત, દોજખ,—એ બધું કેરેક્ટરમાંજ સમાયલું છે. જે કેરેક્ટર અસ્વચ્છ અને કાતીલ હશે તે એક એવી જીંદગી જુગવશે કે જે જીંદગી માંથી ખરાં સુખ અને સુંદરતાનાં તત્વો બીલકુલ ગેરહાજર હશે. પણ એક ચોખ્ખી અને સદગુણી કેરેક્ટર એક સુખી અને સુંદર જીંદગી રજુ કરશે. જેવી તમે તમારી કેરેક્ટર રજુ કરશો તેવી તમારી જીંદગી પોતાનો આકાર પકડશે.

જ્યારે મુશ્કેલીઓ ઉભી થાય અને મુશીબતો ઉભાઇ જાય તયારે એમજ સમજજો કે તમારી મુઝવણુ તમને કાંઇ વધારે ઉંડા દરીયારૂત માટે—કાંઇ વધારે જોરાવર પગલાં માટે જાગરૂત કરે છે., કોઇપણ બાબદનો તમારી ઉપર એવો તો હુમલો થશેજ નહી કે જે તમે સમાવી દેવાને સામરથવાન નહીજ હોવ. એવો એકપણ સવાલ તમને પજવશે નહી કે જે તમે ઉકેળી નહીજ શકો. તમારી તપાસ જેટલી વધારે મોટી હશે તેટલી તમારી સહનશકતીની કસાટી વધારે થશે— અને તેટલાજ વધુ પ્રમાણુમાં તમારી જીત સંપુરણ અને ફતેહમંદ લેખાશે. તમારી ગુંચવણુની ભુલ ભુલામણી ગમે તેવીબી આબડગુંચ-ડવાળી હોય તો શું થયું?—તમાંથી બાહેર પડવાનો હરહમેશ એક રસતો હશેજ. આ રસતો શોધી કહાડવા માટે તમને તમારી તમામ મનશકતીને છેકના છેડા સુધી કસવી પડશે અને તેમ કરતાં તમારી સઘળી બાતનની ચબરાકી, ચપળાઇ અને ચતુરાઇના સાધનો પોતાની મેળે બાહેર પ્રગટ થશે. જે ચીજ તમારી ઉપર સરવોપરી થવાની ધમકી દેતી હોય તેને જ્યારે તમે તમારા આંકોશમાં લાવી શકશો તમારેજ તમને તમારાં નવાં મળેલાં કઉવત માટે હરખ ઉપજશે.

કોશેશ પછી કોશેશની એક હારમાળાથીજ આપણે આગળ વધ્યે છીયે. ચોક્કસ અમુક દીશાઓએ ચાલુ વારાફરતીની તઝવીજો કરવાથીજ આપણે મનનું કે તનનું જોર જમાવ કરી શકયે છીયે. મેહનત–જેહમત–બસ વારે ઘડી કરયાજ કરો, અને તમે કઉવત પામશો. આ કાયદાને આધીન થવાથીજ એક કસરતબાજ સખ્ત ઝડપના યા અંગબળ શકતીના અદભુત પ્રયોગો કરી શકવાને માટે તાલીમ પામે છે. જ્યારે આ જેહમત મગજ શકતીની દીશાએ હોય છે ત્યારે તેનાં પરીણામમાં અસાધારણ બાહોશી યા કુશળતા નીપજે છે. જ્યારે આ જેહમત આત્મીક દીશાએ હોય છે ત્યારે તેનાં પરીણામમાં ડહાપણ અથવા જીગરની મોટાઇ બરપા થાય છે. જ્યારે સંજોગો આપણને વધારે જબ્બુન કોશેશ કરવા માટે–વધારે લાંબી જેહમતો ઉઠાવવા માટે–ફરજ પાડે ત્યારે આપણને વીલાપ કરવો ઘટારત નથી. જે મનમાં બુરાઇ હોય તેજ મન કુદરતના બનતા બનાવોને બુરા માને છે. જે મન તકદીરના બનાવોથી મળતી તાલીમને ફાયદામંદ સમજે છે તે મનને હરેક બનાવ ભલોજ દેખાય છે.

ચોક્કસ આપદાઓ ટાળવા ને બીજે ઉપાયો તરીકે જો તમે નાહીમતપણું, ચીંતા, મુંઝવણ અને ચીરડાઉપણું કામે લગાડતા જશો તો તમે તમારી નેમમાં કદીએ ફાવવાના નથી. તેથીતો ઓરખી કાંઈક વધુ જંજાળ્યતો તમારી મુશીબતોમાં ઉમેરાશે–કે જે મુશીબતોથી જ તમે ચીરડાઉ, ચીંતાતુર, નાહીમત, બેકરાર બનો છો. જો તમને તમારી જીંદગી કોઈબી દરજ્જે ઉપયોગી અને સુખી બનાવવીજ હોય તો તમને તમારો જીવ શાંત અને સ્થીર રાખવોજ પડશે. જે આદમીનો ખવાસ સહેજમાં ચસ્કી જવા યા જરાક જરાકમાં અકળાઇ જવા ના પાડે છે તે આદમીને પજવવા આવતી નજીવી બાબદો–બલ્કે મોટી મુશ્કેલીઓ વટીક–ઝટ વારમાં પીગળી જાય છે અને નાબુદ થઇ જાય છે. અંગત મતલબો, ઇચ્છાઓ, યોજનાઓ, અને ગમતોને હંમેશાં અટકણો, ખટકણો અને ઉલટ જવાબો તો મળવાનાજ–અને આ જાતની શીકસ્તોના સંજોગો સામે કેમ શાંત મને અને ડાહાપણથી સરોબર ઉભા રહેવું તે જો આપણે એકવાર શીખશું તોજ આપણને આપણાં અંતરમાં ખરૂં અને બાદશાહી (?) સુખ જડશે.

તા૦ ૧૯ મી એપ્રીલ.

ખરૂં સુખ મનની ચોક્કસ આદતોમાં, બલકે મગજની ખાસયતોમાં સમાયલું હોય છે—જડવાદી ચીજોની માલેકીમાં વા સંજોગોનાં ચોક્કસ મળાપોમાં સમાયલું હોતું નથી; આ બીના જ્યારે આપણે જાણીને સમજી શકયે છીયે ત્યારે આપણે અક્કલમંદ બન્યે છીયે. એક માણસને જો ફક્ત આ અથવા પેલી ચીઝ મળે, સેહજ વધારે પૈસા મળે, જરીક વધુ ફુરસદ મળે, ફલાણા ફલાણા સખ્શની કાબેલ્યાત મળે કે ફલાણા ચીનાને મળતી બધી તકો મળે, અથવા કોઇ વધારે સારા મીત્રો મળે કે વધારે લાભકારક આજુબાજુની હાલત થવા પામે—તોજ તે માણસ સંપુરણ અયષ સાથ સુખી થઇ જાય એમ માનવું એ આપણા લોકની એક સાધારણ ગફલતી છે. અફસોસ! આવી તકલીદી બાહેરીઓમાંજ અસંતોષ અને કંગાલ્યત વાસો કરે છે. જો તમારાં અંતરમાં સુખ અત્યાર આગમચનું તમને જડયું નહીંજ હોય તો બાહેરથી તે તમને જીનહાર મળનાર નથી. એક અક્કલમંદ ભેજાંવાળા માનવીનું સુખ ગમે તેવીબી દરેક મુસીબતો સામે ટકી શકે છે.

કુદરતમાં ધીરજનો એક કેવો અપાર ભંડાર સમાયલો છે તેની ઉપર દરયાફત કરો—તમને તેથી ફાયદો થશે. પોતાની મંજલનું ચક્કર પુરૂં કરતાં એક ધુમકેતુ કદાપી એક હઝાર વર્ષ લેશે; જમીન પીગળાવી નાખી ત્યાં પંઠરાઇ જવા માટે દરીયો કદાપી દશ હઝાર વર્ષ લગાડશે; આદમજાતનું સંપુર્ણ પ્રગટીકરણ પુરૂં થતાં કદાપી લાખ્ખો વર્ષો વહી જશે. એ વીચારથીજ બસ આપણી એક કલાક કે એક દહાડા માટેની નજીવી બાબદો સંબંધી દોડાદોડી, ધાંધલ, અસંતોષ, નાસીપાસીઓ અને હસ્વાજોગ અભીમાની માટે આપણુને શરમીંદગી ઉપજવી જોઇયે. સબુરીથી મોટામાં મોટી ચઢતી પામી શકાય છે—સઉથી બુલંદ ઉપ્યાગી પણું પ્રાપ્ત કરી શકાય છે—સરવેથી મોતેબર શાંતી ઉપજાવી શકાય છે. ધીરજ વગર જીંદગાંની ઘણુંક દરેજે કમજોર અને રસકસ વીનાની થઇ પડશે—તેની મજાહ મોટે ભાગે નાશ પામશે. "તેથી નીયમીત મક્કમપણુંથી તમે તમારી ફતેહનો કોટ ઉભો કરજો."

આજનો દીવસ સરદ અને ગમગીન હોય તેથી કાંઇ નાસીપાસ થવાનું છે? ગરમ અને ઝળકાટ ભરયા દીવસો આવવાના છે તે શું આપણ જાણતા નથી? અતયારથી જ પક્ષીઓએ ગાણા ગાવાની શરૂઆત કરી છે, અને તેમના મધુર કંઠમાંથી નીકળતા સુરીલા સ્વરો વસંતના નવા બહારની આમદની બસારત કરે છે, અને ઉનાળાની રૂતુ, જે આજના ગમગીન દીવસના ગરભમાં બીજરૂપ પોઢેલી છે તેના આવતા જનમની આગાહી કરી રહયાં છે, અને તેના પુખ્ત ઉધરભાવની ખાતરી આપે છે. કાંઇ પણ કોશેશ કરશો તે વયરથ જશેનહી. તમારી સઘળી ઉમેદો અભીલાશાઓ નો બહાર નજદીક છે—ઘણીજ નજદીક છે, અને તમારાં બીનએકલપેટાં કામોનાં ફળ તમોને મળ્યા વગર રહેનાર નથી.

આપસ્વાર્થ દુર થશે, અને સચાઇ તેની જગ્યા લેશે.

નહીં બદલાતો—નહીં દેખાતો પરમાતમા મારા દીલમાં વાસો કરશે. તે મારૂં અંતકરણ સાફ કરશે.

તા૦ ૨૨ મી એપ્રીલ.

મ્હારાં અંતઃકરણની કોશિશથી તમારાં અંતરની તપાસ કરો અને જાણી લ્યો-માત્ર એક "થીઅર" તરીકે નહીં, પણ ચોકકસ માહીતી તરીકે પીછાની લ્યો-કે આ દુનયાની બુરાઇ બીલકુલ ક્ષણભંગુર બાબદ છે, માત્ર એક આપસી મેળે બરપા થયલો શીહા ઓળો છે. માની લ્યો કે તમારી સઘળી બેકરારી, ગમખ્વારી, આફત ગુઝારી એક અચુક અને તદ્દન સંપુરણ કાયદાના પ્રતાપેજ તમને ફાળે આવ્યાં છે; તે બધું તમને સહન કરવું પડે છે કેમજે તમે તે માટે લાયક ઠર્યા છો અને તમને તેની જરૂર છે. પ્રથમ એ ચીજોને સહન કરવાથી અને પાછળથી તે સરવેને સમજતા થવાથી તમે વધારે મજબુત, વધારે ડ્હાના અને વધારે નેક બની શકશો. જ્યારે તમને આ બીનાનો પુરેપુરો ખ્યાલ આવી જશે ત્યારેજ તમે તમારા પોતાના સંજોગોને આકાર આપવાની સ્થીતીમાં મેલાશો—ત્યારેજ તમને બુરાઇમાંથી ભલાઇ શોધી કહાડતાં આવડશે-અને ત્યારેજ તમે એક કુશળ હાથે તમારી તકદીરની સાંકળ ગુંઠવાને સામર્થવાન થશો.

આપો મને કહો કે તમે વારે ઘડીએ અને ધ્યાન દઈને શાનો વીચાર કરો છો; તમારા એકાંત વખતમાં કઈ બાબત તરફ તમારૂં દીલ કુદરતી રીતે ખેંચાય છે? અને તે ઉપરથી હું તમોને કહી શકીશ કે તમો દુખ યા શાંતીના કયાં મથક તરફ મંઝીલ કાપો છો—તમો ઇશ્વરી ગુણો તરફ આગળ વધો છો કે હેવાનયત તરફ ધળો છો. આદમીની અનીવારય વલણ એજ હોય છે કે જે તે મનમા ઝાઝુ વમાસે છે તેને મળતી ખાસીયતનો તે બને છે. માટે તમારા વીચારોની ઉંચ મનોવરૂતી જાળવજો અને તેને નીચા હલકી પંકતીએ ઉતરવા દેતા ના; તેમ કરશો તો દરેક ઉંચ વીચાર તમોને ઉંચ સ્થીતીએ પુગાડશે. તમારા વીચારો સ્વચ્છ રાખજો—તેમાં સ્વારથી લાગણીનો ભેળ થવા દેતા ના. સ્વચ્છ વીચારની બરકતથીજ તમારૂં હઈડું સ્વચ્છ થશે અને તે સચાઈની નજદીકમાં ખેંચાયું જશે; અને તે ભુલભરયા મારગ તરફ ઘસડાતું બચશે.

તા૦ ૨૪ મી એપ્રીલ.

અગરજો તમે સ્થાનપત માટે, શાંતી માટે, સરવો-તમ સ્વચ્છતા માટે અને સચ્ચાઇની સંપુરણ શોધ માટે પ્રારથના કરતા હોવ અને જો તમારી બંદગીમાં સમાતી ચીજો તમારેથી દુરજ રેહતી હોય તો તેનો અરથ એ થાય છે કે તમો ભકતીમાં એક બાબદને આગળ ધરો છે-પણ તમારા આચાર વીચારમાં અને તમારી વરતણુંકમાં કોઇ બીજીજ બાબદ મોજુદ છે. જો તમે આવી જાતની અણુઘણ સ્થીતીથી બાઝ આવો,-જો તમે આવી બાબદો(કે જેને એકલપેટાઇથી વળગી રહેતાં તમારી પ્રારથનાની ચોખ્ખી ઉતમ ઉમેદો બર આવતી નથી) તેને તમારાં મગજમાંથી હાંકી કહાડો,-જો તમે જે ચીઝને માટે નાલાયક હોવ તે ચીઝ સારૂં પરમેશ્વર પાસથી આરઝુ રાખવાનું તમે મોકુફ કરો,-જો જે પ્રેમ અને માયા તમે બીજાંઓ ઉપર રાખવા ના પાડો છો તે પ્રેમ અને માયા તમે ખુદા પાસથી ચાહવાનું બંધ કરો-પણ જો તમે સચ્ચાઇનાજ ખરા આવેશમાં તમારા વીચારો અને તમારા કામોને આકાર આપો-તો દીન ઉગતે તમારા મનની મુરાદો ફળતી જશે અને તમને તેનો કોઇ વાર જરૂર બદલો મળશે.

શું દુઃખ અને દલગીરીમાંથી છટકવાનો કોઇજ રસ્તો નથી? બુરાઇના બંધ તોડવા માટે શું કોઇજ ઇલાજ મોજુદ નથી? શું જાયુકનું સુખ અને હંમેશગીની શાંતી માત્ર એક મુરખાઇભરયો સ્વપનોજ છે? નહી–બેશક એક રસ્તો છે! હું "આજ તથા 'કાલ"ને માટેજ બોલતો નથી–હું "સદાને" માટે બોલું છું. એક નુસ્કો ખરેજ મોજુદ છે કે જેથી દરેક વીરૂધ સ્થીતી અથવા વીરોધી સંજોગ જાવેદાની માટે બાજુએ હડસેલાઇ શકાય છે. એક ચોકસ રૂઢી એવી છે કે જેથી તમે વગર ખટકણની–વગર અટકણની–શાંતી અને સુખાકારી પ્રાપત કરી શકશો. આ મહાન નેમ તમો પામો તે માટેના રસ્તાની શરૂઆત એજ છે કે બદીની ખરી ખસલત તમો બરાબર પુરેપુરી સમજતા થાઓ. બુરાઇથી તમો બાઝ આવો યા બુરાઇથી તમો દુર નાહસો, તેજ માત્ર પુરતું નથી–"બુરાઇ" એ ખરેખર શું ચીજ છે તે તમારે સમજવુંજ જાઇયે.

બદીને જો એકવાર બરાબર પીછાણવામાં આવે તો તે શ્રુષ્ટીમાં એક જાતની અણુછુટ શકતી યા ધોરણ તરીકે તમને નજરે પડશે નહી; તે માનવી માત્રના અનુભવોનો એક ક્ષણભંગુર સફો તમને માલમ પડશે—કે જેનો અભ્યાસ કરનારાઓને માટે તો તે એક શીક્ષાગુરૂ થઇ પડે છે. તમારા પોતાના અંગત ખુદની બાહેરની કાંઇ ખ્યાલી ચીઝ તરીકે બુરાઇને લેખશો નહી—તે તમારાં પોતાના અંતરમાં બરપા થતો એક અનુભવ છે. તમારાં જીગરના બાતેનને ધીરજથી તપાસો અને સુધારશો તો તમને રફતે રફતે બદીની ખાસ્યત અને મુળ જડતું જશે—અને તેથી આયંદે એ નાશવંત ચીઝ ત્યાંથી સદાબરી જરૂરજ નાબુદ થશે. જગતમાં એકબી એવી બદી નથી કે જે અજ્ઞાનપણાનું પરીણામ નહી હોય. શ્રુષ્ટીમાં એકબી એવી બુરાઇ નથી કે જેની ઉપરથી ધડો લેવા આપણે તઇયાર અને તલબગાર થઇયે તો તે આપણને ઉંચાં ડહાપણ ભણી દોરવી નહી લઇ જાય અને પછી પોતાની મેળે પોતે દફે નહી થઇ જાય.

તમે ચોક્કસ ખાત્રીપુર્વક જે કાંઇ જાણો છો તે તમારા અનુભવમાં સમાયલું છે. હવે પછી તમે જેખી કાંઇ જાણશો તે અનુભવનાજ દર-વાજામાંથી પસાર થશે—અને તે રીતે તમારા પોતાના અંગનો એક ભાગ બનશે. તમારા વીચારો, તમારી અ-ભીલાશાઓ અને તમારી ઉમેદોથીજ તમારી દુનયા બને છે. ખુબસુરતી, મોજમજાહ તથા સુખની જગતમાં અથંગ બદસુરતી, ગમખારી તથા દુઃખની દુનયામાં જેખી કાંઇ મોજુદ છે તે તમારા પોતાનામાંજ સમાયલું માની લેજો. તમારા પોતાના વીચારોથીજ તમે તમારી જીંદગી, તમારી દુનયા, તમારી સ્રષ્ટી પેદા કરો છો યા ફના કરોછો. વીચારના બળથી જેવો તમે અંતરનો અમલો રચો છો, તેવો તમારી જાહેરની કાર્કીદી અને સંજોગો આકાર લેતાં જાય છે. તમારાં જીગરના છેક બાતેનમાં જેખી તમે સંગ્રહી રાખશો તે મોડે વહેલે, "રીએકશન"ના અચુક કાયદાને અનુસરી તમારી બાહેરની જીંદગીના કોઇક રૂપમાં પ્રગટી નીકળવા વીના રહેવાનું નથી.

તા૦ ૨૯ મી એપ્રીલ.

જે શખ્સ પોતાના અંગત-સ્વાર્થને વળગીજ રહે છે તે ખુદનો પોતાનો દુશમન છે, અને તેની આસપાસ દુશમનો ફરી વળેલા રહે છે. જે આદમી પોતાના અંગત સ્વાર્થ તજી દે છે તે ખુદનો પોતાનો રક્ષક બને છે અને તેની ચોમેર મીત્રોનું એક રક્ષણરૂપી કુંડાળું ફરી વળે છે. સ્વચ્છ અંત-કરણના ઈશ્વરી પ્રકાશ આગળ તમામ અંધકાર દૂર થઈ જાય છે—સઘળાં વાંદળાં વીખેરાઈ જાય છે. જેણે અંગત સ્વાર્થ જીત્યો તેણે કુલ જેહાન જીતી એમ સમજી લેજો. ત્યારે તમારી તંગદસ્તીમાંથી બાહેર આવો—તમારાં દરદમાંથી બાહેર નીકળો; **તમારા ખુદ પોતાનામાંથી બાહેર નીકળી** તમે તમારી જંજાળોમાંથી, તમારા હાય અફસોસમાંથી, તમારી ફરીયાદોમાંથી, તમારાં જીગરના જળાપામાંથી અને તમારી એક લવાઈ સ્થીતીમાંથી બાહેર આવો. તમારી તુચ્છ એકલપેટાઈનું પુરાણું ફાટું તુટું પેહરણ તમારાં શરીરપરથી સરી પડવા દો; સાર્વજનીક પ્યારનો નવો અંગરખો ઓઢો. પછીજ તમને બાતેનના બેહેસ્તનો કોઈ ખ્યાલ ઉપજશે—અને તે ખ્યાલ તમારી બાહેરની જીંદગાનીમાં પ્રગટી નીકળશે.

જ્યારે આપણા તુરંગોનો રાહ કુદરતના મહાન અચળ કાયદાને અનુસરતી રીતે દોરવાય છે ત્યારે તે દરેક પ્રકારે આપણી જીંદગીમાં કાર્યસાધક અને રક્ષણકર્તા થઇ પડે છે; પરંતુ જ્યારે એજ આપણા વીચારોનો પ્રવાહ અષોઇના સર્વશકતીમાન નીયમથી ઉલટીજ દીશાએ વળણુ લે છે ત્યારે તે જીવણનાં એકત્ર તતવોને વીખુટાં પાડનારો અને નાશવંતો થઇ પડે છે. નેકીની બુલંદી અને માતેબરી બાબે એક જાતનો સંપુર્ણ અને કદીબી નહી ડગમગે એવો વીશવાસ રાખી તમારા સઘળાં વીચારો તેના પ્રમાણમાં ગોઠવતા જવું હોય તો નેકીની પનાહ તળેજ સદા ચાલતા રહો અને તમામ પ્રકારની બદીને કેમ પીછાણવી તથા કેમ નાબુદ કરવી તે તમારા જીવ સાથ સમજતા થાઓ. પકી-નદારીથી ચાલો—અને તમને અબવળ પોંહચશે નહી. મુકતીનો ખરો ખુલાસો એમાંજ છે. બુરાઇના અંધકારમાંથી—બુરાઇની ફના-માથી—મુકતી એજ .રીતે મળે છે અને અમરકાળની અશોઇના રોશન પ્રકાશને પોંહચી શકાય છે.

એવી એકપણ મુશ્કેલી નથી કે જે શાંત અને જોરમંદ વીચાર શક્તીના એકાગ્રતાથી આંક્રોશમાં લાવી નહીંજ શકાય; એવી એકપણ વાજબી અને વાસ્તવીક તમારી મકસદ હોઈ શકેજ નહીં કે જે તમે તમારાં આત્મીક બળને સમજદારીથી વાપરો તોયે તમો હાર પાડી શકો નહીં. જ્યાં સુધી તમે તમારા પોતાનાં અંતરના ખવાસનો બારીકીથી અને ઉંડાણથી અભ્યાસ કરો નહી—અને ત્યાં ફટકતા કેટલાક દુશમનોને તમે મારી હઠાવો નહીં—ત્યાં સુધી વીચારની મજબુદીઠ શક્તીનું, વીચારને જડવાદી બાહેરની વસ્તુઓ સાથેથી અચુક સંબંધ છે તેનું,—અને વીચારને જ્યારે બરાબર સીધે રસ્તે દોરવવામાં આવે છે ત્યારે જીંદગીના સંજોગોને આકાર દેવામાં તે કેટલો જાદુઈભરી રીતે જોરાવર બને છે તેનું—તમને ભાણ આવી શકવાનું નથી. તમારો દરેક વીચાર એ ગોયા તમારી તરફથી બાહેર પાડવામાં આવતાં બળનું એક કીરણ છે. જેટલા જોશથી અને જેવી ખાસીયત સહીત તમે તે વીચારને બાહેર પાડશો તે જ જોશ સાથ અને તેવીજ ખાસીયતરૂપે તે કે જે શામાં માણસો (કે જેઓ તે વીચાર ઉંચકી લેવા તઈયારં હશે તેઓ)ના મનમાં જઈને વાસો કરશે, અને પછી પાછો તે તમારી ઉપરજ આવડી તમારા લાભમાં ભલી યા બુરી અસર નીપજાવશે.

તા૦ ૩ જી મે.

અગર તમારે સરવોપરી બળ ધરાવવું હોય—સામાના બળને વશ કરવું હોય તો સમતોલપણા અને શાંતીના ગુણ ખીલવવા જોઇયે. આપબળ ઉપર તમારે આધાર રાખવો જોઇએ. દરઢ મનની ચીવટાઇથીજ સઘળું બળ મેળવી શકાય છે. જુઓ પહાડ, કે બુલંદ ખડક, કે તોફાનો સામે ટકી રહેલું ઝાડ—એ સઘળાં આપણને પોતાના બળનો ખયાલ આપે છે. તેઓ એકાંતમાં પોતાની બુલંદીરર મુસ્તાક રહી ઉભાં છે—તેઓ સામેથી આવતા હુમલાની કુચ્છ પરવાહ કરતાં નથી, જે તતવોને લીધે તેઓ બળવાન થયાં છે. બીજી તરફ જુઓ એકાદ ખસતું સ્ટેનડ, ઝાડની છુટી પડતી એક ડાળી, યા આમ તેમ ઝુલાયાં કરતાં પોકળ બરૂના સાંઠા—તે આપણને નબળાઇનો ખયાલ આપે છે, સબબ તે જંગમ છે, સામાના બળને તોડવાની શકતી ધરાવતા નથી, અને તેઓને જો તેમના ગોઠયાઓથી છુટા પાડયાં તો તે તદન નકામા થઇ પડે છે. માટે તેજ એક મહા બળવાન આદમી ગણાય, કે જે જયારે તેના સઘળાં ગોઠયાઓ પોતાના મનોવીકારને લીધે યા ગુસ્સાના આવેશમાં એક તરફ દોરવાઇ જાય તયારે તે પોતે મગજને સમતોલ રાખીને ચીવટાઇથી મકકમ રહી શાંતી જાળવી રાખે છે. ચીંચયારીઓ પાડનારા, બીહતા ધ્રુજતા, અવીચારી, કે નાની ચીજને મોટું રૂપ આપનારાઓને પોતાના ગોઠયાઓની સંફ શોધવા દો—નહી તો તમો તરફના ટેકા વગર આ બાપડાઓ પડી ભાંગશે. પણ શાંત મનોવૃતીના, બીનદેહસત, વીચારવંત અને ગંભીર આદમીને એકાંતવાસ શોધવા દો અને તેઓ પોતાની સતાને વધુ બળવાન બનાવશે.

જો તમો ખરી આબાદી મેળવવા માંગતા હોવ, તો જેમ ઘણાઓ એવી દ્રઢ માનમતા ધરાવતા થયા છે, તેમ તમો ખી ધરાવશો નહી કે તમો જે કાંઇ સાચું કરો છો, તે ખોટું નીવડશે. સચ્ચાઇના માતેબરપણા ઉપરની તમારી આસ્થા ઢાલી કરવાને "હરીફાઇ" બોલને વચે આવવા દેતા નહી. હરીફાઇના કાનુનો વીશે માણુસ શું કહે છે, તેની હું દરકાર કરતો નથી કારણુ કે ફેરફાર વગરનો યાને અચલ કાયદો જે એક દીવસે તે સઘળાઓને તારાજ કરી મુકશે અને જેણે સચ્ચાઇથી ચાલનારા માણુસની જીંદગી તથા જીગરમાં હમણાંથી તારાજ કરવાને તે કાનુનો મુકેલા છે, તે કાયદો શું હું જાણુતો નથી! અને આ કાયદો જાણીતો હોવાથી હું ખલલ વગરની શાંતી સાથનાં સઘળાં અપ્રમાણીકપણા તરફ જોઉં છું, કારણુકે તે કઇ ચોકસ ખાનાખરાબીને ફેજે પહોંચશે તે હું જાણું છું. જેઓ સચ્ચાઇના ધોરી મારગ ઉપરથી દુર નીકળી ગયા છે, તેઓ હરીફાઇ સામે પોતાનું રક્ષણુ કરે છે; જેઓ હમેશાં સચ્ચાઇથી ચાલે છે, તેઓને તેવાં રક્ષણુ માટે જંજાળ કરવાની જરૂર નથી.

ડાહપણવાળું મમતાળુ દીલ, કાંઇભી સતા ચલાવવા વગર, સામાને વશ કરે છે. જે આદમી ઉંચમાં ઉંચ તે સાહેબને તાબે થાય છે તેની સઘળા આસામીઓ ફરમા બરદારી કરે છે. તેનો એક બોલ પડયો કે જુઓ! તેના એક સાદા બોલ ઉપર ગોયા આખી દુનીયા નજર ટાંકી રહે છે—તેના ઉપર આધાર રાખે છે! તેણે પોતાના વીચારોને, અવીનાશી અને અજીત તત્વો સાથ મેળવી દીધા છે, અને તેવા આદમીને મનથી નખળાઇ કે ધચુપચુ મન જેવી ચીજજ નથી. તેનો દરેક વીચાર ચોકસ મતલબ ધરાવે છે, તેનું દરેક કામ ચોકસાઇથી બજા લવાય છે. તે પેલા 'મહાન કાદા'અનુસાર વરતેછે—તે પોતાની તુછ મરજીને તેની સામે થવા દેતો નથી, અને એ રીતે તે એક એવું સાધન બને છે કે જેની મારફત ખુદાઇ બળ વગર હરકતે અને લાભકારી રીતે ફેલાવો પામે છે. એ રીતે તે પોતેજ બળવાન થાય છે.

આત્મિક ચિંતન અને સ્વકાબુ એક બીજાથી છુટતાં નથી. તેથી તમારે ખુદ તમારા પોતા વિષે એવી રીતે ચિંતન કરવું કે જેથી તમો પોતે શું છો તે સમજી શકો, કારણ કે યાદ રાખવું કે તમારી મોટામાં મોટી મુંળ નેમ તમારી ભુલો શોધી કહાડી તે સદંતર દુર કરવાની છે, કે જેથી ખરૂં શું છે તે તેમને માલમ પડી આવે. તમારે તમારી મતલબ, વિચારો, કામો વિષે સ્વતાનેજ સવાલ કરવા અને તમે જે અભિલાષા બાંધી હોય, તેમની સાથે તેમને, શાંત અને આ પક્ષપાત નજરે, સરખાવી જોવાં જોઇયે. એ રીતે તમો મગજ તેમ જ આત્મિક સમતાલપણું ચાલુ વધુ અને વધુ, મેળવ્યા જશો, કે જે વગરના આદમીઓ મહાસાગ રમાં તણાતા લાચાર ઘાસનાં તણખાં સમાન છે.

પ્રથમ તમારે સમજવું કોઇ ચીંતન, ભમતા ખ્યાલોથી સદંતર જુદીજ ચીજ છે. ચીંતનમાં સ્વપના જેવી કલ્પના કે અવ્યવહારૂ ખ્યાલો જેવું કાંઇ નથી. તે માત્ર તપાસ શક્તી અને વીચાર શક્તીનો એક એવો પ્રયોગ છે કે જે સાદી અને ચોખ્ખી સચાઇ સીવાય કાંઇ બીજું રહેવા દેતોજ નથી. આ રીતે ચીંતન કરતાં તમે તમારા વહેમમાં સપડાયલા રહેશો નહીં, પણ અંગત વાતો બાજુએ રાખીને તમો એટલુંજ યાદ કરશો કે તમો સચાઇનીજ શોધમાં છો. તેમ કરતાં તમે ગયા વખતમાં જે ભુલો કરી હશે તે એકેક પછી તમો સુધારશો અને સચાઇના પ્રગટી નીકળવા માટે તમો થોભશો. તમે તમારી ભુલો પુરતી સુધારી હશે તો સચાઇ પ્રગટી નીકળયા વગર રેહેશે નહીં.

મુરખ આદમી ધારે છે કે નાના નાના વાંકો, નાની નાની ભુલો અને નાના નાના પાપોથી કંઈબી ખમવું પડતું નથી. તે પોતાને સમજાવે છે કે જયાં સુધી તે હડહડતાં ખુલ્લાં અનીતીનાં કામો કરતો નથી તયાં સુધી તે સદગુણી અને પવીત્રબી છે; પણ તેથી તે સદગુણ અને પવીત્રતા ગુમાવી બેસે છે, અને દુનયા તેને તેજ મુજબ પીછાણી લે છે. દુનયા તેને માન આપતી નથી, તેને વખાણતી નથી અને ચાહતી નથી. તે તેની આગળથી પસાર થાય છે; તેને કોડીની કીમતનો ગણવામાં આવતો નથી; તેનો લાગવગ નાશ પામે છે. દુનયાને સદગુણી બનાવવાની આવા એક આદમીની કોશેશો અને મોટા દુરગુણો તજવાની તેની વાયજીઓ દમ વગરની ખાલી પોકળ અને ફલ વગરની ફોકટ નીવડે છે. પોતાના નાના દુરગુણોને તે જે ઓછી અગત આપે છે, તે તેની આખી કેરેકટરને તોડી નાંખે છે અને તેની માણસાઈનું તે માપ છે.

જેમ એક વરસ અમુક મુકરર કરેલી એક એક સાથ સંબંધ ધરાવતી આવતી ઘડીઓનું બનેલું છે, તેમજ એક આદમીનું ચારીત્ર તથા જીંદગી અમુક મુકરર કરેલા એક બીજા સાથ સંબંધ ધરાવતા વીચારો તથા કામોના બનેલાં છે, અને તે પુરી થયલી જીંદગીના સામતાં કામો તે દરેકના છુટા ભાગોના છાપ મીસાલ છે. સેહજ માયા મમતા, ઉદારતા બતાવવાથી અને અંગત ભોગ આપવાથી એક દયાળુ અને ઉદાર ચારીત્ર બનાવી શકાય છે. ખરેખરો પ્રમાણીક પોતાની જીંદગીના દરેક આદમી નાનામાં નાના કામની બારીક વીગતો પણ પ્રમાણીકપણે બજાવે છે. અમીરી ખવાસનો આદમી પોતેજે કાંઇ સેહજ બોલે યા બજાવે તે પણ અમીરી ખસલતનું સારજ કરી બજાવે છે. તમે તમારી જીંદગી એકીવાર એક જથામાં ભોગવતા નથી, પણ તે અનેક ભાગોમાં જુગવો છો અને તે ભાગોથી આખી જીંદગી બને છે. એ દરેક વીભાગનું જીવન તમો ચાહો તો મોટાઇ અશરાફીથી ભોગવી શકો, અને તેમ કરો તો તમારી આખી પુરી થયલી જીંદગીમાં હલકાઇ કે નીચપણાનું જરાએ તતવ જણાશે નહી.

શરૂઆતનો જુસ્સો જે પ્રકાર નો હશે, તેજ તેનાં પરીણામોનું રૂપ હમેશા નક્કી કરશે. એક શરૂ આત વળી આખેર, અંત, પરી ણામ અથવા 'ગોલ'ની આગાહી કરે છે, એક દરવાજો એક રસ્તા ભણી દોરવી લઇ જાય છે અને તેજ રસ્તો કોઇ ચોક્સ જગા ભણી દોરવી જાય છે. તેવીજ રીતે શરૂઆત પરીણામો તરફ દોરવે છે અને પરીણામો સંપુરણતા તરફ દોરવે છે.

સારી શરૂઆતો અને નરસી શરૂઆતો હોય છે, જેની પાછળ તેવાજ પ્રકારની અસર થાય છે. તમો સંભાળભર્યા વીચારથી નરસી શરૂઆતો અટકાવી શકશો અને સારી શરૂઆતો કરી શકશો અને તેવી રીતે માઠાં પરીણામોથી બચી શકશો તેમજ સારાં પરીણામો ભો ગવી શકશો. સુખીપણાંની જીંદગી ની નેમ જાળવવામાં ધ્યાન આપ વા જોગ અને ખરી રીતે કરવા લાયક સહુથી સાદી શરૂઆ તોમાંની એક જે આપણે સઘળા ઓ દરરોજ કરીયે છીયે, તે છે-એટલે કે દરરોજની જીંદગીની શરૂઆત.

તા૦ ૧૨ મી મે.

અગર તમો શાંતીથી તમારાં મનની, તમારાં જીગરની, અને તમારાં વરતનની તપાસ કરશો તો સહેલથી જાણી શકશો કે તમો સચાઇના સેવક છો કે સ્વતઃના પુજારી. તમો તમારાં મનમાં શક, દુશમનાઇ, અદેખાઇ, હવસ, મગરૂરીના વીચારો રાખો છો? કે બળતવારીથી તમો તેમની સામે થાવો છો? તમારાં મનમાં અગર એવી લાગણીઓ વાસો કરતી હોય તો સમજવું કે તમો સ્વતઃની જંઝીરમાં સીકડાઇ ગયા છો પછી તમે ગમે તે ધરમ પાળવાનુ ડોળ ઘાલતા હો. પણ જો તમે તેના સામે લડતા હો, તો સમજવું કે તમે બાહેરથી કોઇ પણ ધરમ પાળવાનું ડોળ ઘાલતા નહીં હોવ તોપણ તમે સચાઇનાજ ઉમેદવાર છો. તમો ગુસ્સાવાળા, આપમરજી મુજબ વરતનારા હમેશાં અંગત લાભ ફાયદોજ શોધનારા છો? કે નરમાશવાળા, બીનએકલપેટા દરેક રીતની અંગત મોજમજાહ તરફ અભાવ ધરાવનાર અને ખુદ તમારી પોતાની મજાહનો ભોગ આપનારા છો? તમે પહેલાં વરણવેલા દુરગુણોમાં પ્રવીણ હો તો માનવું કે સ્વતઃના તમો ગુલામ છો; પણ જો બીજા વરણવેલા સદગુણ તમો ધરાવતા હોવો તો જાણવું કે સચાઇ ઉપરજ તમારી પ્રીતી છે.

જ્યાંસુધી આશા ઉમેદ ધરાવતો આદમી પવીત્ર અંતકરણની સીમાએ પુગતો નથી, ત્યાંસુધી લોભ લાલચ તેને આડે મારગે દોરવી જાય છે, અને તે સીમાની બાહેર લોભ લાલચ તેનો પીછો પકડી શકતી નથી, ત્યારેજ તે પીછો પકડે છે, કે જ્યારે એક આદમી આશા ઉમેદ બાંધવાની શરૂઆત કરે છે કે તે લલચાઈ જવાનું શરૂ કરે છે. આશા ઉમેદ સઘળું છુપાયલું સારૂં અને નરસું જાગૃત કરે છે કે જેથી આદમી પોતાને સંપુર્ણ પીછાની શકે છે, કારણ કે એક આદમી જ્યાંસુધી પોતાને સંપુર્ણ પીછાનતો નથી, ત્યાંસુધી તે પોતાના ઉપર કાબુ ધરાવી શકતો નથી. ફકત પશુ જેવા આદમી માટે ભાગ્યેજ કહી શકાશે કે તે લલચાય છે, કારણ કે લોભ લાલચનાં ખરાં સ્વરૂપનો અર્થ એ થાય છે કે વધારે સ્વચ્છ સ્થીતી મેળવવા માટે પ્રયત્ન કરવો. જે આદમી આશા ઉમેદ હજી સુધી ધરાવતો થયો નથી, તેની રાખેતાની સ્થીતી જડ ઇચ્છા અને સંતોષ છે. તે પોતાના શારીરીક સુખો કરતાં કંઇબી વધારે, કંઇબી વધારે સારૂં મેળવવા ઇચ્છતો નથી અને તે પોતે જે સ્થીતીમાં હોય છે, તેજ સ્થીતીમાં સંતોષ માને છે. આવા એક આદમીને પડતી તરફ લલચાઇ જતો કહી શકાશે નહીં; કારણ કે તે હજી જાગૃત થયો નથી.

સત્યતા—એ શ્રૃષ્ટીમાં મોજુદ રહેલી ખરી મોતેબર ચીજો માંહે ની એક છે, કુદરતની તે બાતન ની એકયતા છે, સંપુર્ણ ઇનશાફ નું તે સ્વરૂપ છે, અનંતકાળના પ્રેમનો તે પડછાયો છે. "સચ્ચાઇ"ની અંદર તમે કાંઇ પણ ઉમેરી શકશો નહી—સચ્ચાઇમાંથી તમો કાંઇ પણ બાદ કરી શકશો નહી. રાસ્તી કોઇપણ ઇનશાન ઉપર આધાર રાખતી નથી—એકેએક ઇનશાન રાસ્તીની ઉપર આધાર રાખે છે. જો તમે તમારા સ્વાર્થની ચશમાથી બાહેર નજર ફેંકશો તો તમને સચ્ચાઇની સુંદરતા દેખાવાની નથી. અગરજો તમો તકોબરીભરયા હશો તો તમારી તુચ્છ તુંદાઇનો રંગ આસપાસની દરેક ચીજ ઉપર ફેલાઇ જશે. અગર જો તમો ક્રુવરથી ભરપુર હશો તો તમારા જુસ્સાનો ધુંવો અને અંગાર તમારા જીગર અને તમારા મનની આસપાસ વાદળાં પેરે વીટલાઇ જશે. જો તમો મગરૂર અને સુખનપરવર હશો તો આખી કુદરતમાં તમને તમારાં પોતાના વીચારોની મહતવતા અને વીસતાર સીવાય બીજું કશું દેખાશે નહી. સચ્ચાઇનો આશીનો સેવક હમેશાં "મત" અને "સચ્ચાઇ" વચેનો તફાવત પારખી શકે છે.

જગત માંહે દરેકે દરેક બાબદો નાની નાની ચીજોનાં જોડાણથી ઉત્પન થયલી છે. મોટી બાબદની સંપુર્ણતા હંમેશ નાની નજીવી બાબદની સંપુર્ણતા ઉપરજ રચાયલી હોય છે. આ શૃષ્ટીની જો કોઇબી બારીક બાબદ અધુરી રહી જવા પામે તો આખ્ખી જગત અધુરી અપુર્ણ રહી જાય. જો એક તણખું વટીક તેમાંથી સરકવા પામે તો સામટું આખ્ખુ બંધારણજ બંધ પડી જાય. ધુળની એક રજકણ વગર દુન્યા હસ્તી ભોગવી શકેજ નહી. સારી પૃથ્વી સંપુર્ણ છે કારણ કે આ ધુળની રજકણ સંપુર્ણ છે. ઝીણી બાબદને માટે બેદરકાર રહો અને મોટી બાબદમાં તમે ગુંચવાડો પામશો. આકાશપરથી વરસતું બરફનું નાનું કરૂં આસ્માનપર પ્રકાશતા સેતારાના જેટલુંજ સંપુર્ણ હોય છે; દવનું એક ઝીણું ટીપું ઝળકતા ગ્રહના જેટલુંજ આકાર બંધ હોય છે. જેટલો આદમ જાત બારીકે બારીક ગણત્રીનું સમતોલપણું પોતાની રચનામાં ધરાવે છે તેટલું એક અણુદીઠ સુક્ષમબી ધરાવે છે. પથ્થર ઉપર પથ્થર મેળો, તેઓને આબાદ સીધી રીતે એકમેક સાથ સંપુર્ણ મેળવતા જાઓ—અને અંતે "આરકીટેક્ચ રલ" સુંદરતાનું મંદીર તમારી સમક્ષ ખડું ઉભું રહેશે.

હરેક પળમાં, દરેક શબ્દમાં, આવકારની સલામીમાં, ખોરાકીમાં, પેહરવેશમાં, પત્રવ્યહવારમાં, આસાયશમાં, કામકાજમાં, છુટીછવાઇ કોશિશોમાં, ટુંક મુદતની મેહરબાની આમાં,—તમારાં લક્ષ ઉપર આવતી એક હઝાર અને એક એવી નાની ચીઝોમાં—બલકે જીંદગીની સાધારણ બારીક બાબદોમાં હુંમેશા કેટલી ગંજાવર મહત્વતા આમેજ થયલી હોય છે તે તમને માલમ નથી; ખરો મહાન પુરૂષ તે પીછાણે છે. ઉંચ પ્રકૃતીનો માણસ દરેક વસ્તુને એક જાતની ખુદાઇ કરામતથી તેની ખરી જગ્યાએ ગોઠવાયલી જોઇ શકે છે. હરેક ચીઝને ખીનતાસુખીભર્યો વીચાર અને ઉજ્જમ લગાડી જીંદગીને આશીષભરી તથા સંપુર્ણ કરવાની તે પોતાની માત્ર બાકી રહેલી ફરજ માની લીયે છે. તે કોઇબી બાબદ માટે બેદરકાર રહેતો નથી–તે ઉતાવળ કરતો નથી–અને ભુલચુક તથા મુરખાઇ સીવાય તે કોઇબી ચીઝને પોતાથી છટકવા દેતો નથી. દરેક "ફરજ" જે આકારમાં તેની સમક્ષ રજુ થાય છે તે આકારમાં, તે તુર્ત તેને ઉપાડી લીયે છે. કાંઇબી તે મુલતવી રાખતો નથી–કોઇબી બાબદ માટે ડગમગતો નથી. સઉથી નજદીકની ફરજ પાછળ ખરી નીષ્ટાથી વળગી જઇ તે એક એવી બાળકસમાન સાદુાઇને તથા ગુપ્ત શકવીને પોંહચે છે કે જેનું પરીણામ આયંદે ખરી મોટાઇમાં આવે છે.

o

તા૦ ૧૮ મી મે.

મોજશોખની યા દુન્યાદારીની ચીજોનો ત્યાગ કરવાથીજ કાંઇ માણસ ખુદ પોતાને ભુલી ગયલો યા ખોદાને પહોંચેલો કહેવાતો નથી. ખુદ પોતાને ભુલી જવા અને ખોદાને પહોંચવા માટે તો અંતરના પાપોને તથા માંહેલા ખોટા ખયાલોને દુર કરી નાંખવાની જરૂર છે. ભપકાદાર કપડાં પેહેરવાનું છોડી દેવાથી, દોલત અને પઇસા ટકા આપી દેવાથી, ચોકસ જાતના ખોરાકનો ત્યાગ કરવાથી, મોહડેથી મીઠાસભરયા બોલો બોલવાથી, યા એવાંજ બીજાં કારયો કરવાથી કાંઇ સચાઇ મળતી નથી, યાને ખોદાને પોહોંચી શકાતું નથી. પણ તેને બદલે મનમાંથી તકોબરીભરયા વીચારો કહાડી નાંખયાથી, દોલત ને પઇસા ટકા મેળવવાની ઇચ્છા દુર કરયાથી, ઇંદરીઓને તરૃપ્ત કરવાનો હવસ ત્યાગ કરવાથી, બીજાઓ માટેનો ધીકકાર મનમાંથી કહાડી નાંખયાથી, બીજાઓને જુઠું બોલવાની અને તેઓ સાથે મારા મારી કરવાની લાગણી દાબી દેવાથી, દુન્યાદારીમાં બીજાઓને પાછળ પાડીને પોતે આગળ નીકળી જવાનો લોભ કચડી નાંખયાથી, નરમાશભરયો સ્વભાવ અખત્યાર કરવાથી, અંતકરણને સ્વચ્છ રાખ યાથી અને બીજી દરેક બાબદમાં એવીજ રીતે વૃર્તયાથી સચાઇ મળેછે યાને ખોદાને પહોંચી શકાય છે.

લાભ લાલચને વશ થનારાએ આટલી વાત યાદ રાખવી કે તે પોતેજ પોતાને લલચાવનાર છે, તેમજ વળી લાલચને વશ થનાર બી તે પોતેજ છે. તેના દુશમનો તેના અંદરજ ઘર કરી રહેલા છે; જે ખુશામતયાઓ લલચાવે છે, જે તાના જખમ કરે છે, અને જે બળતાં બળે છે, તે અતયાર સુધીમાં તે પોતે જે અજ્ઞાનપણામાં રહયો છે અને ભુલ કરતો રહયો છે તેમાંથીજ ઉતપન થયલા છે; અને તે જો આટલું સમજે તો ખાતરી રાખવી કે તે બદી બુરાઇ ઉપર સંપુરણ ફતેહ મેળવશે. જયારે તે લાલચથી ડગમગી રહે તયારે તેણે ગમગીન બનવું નહીં, પણ તેણે ખુશાલ થવું કે તેનું જોર ઠાકયું છે અને તેની નબળાઇ ખોહલી થઇ છે. તે આદમી કે જે પોતાની નબળાઇ જાણે છે અને જે નમરતાથી તે કબુલ કરે છે તે પોતાનું બળ વધારવા પાછળ મંડવાને વખત ખોહતો નથી.

જયારે એક આદમી પોતાના મનના ઉભરાઓને તથા એકલપેટી ઇરષાઓને આંકોશમાં રાખી પોતાના બાતેનનાં વધારે ઉંચા તથા વધારે શાંત અંતર–આવાજ ઉપર જ આધાર રાખવા માંડે છે, અને એક ચોક્કસ નીયમ ઉપરજ પોતાની જીંદગી સ્થીર ઢપે જુગવવી શરૂ કરે છે, ત્યારેજ કાંઇક શકતી પોતાનામાં બરપા થતી તે જોવા માંડે છે. આપણાં અંતરજ્ઞાનના નીયમોમાં હેરફેર હોઇ શકતોજ નથી એ બાબદનું જો તમને ભાન આવ્યું તો સર્વેથી બુલંદ બળની શરૂઆત અને ભેદને તમે પહોંચી શકયા એમ જાણજો. જયારે પુષ્કળ તજવીજો, હાંદેસાઓ અને સ્વભોગો પછી એક અચુક અમર કાળના નીયમની હસ્તીનું ધયાન તમારા આત્માને થાય છે ત્યારે એક જાતની મીનોઇ શાંતી પેદા થાય છે અને અંતરમાં નહી વર્ણવી શકાય તેવી ખુશાલી ઉભાય છે. જે ઇનશાનને આવા નીયનું સ્મરણ થયું તે ઇનશાન પછી ડગમગનો નથી અને તે સદાકાળ સમતોલ તેમજ સમાધાન રહે છે.

જ્યાં તુલીક તમે એક માણુસને તેની દુન્યવી માલમતા છુટથી ભોગવવા દયો ત્યાં સુધી તે સુલેહ, ભાઇબંધી અને સાર્વજનીક પ્રીતમાં ઇતબાર ધરાવી સેહેલાઇથી એ ત્રણુડે ચીઝોના નીયમોને વળગી રહી શકશે. પણ જો તમે તેની હક દાર મીલકતના ભોગવટા ઉપર ત્રાપ મારશો—અથવા જો તેને એવો ખ્યાલ ઉપજશે કે તેના ધણીયાતા હકો ઉપર ત્રાપ પડવાની વકી છે—તો તે બાગેબુલંદ અવાજે લડાઇ માંગશે. તે દેખાડશે કે હવે તે સુલેહ, ભાઇબંધી તથા પ્રાતમાં માનતો નથી, એ ચીઝો ઉપર આધાર રાખતો નથી—પણ ઝગડા, એકલપેટાઇ અને ધીક્કારમાં માન્યતા ધરાવે છે, એ છેલ્લી ત્રણ ચીઝો ઉપર આધાર રાખે છે. જે આદમી પોતાની તમામે તમામ દુન્યવી ચીઝો ગુમાવી બેસ્વાનાં ભય છતાં—ખુદ આબરૂ અને જીંદગી વઠીક ખોહી દેવાની ધાસ્તી છતાં—પોતાના નીયમોને તજતો નથી તે આદમી ખરેજ બળવાન છે, તે આદમીનો હરેક સખુન સર્વોપરી રહે છે—તે આદમીને ભવીષ્યની ઓલાદ માન દે છે, તેને ઇઝત દે છે, તેની પુંજા કરે છે.

તા૦ ૨૨ માં મ.

માનવી જાતનીખરી અને મુખ્ય હસ્તી તેના અંતરમાં છે-તે આત્મીક છે, આધ્યાત્મિક છે. આ મુજબ તેની જીંદગી હમેશ ભીત્તરની બાબદોથીજ જોર ધરે છે-બાહેરની બાબદોપર તેનો પાયો નથી. બાહેરની બાબદો તો માત્ર તેની શકતી ખીલવનારાં સાધનો મીસાલ હોય છે. જીંદગીને નવેસરથી ચાલુ રાખવા બાતેનનીજ ચુપકીદી ઉપર આધાર રાખવો પડે છે. જયાં લુગીક એક આસામી આ ચુપકીદીને ઇંદ્રીઓની ગડબડપો ની મોજમજાહમાં ડુબાડવાનો પ્રયત્ન કરે છે-જયાં લુગીક તે બાહેરની ચીજોના ઝઘડાઓમાં જીવવાની ની વેતરણ કરે છે-ત્યાં લુગીક તે દરદ અને ગમીના અનુભવોનાં બીયાં રોપે છે. પણ એજ દરદ અને ગમખારી આયંદે અસહ્ય થઇ પડી તે આસામીને પાછો તે બાતેનનાં દીલાસા ભણી અંતરના શાંતીભર્યા એકાંતવાસ ભણી નસાડે છે.

ખુદાઇ પ્યારના નીયમનો દાખલો લ્યો, તેની ઉપર એવી શાંતીથી અને ઉલટથી દરયાફત કરો કે તમો તેને બરાબર સંપુર્ણ રીતે સમજી શકો. તેની તેજસ્વી રોશની તમારી દરેક આદત, તમારાં હરેક કામો, તમારી ભાશા અને તમારા સંસાર-વ્યવહાર, તમારા સઉથી છાના વીચારો તથા ઇચ્છાઓ ઉપર પડવા દયો. આ ધોરણને તમે ખંતથી અખ્ત્યાર કરશો તો ખુદાઇ પ્યાર તમને વધુ અને વધુ ખુલ્લો દેખાતો જશે-તમારી ખોડખામીઓ વધારે સ્પષ્ટ રીતે તેની સાથ સરખામણીમાં પ્રગટી નીકળશે-અને તમને નવેસરની કોશેશો માટે તેથી શુર છુટશે. તે અચળ અમર નીયમની બીન હરીફ મહત્વતા અને મોતેબરીનો એક ઉડતો ખયાલબી જો તમને એકવાર આવ્યો તો પછી તમે તમારી નબળાઇમાં ફરીથી લપસી પડશોજ નહી-તમારી અપુર્ણતા, તમારી એકલપેટાઇની આડાસે તમે પાછા જશોજ નહી-પણ જયાં સુધી તમે તમારૂં હરેક નારવા તત્વ ત્યાગ કરશો નહી ત્યાં સુધી તમે તે મહાન પ્યારની પુઠ ધરી રાખશો, અને તેમ કરી તમે તે **મહાન** પ્રાતને લાયકનાજ થઇ શકશો.

પોતાના તંતુઓ નવેસરથી ટટાર કરવા માટે જેમ શરીરને આરામી-શની જરૂર પડે છે તેમ પોતાની શક્તીઓને નવેસરથી તેજીમાં લાવવા માટે આતમાને એકાંતવાસની અગતય પડે છે. શારીરીક ઉન્નતી માટે જેટલી ઉંઘ અવશ્યની છે તેટલીજ આત્મીક ખીલવણી માટે શાંતી જરૂરની છે. અંગ ઉપર ચાલુ કસરતથી જે અસર થાય છે તેજ અસર એકાંતમાં નેક વીચારો યા મનના તરંગો કરયા કરવાથી આપણા આત્મા ઉપર થાય છે. જેમ જરૂરી આરામીશ અને ઉંઘ વગર શરીર નબળું પડી જાય છે તેમ ઇનશાનનો આતમા જરૂરી ચુપકીદી અને શાંતી વગર નાદ-રૂસ્ત બની રહે છે. આદમજાત એક આત્મીક પ્રાણી છે—અને જયાં તુલીક તે આદમ અવારનવાર ફાની ચીજોવાળી આ ઉપર ટપકેની દુન્યામાંથી વીદાય થઇ પોતાના અંતરની અંદર અમર તથા જાવેદાની તુલીકની ખરી ખીનાઓને પોંહચતો નથી ત્યાં તુલીક તે કઉવત, મનની મોતેબરી અને શાંતી પામી શકતોજ નથી.

તા૦ ૨૬ મી મે.

જે માણસો સદા ખુદના પોતાના સ્વાર્થનેજ સદા વળગી રહે છે, અને બદીના એકરારીભર્યાપડછાયાની પાછળજ દોડે છે, તે માણસો હંમેશ ખુદાઇ પયારને એક એવા પરમેશ્વરની મતા માની લેછે કે જે પરમેશ્વરને (તેઓના મત મુજબ) તેઓ જીનહાર પહોંચી શકેજ નહીં. આ ઇશવર પ્રેમ એવા માણસોને મનથી એક એવી બાહેરની બાબદ છે કે જેથી તેઓ હર હંમેશ બાકાતજ રહેશે એવું તેઓ માની લે છે. અલબત, સ્વાર્થની હદની બાહેરજ ખુદાનો પ્રેમ નીત્ય રહેલો છે; પણ જયારે જીગર અને મગઝ સ્વાર્થી લાગણીથી નીરાળાં બને છે ત્યારે બીન એકલપેટો પ્યાર, સર્વોત્તમ પ્રેમ, ખુદાઇ મોહબત——નેકી—— બાતેનમાં વાસો કરી ત્યાં જાવેદા ની તુલીક રહે છે. આ અંતરની પવીત્ર મોહબત એકવાર સંપાદન થઇ તો તે ખુદાઇ પ્રેમજ છે—કે જેને માટે પણું બોલાયું છે, જો કે ઘણા થોડા જેને સમજી શકયા છે. આ પાક પ્રીવી માત્ર આતમા નોગુનાહથીજ બચાવતી નથી—. તે આતમા ને લાલચની જાલમાં મોહ 'ઉપરબી સરવોપરી બનાવે છે.

તા૦ ૨૭ મી મે.

એક શખ્સ જો પોતાના દીલમાંજ કાંઇબી શાંતી પામી શકતો નહીં હોય તેને બીજે કયાંથી તે મળવાની હતી ? તે જો પોતે એકલો અટુલો રહેવાને બીહતો હોય તો બીજાની સોબતમાં તે દૃઢ કેમ રહેશે ? તેને સતસંગથી જો કાંઇ બી મજાહ નહી મળતી હોય તો બીજાઓ સાથના સમાગમની તે કંગાળીયતમાંથી તે કેમ છટકી શકશે? જે આદમીને અંતરમાંજ શાંતી નહીં તેને કેઠે પણ શાંતીનું આશ્રમ જડનાર નથી. બાહેર ફેરફાર અને ક્ષીણતા, અને જોખમ છે-દીલના અંતરમાંજ સઘળો એ તબાર અને સુખ આશીશ છે. આતમા પોતે પુરતો બળવાન છે. તમારૂં સરવેકાળનું આશ્રમસ્થાન (દીલના) અંતરમાંજ છે.

તા૦ ૨૮-મી મે.

જ્યાં સુધી તમે બીજાઓની મદદ વગર એકલા ઉભા રહી શકો નહી, યાને દુનયાદારીના કામકાજમાં બાકી ઇનસાનોની યા અમર્ગ આત્માઓની તેમજ દેવતાઓની યા માનવીઓની રાહબરી મેળવવાની આશા નહી રાખતાં ખુદ તમારા અંતરમાં વાસો કરી રહેલી સચ્ચાઇની યાને ઇશ્વરી અંશની રોશનીનેજ તમારી રાહબરી કરવા દેવો નહી, ત્યાં સુધી તમે જંજીરથી જકડાયલી હાલતમાંથી છુટા થયલા લેખાશો નહી, યા ઇશ્વરી આશીરવાદનું ખરૂં સુખ ભોગવતા થશો નહી. પણ તે માટે મગરૂર થવાની ભુલ કરતા ના જે ચીજની જરૂર છે તે ખુદ પોતાના ખભાં ઉપર આધાર રાખવાની છે, નહી કે મગરૂર થવાની. મગરૂરીના જમીનદોસ્ત થતા પાયા ઉપર ઉભા રહેવાની કોશેશ કરવી, તે ઉભા રહેવાની અગાઉજ તુટી પડવા સમાન છે. એક મગરૂર માણસ બીજાઓ ઉપર જેટલો આધાર રાખે છે તેટલો બીજા કોઇ રાખતા નથી. તેના સુખનો આધાર સદંતર બીજાઓ ઉપરજ લટકેલો હોય છે. તેને બદલે ખુદ પોતાના ખભાં ઉપરજ મુસ્તાક રહેનારો માણસ પોતાની અંગત મગરૂરી ઉપર ખડો રહેતો નથી, પણ પોતાના અંતરમાં સમાયલા કુદરતના એક અચુક કાયદા ઉપર-એક જાથુકના નીયમ અને આઇડીયલ ઉપર તે એસ્તવાર ખડો રહે છે. તે ઉપરજ તે પોતાનું સમતોલપણું જાળવીને ઠરીઠામ થઇ રહે છે અને દીલની અંદરના જુસ્સાના મોજાઓથી યા બાહેરના તાણાવાણીભર્યાં લોકમતના તોફાનોથી, તે પોતાના મજબુત મથક ઉપરથી બીજી તરફ ધસડાઇ જવાને સાફ ના પાડે છે.

જેવું તમારૂં અંતઃકરણ તેવી તમારી જીંદગી થશે. અંતરની સ્થીતી અચુક રીતે બાહેરની હાલતમાં પ્રગટવા વીના રહેશેજ નહી. જે કાંઇ છુપું હશે તે થોડોજવાર ઢંકાયલું રહેશે—આયંદે પ્રાકટ થઇને તે બાહેર ખોલ્લું થવા વીના રહેવાનું નથી. બીયું, ઝાડ, ફુલ અને ફળ એ શૃષ્ટીના બંદોબસ્તના ચાર તબક્કાઓ છે. એક ઇનશાનનાં જીગરની સ્થીતીમાંથી તેની જીંદગાનીનો મામલો આકાર પકડે છે. તેના વીચારોના બીયાંઓમાંથી તેના કામોનાં ફુલો પેદા થાય છે—અને તેના કાર્યોના ફુલોમાંથી તેની ખાસીયતનાં અને તેની તકદીરનાં ફળો રજુ થાય છે. જીંદગી હર હંમેશ અંતરમાંથી ખીલતી જઇ ધીમે ધીમે બાહેરની રોશનીમાં પ્રગટે છે; જીગરમાં રોપાતા વીચારો છેલ્લે સરવાળે શબ્દોમાં, કાર્યોમાં, અને સંપુર્ણ પરીણામોમાં પ્રગટે છે.

એક આદમીને એકવાર ખાત્રી કરી લેવા દયો કે તેની જીંદગીનો ઝરો સામટી રીતે પોતાં તેના મનમાંથી શરૂ થાય છે—અને પછી જુવો કે આશીષનો માર્ગ તેને માટે ખોલ્લો છે. પછીજ તેને માલુમ પડશે કે પોતાની ઉંચામાં ઉંચી અભીલાશાને અનુસરીને પોતાના મનને વળણ આપવાની—મન ઉપર કાબુ રાખવાની—તે તાકાત ધરાવે છે. પછીજ તે મનશની અને કુનશનીના સઉથી મોતેબર રસ્તાઓ ઉપર મક્કમપણે અને મુસ્તકીમપણે ચાલવાનું પસંદ કરશે. તેને જીંદગી પછી સુંદર અને પવીત્ર માલમ પડશે, અને મોડેવહેલે તે હરેક બદીને, ગુંચવાડાને, પીડાકારીને હાંકી કહાડી શકશે. જે સખ્શ પોતાના જીગરના દરવાજાની પાસબાની વગર અચકવે, વગર ડાકવે, કરી શકયો તે શખ્સ ખુદાપણામાં, મનની ઉનંતીમાં અને શાંતીમાં પછાત પડી શકે એ બનવુંજ મહાલ છે.

મનની ખાસીયત એવી છે કે પોતાના ઉપરાસાપરી અનુભવોથી જ્ઞાન સંપાદન કરવું. એક વીચાર કે જે પ્રથમ ધ્યાનમાં લેતાં અને તેની પર લાંબો દરયાફત કરતાં મુશ્કેલી પડે છે તે છેવટ સરવાળે-મગજમાં ચાલુ ઘોળાવ્યા કરયાથી-એક જાથુકની અને કુદરની સ્થીતી થઇ પડે છે. જેમ એક છોકરો કાંઇ હુનર શીખવાની શરૂઆતમાં પોતાના ઓજારો બરાબર વાપરી તો શું પણ બરાબર પકડીખી શકતો નથી,-પણ લાંબી વારાફરતીની પ્રેકટીસ પછી બેહદ આસાની તેમજ ચપલાઇથી તેમને ચલાવી શકે છે-તેમ મનની એક ચોકકસ હાલત જે પ્રથમ સંપાદન કરવી બીલકુલ અશકય લાગે છે તે ખંતથી અને પ્રેકટીસથી આયંદે ઉપજાવી શકાય છે-અને પછી તે એક જાતની કુદરતી અને સરળ સ્થીતીની. કેરેકટરમાં બદલાઇ જાય છે. પોતાની ટેવો અને પોતાની સ્થીતીઓ ઉપજાવવાની અને સુધારવાની મનની આ શકતીની અંદર આદમજાતની મુકતીનો પાયો સમાયલો છે-તેનેજ પ્રતાપે ખુદના સ્વાર્થને જેર કરીને સંપુર્ણ છુટાપણાનો દરવાજો શોધી શકાય છે.

ઈનસાનની જીંદગી, સંપુરણ રીતે આખી લેતાં, તેનાં મનમાંથી શરૂઆત પામે છે; અને મન એ જુદી જુદી ખાસ્યતોનું એક સામટું બંધારણ છે, કે જે ખાસ્યતો એક આદમીધીર જવંત કોશેશોથી ગમે તેવીબી હદ સુધી પોતાના આંકોશમાં લઈને તેને ચાહો તેવું રૂપ આપવાને સામરથવાન છે. એક માણસને આ બીનાનું ભાણ થવા દયો–અને તુરત તેના કબજામાં તેની સંપુરણ મુકતીના દરવાજાની કુંચી આવી જશે. પણ જીંદગીની મુસીબતો, (જે ખરી રીતે તો માનવીના મગજની મુસીબતો છે તે), માંથી છટકવાનો પ્રયોગ એક આદમીના અંતરની નીયમીત ખીલવણીપર આધાર રાખે છે—તે કાંઈ ઝટને પટ બાહેરથી ઉપજાવી શકાતો નથી. દર કલાકે અને દર દીવસે અશો વીચારોમાં મશગુલ રહેવાને માટે મનને તરબીયત આપવી જોઈએ, ભલી અને બીન સ્વારથી વળણો અખત્યાર કરતાં મનને કેળવવું જોઈએ છે—અને જયાં સુધી એક માણસ પોતાના સઉથી પવીત્રમાં પવીત્ર સ્વપનાઓની બુલંદ ઉમેદ હાંસલ કરી શકે નહીં ત્યાં તુલીક એ પ્રયોગ ચાલુજ રાખવો જોઈએ છે.

સઘળા ફરજ પવીત્ર ગણવી જોઇએ અને ચારીત્રના એક મુખ્ય નીયમ તરીકે ફરજને નીમકહલાલીથી અને એકલપેટાઇના સહેજ પણ ખયાલ વગર બજા લાવવી જોઇએ. તમારે ફરજ બજાવતી વખતે સઘળા અંગત અને સ્વાર્થી વીચારો દીલમાંથી કહાડી નાંખવા જોઇએ, અને તમો તેમ કરવામાં જો ફતેહ પામ્યા તો તમારી ફરજમાંથી કંટાળાનું તત્વ આપ મેળે દુર થઇ જશે અને સઘળી ફરજ બજાવતાં ખુશાલી ઉપજશે. જેઓ એકલપેટી મોજમજાહ માટે હંમેશ આરજુમંદ રહે છે અને એકલા પોતાનાંજ ભલાં માટે કાળજી રાખે છે તેમનેજ ફરજ કંટાળાભરી લાગે છે. જે માણસ ફરજ બજાવવાના કંટાળા હેઠળ દબાઇ જાય તે પોતાના અંતઃકરણને બાતેનમાં પુછશે તો તેને તુરત જણાશે કે તેનો કંટાળો ખુદ ફરજમાંથી ઉત્પન થયલો નથી, પણ ફરજની બજાવણીમાંથી છટકવાની તેની સ્વાર્થી ઇચ્છામાંથી એ કંટાળાનું દરદ ઉત્પંન થયલું છે. જે શખસ ફરજ તરફ બેપરવાહ રહે છે પછી તે ફરજ નાની હોય કે મોટી, જાહેર પ્રકારની હોય કે ખાનગી પ્રકારની હોય, તે જાણે ખુદ સદગુણને તજે છે—જે માણસનું દીલ ફરજની સામે થાય છે તે ગોયા સદાચારની સામે થાય છે.

તા૦ ૪ થી જુન.

એક ઇનશાનને તેની હૈયાતીમાં શું શું ચીજો આડે આવે છે?–પ્રથમ તો તેની પોતાની ‘કરણીનો દરયાફ્ત, પછી તકદીર, જે તેની પુઠે લાગેલું છે, અને જે તે આસામી પોતાની ગમે તેવીબી અથાગ કોશેશો છતાં–ગમે તેવીબી બંદગીઓ છતાં–છટકાવી શકતો નથી, ત્યારબાદ તેનાં કુકરમોનો અચુક કરડો ડંખ, કે જે તે આદમીની સજા માટે સદા માંગણી કરતો રહે છે, તયાર પછી આશીષો અને શ્રાપો, કે જે તે માણુસને માંગયા વગર મળે છે અને જે તેણે પોતે મોકલેલા અવાજોના માત્ર ગણુ ગણતા પડઘાઓ છે. મનુષ્ય માત્રની હસ્તીજ “કારણો”ની એક હારમાળામાં વીંટળાયલી છે. તેની જીંદગીનું બંધારણુજ કારણો અને અસરોથી રચાયલું છે. તે એક જાતની વાવણી છે–એક જાતની પાકની કાપણીબી છે. તે આદમીનું દરેક કરતવ્ય એક “કારણુ” છે–અને તે દરેકને તેની “અસર” સમતોલ રાખતીજ રહે છે. માણુસ “કારણુ”ને પ્રથમ પસંદ કરે છે–(આ તેનું સ્વતંત્ર બુદ્ધી બળ છે)–તેની અસર પછી તેજ માણુસ પસંદ કરી શકતો નથી, બદલી શકતો નથી યા અટકાવી શકતો નથી–(આ તેનું તકદીર છે). આ મુજબ એક ઇનશાનની સ્વતંત્ર બુદ્ધી કારણોને પ્રથમ ગોઠવવા માટે નીરમાણ થયલી છે–તેનું તકદીર માત્ર પાછળથી નીપજતી અસરોનું સ્વરૂપ છે.

તમામ ગુનાહ અજ્ઞાનતાનું પરી-ણામ છે. અંધકાર અને કાચ્ચી સ્થીતીનો તે એક તરેહનો સંજોગ છે. કેળવણીની શાળામાં એક અજ્ઞાન શીષ્યની જેવી હાલત હોય છે તેવીજ હાલત જીંદગીની શાળામાં એક બદ વીચાર કરનાર તેમજ બદ કામ કરનારની છે. શુદ્ધ રીતે કેમ વમાસવું અને શુદ્ધ પ્રકારે કેમ વરતવું—કુદરતના અચળ કાયદાને અનુસરીને કેમ ચાલવું—તે આ માણસને શીખવાનું છે. કેળવણી લેતા વીદયારથી જયાં તુલીક પોતાના પાઠો બરાબર ભણતો નથી ત્યાં તુલીક શંતોષ પ્રામતો નથી; અને જયાં તુલીક એક ઇનશાન પોતાના પાપોની ઉપર સરસાઇ મેળવવા પામતો નથી ત્યાં તુલીક અસુખમાંથી તે છટકી શકતોજ નથી. જીંદગી—એ કુદરતમાં મળતા ધડાઓની એક હારમાળા છે. કેટલાંક આદમીઓ આ ધડા શીખી લેવામાં બહુ ઉત્સાહી હોય છે, અને તેઓ સ્વચ્છ, શ્યાના અને સદંતર સુખી નીવડે છે. બીજાં કેટલાંક માણસો આ ધડા શીખવા તરફ બેપરવા રહે છે—અને તેઓ પરીણામે અસ્વચ્છ, અક્કલ હીણુ અને અસુખાં સદાકાળ રહી જાય છે.

એકલપેટાઇ, તથા જુસ્સો કાંઇ માત્ર મનની દેખાઇતી બેલગામ સ્થીતીઓમાં તેમજ લોભના કંગાળ આકારોમાંજ હસ્તી ધરાવતાં નથી. તેઓ દરેક તમારા છુપા વીચારોમાં આમેજ થયલાં હોય છે—કે જે ગુપ્ત તુરંગો પેચવણ પ્રકારે તમારા પોતાના સ્વાર્થની બડાઇ અને ભટાઇ સાથે બાતેનમ તાલુકો ધરાવે છે. જ્યારે એવો છુપો વીચાર કોઇ આદમીને બીજાંઓની એકલપેટાઇ બાબે અંદેશામાં નાંખે છે, સામાઓની એકલ પેટાઇ માટે તેની પાસે ફર્યાદ તથા ચાવાચીવી કરાવે છે ત્યારે તે બહુજ ઠગાઇભરયો અને મુશ્કેલ હોય છે. જે માણસ હરહમેશ પારકાંઓની એકલપેટાઇ ઉપર ચાવાચીવી કર્યા કરે છે તે ખુદની પોતાની એકલપેટાઇ સમાવી દઇ શકતોજ નથી. એકલપેટાઇ માટે બીજાંઓને દોષ દેવાથી નહી—પણ આપણા પોતાનામાંથી એ ખોડ કહાડી નાંખવાની વેતરણ કરવાથી આપણે સ્વચ્છ આકારમાં બાહેર આવી શકયે છીયે. જુસ્સામાંથી શાંતીમાં આવવાનો માર્ગ કાંઇ પારકાંઓ ભણી દુઃખદાયક તોહમતો ફેંકયાથી જડવાનો નથી. બીજાંઓની એકલપેટાઇ દાખી દેવાનો હાંકરો રાખયાજ કરવાથી આપણે જુસ્સામાં જકડાયલા રહીયે છીયે. ધીરજથી આપણી પોતાની એકલપેટા ઇપર જીત મેળવવાથી આપણે સ્વતંત્રતામાં ચઢી શકયે છીયે.

હાંશની પાંખોપર સ્વાર થઇને માનવી ધથામાંથી બેહસ્તમાં ઉડે છે, અજ્ઞાનતામાંથી જ્ઞાનમાં દાખલ થાય છે, નીચાં અંધકારમાંથી ઉંચી રોશનીમાં પ્રવેશ કરે છે. અભીલાશા વીનાનું ઇનશાન જમીન ઉપર ફસડાતું, ફાની, હવસી, બેજ્ઞાની, હોશવીનાનું એક જનાવરજ સદા રહે છે. ઉમેદ—એ ખુદાઇ ચીઝો માટેની એક જાતની આરઝુ છે; પવીત્રાઇ, માયા, સ્વચ્છતા, પ્રીત માટેની ઇચ્છા છે. વ્યાસના—એ એક ખાકી લાગણી છે. દુન્યવી ચીઝો માટે, એકલપેટા કબજા માટે, અંગત મોટાઇ માટે, હલકટ મજાહો માટે, હવસી તૃપ્તી માટેનો તે હાંફરો છે. એક માણસે હોંશ રાખવાની શરૂ કરી તો જાણવું કે તે માણસ પોતાની હલકી સ્થીતીથી અસંતોષ પામીને હવે કાંઇ ચઢીયાતી પંકતીએ જવા આતુર છે. તે એક ચોક્કસ નીશાની છે કે મજકુર આસામી હવે પોતાના જાનવરી અવતારની મંદ ઉંઘમાંથી બીદાર થયો છે, અને હવે તેને પોતાની વધારે માતેબર પંકતી અને વધારે બુલંદ જીંદગીનું કાંઇ ભાન આવ્યું છે.

તા૦ ૯ મી જુન.

ઉંચી ઉમેદનો ઉભરો જ્યારે મનને પહોંચે ત્યારે તેજ ઘડીએ મગજ સ્વચ્છ થાય છે અને તની ગલીચીનો કાદવ નાબુદ થવા માંડે છે, અરે-જ્યાં તુલીક ઉમેદનો અંશ મગજમાં આમેજ હોય છે ત્યાં તુલીક કોઇબી અપવીત્રાઇ તેમાં દાખલ થઇ શકતી નથી, કેમજે વીચારને એકકી વેળા સ્વચ્છ અને અસ્વચ્છ બાબદો પકડી રાખી શકતી નથી. પણ આશા ઉમેદની કોશેશ પ્રથમમાં ટુંક મુદતની અને થોડા અંતરની હોય છે. મન પાછું પોતાની બાસ્યત રૂપી ભુલચુકમાં સપડાયા કરે છે, અને તેને ચાલુ નવેસરથી રાહ ઉપર મુકયા કરવાની જરૂર પડે છે. નેકી માટે તરસાવું, ચોખી જીંદગીની ભુખ રાખવી, ફરેસ્તાઇ હોંશ-ઉમેદની પાંખોપર સ્વાર થઇ મીનોઇ હરખમાં ઉંચી પંકતીએ ચઢવું—ડહાપણનો એજ ખરો માર્ગ છે; શાંતી માટેની એજ સાચ્ચી તજવીજ છે; ખુદાઇ રાહની એજ રાસ્તીભરી શરૂઆત છે.

એક ઇનશાનમાં જયારે આત્મીક જુસ્સાનો પ્રચાર થાય છે ત્યારે માણસો તથા જીણુસો પ્રત્યેની તેના મનની સાધારણ રીતની સ્વારથી વળણ બીલકુલ ઉલટાઇ જાય છે, અને આ ઉલટ ફેરફારને સબબે બીલકુલ નવા અનુભવોનો જુમલો પ્રગટવા પામે છે. આ કારણે ચોક્કસ એક મજાહ માટેની ઇચ્છા તજી દેવામાં આવે છે, તેના જડમુળ માંથી તેને કાપી નાખવામાં આવે છે, અને અંતરબુદ્ધીમાં તેને પછી જગ્યા મળતીજ નથી. પણ તે ઇચ્છા રજુ કરતી મનની ગતી નાબુદ થતી નથી—વીચારના કાંઇક ઉંચા વીસ્તારમાં તેની બદલી થાય છે, અને શકતીના કાંઇક વધારે સ્વચ્છ આકારમાં તે પ્રવેશ કરે છે. શકતી કોઇ કાળેબી નાબુદ થતી નથી—એ કાયદો જેમ જડવાદી ચીજોને લાગુ પડે છે તેમ મનનેબી લાગુ પડે છે, અને હલકી દીશાઓમાં બંધ થયલી ગતી હમેશાં આયંદે આત્મીક ઉંચ પ્રકારના મેદાનોમાં છુટી થવા પામે છે.

તા૦ ૧૧ મી જુન.

ખુદાઇ જીંદગી તરફના અશો ઇના રસ્તા ઉપર જતાં સ્વભોગ દેશની માંહે મીનોઇ બસારતના વીભાગની વચ્ચોવચ ત્યાગનું મેદાન આવેલું છે. જુના જુસ્સાઓ, પુસણી ઇચ્છાઓ, અસલી ઉમેદો અને વીચારો—આ સરવ તે જગાએ ફેંકી દેવામાં આવે છે, છોડી દેવામાં આવે છે. પણ તે સઘળાં વધારે સુંદર, વધારે કાયમના અને સદાકાળ સુધીના વધારે સંતોશકારક આકારમાં પાછાં રજુ થાય છે. જેમ પુશકળ ચોંપથી સંભાળી રખાયલા માનીતાં બેસુલ ઝવેરાતોને આંસુભરી આંખોએ તમે પીગળાવી નાંખી ફરીથી નવાં અને સંપુરણ દાગીનાઓ તરીકે ઉપજાવો છો, તેમ એક આત્મીક કીમીયાગર બી પોતાના લાંબા કાળના વીચારો અને જુની ખાસયતોને શરૂઆતમાં છોડી દેવાની આનાકાની કરે છે; પણ આયંદે થોડા વખત પછી તેઓને તજી દેતાં તેજ કીમીયાગર મોટી ખુશાલી વચ્ચે જુવે છે કે આ અસલી વીચારો તથા પુરાણી ખાસ્યતો નવી શકતીઓ, વધારે કીમતી લાગણીઓ, વધારે સ્વચ્છ ખુશાલીઓના રૂપમાં તેને ફરીથી મળે છે. તેઓ હવે વધારે ચકચકીત, વધારે ખુબસુરત, વધારે તેજસ્વી આત્મીક ઝવેરો તરીકે તેના હવાલામાં આવે છે.

હરેક આબદના ભીત્તરમાં-હરેક ચીઝથી સરવોપરી રીતે-એક સંપુર્ણ અચળ કાયદો પોતાનું કાર્ય કરયો જાય છે, તથા મનુષ્ય માત્રનાં તમામ કામકાજમાં એક સંપુર્ણ અદલ ઇનસાફ અમલમાં મેલાઇ સઘળી બાજુ સમતોલ રાખતો રહે છે, એ બીનાની માહીતગારી થીજ એક નેક માણુસ પોતીકા મુદ્દઇ ઉપર ચાહ રાખી શકે છે અને સર્વ ધીક્કાર, ગુસ્સા અને ફરીયાદને તે સમાવી દઇ શકે છે. કારણ કે તે જાણે છે કે અંતે તેને તેના વાજબી હક મળયા વગર રહેવાનો નથીજ-અને ગમે તેટલોબી પોતે દુશમનોથી ઘેરાયલો હશે છતાં તેના સતાવનારાઓ માત્ર એક અચુક કરણીના ગેબી પ્રયોગમાં એક જાતના આંધળા હથીયારો સીવાય બીજું કશું હોઇ શકતા નથી. આથી તે માણુસ પોતાના મુદ્દઇઓને દોષ દેતો નથી, પણ નચીંતાઇથી પોતાનો હીસાબ ચુકતે કરી લે છે, અને ધીરજથી પોતાનું સઘળું નૈતીક કરજ ભરપાઇ કરી આપે છે, પણ એટલામાં સઘળું આવી રહેતું નથી. તે પોતીકું કરજ માત્ર અદા કેરી દે છે, એટલુંજ નહીં-તે કાંઇબી વધુ નવું કરજ માથે નહીં ચઢડાવવાની સંભાળ રાખે છે. તે ખુબ તકેદારીમાં રહે છે, અને પોતીકાં કારયામાં કાંઇબી ખામી રાખતો નથી.'

કોઇપણ ચીજ બોલાવ્યા વગર આવતી નથી; જ્યાં પડછાયા હોય ત્યાં નક્કર વસ્તુપણ હાજર હોવીજ જોઇયે. એક આદમીને ફાળે કાંઇપણ આવે તો તે તેનાં પોતાના કર્મોનો નતીજો હોવોજ જોઇયે. જેમ ખુશ મીઝાઝી ઉદયોગથી વધુ બોહળા ઉદયોગ અને વધતી જતી આબાદી પ્રાપત થાય છે—જેમ ત્યાગ કરવામાં આવેલી મજુરી યા બેદીલીથી કરવામાં આવેલી મહેનતના પરીણામે ઉતરતા પ્રકારનું કામ અને કમી થતી આબાદી નીપજે છે—તેમ આપણી નજરે પડતી જીંદગીની ચીત્ર વીચીત્ર સ્થીતીઓના બાબમાંપી છે. જીંદગીની જુદી જુદી તરેહવાર હાલતો માત્ર માનવી જાતનાં કરમોનાં પરીણામો છે—હરેક ઇનશાનનાં પોતાનાં વીચારો અને કારયોથી ઉપજતી સરજતો છે. ગંજાવર પ્રકારની જુદી જુદી આસ્યતોના બાબમાંપી તેમજ સમજવું. જે કાંટાના બીયાં તમે રોપશો તે બીયાં પાકશે અને પછી તમે વાવશો. આ વાવણી કાંઇ નજરે દેખાતી આપણી એકલ ડોકલ જીંદગીના સંબંધમાંજ સંકોચાયલી હોતી નથી—તે કાંઇ બેસુમાર જન્મો અને મરણોના દરવાજાઓમાંથી પસાર થઇને, અણહદ ભવીષ્ય સુધી લંબાતી રહે છે; અને તે વાવણીના મીઠાં અને કડવાં ફળો પછી આદમજાત પોતાનાં કરમોને અનુસરતાં ચાખે છે.

માનવી—એ એક વીચારવંત પ્રાણી છે, અને તેની જીંદગી અને ખાસ્યત તે જે વીચારોમાં વસે છે તેને અનુસરીને રૂપ લે છે. ચાલુ પ્રેકટીસથી, આસપાસના સંજોગોથી અને આદત પડવાથી વીચારો વધુ અને વધુ આસાની સાથ અને વધારે ઝડપથી પાછા અને પાછા રજુ થવા માંડે છે—અને પરીણામમાં આપસી મેળે પેદા થતો મન-પ્રયોગ (જેને આપણે "ટેવ" કહીયે છીયે) તે બરપા થઇ અમુક દીશાએ આદમ જાતની ખાસ્યતને મુકરર આકાર આપે છે. સ્વચ્છ વીચારો ઉપરજ રોજીંદું મન રોકવાથી એક વીચારવંત માણસ સ્વચ્છ અને મોતેબર મનશનીની આદત મેળવે છે—અને આવી મનશની પછી મોતેબર કુનશની અને નેક પ્રકારે બજાવેલાં કામો ઉપજાવે છે. ચાલુ, ખાંચા વગર, નીતીવંતા નેક વીચારો અખ્ત્યાર કરવેં આયંદે માનવીને તેવાજ વીચારોનો માહ-વેરા પડી જાય છે; અને તેમ થવે તે એક નેક, સ્વચ્છ ઇનશાન તરીકે પોતાના પવીત્ર કામો તે દુન્યાને પ્રદરશીત કરી શકે છે.

જે બખતાવર રોઝે એક આદમીએ પહેલુ વહેલું એમ જાણ્યું કે ખુદની પોતાની ખાનાખરાબી કરનારો તે પોતેજ છે – તથા ખુદનો પોતાનો પાલણહારબી તે પોતેજ છે–તે હરગેઝ ભુલાય નહીં તેવા મુબારક દિવસ ઉપર આશીષ પંકરાયલો સમજવો. એક ઇનશાનની તમામ વેદનાઓ અને તમામ અજ્ઞાનતાઓનું મુળ કારણ તે ઇનશાનમાં પોતાનામાંજ છે; એક માણુસની સઘળી શાંતી, મનની ઉન્નતી અને પવીત્રાઇનું અસલ સાંધણ તે માણુસના પોતાના અંતરની માંહેજ છે. એકલપેટાં વીચારો, ગલીચ વાસનાઓ, અને સત્યતાથી વેગળાં કામો—એ સર્વે કાંઇ નહીં પણ તમામ ગમીને જન્મ આપનારાં કંગાલ બીયાંઓ છે. બીનસ્વારથી તુરંગો, સ્વચ્છ ઉમેદો, અને સચ્ચાઇના મીઠાં કારયો—આ બીયાંમાંથી સઘળી અષોઇ ઉગવા પામે છે.

જે શખ્સ પોતાની જીભ ઉપર આંકોશ રાખી શકે છે, તે માણસ ઉંચ પ્રકારના બુદ્ધીબળવાળી, એક તકરારમાં ફતેહમંદ ઉતરનાર એક કાબેલ પક્ષકાર કરતાંબી વધારે આલા મોટાઇ ધરાવે છે; જે ઇનશાન પોતાના મનને કાબુમાં રાખી શકે છે, તે સંખ્યાબંધ પ્રજાઓના એક રાજકર્તા કરતાંબી વધારે જોરાવર હોય છે, અને જે માણસ ખુદ પોતાને સંપુર્ણ આંકોશમાં રાખી શકે છે તે દેવતાઓ અને ફરેસ્તાઓ કરતાંબી વધારે આલા દરજજાનો છે. જે ઘડીએ એક આદમી કે જે પોતાના સ્વાર્થનો ગુલામ હોય છે તેને ભાન આવ્યું કે તેની પોતાની મુકતી, તેના પોતાનાજ હાથેથી થઇ શકશે તેજ ઘડીએ આ માનવી પોતીકા ઇનશાનયતની બુલંદ ખુદાઇ ટોંચે ચઢવા માંડશે. જયાં તુલીક એક માણસ આ ચીજ બરાબર સમજતો નથી, અને જયાં તુલીક તે પોતાની અંતરની જીંદગી ધીરજથી સ્વચ્છ બનાવવાનું શરૂ કરતો નથી, ત્યાં તુલીક તે કાયમની શાંતીનો રસ્તો શોધી શકતોજ નથી.

ઉંચ પ્રકારની નીતીમાન બાબદો ઉપર ગંભીર શાંત દરીયાફત કરવા માટે જો તમે ક્રમમાંક્રમ રોજ એક કલાક ફાજલ પાડો તો તે તમને તમારી જીંદગીમાં મોટો મદદકર્તા થઇ પડશે. નીતીમાન વીચારો ને રોજીંદી હૈયાતીમાં કેવી રીતે લાગુ પાડવા તેબી તમારે ગોઠવી રાખવું જોઇયે; તેથીજ તમે એક જાતની શાંતીભરી નરમાશભરી તાકાત પામી શકશો, અને ખરી દુરઅંદેશી તેમજ શુદ્દ વીચારશક્તી ઉપજાવી શકશો. કોઇબી બાબદને ઉતાવળેથી હાર પાડવા માટે આતુર રહેશો નહીં. તમારી પોતાની ફરજ તમારેથી બને તેટલી હદ સુધી બજાવજો,—એક તાલીમ પામેલી બીનસ્વાર્થી જીંદગી જુગવજો,-ઓચીંત ઉભરાઇ આવતા જુસ્સાને દાબી દેયા કરજો,-અને મહાન નીતીજનક તેમજ આત્મીક નીયમોને અનુસરીનેજ તમારાં કાર્યોને વળણ લેવા દેજો; તમારી લાગણીને એ બાબદમાં ફાવવા દેતા ના. ખાત્રીથી માનતા રહેજો કે બરવખતે તમારી મકસદ સંપુરણ રીતે હાર પડવા વીના રહેશેજ નહીં.

દરેક જીગરમાં બે રાજકર્તાઓ વાસો કરતા હોય છે. આ બેમાંથી એક જણુ એક ખોટો દાવાદાર અને જુલમગાર છે, તેનું નામ સ્વાર્થ છે, અને તેના વીચારો તેમજ કામો હવસ, ધીક્કાર, ગુસ્સા અને ઝઘડાને લગતાં છે. બીજો, ખરો હકદાર રાજા છે તેનું નામ સચ્ચાઇ છે--અને તેના વીચારો તેમજ કામો પવીત્રાઇ અને પ્યાર નમ્રતા અને શાંતીને લગતાં છે. રે ભાઇ, રે બહેન—તું કયા હકુમત ચલાવનારને નમન કરે છે? તારાં જીગરમાં તેં કયા પાદશાહને મુકરર કરયો છે? જો તું કહી શકતો હોય કે "હું સચ્ચાઇના શહેનશાહને પુંજુ છું, મારાં અંતરનાં ઉંડાણુમાં હું શાંતીના શાહને માનય રાખુ છું" તો તારા આત્મા માટે તું નચીંત રહેજે. જે શખ્સ પોતાના જીગરની અંદર૦ નેકીના તાજપતીને સમાવીને તેને ભજી શકયો તે માણસ ખરો અમર છે—તેના ઉપર ખરાજ આશીષો ઉતરેલાં હોય છે.

• •

•

અક્કલ કબુલ નહી કરે તેવી શાંતી તે છે કે જેને કોઇપણ અમુક બનાવ યા સંજોગ ડગમગાવી શકતો નથી અથવા દફે કરી શકતો નથી—કેમજે એવી પ્રકારની શાંતી કાંઇ બે તુફાનો વચ્ચે રજુ થતી ટુંક મુદતની ચુપકીદીજ માત્ર નથી, તે જ્ઞાનની મારફતે પેદા થયલી એક જાથુકની શાંતી છે. ઇનશાન જાતને ફાળે આવી શાંતી હોતી નથી–કેમકે તેઓ સમજી શકતા નથી, તેઓને જ્ઞાન હોતું નથી. સમજશકતી તેમજ જ્ઞાનની આદમજાતને કોતાહી હોય છે તેનો સબબ એજ છે કે માનવી પોતાની ખુદની ગફલતીઓ અને અપવીત્રાઇઓથી આંધળો બની બીન-માહીતગાર રહેલો હોય છે. જયાં તુલીક ઇનશાનો પોતાની ભુલો અને અસ્વચ્છ રાહરીતીઓ ત્યાગ કરી દેવાને આનાકાની કરતો રહે છે ત્યાં તુલીક તેઓને તે **મહાન નીયમ**–કે જેમાં અંગતપણાનો સહેજપણ અંશ છેજ નહી–તેનાથી સદંતર અણજાણુજ રહેવા વગર છુટકોજ નથી.

આપણી મુઝવણો અને જંજાળો શું આપણાં પોતાનાં અજ્ઞાનપણાં અને કુકરમોનાંજ સમુળગાં પરીણામો છે કે તે થોડે યા આખ્ખે દરજજે પારકાંઓથી અને પારકા સંજોગોથી બરપા થયલાં હોય છે? આપણી પીડાકારીઓ સદંતર વાજબી રીતેજ આપણને ફાળે મળેલી હોય છે; અને તે આપણી પોતાની બેખબરી, આપણી ચુક અને આપણી બદકરણીનાંજ ફળ હોય છે. "તમો તમારા પોતાનાજ દોશે દુઃખ સહન કરો છો—કોઇબી બીજું તે તમારી પર જબરીથી નાખતું નથી." જો એમ થતું નહીં હોય—જો એક ઇનશાન પોતે બુરૂં કરમ કરીને તેનાં સેવટમાંથી છટકી શકતો હોય—જો તે બુરાં કરમનો નતીજો એક નીરદોશ બીજા માણસને માથે નંખાતો હોય—તો કાયદાયા ઇનસાફ જેવું કાંઇ રહેજ નહીં, અને આ શરૂષ્ટી એક પળવારબા પછી નીભી શકેજ નહીં. બધો પછી ઘમઘોર ગુંચવાડો થઇ પડે. સપાટી ઉપર એવું દીસે છે કે જાણે માનવી પારકાંઓનાં પાપેજ દુઃખ સહન કરે છે, પણ તે માત્ર એક ખોટો દેખાવજ છે. આ ખોટો દેખાવ ઉંચા જ્ઞાનની પ્રાપ્તી સાથ દફે થઇ જાય છે.

માનવી સંકટ સેહવે છે, કેમ જે તે સ્વાર્થને ચાહે છે—નેકીને ચાહતો નથી; અને સ્વાર્થ ઉપર પ્રીત રાખતાં તેઓ પોતાના માત્ર ખ્યાલી ખખારાઓ ઉપર પ્રીત રાખતાં શીખે છે અને એજ ખખારાઓથી તેઓ સીકડાયલા રહે છે. સરવેથી બુલંદ મોતેબર છુટાપણું એકજ છે—અને તે છુટાપણું એક માણસ જોડેથી તેના પોતાના સીવાય બીજું કોઇબી પુંચવી લઇ શકતું નથી. આ છુટાપણું શું છે? તે પવીત્રાઇને ચાહીને તે પ્રમાણે અમલ કરવાનું છુટાપણું છે. તેમાં બીજી બધી જાતનાં છુટા:-પણાં સમાઇ જાય છે. તે જેટલું એક રાજાને હસ્તક છે તેટલુંજ એક સાંકળમાં જકડાયલા અને ચાબુકનો માર ખાતા ગુલામના હવાલામાંબી છે. જે ઇનશાને આ છુટાપણું ગ્રહણ કરયું તે પોતાની આસપાસની તમામ સાંકળ દુર ફેંકી દઇ શકશે. એનાજ પ્રતાપે એક ગુલામ પોતાના જુલમગાર સતાવનારની રૂબરૂમાંથી ચાલી જવાને સામર્થવાન બને છે, અને તેને તેમ કરતાં અટકાવવાની કોઇ-નીબી તાકાત નથી. એનાજ પ્રતાપે એક રાજા પોલીકી એશઆ-રામ અને મોજમજાહથી બગડી જતો બચે છે, અને ખરેખાતજ એક રાજા બની શકે છે.

૨૫.નો શખ્સ પુરતી રીતે ખબરદાર હોય છે. તેને માટે ચીંતા, દેહસ્ત, નીરાશી, અને બેકરારી બંધ પડી ગયલી છે. ગમે તેવાંબી સંજોગો વચ્ચે અથવા હાલત વચ્ચે તેને મેલો, પણ તેની શાંતી હરગેઝ તુટવાની નથી. તે દરેક ચીજને કુશળતાથી તથા ડહાપણથી વાળીને સંજોગોને અનુસરતી બનાવી શકશે. કોઇ પણ બાબદમાં તેને ગમગીની ઉપજવાની નથી. જયારે તેના મીત્રો પોતાનું ખાકી શરીર છોડી જાય છે, ત્યારે તે જાણે છે કે તેઓ હજી હસ્તીમાંજ છે—અને તેઓએ જે બાહેરનું કોટલું ફેંકી દીધું તે માટે તે વીલાપ કરતો નથી. કોઇબી જણ તેને નુકસાન પહોંચાડી શકતો નથી—કેમજે તે શખ્સે એક એવી ચીજ સાથે પોતાને ભેળાઇ ગયલો પુરવાર કીધો છે કે જે ચીજના સંબંધમાં ફેરફાર જેવું કાંઇ છેજ નહી. એટલા માટે, જે માહીતગારીથી શાંતી પ્રાપ્ત થાય છે તે માહીતગારી મીનોઇ, મહાન, હરગેઝ નહી બદલાતા નીયમોને લગતી છે. આ માહીતગારી માત્ર સ્વચ્છ નેકી અને પવીત્રાઇના પાછળ ખંત સાથ મંડવાથી આવી શકે છે—અને તે નેકી અને પવીત્રાઇ અખત્યાર કરીનેજ માનવી અમર જીંદગીવાળો, હરગેઝ નહી બદલાતો, હરગેઝ નાશ નહી પામતો હોઇ શકે છે.

માનવીનું ખાકી માંસ ખુશામદ કરે છે, તેનો આત્મા ઠપકો આપે છે.

માંસ આંધળી રીતે ઇચ્છાઓ તૃપ્ત કરે છે—આત્મા ડહાપણભરી રીતે ઇચ્છાઓને તરખીયત આપે છે.

માંસને ખાનગી રહેવા ગમે છે—આત્મા સદા ઉઘાડો અને ખોલ્લોજ હોય છે.

માંસ એક મીત્રથીબી થયલાં નુકસાનને યાદ રાખી મુકે છે—આત્મા એક કટ્ટામાં કટ્ટા દુશ્મનેબી માફ કરે છે.

માંસ પોપટવાળું અને અસભ્ય છે—આત્મા મુંગો અને લાયકીવાળો છે.

માંસ જુદા જુદા મીઝાજોને આધીન છે—આત્મા હંમેશનોજ ઠંડો છે.

માંસ માનવીને અધીરાઇ અને ગુસ્સા માટે ઉશ્કેરે છે—આત્મા માનવીને સબુરી તેમજ ટેક સાથે અંકોશમાં રાખે છે.

માંસ વગર વીચારનું છે—આત્મા વીચારવંત છે.

કોઇપણ બાબતની સચ્ચાઇ પહેલે નજરે પડે છે—અને પછી તેની સમજ પડે છે. સચ્ચાઇને એક તડાકે જોઇ લેવાનો પ્રયોગ પળવારમાં પસાર થઇ જાય છે—સચ્ચાઇને બરાબર સમજીને ધ્યાનમાં ઉતારવા માટે હંમેશાં એક રફતે રફતેની ખીળવણીની જરૂર પડેછે. પ્રેમ રાખતાં આવડવા માટે પ્રથમ તમને તે પ્રેમ કેમ રાખવો તે શીખવું જોઇયે—અને તેમ કરતાં તમોએ તમો પોતાને એક બાળક તરીકે શીખવું જોઇયે, પણ તે શીક્ષણમાં આગળ વધવા સારૂં તમારા પોતાના અંતરમાં જે ખુદાઇ અંશ છે તે હળવે હળવે ખીલવા માંડશે. પ્રેમને એક ખુદાઇ નીયમ તરીકેજ લેખી તેની ઉપર ચાલુ દરીયાફ્ત કરયા કરવાથીજ તથા તમારાં કામો અને તમારા શબ્દો તેને અનુસરતા રોજ બરોજ ગોઠવ્યા કરવાથીજ માત્ર તમો પ્રેમ રાખતાં શીખશો. તમારી પોતાની ઉપર બારીક ચોંપ રાખી મેલજો—અને જયારેબી તમો કાંઇ એવું વીચારો, બોલો યા કરો કે જે બીલકુલ બીનએકલપેટ્રા અને સ્વચ્છ પ્રેમનું પરીણામ નહી હોય, ત્યારે ઠરાવ કરજો કે ભવીષ્યમાં તમે તે દીશાએ વધારે ચોંપ તમારી પોતાનીપર મેલી રાખશો. આમ કરવાથી તમે દીન ઉગત વધારે સ્વચ્છ, વધારે નાઝુક, વધારે પવીત્ર થતા જશો—અને તમને જલદીથી માલમ પડશે કે પ્રેમ રાખવો બહુ સેહેલો છે; ત્યારેજ તમને તમારા પોતાની અંદરના ખુદાઇ અંશનો ભાસ મળશે.

તમારી પોતાની ખોડખાપણો શું છે તેથી માહીતગાર થવામાં લાભજ છે, કેમકે તમારી ખામીઓ તમને માલુમ પડતાંજ-તથા તે ખામીઓને અંકોશમાં લાવવાની જરૂરીઆત પીછાણતાંજ તમે એ ખોડખાંપણોના નીચાણ પરથી ફરજ અને ખીનસ્વારથી પ્યારની સ્વચ્છ હવાનાં ઉંચાણપર ચઢી શકશો. ભવીષ્ય માટે તમોએ સીહા કલ્પનાઓ કરવી જોઈતી નથી. જો ભવીષ્ય માટે વીચાર કરવા ચાહતાજ હોવ તો તો એક ઝળકતાં ભવીષ્યનોજ વીચાર કરજો. સરવથી વધુ અગત્યનું તો એ છે કે રોજ તમે તમારી ફરજ બજાવતા રહેજો —એકલપેટાઈથી નીરાળા રહી ખુશ મીજાજે બજાવતા રહેજો—અને પછી દરેક નવો ઉગતો દીન પોતાની સાથે નવી ખુશાલી અને નવી શાંતી લેતો આવશે. ભવીષ્ય ત્યારબાદ તમારે માટે ભરપુર સુખ રજુ કરશે. તમારી ભુલચુકો સુધારવાનો સઉથી સરસ મારગ એજ છે કે તમે તમારી ફરજો બસ કાંઈપણ ફાયદાનો વીચાર કરવા વગર બજાવો, અને પારકાંઓને સુખી કરવા માટે તમે તમારાથી બનતું કરો. સરવ સાથ માયાથી બોલો—જયારેબી અને ત્યારે માયાથી વરતો—અને જયારે બીજાંઓ તમારી સાથ ગેરસલુકાઈથી વરતે યા કઢંગી રીતે વાત કરે ત્યારે તમે તેનું વળતું વેર લેવાથી બાઝ આવો.

તા૦ ૨૯ મી જુન.

એક નેક પુરૂષને કશુંએ છુપાવવાનું હોતુંજ નથી—તે કોઇએ કામો એવાં કરતોજ નથી કે જે માટે તેને ચોરી છુપી કરવી પડે—તે કોઇએ એવા વીચારો યા ખાહેશો ધરાવતોજ નથી કે જે પારકાંઓથી ખાનગી રાખવા તે આતુર રહે, એટલા માટેજ તે આસામી બેફીકરો હોય છે અને શરમાવાની તેને જરૂર પડતીજ નથી. તેનાં કદમોએ આસ્તવાર હોય છે, તેનું શરીર તટણખાર હોય છે, તેની ભાશા સીદ્ધી અને સરળ હોય છે. તે દરેક કોઇના ચેહરા ગમ ટગર ટગર ખુલાસાથી જોઇ શકે છે. જે માણસ કોઇનેજ નુકસાન પુગાડતો નહી હોય તે કોઇનાથાએ ડરેજ શા માટે? જે શખ્સ કોઇનેએ ઠગતો નહી હોય તે કોઇનાથીએ ઠગવાયજ શું કારણ? અને તે ખુદ પોતે કાંઇ બુરૂં કામ કરતો નથી, એટલે તેને પોતાને કોઇ બીજું બુરૂં કરીજ કેવી રીતે શકે? તે ઠગાઇ કદી કરતોજ નથી, એટલે બાહેરનું કોઇએ તેને ઠગીજ કેમ શકે? બુરાઇ કદી પણ ભલાઇને માહત કરી શકે એ તો કોઇ કાળેએ બની શકેજ નહી. તેથીજ એક નેક આદમી કોઇ બુરા માણસથી નીચો પડી શકે એએ હરગેઝ બનવા જોગ નથી.

એક જાતનો ગુસ્સાનો ઉભરો એવો આવે છે કે જેને આપણે "નેકીભર્યા" ગુસ્સા તરીકે પીછાણુયે છીયે. તે ગુસ્સો વાજબી અને બરહક દીસે છે તો ખરો પણ રીતીનીતીના કાંઇક વધારે ઉંચા ખ્યાલથી જો આપણે જોઇશું તો માલમ પડશે કે તે ખરેખર નેક અને વાજબી **નથી.** કાંઇબી ખોટાં કામ યા ગેરઇનસાફ માટે ગુસ્સો દેખાડવો એમાં ચોક્કસ દરજાની અમીરીનો અંશ હોય છે—અને બચીત બીલકુલ બેદરકારી દેખાડવા કરતાં વધારે ઉંચ તથા ઉત્તમ પ્રકારની ખાસ્યત પ્રદરશીત કરે છે; પણ એમ કરતાંબી વધારે ચઢીયાતું ઉતમપણું મોજુદ છે—કે જેની રૂહે ઇનશાન જોઇ શકે છે કે કોઇબી વખતે ગુસ્સાની અગત્ય રહેતીજ નથી; જયાં ગુસ્સાની જગ્યા પ્યાર અને નરમાશ લે છે ત્યાં બુરાઇ ને ઘણી વધારે અસરકારક રીતે માહત કરી શકાય છે. જે માણસને ખરેખરજ દેખઇતું નુકસાન પહોંચાડવામાં આવ્યું હોય તે માણસને માટે આપણી દયાની જરૂર પડે છે પણ જે માણસે આ નુકશાન પહોંચાડયું તે માણસ તો આપણી રહેમદીલીને વધારે પાત્ર છે, કેમ જે તે બીચારો અજ્ઞાનપણે પોતાને ખાતે આફતનો એક જબરદસ્ત જથ્થો જમે કરે છે. જે બુરાઇ તેણે રોપી છે તેના ફળની તેને વાવણી કરવીજ પડશે.

તા૦ ૧ લી જુલાઈ.

"ભલાઇ" શબ્દની અંદર એક જાતની નાતંદુરસ્ત નાજુક લાગણી સમાઇ જતી નથી—પણ અંતરનો સદ્‌ગુણ સમાયલો હોય છે. આ સદ્‌ગુણનું સીધું પરીણામ શક્તી અને સત્તા પામવામાં નીપજે છે. આ સબબને લીધે ભલો માણસ નબળો હોઇ શકતોજ નથી—એક નબળો માણસ ભલો થઇ શકતોજ નથી. પારકાઓના આત્મા માટે આપણે વખોડી કાહડવાના હેતુથીજ અભીપ્રાય બાંધવો સજાવાર નથી; પણ આપણે આપણી પોતાની જીંદગી અને રાહરીતીનું તોલ પરીણામો ઉપરથી કરવાને શક્તીવાન છીયે. આના કરતાં કોઇબી ચીઝ વધારે ચોક્કસ છેજ નહીં કે એક બુરૂં કામ કરનાર સખશ ઝડપમાં પુરવાર કરી આપે છે કે તેની બુરાઇથી કંગાલ્યત બરપા થાય છે: એક પાકીજેહ સખશ દેખાડી આપે છે કે તેની ભલાઇનું સેવટ સુખમાં આવે છે. ખરી વાત છે કે એક માણસ પહરેજગાર નહીં હોવા છતાં એક લીલાં મોટાં ઝાડની માફક ખુબ ખીલી રહી શકે છે—પણ આપણને એટલુંબી વળી યાદ રાખવાનું છે કે મોટું ઝાડ અંતે મરણ પામે છે અથવા તેને કાપી નાખવામાં આવે છે; અને એક દુરગુણી માણસનીબી તેજ સરજત હોય છે.

મનુષ્ય જાતના શીક્ષાગુરૂઓ થોડાજ હોય છે. એક ગુરૂ પેદા થાય તે આગમજ કદાપી હજાર વરસો વીતી જાય છે. પણ જયારે એક ખરો શીક્ષક રજુ થવાજ પામે છે ત્યારે તે ખસુસ કરીને તેની પોતાની બુલંદ જીંદગીથી ઓળખાઇ આવે છે. બીજાં માણસોથી તેની રાહરીતી તદન જુદાજ પ્રકારની હોય છે; અને તેનું શીક્ષણ કોઇબી બીજાં આસામી સોડેથી યા પુસ્તકમાંથી ઉપજાવેલું હોતું નથી, પણ તેની પોતાની ઉંચ પ્રકારની જીંદગીમાંથી ઉપજાવેલું હોય છે. એક ગુરૂ પ્રથમ પોતે મોતેબર પંકતીપર જીવે છે અને ત્યારબાદ બીજાંઓને તેવીજ રીતે કેમ જીવવું તે શીખવે છે. તેનાં શીક્ષણનો પુરાવો અને સાક્ષી તેની પોતાની અંદરજ છે-યાને તેની પોતાની ઉંચી. જીંદગી છે. લાખો વાયજી કરનારાઓમાંથી માનવી જાત આયંદે ફક્ત એકજ જણાને પોતાના સાચા ગુરૂ તરીકે સ્વીકારે છે—અને એવા ખરો સ્વીકારાયલો તેમજ પુંજાયલો શીક્ષક તે તેજ હોય છે કે જે પોતે ઉંચી જીંદગી જુગવી ચુકેલો હોય છે.

દરેક માણસ પોતે જે વીચારો કરે છે, અને કામો બજાવે છે તેને માટે તેમજ પોતાના મનની હાલત માટે અને પોતે જે જીંદગી જુગવે છે તે માટે જોખમદાર છે. કોઇબી શકતી, કોઇબી બનાવ, કોઇબી સંજોગો એક આદમીને ખુરાઇ તેમજ અસુખ ભણી ફરજ્યાત હડસેલી શકેજ નહીં. તે જો ત્યાં ફરજ્યાત હડસેલાતોજ હોય તો તેવી ફરજ પાડનાર તે માનવી ખુદ પોતેજ છે. તે ખુદની પોતાની આપ-ઇચ્છાથીજ અમુક વીચારો કરે છે, અમુક કામો બજાવે છે. કોઇબી સાધન-ગમે તેવુંબી ડાહપણભરયું અને બળવાન સાધન—ખુદ પરમાત્મા વટીક—તેને ભલો અને સુખી બનાવી શકતું નથી. ઇનશાને પોતેજ પોતાની ભલાઇ પસંદ કરીને સુખને શોધવાનું છે. આવી જાતની ફતેહની જીંદગી કાંઇ તે સખ્શો માટે નથી કે જેઓ ઉતરતી પ્રકારની સ્ત્રીથીઓથી સંતોષ પામે છે. એ ફતેહમંદ જીંદગી તો તેનેજ મળે છે કે જે તેનો પ્યાસો રહે છે અને જે તેવી જીંદગી જુગવવા તૈયાર રહે છે. એક કંજુસ જેમ સોના માટે તલબ કરે છે તેમ આવી ફતેહકારક જીંદગી માટે તલબ કરનારનેજ ફાળે તે આવે છે. તે હંમેશાં તુર્ત જડી આવે એવી જીંદગી છે—સહુ કોઇની આગળ તે ધરવામાં આવે છે—અને જેઓ તેને સ્વીકારીને પકડી પાડે છે તેઓ ઉપર ખરાજ આશીષ ઉતરે છે. તેઓ સચ્ચાઇની દુન્યામાં દાખલ થાય છે અને સંપુર્ણ શાંતી પામે છે.

ઇનસાનની જીંદગી ખરેખરીજ છે; તેના વીચારો ખરેજ હસ્તી ધરાવે છે; તેનાં કામો ખરેખરાંજ હેયાતી ભોગવે છે. સૃષ્ટીમાં જે ચીઝો ખરેખાત મોજુદ હોય છે તે બાબે તેહકીક કરવામાં રોકાવું એ ડહાપણનો માર્ગ છે. આદમીને ઉપર દરશાવેલી બીનાઓથી જો આપણે જોઇયે—જો તેને મન અને વીચારોથી અલગ કરીને તપાસ્યે—તો તે એક ઢંગધડા વગરનું પ્રાણી દેખાશે; તે એ સંજોગોમાં એક ખરેખરી હસ્તી ધરાવતું પ્રાણી દેખાશે નહી. જે ચીઝો ખરી રીતે હેયાતીમાં હોયજ નહી તે બાબે અભ્યાસમાં ગુંટાવું એ મુરખાઇનો રસ્તો છે. માનવી તેના મનથી વીખુટો પડી શકતોજ નથી. તેની જીંદગી તેના વીચારોથી અલગ હોઇ શકતીજ નથી. મન, વીચાર અને જીંદગી રોશની, પ્રકાશ અને રંગની પેઠેજ એકમેકથી કદીબી છુટાં પડી શક્તાંજ નથી. ખરેખર રોજ બનતા બનાવો તમારે માટે પુરતા છે—તેના સંબંધમાં સઘળું જ્ઞાન મેળવવા માટે એ બનાવોના બાતેનમાંજ મુદ્દાઓ હાજર હોય છે.

તા૦ ૬ ઠી જુલાઈ.

અંતઃકરણની સ્વચ્છતા, ભલા વીચારો કરવાનો પ્રયોગ અને રૂડાં કામો કરવાની આદત—એ એક વધારે બુલંદ, વધારે મોતેબર પ્રકારે વીચાર કરવાના આગ્રહો સીવાય બીજું શું છે? વધારે ઉંચી શકતી, વધુ નેકીભરયાં કામો, વધુ ઉતમ આશીષના વીસ્તારોમાં ધનશાનોને ઉંચકી આપવા માટે તેમને કઉવત દેનારાં આ તાકાતરૂપી સાધનો છે! વધુ બુલંદ જાતના વીચારો, વધુ ખોળા પ્રકારની શાંતી, અને વધુ મોટાં પ્રમાણનું જ્ઞાન સંપાદન કરવા માટે દરેક સૈકામાં માનવી જાતે જે ઉપાયો કામે લગાડયા છે તેમાં ઉંચી ઉમેદ, ઉંડા દરીયાફ્ત અને ઉદયોગી ઉજજમ મુખ્ય છે; કેમ જે "જેવી પ્રકારના તુરંગોને એક સખ્શ પોતાના જીગરમાં વાસો કરવા દેશે તેવા પ્રકારનો તે પોતે થશે." પોતાના અંતરમાં વીચાર કરવાની નવીજ , જાતની ખાસ્યત બરપા કરવાથી ને આદમી ખુદ પોતાથી પોતાને બચાવી શકશે—ખુદની પોતાની ગુમરાહી અને સંકટોથી પોતાનું રક્ષણ કરી શકશે. તે માટે આદમીએ પોતે એક નવોજ વીચાર કરનાર, એક નવોજ માણુસ બનવું જોઇયે.

લોકોનો ટોળો સામાન્ય રીતે પોતાની આત્મીક ખાસ્યતોના સંબંધમાં અજ્ઞાન હોવાને સબબે પોતીકા વીચારોનો ગુલામ જેવો હોય છે—પણ એક વીદવાન પુરૂષ પોતાના તુરંગોનો સરદાર જેવોજ રહે છે. સાધારણ લોકો આંખ વીચીને બસ જ્યાં દોરવામાં આવે ત્યાં દોરવાય છે—એક ઓલમા તો ભજું વાપરીને પોતાની પસંદગી કરે છે. પેલાઓ બસ પળવારના મનના ઉભરાને આધીન બની જાય છે--અને માત્ર પોતીકી તુરત વેળાની મજાહ અને સુખનોજ વીચાર કરે છે. એક કાએલ નર પોતાના ઉભરાઓને આંકોશમાં રાખે છે અને સમાવી શકે છે; જે ચાલો કાયમની સાચ્ચી અને શુદ્ધ હોય છે તેની ઉપરજ તે પોતાનો મુદ્દો બાંધે છે. લોકો આંધળા મન-ઉભરાને તાબે થઇ નીતીના કાયદાનો ભંગ કરે છે-જ્યારે પેલો અભ્યાસી નર ઉભરાને જેર કરી નીતીના કાનુનોને તાબે થાય છે. વીદવાન પુરૂષ જીંદગીની "લીલી સુકકી"ની સામે તડોને ખડો ઉભો રહી શકે છે. વીચારની ખાસ્યત તેને ખબર છે. તે પોતાના જીવતરના નીરમાણુ થયલા કાનુનો સમજી શકે છે તથા તેને તાબે થાય છે.

આપણે આપણી ભલાઈના પરીણામે આશીષનાં મીઠાં ફળ ચાખ્યે છીયે-તો પછી જો આપણે આપણી બુરાઈના પરીણામે કાંઈ શીક્ષાઓ સહન કરયે તો તેમાં કુદરતની ગેરમેહરબાની લેખાઈ શકાશે નહીં. જો આપણે આપણી અજ્ઞાનતા અને ગુનેહગારીના પરીણામોમાંથી છટકી શકતા હોઈયે તો તમામ સલામતી નાબુદ થઈ જાય, અને રક્ષણ જેવું કાંઈ રહેજ નહીં; કેમ જે ત્યારે તો આપણાં ડહાપણ અને આપણી નેકીના પરીણામોબી આપણી કનેથી એવીજ રીતે ખુંચવી લેવાય. આવી કાંઈ યોજના તો ઘાતકીપણા તથા વાહીયાત ફાંટાને અનુસરવીજ થઈ પડે— જયારે કાયદો તો ઈનસાફ અને દયા ઉપર રચાયલો છે. મીનોઈનો અચળ કાયદો ખરેજ અમર પ્રકારની દયાના નીયમ ઉપર બંધાયલો છે-તે પોતાની ગતીમાં અચુક છે- અને તેના અમલમાં તે અણહદ છે. તેજ તે "અમર ખુદાઈ પ્યાર છે, જે સદા ભરપુર હોય છે અને સદા વહેતોજ રહે છે."

તા૦ ૯ મી જુલાઇ.

સૃષ્ટીના નૈતીક કાયદા વીશે એશા.
રો કરતાં ગૌતમ બુધ હમેશ તેને
"ભલા કાયદા"ની ઉપમા આપતો
હતો, અને ખચીત જો કોઇબી
તે કાયદાને ભલા નહી વીચારે તો
તેમાં મોટી ભુલ કહેવાશે; કેમજે
તેમાં બુરાઇનો એક કતરોબી હોઇ
શકેજ નહી—તેમાં ગેરમેહરબાનનું
જરાબી તત્વ સમાઇ શકેજ
નહી. આ કાયદો કાંઇ નબળ.ને
કચડી નાંખતો, અને અજ્ઞાનનો
નાશ કરતો એક લાખ્ખંડી હૈયાંનો
રાક્ષસ નથી; પણ સૌથી નાઝુક
જીવોને ઇજામાંથી રક્ષણ કરનારો,
તેમજ સૌથી જોરાવર જીવોને
પોતાના કૌવતનો અતી ઘણો
પાયમાલીભરયો ઉપ્યોગ કરતાં ઉગારી
લેનારો, આ કાયદો એક દીલાસારૂપી
પ્યાર અને એક નસીહતરૂપી
માયાસમાન છે. તે તમામ બદીને
નાબુંદ કરે છે—તમામ નેકીને
સાચવી રાખે છે. ઝીણામાં ઝીણા
એક નાનાં બીયાંને તે પોતાની પા
સબાનીમાં લપેટી લે છે, અને તે
એક ગંજાવર મોટાં કુકર્મને માત્ર
એક ફુંકમાંજ ઉખેડી નાંખે છે.
તે કાયદાને જોવો—એ એક બેહેશ્તરૂપી
દેખાવ છે, તે કાયદાને સમજવો
—એ એક બેહશ્તરૂપી આશીષ
છે. જેઓ તેને જુવે છે અને
સમજે છે ઓ શાંતીમાં છે—
હમેશગીની ખુશાલીમાં છે.

આકારની ફેરબદલી યાને પ્રકાર ભેદના પ્રયોગમાં એક વખત એવો આવે છે કે જયારે—બુરાઇના ઘટાડા તથા ભલાઇના વધારા સાથ—મગજમાં એક નવોજ ખ્યાલી દેખાવ પ્રગટે છે, એક નવું સાવધપણું બરપા થાય છે, નવુંજ ઇનશાન રજુ થાય છે. જયારે આ તબકકે પહોંચાય છે ત્યારે, એક સાધુ એક મહાત્મા બને છે. તે માણુસાઇ જીંદગીમાંથી ખુદાઇ જીંદગીમાં પ્રવેશ કરી ચુકેલો હોય છે. તેનો પુર્નજન્મ થાય છે—અને તેને માટે નવાજ અનુભવોની હારમાળા શરૂ થાય છે. તે નવી હકુમત ભોગવે છે, નવીજ જગત તેની આત્મીક ચશ્મો સામે ખુલ્લી થાય છે. શ્રેષ્ટતાનો એજ તબકકો છે—એને હું શ્રેષ્ટ જીંદગી કહું છું. જયારે આવી સરસાઇ એકવાર સંપાદન થાય છે ત્યારે, આપણું બાકી સંકોચાયલું પોતાપણું દફે થઇ જાય છે, અને ઇશ્વરી જીંદગી સમજી શકાય છે; ત્યારે બુરાઇ ઉપર સરસાઇ પામી શકાય છે—અને ભલાઇ સીવાય બીજું કશું હસ્તીમાં હોતુંજ નથી.

તા૦ ૧૯ મો જુલાઇ.

સરવોપરી જીંદગી કાંઇ જુસ્સાઓથી જુગવી શકાતી નથી–પણ નીયમો ઉપર તેનો મદાર હોય છે. ક્ષણભંગુર ઉભરાઓની ઉપર તેનો પાયો રચાયલો નથી, જાથુકના કાયદાઓ ઉપર તેનો અમલો બંધાયલો હોય છે. તેની નીરમળ સાફ વાતાવરણમાં હરેક ચીઝની સીલસીલ્લાબંધ પદવી પ્રગટ દીસી આવે છે—જેથી ત્યાં ગમી, ચીંતા, દલગીરી માટે જગ્યાજ હોઇ શકતી નથી. જયારે માનવીઓ પોતાના આપસ્વારથી જુસ્સાઓમાં ગીરફતાર હોય છે ત્યારે તેઓ પોતાના ખભાંઓ ઉપર જંજાળોના ગાંસડા લાધે છે—અને અનેક બાબદોના સંબંધમાં પીડામાં પડે છે. સઉથી વધુ તો તેઓ પોતાની ખુદની નજીવી, કચડાઇ જતી, હેબતાઇ ગયલી સ્વજનતા માટે અંદેશામાં પડે છે; પોતાની ટુંક મુદતની જાતી અંગત મોજમજાહ રખેને જતી રહે તેનો તેઓને ધસ્કો પડે છે; પોતાના અંગતપણાને જાળવી રાખવા, તેને સલામત રાખવા, તેને કાયમનું સાચવી રાખીને ચાલુજ રાખવા તેઓને ભારે કાળજી રહે છે. હવે જે જીંદગી ખરેખરીજ શયાની અને રૂડી છે તેમાં તો આ બધી ચીઝો વહી ગયલી હોય છે. અંગત સ્વારથોને બદલે ત્યાં સારવજનીક મકસદો જગ્યા લેછે; સ્વારથી મજાહો અને સ્વારથી સરજત બાપેની તમામ જંજાળો, મુસીબતો, તથા ચીંતાઓ એક રાત્રીના જોરાવર સ્વપનાઓની મીસાલ દફે થઇ ગયલાં હોય છે.

જો જગત માંહે બુરાઇ એક જાતની સ્વતંત્ર શક્તી હતે તો તેની ઉપર કોઇબી આસામી કદીબી સરસાઇ ભોગવી શકતેજ નહીં. પણ જોકે તે શક્તી ભોગવતી કોઇ ખરેખરી ચીઝ છેજ નહીં—છતાં એક સ્થીતી તરીકે, એક અનુભવ તરીકે તે (બુરાઇ) બચીતજ હસ્તી ભોગવે છે. દરેક અનુભવ પોતાની બાસ્યતમાં કાંઇ ખરેખરી હસ્તી ધરાવતી બાબદ રજુ કરે છે. બુરાઇ એ અજ્ઞાનતા—અપુર્ણે રીતે થયલી ખીલવણીની સ્થીતી છે અને એ પ્રકારે જેમ એક બાળકના મગઝનું અજ્ઞાનપણું ધીમે ધીમે જમાત્ર થતા અભ્યાસથી દફે થાય છે અથવા જેમ હળવે હળવે ઉગતી રોશની આગળ રાતનો અંધકાર પીગળી જાય છે તેમ બુરાઇબી જ્ઞાનની રોશની આગળ પાછળ હઠતી જઇને બેમાલુમ થઇ જાય છે. જેમ જેમ ભલાઇના નવા અનુભવો આપણાં અંતરજ્ઞાનમાં આમેજ થઇને ત્યાં વાસો કરે છે તેમ તેમ બુરાઇના દુઃખભર્યાં અનુભવો નાબુદ થતા જાય છે.

પોતાના સ્વાર્થી જીંદગી—કે જેની ઉપર પોતે સરસાઈ મેળવી છે—તેની ઉપર પાછી નજર નાખતાં એક ઇશ્વરી જ્ઞાન સંપાદન કરી ચુકેલા માનવી જુવે છે કે તે આગલી જીંદગીનાં સરવ દુઃખ દરદો તેનાં નીશાળ-શીક્ષકો હતાં, અને તેઓએ જે તેને પોતાને કેળવણી આપવા સાથ ઉંચી પંક્તીએ લઇ આવ્યાં હતાં. જેટલા પ્રમાણમાં આ દુઃખ દરદોની મતલબના બાતેનમાં તે માનવી પોતે ઉતરી શકયો—જેટલા પ્રમાણમાં તે માનવી પોતે આ દુઃખ દરદોની ઉપર સરસાઇ મેળવી શકયો—તેટલા પ્રમાણમાં એ દુઃખ દરદો તેનાથી આઘાં જતાં ગયાં. તેને શીખવવાનું તેઓનું કામ પુરૂં થયું કે તેઓ (દુઃખ દરદો) તે માનવીને ફતેહમંદ રીતે રણસંગ્રામમાં એકલા ધણી તરીકે મેળીને ચાલ્યાં ગયાં. કેમજે જેઓ નીચલી સપાટી ઉપર હોય તેઓ ઉપલી પંક્તીપરનાંઓને શીખવી શકેજ નહી. અજ્ઞાનતા હરગેઝ જ્યાનપતને કેળવણી આપી શકેજ નહી. બુરાઇ કદીબી ભલાઇ ઉપર વધુ અજવાળું પાડી શકેજ નહી. એક શીષ્ય પોતાના ગુરૂને પાઠો ભણાવી શકેજ નહી. જે ચીજે અત્યાર આગમજની સરસાઇ મેળવી છે તેનેથી ઉપર સરસાઇ મેળવવા વગરની ચીઝ પોંહચી શકેજ નહી. બુરાઇ માત્ર પોતાનાજ વીસ્તારમાં શીક્ષણ આપી શકે—કે જે વીસ્તારમાં તેની બળજોરી ચાલતી હોય: ભલાઇના વીસ્તારમાં બુરાઇ માટે જગ્યાજ નથી—ત્યાં તેની સત્તા ચાલતીજ નથી.

તા૦ ૧૫ મી જુલાઈ.

આપણી પોતાની ઉપર જ્યાં તુલીક આપણુ સંપુર્ણ કાબુ મેળવ્ય નહી ત્યાં સુધી સંપુર્ણ શક્તી ઉપજાવી શકાતી નથી. અંગત સ્વાર્થ ઉપર જીત કેમ મેળવવી તે માનવી સમજી શકતો નથી—તે થીજ જીતની નજદીક પ્હોંચી શકતોજ નથી—સીવાય કે બાહેરની બાબતો સામે ઝનુની લડાઈ ચલાવ્યા કરવાથી પરહેજ રહેવાની મહાન અગત્યતા તે જુએ છે. જ્યાં તુલીક તે પોતાના બાતીનમાં વાસો કરતી બુરાઈઓ સામે એક ઉત્તમ પ્રકારની જીહાદ મચાવવાની જરૂર જોતો નથી ત્યાં સુધી ઇન્સાન સંપુર્ણ શાંતી પ્રાપ્ત કરી શકતો જ નથી. જે માણસે એમ જાણ્યું કે જગતનો દુશ્મન અંતરમાં છે, બાહેરમાં નથી, તે માણસ સાધુ સંતના મીનોઇ માર્ગ ઉપર ચાલુ થઇ ચુકેલો છે. જે માણસે એમ જાણ્યું કે તેના પોતાના બેબખ ત્યાર વીચારો ગુંચવણ અને ઝઘડાના મુળો છે-જે માણસે એમ જોયું કે તેની પોતાની અપવીત્ર ઇચ્છાઓ તેની ખુદની શાંતી અને સારી દુન્યાની શાંતીનો નાશકર્તા સાધનો સમાન છે—તે માણસ મહાત્માઓના મારગ ઉપર આગળ વધેલો પોતાને જુવે છે. જે માણસે હવસ અને ગુસ્સાને, કીના અને ગરૂરીને, એકલપેટાઇ અને લોભને મહાત કરયાં તે માણસે દુન્યાને મહાત કરેલી માનવી.

જે જણુ જોર જબરીથી માહાત થયો તે જણુ તેના પોતાના અંત:કરણુમાં માહાત થયલો હોતો નથી. કદાપી તે આગળ કરતાંબી નપેતર દુશમન થઇ બેઠેલો હશે. પણુ જે સખ્શ સુલેહશાંતીના ઉત્તમ નીયમે માહાત થયો તે જરૂરજ તેના પોતાના જીગરમાં બદલાયલો છે. તે અગાઉ જયારે એક દુશમન હતો, તે હવે એક દોસ્ત બનેલો છે. સ્વચ્છ અંત:કરણુનાં અને શ્યાનાં માણુસોના જીગરમાં શાંતી હોય છે. આ શાંતી તેઓના દરેક કામકાજો-માંબી આમેજ થવા પામે છે. એવાં માણુસો તે શાંતીનો ઉપયોગ પોતીકી જીંદગીમાં કરે છે. એ શાંતી ઝગડા કરતાં વધારે જોરે-મંદ હોય છે. જયાં જોર જબરી નીશફળ નીવડે છે, ત્યાં આ શાંતી ફાવી જાય છે. તેની પાંખો નેકી વંતાં આસાંમીઓનું રક્ષાણુ કરે છે—તે પાંખોના છાયા તળે નીરદો-શીને નુકસાન પુગતુંજ નથી. એકલપેટી ઝુમખેસની ગરમીમાંથી આ શાંતી એક સલામતીભરયો આશરો આપે છે. હારેલાંઓ માટે તે એક આશ્રમ છે, ભુલાં પડેલાંઓ માટે તે એક મંડપ છે—નેકીવંતાં-ઓ માટે તે એક મંદીર છે.

પ્યાર, ડહાપણ, શાંતી, મનની અને જીગરની નચીંત સ્થીતી તેઓ સઘળાંથી ઉપજાવી શકાય છે—ઉકેળાવી શકાય છે—કે જેઓ પોતાના અંગત સ્વાર્થને તજી દેવા રાજી હોય છે, અને જેઓ સ્વાર્થને આમ તજી દેતાં જેબી પરીણામો નીપજે તે સમજીને સહન કરવા ન મનતાઇ સાથ તૈયાર હોય છે. સૃષ્ટીમાં કોઇબી આપખુદ શકતી હસ્તી ભોગવતીજ નથી—ઇનશાનને બાંધી લેતી સરજતની ગમે એવીબી જોરાવર સાંકળો ખુદ તે ઇનશાનોએ પોતેજ ભઠ્ઠીમાં બનાવેલી હોય છે. દુઃખ ઉપજાવનારી હાલત સાથે માનવીઓ સાંકળથી બંધાઇ જાય છે તેનો સબબ એ છે કે મજકુર માનવીઓ તેવી રીતે સીકડાઇ જવા ખુદ પોતેજ માંગે છે;—કેમજે માનવીઓ પોતાના સ્વાર્થનું નાનકડું અંધારૂં બંદીખાનું બહુ મીઠું અને સુંદર માને છે;—કેમજે માનવીઓ એમ સમજે છે કે જો તેઓ આ બંદીખાનું છાડી દેશે તો તેઓ જીંદગીની તમામ સંગીન અને મજેહદાર વસ્તુઓ ખોહી બેસશે. યાદ રાખજો—

"તમે તમારા પોતાના હાથે દુખ વેઠો છો, કોઇ તમને મ કરવાની ફરજ પાડતું જ નથી; કોઇ તમને જીવતાં જીવત મોતને આધીન થવાની જબરી પાડતું જ નથી."

તા૦ ૧૯ મી જુલાઇ:

જેમ આકારની પુઠે ઓળો ઘસડાય છે—જેમ અંગારની પછવાડે ધુમાડો આવે છે—તેમ કારણની પછી અસર ચાલતી આવે છે, અને દુઃખ તથા સુખ માનવીઓના વીચારો તથા કામોની પાછળ દોરવાઇ જતાં રહે છે. આપણી આ સપાસની દુન્યામાં એકબી એવી અસર મોજુદ નથી કે જેનું કાંઇ છુપું કે જાહેર કારણ હસ્તી ધરાવતું નહી હોય: અને તે "કારણ" તદન સંપુરણ ઇનસાફને અનુસરતું જ હોય છે. ઇનશાનો સંકટોના પાકની વાવણી કરે છે, કેમજે નજદીકના યા દુરના ભુતકાળમાં તેઓએ બુરાઇનાં બીઓ રોપેલાં હોય છે. તેઓ આશીષના પાકનીબી વાવણી કરે છે, અને તે તેઓએ પોતે કરેલી ભલાઇના બીયાંઓનીબી રોપણીનું પરીણામ છે. એક શખ્સને આ બાબદની ઉપર દરીયાફ્ત કરવા દો, તેને આ બાબદ પુરેપુરી સમજવાની કોશેશ કરવા દો, અને પછી તે પોતે માત્ર નેકીનાજ બીઓ રોપવાનું શરૂ કરશે—તથા પોતાના જીગરના બગીચામાં તેણે અત્યાર આગમચ જેબી ડાંખળાઓ તથા ઝાડોઓ ઉગવા દીધાં છે તે મજકુર શખ્શ પોતાને હાથે બાળી નાખશે.

પેલા સોનેરી જમાના-કે જે બીનસ્વારથી પ્યાર ફળીભુત થવાનાં એક ચીન્હ મીસાલ છે તેથી— આ દુન્યા બાકાત રહેલી છે અને લાંબા કાળ સુધી બાકાત રહેશે. જો તમે તઇયાર હોવો તો તમે તે સોનેરી જમાનામાં હમણાજ દાખલ થઇ શકશો—પણ તેમ કરવા માટે તમારે તમારા એકલપેટા સ્વારથની પંકતીએથી ઉંચે ચઢવું પડશે; તમારે તાસુબી, કીના, ફીટકારની સપાટીએથી નીરમળે અને દરગુજરભરયા પ્રેમની ઉંચાઇએ જવું પડશે. જયાં કપટ, અણગમો અને તીરસ્કાર મોજુદ હોય છે ત્યાં બીનસ્વારથી પ્રીત ટકી શકતીજ નથી. જે જીગરમાંથી તીરસ્કાર તમામ દફે થયલો હોય છે ત્યાંજ સ્વારથ રહીત મોહબૅત નીભી શકે છે. જેણે એક વાર ખાત્રીથી જાણયું કે હરેક ચીઝના અંતરમાં આત્મીક પ્યાર એક હરદય મીસાલ છે—જેણે એકવાર બરાબર સમજયું કે મીનોઇ પ્યારની શકતી કાંઇ ઔર એજમતી છે—તે માણસના જીગરમાં નારાજી માટે જગ્યા હોઇ શકતીજ નથી.

જે સખ્શનું જીગર મીનોઇ પ્રીતથી સીકડાઇ રહેલું છે તે સખ્શ બીજાં માણસોને દોષીત ઠેડવતો નથી–તે માણુસ અને માણુસ વચ્ચે ચઢ ઉતર અંતર રાખતોજ નથી. પોતાનાજ વીચારો મુજબ પારકાઓને દોરવવાનો તે યત્ન કરતો નથી. પોતાનીજ રૂઢીઓ સરવેથી ઉત્તમ છે, એવું કાંઇ પારકાઓના મનપર ઠસાવવાની તે કોશેશ કરતો નથી. આત્મીક પ્રીત એ શું ચીઝ છે તે સમજીને આ સખ્શ તે મુજબજ જીંદગી જુગવતો રહે છે, અને હરેક જણ પ્રત્યે તે મનની શાંત વળણુ અને જીગરનો મીઠાસ જાળવી રાખે છે. હલકાં પડેલાં આદમીને, નીવીવાન આસામીને, મુર્ખ માણુસને, અક્કલમંદ ઓલમાને, કેળવાયલાને તેમજ બીન કેળવાયલાને, સ્વારથીને તેમજ બીન સ્વારથીને તે પોતાના શાંતીભરયા વીચારના એક સરખા આશીશ દેછે. આ સરવોત્તમ જ્ઞાન–આ ખુદાઇ પ્યાર–તમે માત્ર તમારી પોતાનીપર ચોપવંત આંકોશ મેળ-વાથીજ તેમજ તમારી ખુદની ઉપર ફતેહ પછી ફતેહ મેળવ્યાથીજ સંપાદન કરી શકશો.

મક્કમ, અપક્ષપાત અને નરમા શભર્યા વીચારોમાં તમારા મનને તાલીમ આપતા રહો, અપોઈમાં અને નેકીમાં તમારાં જીગરને તરબીયત આપતા રહો, ચુપકીદી માટે અને સાચ્ચી નીરમળ જબાન માટે તમારી જીભને કેળવતા રહો. ત્યારેજ તમે પવીત્રાઈ અને શાંતીના મારગ ઉપર દાખલ થશો અને આયંદે અનંત કાળના મીનોઈ પ્યારને પુગી શકશો. આવી જીંદગી જુગવવાથી તમે સામા માણુસોને, વટલાવવાની ફશીખી કોશેશ કરવા વગર, ખાત્રીપુર્વક સમજાવી શકશો—તકરાર કરવા વગર તમે તેઓને શીખવી શકશો. લોભ તમે રાખશોજ નહી તો ક્યાના માણુસો તમારા ગુણો. પારખી લેશે— અને આદમીઓના મતો મેળવવાની જરાબી તજવીજ કરવા વગર તમે તેઓના અંતઃકરણ ઉપર દાબ મેલી શકશો. અપોઈની પ્રીત સદા ફતેહમંદ-સર્વ શકતીમાન છે. એ અચળ પ્રેમના વીચારો, કામો અને શબ્દો કદીબી મરી જતાજ નથી.

આપણે આપણી આંખો ખોલી છે, અને હવે ગફલતીની અંધારી રાત પુરી થઈ છે. જડવાદી સ્થીતીમાં અને ચાલુ ઉશકેરણીમાં આપણે પુરતો લાંબો વખત સુઈ ચુકયા છીએ. બુરાઈના ત્રાસદાયક ખ્વાબમાં આપણે પુરતો લાંબો વખત અછાડ પછાડ કરી પરવારયા છીયે. હવે આપણે આત્મીક હાલતમાં અને સચાઈમાં જાગૃત બન્યા છીયે. આપણે ભલાઈ શોધી કાહડી છે—અને બદી સાથની ટક્કર સમાપ્ત થઈ છે. આપણે ઉંઘી ગયા હતા—પરંતુ આપણને ખબર ન હતું કે આપણે નીંદ્રાવશ છીએ. આપણે સંકટ સેહવ્યાં—પરંતુ આપણને માલુમ ન હતું કે આપણે દુઃખ ખમ્યે છીયે. આપણા સ્વપનામાં આપણે બેચેન હતા—પરંતુ કોઈએ આપણને જગાડયા નહીં; કેમજે આપણી માફક સઉ કોઈ સ્વપના જોતું હતુ. છતાં એ આપણા સ્વપનામાં કાંઈ અટકણ આવી. આપણી ઉંઘ ખલાસ થઈ. રાસ્તીએ આપણને કહયું—અને તે આપણે સાંભળ્યું. જુવો !—આપણે આપણી આંખો ઉઘાડી અને જોયું! જયારે આપણે નીંદરાવશ હતા ત્યારે આપણે જોઈ શકયા નહીં હતા—ત્યારે આપણે જાણી શકયા નહી હતા. હવે આપણે જાગૃત છીએ અને જોઈએ છીએ. હા—આપણે જાગૃત છીએ તે આપણે જાણી શકયે છીએ, કેમજે આપણે પવીત્રાઈને જોઈ છે અને હવે આપણે ગુનાહને વખુવાર ચાહતા નથી.

તા૦ ૨૪ મી જુલાઇ.

પાપ કરવું એ એક ખ્વાબ જોવા બરાબર છે—અને પાપને ચાહવું એ અંધકારને ચાહવા બરાબર છે, જેઓ અંધકારની ઉપર પ્રીત રાખે છે, તેઓ અંધકારમાંજ ગોંટા ખાય છે. તેઓ હજી "રોશની" જોઇ શકયાજ નથી. જેણે "રોશની" દેખી છે તે અંધકારમાં ચાલવાનું પસંદ કરતોજ નથી. રાસ્તીને જોવી—એ રાસ્તીને ચાહવા બરાબર છે; સચ્ચાઇ સાથ સરખામણીમાં ગફલતી બીલકુલ બેડોળ દીસે છે. સ્વપનુ જોતો એક સખ્શ ઘડીભર મજાહમાં હોય છે—ઘડીભર મુસીબતમાં હોય છે: એક ઘડીએ તે ભરૂસામાં રહે છે—બીજી ઘડીએ તે ધાસ્તીમાં રહે છે. તેની સ્થીતી કાંઇ મક્કમ હોતી નથી, અને તેને માટે કાંઇ કાયમનો આશરો નથી. જ્યારે તેની પુઠે શરમીંદગી અને પશ્ચાતાપના દૈત્યો લાગે છે ત્યારે તે કયાં નાહસી શકે? જ્યાં સુધી તે તે જાગૃત થાય નહીં ત્યાં સુધી તેને સારૂં સલામતીની કોઇ જગ્યાજ નથી. એક સ્વપનું જોનારને પોતાના ખ્વાબ સાથે ફાંફાં મારવા દો; સરવે અંગત સ્વાર્થી ઇચ્છાઓની તકલીદી ખાસયત શું હોય છે તે સમજવા માટે તેને કોશેશ કરવા દો અને પછી જુવો કે તે "રોશની" અને "રાસ્તી"ની દુન્યા ઉપર પોતાની આત્મીક આંખો ઉઘાડશે. હરેક ચીઝને તેમના ખરા રૂપમાં જોઇને તે સુખી, શ્યાનો, અને શાંત બનશે.

જ્યારે બીજું સઘળું નીશફળ નીવડે છે ત્યારે સચાઇ નીશફળ નીવડતી નથી. જ્યારે જીગર ઉચીત પડી ગયલું હોય છે અને ધરથી આશરો આપતીજ નથી, ત્યારે રાસ્તી એક શાંતીભરયું રક્ષણ અને એક એકાંત વીસામો આપણને માટે રજુ કરે છે. જીંદગીની જંજાળો પુશકળ છે—અને તેના માર્ગમાં બીસ્યાર મુશકેલીઓ વીખેરાઇ પડેલી છે; પણ જંજાળો કરતાં સચાઇ વધારે આલા છે. અને મુશકેલી કરતાં રાસ્તી વધારે જોરાવર છે. સચાઇ આપણા બોજાઓનો ભાર હલકો કરી નાખે છે; તે આપણા રસ્તાને ખુશાલીના પ્રકાશથી ઝગઝગાદી મેલે છે. આપણાં પ્યારાંઓ ચાલ્યાં જાય છે, મીત્રો દગો દે છે, માલ મીલકતો અલોપ થાય છે; પછી દીલાસાનો અવાજ કયાં રહયો? સઘીયારાનો સાદ કયાં ગયો? બેકરારને નચીંતાઇ દેનાર—વાયજાન એકલા પડી ગયલાંઓને દીલાસો દેનાર—સચાઇ છે. સચાઇ આપણને છોડી ને ચાલી જતી નથી, નીશફળ નીવડતી નથી—અલોપ થતી નથી. રાસ્તી આપણી ઉપર એક કાયમની શાંતીનો સઘીયારો બક્ષે છે. ચોંપમાં રહો અને સુનો!—તેથી તમે સચાઇનો પુકાર સાંભળી શકશો, મને જાગરૂત કરનાર ખુદ તે મહાન સાહેબનો અવાજ સાંભળી શકશો.

તા૦ ૨૭ મો જુલાઇ.

સચ્ચાઇ ગમીમાંથી ખુશાલી અને ગભરાટમાંથી શાંતી લાવે છે, તે સ્વાથાને અશોઇનો રસ્તો અને પાપીઓને મીનોઇના મારગ દેખાડે છે. નેકીનું કામ કરવું, એજ તેનું લક્ષણ છે. ખરા ઉત્સાહી અને વફાદારને તે સધ્યારો બક્ષે છે, ફરમાનદારને તે સુખેહશાંતીના તાજની નવાજેશ કરે છે. હું સચ્ચાઇમાંજ આશરો લઉં છું. ખરેખર નેકીનાં લક્ષણમાં, નેકીનાં જ્ઞાનમાં અને નેકીનાં કારયમાં હું મચ્યો રહું છું, અને મને તેમાંજ ખરી શાંતી તથા સુખ મળે છે. મારામાં એથી ફીના જેવું કાંઇ નથી અને ધીક્કારની લાગણી નાશપામી છે. બદી સઉથી છેક અંધારામાં સંકોચાયલી છે, કારણ કે સચ્ચાઇની સરવોતમ રોશનીમાં તે કંઇબી મારગ ધરાવતી નથી. મગરૂરી તુટી જઇ તારાજ થઇ ગઇ છે અને પતરાજી ધુમસની માફક પીગળી ગઇ છે. મેં સંપુર્ણ નેકી તરફ મારૂં મ્હોંડું રાખ્યું છે અને નીરદોશ મારગમાં મારા પગ મુકયા છે, કારણ કે એથી મને શાંતી મળે છે.

તા૦ ૨૮ મી જુલાઈ.

આપણાં ભલાં કામો આપણી સાથેજ રહે છે, આપણને બચાવે છે, અને આપણું રક્ષણ કરે છે. બુરાં કામો એક ભુલ સમાન છે. આપણાં બુરાં કામો આપણી પુઠે ચાલતાં આવે છે, તેઓ આપણને લાલચની ખડીમાં ઉઠલાવી નાંખે છે. બુરૂં કર્મ કરનારને ગમીમાંથી રક્ષણ મળતું નથી. ભલું કર્મ કરનાર સઘળા નુકસાનમાંથી આશરો મેળવી શકે છે. એક મુર્ખ પોતાનાં બુરાઈનાં કામને કહે છે કે "તું છુપાયલું રહે—લોકની જાણમાં તું ના આવ." પણ તેની બુરાઈ તો અત્યાર આગમજની જાહેરીયાત પામી ચુકી છે—અને તેને માટે મુસીબત તો ચોક્કસજ છે. જો આપણે બદીમાંજ ગાફેલ હોઈશું તો શું ચીઝ આપણને ઉગારી લેશે! શું ચીઝ આપણને કંગાલ્યત અને ગુંચવાડાથી દુર રાખશે? કોઈબી માણસ, કોઈબી સ્ત્રી, ગમે એવીબી ધન દોલત, ચાહો તેવીબી સતા—આસમાન યા ધર્તી વટીક—આપણને ગુંચવણથી દુર રાખી શકનાર નથી. બુરાઈનાં બુરાં-ણોમાંથી છટકવાનો રસ્તોજ નથી, તેની સામે આશરોજ નથી—તેની સામે બચાવજ નથી. જો આપણે ભલાઈમાં હોઈશું તો શું ચીઝ આપણને પકડી પાડી શકશે?—શું ચીઝ આપણને દુરદશા અને મુઝવણમાં લાવી મુકી શકશે? મર્દ યા ઓરત, ગરીબાઈ કે બીમારી, બેહેસ્ત કે દુન્યા આપણને મુઝવણમાં લાવી શકનારજ નથી.

ચેલો-શીક્ષકોના શીક્ષક! તું મને જ્ઞાન આપ.

ગુરૂ-પુછ, અને હું તને જવાબ આપશ.

ચેલો-મેં પુષ્કળ વાંચ્યું છે, પરંતું હું હજી અજ્ઞાન છું; મેં જુદા જુદા ધામીક વીચારોવાળી જ્ઞાતોની ધર્મ-રૂઢીઓનો અભ્યાસ કર્યો છે, પણ તેથી મને કશુંબી ભંડોળ મળ્યું નથી. ધર્મના ફરમાનો હું મ્હોડેથી જાણું છું, પણ શાંતી મારેથી છુપાયલીજ રહે છે. ઓ મહાત્મા! મને જ્ઞાનનો માર્ગ દેખાડી આપ. ખુદાઇ ડાહપણનો ધોરી રસ્તો મને જાહેર કર. શાંતીના રાહ ઉપર તું તારાં બચ્ચાંને દોરવી લઇ જા.

ગુરૂ-અય ચેલા, જ્ઞાનનો માર્ગ એકજ છે, અને તે જીગરને ઉંડાણથી શોધવાથી જડે છે. ડહાંપણનો ધોરી રસ્તો નેકીનો ચાલુ અમલ કર્યાથી દીસી આવે છે, અને શાંતીનો રાહ એક ગુનાહ વગરની જીંદગી ગુજારવાથી શોધી કહાડી શકાય છે.

ચેલો—મારી રાહબરી કર, ઓ ગુરૂ! કેમકે મારો અંધકાર બહુજ જબરો છે! અય મહાત્મા, મને કહે—તે અંધકાર દફે થશે કે? મારી કસોટી ફતેહમાં હાર પડશે કે? અને મારી અસંખ્ય મુસીબતોનો છેડો આવશે કે?

ગુરૂ—જ્યારે તારૂં અંતઃકરણ સ્વચ્છ થશે ત્યારે તારો અંધકાર નાબુદ થશે. જ્યારે તારૂં મન જુસ્સાથી નીરાળું થશે ત્યારે તું તારી કસોટીને છેડે પહોંચી શકશે. અને જ્યારે તું તારો સ્વ-બાળ વણીનો ખ્યાલ શરણ કરી દેશ ત્યારે મુસીબતો માટે કાંઈ પી કાણ રહેશે નહી. હમણાં તું કાયદાર તાલીમ અને પવીત્રીકરણના માર્ગ ઉપર છે; મારા સરવે શીષ્યોને તેજ રસ્તા ઉપર ચાલવું પડે છે. તું જ્ઞાનની સફેદ રોશનીમાં દાખલ થાય તે આગમચ, તું સચ્ચાઇની સંપુર્ણ મોતેબરી જોઇ શકે તે આગમચ, તારી દરેક ગંદકીને ગાળી કહાડવાની જરૂર છે—તારા તમામ ભ્રમ્પાગએ હાંકી કહાડવાની જરૂર છે—અને તારાં મનને સહન શકતીના કીલ્લાથી બાંધી લેવાની અગત્ય છે. સચ્ચાઇ માટેનો તારો ઇતબાર ઢીલો પડવા દેતો ના; ભુલતો ના કે સચ્ચાઇ જાવે દાની તુલીકની શ્રેષ્ઠ છે; યાદ રાખજે કે હુ—સચ્ચાઇનો સરદાર, તારી ઉપર ચોકી રાખું છું.

ચેલો--વધારે બુલંદ અને વધારે હલકી શકતીઓ કઇ છે?

ગુરૂ—ઓ શીષ્ય, મને પાછો સાંભળી લે! તાલીમ અને પવીત્રી કરણના રસતા ઉપર યકીનદારીથી તું ચાલ, તે મારગ હરગેઝ તું છોડ ના, તેની ગમે તેવીભી મુશીબતોને આધીન થા–અને તને શીષ્ય પદની ત્રણ હલકી શકતીઓ જડશે, તે ઉપરાંત તને ત્રણ બીજી વધારે બુલંદ શકતીઓભી મળશે. અને આ ચઢીયાતી તેમજ ઉતરતી શકતીઓ તને અજીત બનાવશે. જાતી–આંકોશ, આપઅખતયારી, અને ચોંપ–આ ત્રણ ઉતરતા પ્રકારની શકતીઓ છે. દ્રઢતા, ધીરજ અને નરમાશ–આ ત્રણ વધારે ચઢતા પ્રકારની શકતીઓ છે. જયારે તારૂં મન બરાબર આંકોશમાં હોય છે અને તારા કાબુમાં રહે છે–જયારે તું કોઇભી બીજી બાહેરની મદદ પર આધાર રાખતો નથી, પણ માત્ર સચાઇ ઉપરજ મદાર બાંધે છે–અને જયારે તું તારા વીચારો અને તારાં કામો સંબંધી નીયમીત ચોપવત કાળજી રાખે છે–તયારે તું તે અચળ મહાન રોશનીની નજદીક પુગી શકે છે.

નીચલી ચાર ચીજોથી જીગરનો બીગાડ થાય છે—મજાહ માટેની આરઝુ, બાકી બાબદો પ્રતયેનું વળગણ, અંગત સવારથતણો પયાર, ખુદ પોતાના હીત અરથેનો અભખરો; આ ચાર બીગાડાના સાધનોમાંથી સરવે પાપ અને સરવે ગમી ઉછળે છે. તું તારૂં અંત:કરણ ધોઈ નાંખ; તારી ઇંદ્રીઓની તરૂષણાઓ તું બીસાડી નાખયા કર; માલમતા માટેનો હાંફરો તારા મનમાંથી હાંકી કાહડ; જાતી બંધાવ અને જાતીભીમાન છોડી દે. આ મુજબ સઘળી જાતની ઇચછાઓનો તયાગ કરવાથી તું સંતોશ સંપાદન કરી શકશે. ફાની વસતુઓ માટેનો પયાર તારાં મનમાંથી દુર કર તું ડહાપણ અંગત સવારથનો વીચાર પડતો મેલવાથી તું શાંતી મેળવી શકશે. જે સવચછ છે તે અભીલા-શાથી નીરાળો છે તે હવસી ઉશકેરણીઓ માટે તલબગાર રહેતો નથી: તે નાશવંત વસતુઓની કીમત બીલકુલ કરતો નથી; તવંગરીમાં કે મુફલેસીમાં, ફતેહમાં કે નીશફળતામાં, જીતમાં કે હારમાં, જીવતરમાં કે મોતમાં તે એકુ સરખોજ છે. તેનું સુખ કાયમનું હોય છે—તેની આશાએશ ખાત્રી પુરવક હોય છે.

એક દુરગુણી માણસ પોતાના લાગણીઓથી દોરવાય છે; તેના ભાવો કે અભાવો તેની ઉપર સરસાઇ ભોગવે છે. તેના ભુલભરેલા વીચારો તેમજ તેના પક્ષપાતી અનુમાનો તેને આંધળો બનાવે છે. હર પળે આરઝુ રાખતો અને સંકટ સેહવતો, પળેપળ તલબગાર રહેતો અને ગમગીન બનતો તે જાતી-આંકોશ શું ચીઝ છે તે સમજતોજ નથી; તેની બેચેની બોહળી છે. એક સદગુણી પુરૂષ પોતાના સ્વભાવોનો સરદાર છે. પોતાના ભાવો તથા અભાવો તેણે બસ્ચાંસહી બાબદો તરીકે છોડી દીધેલા છે. ભુલભરેલા વીચારો તેમજ પક્ષપાતી અનુમાનો તેણે ખસેડી નાંખ્યા છે. તે કોઇ ચીઝની આરઝુ રાખતો નથી, એટલે તેને દુઃખ ખમવું પડતુંજ નથી. મોજમજાહ માટે તલબગાર તે રહેતો નથી, એટલે ગમી તેને પકડી પાડી શકતી નથી. જાતી-આંકોશમાં તે સંપુર્ણ હોવાથી તેને માટે મોતેબર શાંતી જાથુકની મોજુદ છે. હરગેઝ કોઇ હટકારી કહાડતા ના, દીલમાં દ્વેશ રાખતા ના, વળતો ફટકો મારતા ના. તકરાર કરતા ના-અથવા કોઇબી પક્ષને પકડતા ના. દરેક દીશાએ તમારી શાંત વળણુ જાળવી, રાખજો. ઇન્સાફી થજો-અને સાચ્ચુંજ બોલજો. નરમાશથી વર્તજો, દયા દીલે ધરજો, સખી જીગર રાખજો. અખુટ ધીરજ ધરજો. પ્રીતમાં મુસ્તાક રહેજો—અને પ્રીતથીજ તમારાં કાર્યોને આકાર આપજો. કશાબીઅંતર કે તફાવત વગર સૌ કોઇ સાથે ભલાંઇ કરજો. સર્વે ટેક એકસરખી રીતે વીચારજો-અને માશાંથીબી ગુંગળાતા ના.

તારા પોતા માટે બીલકુલ વીચાર ના કર. તું જે કાંઇ કરે તે વખતે ફકત બીજાઓનું તથા દુનીયાનું જ ભલું કરવાનો ખયાલ રાખ, અને તેમ કરતાં કાંઇ પણ બદલો મેળવવાની આશા ના રાખતો. તું કાંઇ બીજા આદમીઓથી જુદો કે વીખુટો નથી—તું સઘળાઓની સાથનો એકત્ર છે. તારા પોતા ખાતર બીજાઓની વીરૂધ કામ ના કરતો, પણ સઘળાઓ તરફ દીલસોજી બતાવજે. કોઇબી આદમીને તું તારા દુશમન તરીકે ગણતો ના, કેમકે તું સઘળાઓનો મીત્ર છે. સઘળાઓની સાથ સુલેહથી રહેજે. સઘળી જીવતી વયકતીઓ તરફ દયા માયાનો રેલો રેલજે, તારા વચનોને તથા કામેએ પરમારથથી દીપાવજે. સચાઇનો ને રોશન બખ્ત મારગ છે—એ મારગ એખતયાર કરવો એ તે સરવ શકતીમાન ના ફરમાનોનુસાર ચાલવા બરાબર છે. ખરૂં કરનારનું દીલ ખુશાલીથી છલછલી રહે છે—તે એ નીયમોનુ સાર 'વરતે છે કે જે ફેરવાતા નથી યા ફના થતા નથી. તે સનાતન સાથ એક છે' અને અશાંતીની મરયાદા કુદાવી ગયો છે. સદાચરણી આદમી સંપુરણ શાંતી ભોગવે છે તેમાં કદી ખલલ થતી નથી. તે ગુસ્સા જુસ્સાથી મુકતી પામેલો હોવાથી એકસરખા વીચારનો, અને શાંત બને છે—દલગીરી કે ગમ તેને જાણતો નથી. તે ખરી સ્થીતી જોઇ શકે છે અને કદી ગુંચવાતો નથી.

તારૂં કઉવત અને તારૂં જાવીભી-માન વધાર; તારા મનના ધખ્ખારાઓ તારી મરજીને આધીન થાય તેમ કર; તું તારી પોતાની ઉપર હુકમ ચલાવ; પણ કોઇબી મીઝાઝ કે કોઇબી છુપો ઉભરો યાઝડરી તલબ તને નીચપણાંમાં ફેંકી નહી દે તેની સંભાળ રાખજે. છતાં-બી જો તું ત્યાં ગબડયો તો ઉઠજે અને તારૂં માણુસાઇપણું પાછું મેળવજે; તેમ કરતાં તારા હેઠે પડ-વાના નીચાણનો અને ડહાપણનો લાભ લઇ લેજે. તારા મનની ઉપર સરસાઇ પામવા સદા મેહનત કરજે, અને તને આડે આવતા દરેક સંજોગમાંથી કાંઇ ને કાંઇબી ભલાઇ શોધતો રેહજે. તારી શકતીના ભંડારને તને નડતી અને તારેથી માહત થતી મુસીબતો મારફતે વધુ માલદાર બનાવજે. મોતેબરી સીવાય બીજાં કશાંનેબી શરણ થતો ના. જયારે તારાં સંપુર્ણ કઉવતની કસોટી થાય ત્યારે એક જોરમંદ કસરતબાજ, જે ઇનામ માટે કોશેશ કરતો હોય, તેની માફક ખુશી થજે.

તું હવસ, લોભ, અને એશ આરામની હરગેઝ ગુલામગીરી કરતો ના. નાશીપાશી, કંગાળીયત, અને ગમનો ગુલામ થતો ના. ચીંતા, શંકા, અને વીલાપને તાબે થતો ના; પણ શાંતીથી તું તારા જુસ્સાઓ ઉપર કાબુ રાખજે, અને એ જુસ્સાઓને તારા તાબેદાર બનાવજે. જે જુસ્સાઓએ બીજાઓને પોતાના ગુલામ બનાવ્યા છે, અને જે તારી ઉપર શેઠાઇ ચલાવે છે તેને તારા ઉપર સાહેબી ચલાવવાના દેતો. પણ એ લાગણીઓ તારા હુકમને વશ થાય એવી તરેહ વરતજે. તારા જુસ્સાઓ શાંતીમાં પોઢે અને તારા મગજમાં ડાહપણ સરવોપરી બને ત્યાં સુધી તું તેમના ઉપર કાબુ રાખજે. તેમ કરશે તો તું સચાઇ મેળવશે અને જાણશે. ફેરફારની વચે કદી નહી ફેરફાર થાય એવું તત્વ હસતી ધરાવે છે. મારામારીના મધ્યાનમાં સંપુરણ શાંતી હોય છે. દુનયાની અશાંત ટીકઝીકના મુળમાં જુસ્સો વસેલો છે. જેઓ જુસ્સાની પુઠે જાય છે તેઓ દુખ ભોગવે છે, પણ જેઓ જુસ્સાને જેર કરે છે તેઓ શાંતી મેળવે છે.

ચેલા: હું જાણું છું કે ક્રોધ જુસ્સાથી કામ કરયું તો પરીણામમાં દલગીરી ખેદ વેઠવા પડે છે; હું જાણું છું કે સઘળી દુન્યવી ખુશાલીમાં ગમ, ઠાલી ખ્યાલો અને દીલનું દુ:ખ આતરો નાખે છે; તોપણ સચ્ચાઇ શોધવીજ જોઇએ અને તે મળી શકે છે; અને હું જોકે દલગીરીમાં છું છતાં હું જાણું છું કે જ્યારે હુ સચ્ચાઇ પામીશ ત્યારેજ મારૂં દીલ શાદમાન થશે.

ગુરૂ: સચ્ચાઇની ખુશાલીના જેવી શાદમાની બીજી એકે નથી જેઓનું અંત:કરણ સ્વચ્છ હોય છે તેઓ સુખના સાગરમાં તરે છે. તેઓ તે દલગીરી કે દુ:ખ કદી અનુભવતા નથી. એકસરખી રચનાની દુન્યાને જોઇને કોણ દલગીર થાય? તેની માહીતગારીજ સુખી બનાવે છે. જેઓ સંપુરણતાએ પ્હોંચ્યા છે તેઓ ખુશાલ બને છે. તેઓજ જીવે છે, જાણે છે અને સચ્ચાઇનો ભેદ પામે છે.

એક ભલું આદમી ઇનશાનયતના એક ફુલ મીસાલછે અને તે પોતાનાં દીલ માટેની સ્વારથી વળણુને જેર કરીને રોજ વધારે સ્વચ્છ, અમીરી ખ્યાસનું અને ખુદાઇ ખુબીઓ, વાળું બનતું જાય છે, અને તે ખુદા તરફ ખેંચાય છે. "જેને મારો ચેલો થવાની મરજી હોય તેણે દરરોજ સ્વારથી લાગણીનો ભોગ આપવો જોઇએ" એ ખુદાઇ શીક્ષણ વીષે કોઇનાબી મનમાં ગેરસમજુતી ઉતપન થઇ શકેજ નહીં. એ ફરમાનની એક આદમી ગમે એટલીબી દરકાર નહીં કરે તોપણ તેના તરફ ખેંચાય છે અને તેનો ગેર ઉપયોગ કરી શકતો નથી. આ દુનયામાં ભલાઇની જગયા રાખે એવો એક પણ બીજો સદગુણ નથી; અને જયાં સુધી એક આદમીના દીલમાં ભલાંઇ પ્રવેશ નહીં કરે તો માનવું કે તે કાંઇ લાયકાતમાં ટકી રહે એવો સદગુણ ધરાવતોજ નથી. ભલાઇ ધરાવનાર માટે એકજ મારગ હોય છે, અને તે એ કે ભલાઇની વીરૂધ જતું દરેક સઘળું કામ તજી દેવું; દરેક એકલપેટી ઇચછાને દીલ માંહેથી કહાડી નાંખવી; દરેક અસ્વચ્છ વીચાર ફેંકી દેવો; આપમતને વળગી રહેવાની લાગણીનો ભોગ આપવો, અને એ પ્રમાણે ચાલવું એ ખુદાઇ મારગે ચાલવા બરાબરનું છે.

કજીયા કંકાસના વીસતારમાંથી નીકળીને માયા મહેરની રીઆસતે પહોંચવાની આખી મુસાફરી નીચે પ્રમાણે પુરી કરી શકાયઃ—તારે વરતન નીયમીત અને સવચ્છ રાખવું. આ મારગેજ તું જો ખંતથી ચાલ્યો તો આયંદે સંપુરણતાને શીખરે પહોંચશે. વળી એવું પણ માલુમ પડશે કે એક આદમી પોતાના દીલ માંહેલા ચોકસ જુસ્સાઓ ઉપર મજબુત કાબુ મેળવી શકે છે, તયારે તે એ જુસ્સાઓની રીઆસતના અમલમાં મેળાતા સઘળા કાયદાઓથી પણ માહીતગાર બને છે, અને તે જો પોતાની બાવીનની લાગણીઓના મુળ તથા તેની અસર સંભાળભરી રીતે ચાલુ તપાસતો રહે છે તો તે તેનો ભેદ પામે છે, અને તે લાગણીઓ ઇનસાનીયતના શરીરમાં કેમ ગોઠવાયલી રહે છે તેની તે માહીતી મેળવી શકે છે. આ પ્રયોગ વળી મગજને બહુજ સાદું બનાવે છે—તે માંહેલો સઘળો કચરો ચુંટીને બાહેર ફેંકી દેવામાં આવે છે અને ચારીત્ર માટે જરૂરી સોનુંજ તે પોતાની સાથ રાખે છે.

દરેક આત્મા, જાણીજોઇને યા અણુજાણુપણે, નેકીને માટે ભુખ રાખે છે, અને દરેક આત્મા પોતાની તે ભુખ પોતીકી અમુક રીતી મુજબજ તથા પોતાના જ્ઞાનની ચોક્કસ સ્થીતીને અનુસરીનેજ શમ કરવા ચાહે છે. ભુખ એકજ પ્રકારની રહે છે—નેકીભી એક તરાંહની હોય છે—પણ નેકીની શોધ માટેના રસ્તાઓ અનેક છે. જેઓ જાણી બુજીને તે રસ્તાઓ શોધે છે, તેઓ આશીષ પામે છે, તેઓને ટુંક મુદતમાં આત્માઓનો સેવટનો અને કાયમનો સંતોષ—(જે માત્ર એકલી નેકીજ બક્ષી શકે છે)—મળયા વગર રહેશે નહી, કેમજે તેઓને સાચ્ચા માર્ગની માહીતી મળેલી છે. જેઓ નેકી માટે અણુજાણુ પણે શોધમાં રહે છે તેઓ—થોડીક મુદત મજાહના દરીયાવમાં સ્નાન કરવા છતાં—આશીષ પામતા નથી; કારણ કે તેઓ પોતાને માટે સંકટનો એક રસ્તો ખણી કહાડતા ચાલે છે—કે જે રસ્તા ઉપરથી તેઓને ફાટેલા અને જખમી પગે હંડવાનું છે, અને ત્યારે આત્મા પોતાનો નેકીનો વારસો જાવેદાની નો ગુમાઇ જવા માટે કાર કરશે.

કાંઇબી કચાસ વગરના સંપુર્ણ સુખવાલી જીંદગીને પહોંચવા માટેની મુસાફરી લાંબી અને કંટાળા ભરેલી થઇ પડે એ બનવાજોગ છે, અથવા તે ટુંકી અને ઝડપી થઇ પડે એ પણ તેટલુંજ સંભવીત છે. એ મુસાફરી કદાચ એક મીનીટમાં પુરી કરી શકાય, અથવા તેને પુરી કરતાં કદાચ એક હજાર જમાનાઓબી લાગે. એવી સુખવાસી જીંદગી શોધનાર કેવી માન્યતા ધરાવે છે અને કેવો ઇતબાર રાખે છે તે ઉપર સઘળો આધાર છે. લોકોનો મોટો ભાગ એવી સુખી જીંદગીમાં દાખલ થઇ શકતો નથી; કારણકે તેમાં ખરૂં સુખ છે, એમ તે માનતો હોતો નથી. નેકી જરૂરની છે અને તે અખત્યાર કરી શકાય તેવી છે, એમ જો લોકો માનેજ નહી, તો પછી તેનો લાભ તેઓ કેવી રીતે પીછાણી શકે? વળી નેકી અખત્યાર કરવા માટે જેમ બાહેરની દુન્યા ત્યાગ કરવાની જરૂર નથી તેમજ દુન્યામાં આપણી ફરજો અદા કરવાનું માંડી વાળવાનીબી અગત નથી. ના એટલુંજ નહી, પણ તેથી ઉલટું આપણી ફરજો બીનસ્વાર્થે બજાવ્યાથીજ તે સંપુર્ણ સુખ મળી શકે છે. જે સઘળાઓ નેકી અખત્યાર કરવાની જરૂરયાત માને છે અને તે અખત્યાર કરવામાં ફતેહ મેળવવાના અભીલાસા રાખે છે, તેઓ જો દુન્યાદારીની પોતાની સઘળી ફરજો વચ્ચે નાહીમત થાય નહી અને નમુનેદાર ભલાઇને પોતાની નજર આગળથી ખસાડે નહી અને મક્કમ ઠરાવ સાથ "સંપુર્ણતા ભણી આગળ અને આગળ ધસવા"નું ચાલુ રાખે, તો તેઓ સંપુર્ણ સુખ મેળવવાની ફતેહ આગળ મોડે વહેલે જરૂરજ જઇ પુગશે.

ઇનસાનના ભીત્તરમાં એક એવી ઇશ્વરી શકતી છે કે જે વડે તે આત્મીક ફતેહની સૌથી ઉંચામાં ઉંચી ટોંચે પુગી શકે છે. તે વડેજ તે પાપ, બેજાલત અને ગમગીનીને ખંખેરી કહાડીને સર વેતમ ભલાઇના ભંડાર જેવા તે પોતાની મરજી મુજબ વરતી શકે છે. તેજ ઇશ્વરી શકતી વડે માણુસ પોતાના ભીત્તરમાંના અંધકારના બળને જેર કરે છે, અને પોતે તેજસ્વી બનીને કાંઇબી આંકોશ વગરની સ્વતંત્ર હાલતમાં આસ્તવાર ખડો રહે છે. તેજ ઇશ્વરી શકતી વડે માણુસ દુન્યાંને જેર કરી શકે છે અને ખુદાને પહોંચતા અગાઉ માર્ગમાં આડા પડેલા બીકટ પહાડની ઉંચી શીખરો આસાનીથી પસાર કરી શકે છે. માણુસ પોતાની રાજીખુશીથી, પોતાના મકકમ ઠરાવથી અને પોતાના ઇશ્વરી બળથી એ સઘળું કરી શકે છે. પણ ફકત તાબેદારીથીજ અને તાબેદાર રહેવાથીજ એ સઘળું તેનાથી કરી શકાય છે. તેણે અંતઃકરણની નમ્રતા અને અસીલાઇ પસંદ કરવાં જોઇયે; મનની સ્વચ્છતાને ખાતર મનના ગુસ્સાઓને દુર કરી નાંખવા જોઇયે; પ્યારને ખાતર ધીક્કારને બાજુએ મેલી દેવો જોઇયે; જાતીભોગ આપવાને ખાતર અંગત લાભને હડસેલી દેવા જોઇયે અને નેકી કરીને તે નેકી વડેજ બદીને જીતવા જોઇયે.

જેઓ પરમેશ્વર સાથ એક થઇ શાંતી ભોગવે છે તેઓ દુન્યવી મીરાસમાં કાંઇ સુખ માનતા નથી. તેઓ જુએ છે કે એ દુન્યવી અસકયામત માત્ર થોડા વખતની તક લીધી છે; જયારે જોઇએ છે ત્યારે તે મળે છે, અને તેનું કામ પુરૂં થતાંજ તે જતી રહે છે. તેઓ પૈસા, કપડાં, ખોરાકી જેવી ચીજોને ખ્યાલ કરતા નથી. તેથી તેઓ સઘળી મુશ્કેલી અને ચીંતાથી મુકત થયલા હોય છે, અને માયા ને પોતાને જીવ અર્પણ કરેલા હોવાથી તેઓ સંપુર્ણ સુખ ભોગવે છે. સ્વચ્છતા, દયા, ડાહપણ, અને માયાના અક્ષય નીયમો ઉપર આધાર રાખતા હોવાથી તેઓ અમરંગ રહે છે, અને તેઓ જાણે છે કે તેઓ અમરગ છે. તેઓ પર-મેશ્વર–સરવોતમ ભલાઇ, સચ્ચાઇ–સાથ એક થયલા છે અને તેઓ જાણે છે કે તેઓ પરમેશ્વર સાથ એક થયા છે.

આપમતને વળગી રહેવામાં જેટલી એકલપેટાઇ અને ગુનાહ છે તેટલાંજ અસ્વચ્છ ઇચ્છાઓને વળગી રહેવામાં પણ એકલપેટાઇ તથા ગુનાહ છે. તે જાણીને એક ભલો આદમી પોતે માયાની લાગણીને બીનશરતે વશ થાય છે, સઘળાઓ સાથ માયાથી વરતીને રહે છે, કાંઇ પણ ઝુંબેસ જગાડતો નથી, કોઇને વખોડા કહાડતો નથી, પણ સઘળાંઓ સાથ માયાપ્રીતીથી વરતે છે, તેઓના મતની, તેઓની માન્યતાની, તેઓના ગુનાહની પાછળ જુએ છે, તેઓની મુંઝવણ, તેઓના સંકટ, અને તેઓના શોકાતુર હઇડાંના બાતીનમાં જુએ છે. "જે આદમી પોતાની જીંદગીનેજ ચાહશે તે તે ખોહશે." અમર જીંદગી તેનીજ થાય છે કે જે તાબેદારીથી પોતાના નાના, સાંકડા, ગુનાહ ચાહનારાં, ઝુંબેસ જગાડનારાં અંગત સ્વાર્થને તજી દે છે, કારણ કે તેમ કરવાથીજ તે માયાથી ભરપુર, વીશાળ, સુંદર છુટાપણું ધરાવનારી અને પ્રતાપશાળી જીંદગીમાં દાખલ થઇ શકે છે. જીંદગીની એજ રાહ છે—તેનો જે સીધો દરવાજો છે તે ભલાઇનો દરવાજો છે.

એમ ના ધારતા કે ખુદાઇ સુખન ઉમીદવારો એશઆરામમાં અને આળસાઇમાં જીવે છે (આ એ એવા ગુનાહ છે કે જે ખુદાઇ સુખના અવ-વાનમાં દાખલ થવાના માર્ગની શોધ કરતી વખતે સદંતર નાબુદ કરવા જોઇએ). તેઓ શાંતીભરી ચળવળમાં રહે છે; હકીકતમાં તો તેઓજ ખરી જીંદગી ગુજારે છે, કેમ કે સ્વારથી એકલપેટી જીંદગીની સાથે હેરાનગતી, ગમ, અને ચીંતા જોડાયલી છે. પણ તે કાંઇ ખરી જીંદગી નથી. એ ઉમીદવારો પુર કાળજીભર પોતાની સઘળી ફરજ, આપ સ્વારથનો જરાએ ખ્યાલ કરયા વગર બજાવે છે, અને પોતાની સઘળી શકતી, બળ તથા મગજ ખુદા બીજાઓના દીલમાં તેમજ પોતાની આસપાસની દુન્યામાં સદા ચરણનું સ્થાન સ્થાપવામાં વાપરે છે, અને તેથી તેઓની ઉપલી શકતીઓ વધારે ખીલે છે. ખુદાઇ સુખના ઉમીદવારોનું કામ પહેલું એ છે કે ખુદ પોતેજ સદાચારી થવું અને પછી બીજાઓને સદાચારનો ઉપદેશ કરવો. તેમ થતાં તેઓ વખુવાર દલગીર થતા નથી, પણ સદાકાળ ખુશાલીમાંજ રહે છે, કારણ કે તેઓ દુન્યાના દુઃખ સંકટ જુએ છે તો પણ તે સાથ તેઓ વળી સેવટનું સુખ, અને નીત્યનું સુખાશ્રમ પણ અનુભવે છે.

"હું બીજાઓની સાથે કેમ વરતું છું ?"

"હું બીજાંઓને માટે શું કરૂં છું ?"

"હું બીજાંઓને માટે શું વીચાર રાખું છું ?"

"શું બીજાંઓ માટેના મારા વીચારો—અને બીજાંઓ પ્રતયેના મારાં કામો તદન બીનસ્વારથી પ્રીતથીજ દોરવાયલાં હોય છે ? હું ઇચ્છું છું કે બીજાંઓના વીચારો અને કામો મારી તરફ ઘણુંજ બીનસ્વારથી હોય—પણ તેમ શું હું પોતે વીચારૂં છું યા વરતું છું ? અથવા તે મારા વીચારો અને કામો અંગત તાસુબી, તુચ્છ કીના, યા સાંકડા મનનાં ઝનુની તીરસ્કારના પરીણામો તો નથી ?" જેમ જેમ એક ઇનશાન પોતાના આતમાની પવીત્ર ચુપકીદીમાં આ તીક્ષણ સવાલો પોતાના જીવને પુછે છે—અને પોતાના પયગમબરનાં મુળ શીક્ષણોને આધીન થઇ પોતાના તુરંગોને અને પોતાનાં કારયોને જેમ જેમ આકાર દે છે—તેમ તેમ તેની સમંજશક્તી ખીલે છે, અને તે ગફલતીમાં—ગોઠાં ખાવા વગર જોઇ શકે છે કે તે અતયાર તુલીક ક્યાં ઠોકડાતો હતો, અને તે દેખી શકે છે કે પોતાના હરદયને સ્વચ્છ બનાવવા ખાતર—પોતાની વરતણુંક સુધારવાને ખાતર—શું કરવાનું છે અને કેમ કરવાનું છે.

જ્યાં તુલીક ઇનશાન પાપની વાતાવરણમાં વસે છે ત્યાં તુલીક તેને ખ્યાલ આવે છે કે તે પોતે પાપને આધીન થઇ ગયલોજ છે—અને ખુદાઇ અંશથી તે સદાનો બાકાત થયલો છે, કે જે ખુદાઇ અંશ તે પોતાથી પારકો અને પોતાથી દુર હોયલો માને છે. પ્રથમમાં તો માનવી એક આત્મીક પ્રાણી છે—અને તે રીતે તો તે અમર આત્મા, યાને કાયમની હસ્તી જેને આદમ જાત ખુદા તરીકે પીછાને છે તેનીજ ષ્માસ્યત અને વસ્તુનો છે. પાપ નહીં, પણ ભલાઇ તેની ખરી હકદાર સ્થીતી છે; અપુર્ણતા નહી, પણ સંપુર્ણતા તેનો વારસો છે; અને આ સઘળું એક માણસ જો પોતાનો સ્વાર્થ, પોતાની ઇચ્છાઓની બીમારી, પોતાની ગરૂરીભરી ગુમાની, પોતાની એકલપેટાઇ અને અંગત લાભ શોધવાનો અભખરો છોડી દીએ તો હમણાજ સંપાદન કરી શકે—અને મહાત્મા કહે છે તેમ એક "કુદરતી માનવી" ના પદે પુગી શકે.

જયારે પયગમબરે કહયું કે "મારા વગર તમે કાંઇબી કરી શકશો નહી" તયારે તેણે પોતાના બાકી બદન માટે એશારો કરયો હતો નહી—પણ ખુદાઇ પયારની સામાનય લાગણી માટે કહયું હતું—કે જે પયાર તેણે ખુદ પોતાની વરતણુંકથી સંપુરણ રીતે પ્રદરશીત કરયો હતો. આ તેનું વચન માત્ર એક સાદી સચાઇ સીવાય બીજું કશું નથી. કારણકે જયારે આદમ જાતના કામો તદન સવારથી હોય છે—અને જયારે તે પોતે અંધકારમાં સબડતો અને મોતથી બીહતો એક ફાની ઇનશાન રહે છે—જયારે તે પોતાની અંગત બડાઇ માટેજ જીવતો રહેવા માંગે છે—તયારે તેનું કોઇબી કામ સદંતર તુચછ અને તકલીદી હોય છે. ઇનશાન જાતમાં જે જનાવરી તતવ છે તે કદીબી ખુદાઇ અંશનો પ્રતીઉતર કરી શકશેજ નહી. માત્ર ખુદાઇ તતવજ ખુદાઇ અંશને જવાબ દઇ શકશે. આદમીમાં કીના કપટનો જે ગુણ હોંય છે તે કદીબી ખુદાઇ પયારના ગુણ સાથે એક-સરખુ ધરૂજની ધરાવી શકશેજ નહી. પયાર એકલો માત્ર પયારને સમજી શકશે--અને તેની સાથ જોડાઇ શકશે. માનવીમાં ખુદાઇ અંશ બેશક છે—માનવી પયારનું સવરૂપ છે. જો માનવી પોતાના અસવચછ અને સવારથી તતવો, જેની પાછળ તે અતયાર તુલીક આંખ વીચાને ઘસડાતો આવયો છે તે, તજી દેશે તો તે ખુદાઇ પયાર સમજી શકશે.

આપણુને તેમજ દરેક જણુને પારકાની ભલાઇમાંથી-ખુદ ખુદાની વટીક ભલાઇમાંથી-હાગેઝ સંતોષ, સુખ તથા શાંતી જડી શકતાં નથી. જયા તુલીક આપણે પાતે તે ભલાઇ કરયે નહી-જયાં તુલીક ભલાઇને આપણે પોતે આપણી ચાલુ કોશેશથી આપણા જીવનમાં આમેજ કરયે નહી--ત્યાં તુલીક આપણુને તેના આષીશ અને તેની શાંતી મળી શકે એમ નથી. એટલા થકી તું, (જે તારા પયગમબરને તેની ખુદાઇ ખાસ્યેતોને ખાતર પુંજયા કરે છે, તે) તું પોતે તે ખાસ્યતો મુજબ અમલ કરવા માંડ, અને તું પોતેજ઼ી ખુદાઇ અંશનો બની શકશે. પયગમબરના શીક્ષણો ઇનશાનોને માત્ર એક સાદી સાચી બાબદ ઉપર પાછા દોરવી લઇ જાય છે; અને તે એકે નેકી અથવા નેક કર્મ સદંતર એક માણુસની પોતાની વર્તણુંકનુંજ પરીણામ હોય છે; તે માનવીના વીચારો તથા કામોથી કાંઇ વેગળી આસ્માની ગુપ્ત બાબદ નથી; દરેક આદમીએ ખુદ પોતે નેકીવંતા બનવાનું છે-તે શબ્દ "નેકી" દરેક માણુસે પોતે બનાવવાનો છે—અને અંતરની ખુશાલી તથા શાંતી એક માણુસના પોતાના કામોથી ઉપજાવી શકાય છે, પારકાંનાં કામોથી ઉપજાવી શકાતી નથી.

તા૦ ૨૭ મી આગષ્ટ.

પયગમ્બરના કોઇબી બોધ ઉપર અમલ કરી શકો તે અગાઉ તમારે તમારાં કોઇ એકલપેટાં અને અંગત તત્વનો વગર શરતે ભોગ આપવોજ પડશે. માનવી જયાં તુલીક તકલીદીને વળગી રહેશે ત્યાં તુલીક તે સંગીનને પીછાની શકશેજ નહી. જયાં તુલીક તે ગફલતીને ચીટકી રહેશે ત્યાં તુલીક તે સચ્ચાઇનું કામ આરંભી શકશેજ નહી. જયાં લગણ એક ઇનશાન પોતાની છાતીમાં હવસ, કીનો, ગરૂરી, તુમાખી, સ્વાર્થી ઇચ્છા, લોભ સમાવી રાખે છે ત્યાં લગણ તે કશુંબી કરી શકવાનો નથી–કેમજે આ સરવે પાપી તત્વોનાં પરીણામો તકલીદી તેમજ ફાની હોય છે. માત્ર જયારે તે ખુદાઇ પ્યારનો અંશ પોતાના અંતરમાં સમાવી તેનો આશરો લીયે છે ત્યારેજ તે ધીરજવંતો, નરમાશ ભરયો, સ્વચ્છ, દયાળુ, અને દર ગુજરભરયો બની શકે છે–તથા નેકીના કામો બજાવી જીંદગીનાં મીઠાં ફળ ચાખે છે. દ્રાક્ષનું ઝાડ તેની ડાંખળીઓ વીના જીવી શકતું નથી–અને ડાંખળીઓપરે ફળ નીપજે નહી ત્યાં સુધી ડાંખળીઓ સાથનું બી દ્રાક્ષનું ઝાડ સંપુર્ણ કહેવાતું નથી. સઉ કોઇ સાથે જીગરમાં, મનમાં અને કામોમાં પ્યાર રોજીંદો ધરાવી રાખી–કોઇબી નુકસાનકારક કે અસ્વચ્છ તુરંગો મગજમાંથી હાંકી કહાડી–માનવી પોતાની હસ્તીનાં અચળ અને અમર નીયમો શોધી કહાડી શકે છે.

પયગમ્બરે જે એકલી એક મુકતી પીછાણી છે અને શીખવી છે તે પાપની મુકતી છે—બલકે પાપનાં પરીણામોની મુકતી—છે; અને એ ચીઝ તમે પાપને સદંતર ત્યાગ કરવાથી હાંસલ કરી શકશો. તેથીજ તમે પરમેશ્વરના મુલકની કીમત તમારાં અંતરમાં કરી શકશો—અને તેથીજ તમે સંપુર્ણ જ્ઞાન, સંપુર્ણ સુખ, સંપુર્ણ શાંતી પ્રાપ્ત કરી શકશે. "જ્યાં સુધી એક માણસ પુનર્જન્મ લે નહીં ત્યાં સુધી તે ઇશ્વરી મુલકને દેખી શકશેજ નહી"' એક ઇનશાનને નવુંજ પ્રાણી બનવુંજ જોઇયે—અને તે જુની સ્થીતીને સમુળગી છોડી છે નહીં, ત્યાં સુધી નવી હાલતે પુગી શકેજ કેમ? જો એક આદમી કાંઇ અમુક ધાર્મીક પંથને સ્વીકારીને યા ધામાક ઓથો અખત્યાર કરી ને પોતાના મનમાં એમ ફાંકો રાખતો હોય કે કોઇ ભેદભરી અને નહીં સમજ પડી શકે તેવી રીતે તે પોતાના આગલાજ મીઝાઝ, આગલીજ તકોબરી; આગલી હુજત, આગલી એકલપેરાઇ જાળવી રાખવા સાથ પોતે એક "નવુંજ પ્રાણી બની જશે" તો તેવા આદમીની છેલ્લી હાલત તેની પહેલી સ્થીતી કરતાં ખચીતજ વધારે બદતર છે.

પયગમ્બરનો પેગામ જે ઇનશાન ને તેની ખુદાઇ શક્તીઓનો ભાસ આપે છે તે ખરેખરા શુભ સમાચાર છે, આ પેગામ પાપમાં ડુબેલી આદમ જાતને ટુંકમાં એટલુંજ કહે છે કે "તારી સુસ્તી છોડ અને ચાલવા માંડ"—યાને તે માનવીને કહે છે કે "નેકીમાં વીશ્વાસથી જોતું માનશે અને જો તું તકેદારીમાં રહી ચાલુ કોશેશ સાથ તારી જીંદગીમાં પાપ વીનાની ભલાઇ આમેજ કરવામાં ફતેહ પામશે તો તું વધુ વાર અંધકારમાં, અજ્ઞાનતામાં અને પાપમાં સખડશેજ નહી. અને આ રીતે વીશ્વાસ રાખવાથી તેમજ યકીન ધરાવવાથી આદમીને પયગમ્બરની નસીબ હતના સંપુર્ણ કાયદાનીજ રાહબરી માત્ર મળે છે એમ નથી—તેને તેના પોતાના જીગર માંહેના સચ્ચાઇનાં અવાજની રાહબરીભી મળે છે. "આ સચ્ચાઇની રોશની દુન્યામાં જન્મ લેતા દરેક આદમીને પ્રકાશ આપે છે"—અને તેની પુઠે ચાલવાથી અચુક રીતે પયગમ્બરની નસીહતોનો ખુદાઇ અંશ પુરવાર થાય છે.

બદીની સામે ટક્કર ઝીલવામાં એક આદમી જ્યારે રોકાયલો હોય છે ત્યારે તે કાંઇ નેક કામ બજાવતો નથી, એટલુંજ નહીં-પણ જે જુસ્સો અને જે તાસુબી તે બીજાઓની અંદર નાપસંદ કરે છે તેજ જુસ્સો અને તેજ તાસુબી તે પોતેબી દેખાડે છે! તેના મનની આવી વળણને પરીણામે તે આદમીને પોતાને પણ પારકાઓ એક બદી તરીકે લેખી તેની સામે થાય છે. તમે એક માણસ, એક પંથ, એક મજહબ યા એક સરકારને નુકસાનકારક લેખી તેની વીરૂધ થાઓ-અને જુવો કે તમને પોતાને નુકસાનકર્તા તરીકે લેખવામાં આવશે અને બીજાઓ તમારી પોતાનીજ વીરૂધ થશે. કોઇ સખ્શ પોતાની સતાવણી થાય યા પોતાની ઝાટકણી નીકળે તેને એક જો મોટી બદી તરીકે લેખતો હોય તો તેણે બીજાંઓની સતાવણી કરતાં યા બીજાઓની ઝાટકણી કહાડતાં અટકવું જોઇયે. અત્યાર સુધી સઘળી ચીઝ જેને પોતે બદ તરીકે પીછાણતો હોય તેનાથી તેને અલગ થઇ જવાદો-અને માત્ર ભલી ચીઝ પાછળજ તેને વળગવા દો. આ બોધ એટલો તો ઉંડો છે-તેની અસર એટલી તો જબરી છે-કે તેની ઉપર અમલ કરવાથી એક ઇનશાન આત્મીક જ્ઞાન અને આત્મીક સંપુર્ણતાએ ઘણોંજ ઉંચો ચઢી શકે છે.

તા૦ ૨૭ મી આગષ્ટ.

ઈશ્વરી મુલકના બચ્ચાંઓ તેઓની જીંદગીપરથી ઓળખાઇ આવે છે. ખુદાઇ અંશના ફળો તેઓ પ્રદરશીત કરે છે: પ્યાર, ખુશાલી, શાંતી, સહનશકતી, માયા, ભલાઇ, વફાઇ, નમરતા, મીતાહારપણું, જાતી અંકોશ—આ સઘળું હરેક સંજોગો તળે, હરેક મુસીબતો તળે તેઓ પ્રગટ કરી શકે છે. તેઓ ગુસ્સો, ધાસ્તી, શક, અદેખાઇ, ફાંટા, ચીંતા અને ગમગીનીથી સમુળગાં નીરાળાં હોય છે. તે કીરતારની નેકીનાજ રાહ ઉપર જીવી તેઓ એવી ખાસ્યતો રજુ કરે છે કે જે આ દુન્યામાં સાધારણ રીતે નજરે પડતી ખાસ્યતોથી ઉલટાજ પ્રકારની હોય છે, અને જેને આ દુન્યા મુર્ખાઇભરી માને છે; તેઓ કશાબી હકો માંગતા નથી. તેઓ પોતાનો બચાવ કરતા નથી. તેઓ કદીબી પાછો વળતો ફટકો મારતાજ નથી. જેઓ તેમને નુકસાન કરવા માંગે છે તેઓ સાથ આ માણસો સામી ભલાઇ કરે છે. જેઓ તેમની સાથ એકમત થાય છે તેઓ તરફ અને જેઓ તેમની વીરૂધ થઇ તેમની ઉપર હુમલા કરે છે તેમની તરફ આ માણસો એકસરખી નરમાશભરી વળણુ ધારણ કરે છે. તેઓ પારકાંઓની ઉપર કશાબી મત ઓચરતા નથી. તેઓ કોઇબી આદમીને—કોઇબી સીસટમને—હરકાટી કાઢતા નથી, અને સર્વ સાથ સુલેહ શાંતીમાં રહે છે.

નેકીનું મંદીર બાંધવામાં આ વેલુ તૈયાર છે, અને તેની ચાર દીવાલો ચાર મુખ્ય નીયમો છે—સ્વચ્છતા, શ્યાનપણુ, દયા, પ્યાર. શાંતી તેનું છાપરું છે, અને મક્કમપણું તેની જમીન છે; તેનો દાખલ થવાનો દરવાજો બીનસ્વાર્થી ફરંજ છે; તેની વાતાવરણ ખુદાઇ જુસ્સો છે, અને તેનું સંગીત સંપુર્ણ ખુશાલી છે. આ મંદીરને દોદરાવી શકાતું નથી, કેમજે તે કાયમનું છે, અને નાશ પામે તેવું નથી—અને આવતી કાલે શું થશે તે ચીંતાને સબબે તેનું રક્ષણ કરવાનો વીચાર કરવાની જરૂર રહેતી નથી. પરમેશ્વરનો મુલક સનવીનો અંતરમાં હસ્તી ભોગવે છે, અને તેથી જીંદગી માટે અગત્યની જડવાદી હાજતો બાબેંકશોબી અંદેશો કરવાની જરૂર રહેતી નથી; કેમજે ઉંચામાં ઉંચી, બુલંદમાં બુલંદ ચીઝ જડવાને સબબે આ નાની નાની જડવાદી વસ્તુઓ માત્ર અમુક કારણોની અસરો, વગીકે લેખવામાં આવે છે અને તેથી જીંદગી જુઝવવાનો ઝપડો બંધ પડે છે. આત્મીક, માનસીક અને જડવાદી હાજતો ત્યાર પછી રોજીંદી "સર્વ સામાન્ય સુકાળ"માંથી પુરી પાડવામાં આવે છે.

માત્ર સાચ્ચા અને અંતઃકરણ પુર્વક શબ્દોજ ઓચરજો. સખુનથી, દેખાવથી યા ચાળાથી કોઇને ઠગતા-ના. જેમ એક કાતીલ સાંપથી તમે દુર નાસો તેમ બદગોઇથી દુર રહેજો, કેમજે નહી તો તમે તેના ફંદામાં સપડાઇ જશો. જે શખસ બીજાં માટે બુરૂં બોલે છે તેને શાંતીનો રસ્તો જડી શકતોજ નથી. હરેક પ્રકારની વગર અર્થની કાનાસોરી કરવાની કુટેવ છોડી દેજો; પારકાંઓની ખાનગી બાબદો વીશે વાત કરતાંજ ના—સોસાયટીની રીતી નીતી વીશે તકરાર કરતાં ના—જાણીતાં માણસો-વીશે નુકતેચીની કરતાં ના. ખાર રાખીને વર્તતા ના—બીજાઓની ઉપર આરોપો મુકતા ના—પણ તમારી સામે કાંઇબી આક્ષેપ મુકાય તો તમારી સ્વચ્છ ચાલચલણથી તેનો જવાબ દેજો. જેઓ નેકીના રાહ ઉપર ચાલતા નહી હોય તેઓને દોશ દેતા ના—પણ માયાથી તેપનો બચાવ કરજો, અને તમે પોતેબી તેજ રાહપર ચાલજો. ગુસ્સાના આતશને સચ્ચાઇનાં નીરમળ પાણી-થી બુજાવજો. તમારા શબ્દોમાં તમે નરમાશભર્યા રહેજો—અને કોઇબી હલકી, વાહીયાત અને ના-રવા ઠઠા બાજીમાં સામેલ થતા ના. ગંભીરતા અને મર્યાદા એ સ્વચ્છતા અને ડહાપણની નીશાનીઓ છે.

ગમે એવી લાલચ તને લલચાવે પણ સચાઇથી વેગળો જતો ના. ઇર્ષ્યા કેરણીને વશ થતો ના. જયારે દીલના જુસ્સાઓ જાગરૂત થાય તયારે તેમના ઉપર કાબુ રાખજે અને તેમને દાબી દેજે. તારૂં મગજ જયારે ભમવા લાગે તયારે તેને તુરત શાંત કરજે અને ઉંચ ખયાલોમાં મશગુલ થજે. એમ નહીં વીચારતો કે ગુરૂ કનેથી યા ચોપડીઓમાંથી તું સતયતા મેળવીશ. વહેવારૂ કામોથીજ તું સતયતા જીતશે. ગુરૂ અને પાઠપોથી માત્ર શીક્ષણ આપયા સીવાય કાંઇ વધુ કરી શકતાં નથી. તેમનાં મારફત તું જે શીખયે તે મુજબ વહેવારૂ રીતે તારે અમલ કરી દેખાડવો જોઇએ. જેઓ કાયદાકાનુનો અને શીક્ષણોનુ સાર ચાખે છે અને આપબળ ઉપરજ આધાર રાખીને વરતે છે તેઓજ ગ્નાની થઇ શકે છે. સતયતા મહેનત કરીને મેળવવી જોઇએ. અદભુત દેખાવોથી દોરવાઇ જતો ના; અથવા ભુતચારા સાથ યા તો મરણ પામેલાઓના આતમા સાથ સંદેશા ચલાવવા તજવીજ ના કરતા. પણ સતયતાને વળગી રહીને, તેના કાનુનો મુજબ અમલ કરીને સદાચરણ, ડાહપણ અને ગ્નાન મેળવજે. ગુરૂ ઉપર વીશવાસ મેલજે; કાયદા ઉપર એતબાર રાખજે, અને સદાચારના મારગ ઉપર પુર ભરોસો મેલીને આગળ વધજે.

આદમી હાલમાંજ સઘળું જોઇતું બળ ધરાવે છે. પણ તે પોતાના અજ્ઞાનપણામાં કહે છે કે "હું આવતે વરસ, અથવા આટલાં વરસો પછી, યા તો આટલા જન્મોબાદ, સુધરીને સંપુરણતાએ પ્હોંચીશ." ખુદાઇમારગે ચાલનારાઓ, જેઓ હાલના વખતમાંજ જીવે છે તેઓ કહે છે કે "હું હમણાજ સંપુરણતાએ પ્હોંચ્યો છું," અને તેમ કરીને તેઓ હમણાથીજ યાને આજથીજ ગુનાહોથી દુર રહે છે અને પુર ચાલુ કાળ-જીભર પોતાના મગજના સઘળા દરવાજાઓની પાસબાની કરે છે, ગયા વખત ઉપર ધ્યાન દેતા નથી, યા ભવીષ્ય તરફ નજર કરતા નથી, ડાબા હાથપર યા જમણા હાથપર વળતા નથી, પણ સદાકાળ પવીત્ર જીવન ગાળે છે અને તેઓ આશીશ પામે છે. આજે હાલમાંજ સ્વીકારયલો સમય છે—આજેજ મુકતીનો દીવસ છે. માટે તું તારા જીવને કહે કે મારી અભીલાષા યાને મારા આઇડીયલઝ મુજબ હું મારૂં જીવન ગાળીશ, આજે જ મારા આઇડીયલઝ મુજબ ચાલીશ, અને મને મારા આઇડીયલઝથી દુર ખેંચી જતાં તત્વોની હું દરકારજ નહી કરીશ—તેમના તરફ ધ્યાને ન દઇશ. હું માત્ર મારા પોતાના દીલના આઇડીયલઝના અવાજ મુજબજ અમલ કરીશ." તું જો આવા ઠરાવ ઉપર આવશે, અને આ મુજબજ અમલ કરશે તો તું ઉંચ મનોવર્તીથી કદી વેગળો જશે નહી અને સદાકાળ સત્યતાની ખુદાઇ રાહે રહેશે.

ખરેખરી મોજુદ-હસ્તી ધરાવવી-જો કોઇબી ચીઝ એવી હોય કે જેમાં વખત સમાયલો હોય તો તે હાલનો સમો છે. હમણાની ઘડા-એ વખતના કરતાં કાંઇક વધુ છે - કાંઇક વધારે બુલંદ છે. હાલનો સમો તમારી સમક્ષ સદા ઉભી રહેતી એક ખરેખરી મુસ્તકીમ બાબદ છે. તેને ભુતકાળ યા ભવીષયકાળ સાથ તાલુકો નથી—તે કાયમ તુલીકનો જોરેમંદ અને નક્કર છે. દરેક ઘડી, દરેક દહાડો, દરેક વર્ષ જેવું પસાર થઇ ગયું કે એક સ્વપનું થઇ પડે છે—અને જો તે સદંતરજ ભુસાઇ જવું નહીંબી હોય તોયે યાદદાસ્તમાં માત્ર એક વકલીદી અપુરણ પીકચર તો તે જરૂરજ થઇ પડે છે. ભુતકાળ અને ભવીષકાળ ખરેજ સ્વપના સમાન છે; વરતમાન કાળજ માત્ર ખરી હસ્તી ધરાવતી મોજુદ ચીઝ છે. દરેક વસ્તુ હમણાનીજ છે-દરેક કામ હમણાનુંજ છે. હમણા તમે કાંઇ કામ બજાવો નહી, હમણા તમે કાંઇ પરીણામ નીપજાવો નહી તો કામ યા પરીણામ જેવું કશું તમે હરગેઝ નીપજાવશો નહી તમે શું બજાવી શકતે તેના તુરંગોમાં તમે જીવ્યા કરો—યા તમે શુ હવે પછી બજાવવા ધારો છો તેના ખ્વાબો તમે જોયા કરો—એ મુરખાઇ છે. દીલની ગમખારી બાજુએ મેળવી-ઉમેદ ને જીગરમાં વાસો કરવો—અને હમણાજ કામે મંડી જવું—એમાં ડાહપણ છે.

૦

બદલાની કાંઈ પણ આશા વગર તું તારી ફરજ પુરી વફાદારીથી અદા કરજે. મોજમજાહ યા સ્વારથના કોઈ પણ ખયાલથી લલચાઈને તું તારી ફરજ ભુલતો ના. તું બીજાઓની ફરજની વચે આવતો ના. સખતમાં સખત કસોટી હેઠળ, તારૂં સુખ અને જીવ જોખમમાં હોય તોપણ ખરા માર્ગથી વેગળો જતો ના. નહી જીતી શકાય એવું સાચવટ ધરાવતો આદમી અજીત હોય છે; તે ગુંચવાતો ગભરાતો નથી; અને શક તથા મુઝવણની દુઃખભરી ભુલ ભુલામણીમાંથી આસાન છટકી જાય છે. કોઈ તારી ઉપર કાંઈ આક્ષેપ મેલતો હોય, કોઈ તને ગાળો ભાંડતો હોય યા તારે માટે બુરૂં બોલતો હોય તો મુંગોજ રહેજે; અને અંગત સ્વભાવ ઉપરનો કાબુ જાળવી રાખજે. એમજ સમજજે કે ભુંડુ બોલનાર યા કરનાર—જયાં સુધી તું તેનું વેર લેવાને તલપે નહી અને મગજની તેવીજ સ્થીતીમાં આવી પડે નહી ત્યાં સુધી—તને કદી નુકસાન કરી શકનાર નથી. વળી એ ભુંડુ કરનાર ખુદ પોતાને કેટલું નુકસાન કરે છે તે જોઈને તેના તરફ દયા રહેમદીલીથી વરતજે.

વેરભાવ રાખતો ના, ગુસ્સાને દાબી દજે અને ધીક્કારને વશ કરજે. સઘળાઓ તરફ એકસરખી માયા અને દયાથી જોજે અને તેવીજ દયા માયા સાથ તેમના તરફ વરતજે. સખતમાં સખત કસોટીનો સમો આવી ચઢે તોપણ કડવાશને વશ થતો ના, અને ક્રોધને માઠું લાગે એવા કડવા વેણ ઓચરતો ના; અગર કોઇ ગુસ્સો કરે તો તેના સાથ માયાથી કામ લેજે, કોઇ ચેશટા કરે તો ધીરજથી સહન કરજે, કોઇ ધીક્કાર બતાવે તો, માયાથી જવાબ વાળજે. કોઇનીબી તરફ પક્ષાપક્ષીની વળણ અખતયાર કરતો ના; પણ પક્ષકારો વચે સુલેહ સમાધાની કરાવજે. આદમી અને આદમી વચેનો મતફેર વધારીને તેમની વચેનો અંતર વીશાળ બનાવતો ના, અથવા એક પક્ષની તરફદારી કરીને બીજી પક્ષ સામેનો વીરોધ વધારતો ના, પણ સરવેને એક સરખો ઇનસાફ, એકસરખી માયા, એકસરખી ભલાઇથી નવાજજે. બીજા ગુરૂઓને, બીજા ધરમોને, યા બીજા આચાર વીચારવાળા સમુહને નીંદવીને ઉતારી પાડતો ના. શ્રીમંત અને ગરીબ વચે, કે થાપણદાર અને કામદાર વચે, સરકાર અને રઇયત વચે, શેઠ અને નોકર વચે અંતર પડાવતો ના, પણ તેઓને જે જુદી જુદી ફરજો અદા કરવાની છે તે ધયાનમાં રાખીને સઘળા તરફ એક સરખી નજરે જોજે. મગજ ઉપર ચાલુ કાબુ રાખવાથી, કડવાસ અને ગુસસાને દાબી દેવાથી, અને મકકમ માયા દયા બતાવવાથી ભલા જીવનનો જશ મેળવી શકાશે.

સઘળી ચીજોના કામમાં તમારી અક્કલ બુધ્ધીનો ઉપયોગ કરજો. સઘળી વસ્તુઓની કસોટી કરી જોજો. જાણવા અને સમજવાને આતુર રહેજો. વીચાર કરતી વખતે ખરૂં શું અને ખોટું શું તેનું બરાબર તોલ કરજો. મોહડેથી જે કાંઇ બોલો તેજ પ્રમાણે બરાબર ચાલજો. મનની હાલતને સરળ બનાવવા અને તેની ભુલચુકો દુર કરી નાંખવા માટે જ્ઞાનની રોશની તેની ઉપર નાંખજો. ઘણીજ બારીકીથી તમને પોતાને મનમાં સવાલ પુછી જોજો. તમારી માન્યતાને, ઉડતી ઉડતી સાંભળેલી વાતોને અને તમારી અટકળોને દુર કરી નાંખજો અને ખરેખરાં જ્ઞાનને તમારા કબજામાં લેજો. જે ઘણી મહાવરાથી મળેલાં જ્ઞાન ઉપર ખડો રહે છે, તે કીરતાર ઉપરના ઘણાજ ઉંચ પ્રકારના અને તે છતાં નમ્ર ઇતબારથી છળાછળ ભરાઇ ગયલો હોય છે અને તે સચ્ચાઇમો શબ્દ જોશ સાથે ઓચરી શકે છે. ખરાં ખોટાંનું બરાબર તોલ કરવાના કામમાં કુશળતા મેળવજો. નેકી અને બદી વચેનો તફાવત પારખતાં શીખજો. જીંદગીમાં બનતા બનાવોનું સાર્થક અને તે બનાવો એક બીજા સાથે શું સંબંધ ધરાવે છે તે પીછાનતાં શીખજો. દુન્યવી તેમજ માનસીક—સઘળી ચીજોમાં કારણ અને અસરનો કાનુન કેવો અચુક રીતે કારય કરી રહયો છે તે પીછાનવાને તમારાં મનને જાગૃત કરજો. એ રીતે પાપ તથા મજાહ ભોગવવાની કોશેશ કેવાં નકામા છે તે તમારી નજર સામે ખુલ્લું થશે અને ઘણા ઉંચ પ્રકારના સદગુણ તથા ડાહયા વગરની નીતીથી ઉપજતી ખુશાલી અને મળતી કીરતી તમને સ્પષ્ટ રીતે માલમ પડશે.

તા૦ ૭ મી સપ્ટેમ્બર.

તમારી ખાલી આંખ્યોથી જોતા ના— પણ સચ્ચાઇની સ્વચ્છ અને એકપુરી આંખ્યાથી જોજો! પછીજ તમે તમારી કુદરતી સ્થીતી સમજી શકશો; એક બુધ્ધીવાળા ઇનશાન તરીકે અનુભવના અસંખ્ય જમાનાઓમાંથી તમે કેમ પ્રગટીકરણ લીધું છે તે તમને ત્યારેજ સમજ પડશે. ત્યારેજ તમને સમજ પડશે કે જીંદગીઓની એક વગર ભાંગેલી હારમાળામાંથી ચાલ્યા જઇને— નીચી હસ્તી ઉપરથી ઉંચી હસ્તીએ જઇને—ઉંચી હસ્તીપરથી હજી વધારે ઉંચી હસ્તીપર જઇને—તમારાં મનની સદા ફેરવાતી ખાસ્યતો કેમ તમારા પોતાના વીચારો અને તમારાં કામોથી રચાતી ચાલે છે; ત્યારેજ તમને સમજ પડશે કે તમે આજે જે છો તે તમારાં કરમોનુંજ પરીણામ છે! આ રીતે તમે જો તમારી પોતાની ખાસ્યતને સમજશો તો તમે તમામ ખલકતની ખાસ્યતને સમજશો. પરીણામમાં તમે સદા દયામાંજ વાસો કરશો. ખુદાઇ અચળ કાયદાને તમે પીછાણશો— માત્ર સામાન્ય રીતેજ નહી, પણ દરેક જુદા જુદા આસામીઓના બાબમાંબી તે પીછાણશો. પછી તમારો સ્વારથ સમાપ્ત થશે. તે એક વાદળાં મીસાલ વીખેરાઇ જશે—અને સચાઇનો જય થશે.

મુર્ખાઇ અને ડહાપણુ—નબળાઇ અને કઉવત—એક ઇનશાનની અંદર પોતાની છે; કોઇબી બાહેરની ચીઝમાં તે નથી; કોઇબી બાહેરના કારણથી ઉત્પન થતાં નથી. કોઇબી પારકાં માણુસને ખાતર તમે મજબુત થાઓ એ બની શકવું મહાલ છે—તે ફકત ખુદ પોતાને ખાતર મજબુત બને, એ બનવા જોગ છે. તમે પારકાંને ખાતર કોઇ બાબદમાં સરસાઇ મેળવશોજ નહી—તમારે પોતાને ખાતર તમે એકાદ બાબદમાં સરસાઇ મેળવશો. કદાચ તમે બીજાંઓ માટે કાંઇક શીખી શકશો—પણ પરીણામ તો તમે તમો પોતાનેજ માટે ઉપજાવશો. બાહેરના દરેક ટેકા તમે બાજુએ મેલજો—અને તમારી પોતાની અંદર જે સચ્ચાઇનો અંશ છે તેનોજ ટેકો લેજો! કોઇ પંથનું શીક્ષણ તમને લાલચની ઘડીમાં આડે આવશે નહી—તમને તમારાં અંતરના જ્ઞાનથીજ લાલચને વશ કરવી પડશે. આફતની વખતે એકાદ તકરારી ફીલસુફી માત્ર એક પડછાયા સમાન નીવડશે. ગમીનો છેડો લાવવા ફકત અંતરના ડહાપણનીજ જરૂર છે, ચાલુ મનશની અને કુનરનીમાંજ અચુક ડહાપણ છે; સુંદર, પ્યારી અને સાચ્ચી ચીઝોમાંજ મન અને જીગર રોકવાથી અચુક સ્થાનપતનો ખ્યાલ ઉપજે છે.

જ્યારે એક ઇનશાનને બરાબર માલુમ થાય છે કે દુનયાની આતમીક કારસાજીમાં સંપુરણ ઇનસાફ જાયજ છે ત્યારે તેનો મીનોઇ પયારનો જુસ્સો ઘટતો નથી. ઉલટો તે વધે છે અને વધારે જડ બને છે—કેમકે તે માણસ સમજવા લાગે છે માનવી જાત અજ્ઞાનપણાને સબબેજ દુ:ખ સેહવે છે અને બીનમાહીતગારીને પ્રતાપેજ ઠોકડાય છે. ગરીબો કરતાં તવંગરો વધારે મુંઝવણમાં પડે છે—અને તે તવંગરો પોતાના સુખ અને દુ:ખની વાવણીના પરીણામો ભોગવે છે. સરવાતમ ઇનસાફનું શીક્ષણ તવંગરો માટે તેમજ મુફલેસો માટે એક સરખુંજ છે; તવંગરો—જેઓ એકલપેટા અને જુલમગાર છે, અને જેઓ પોતાની દોલતનો ગેરઉપયોગ કરે છે—તેઓને આ સરવોતમ ઇનસાફ કહે છે કે તેમને (એટલે તવંગરોને) તેમના કરમોના ફળ ચાખવાંજ પડશે; દુખીઓ અને હાડમારીથી પીડાતાઓને આ સરવોતમ ઇનસાફ કહે છે કે "તમો તમારાં આગલાં ભવોના કરમોના ફળ ચાખો છો—જો તમે હવે સ્વચ્છતા પયાર, અને શાંતીનાં બી વાવશો. તો જરૂરજ તમે તમારી હાલની કંગાળપતમાંથી બાહેર નીકળશો."

સારી જગતને માટે એક મહાન ખુદાઈ પાઠ શીખવાનો નીર્માણ થયલો છે—અને સંપુર્ણ બીનસ્વાર્થીપણાંનો છે. દરેક કાળના મહાત્માઓ, ઓલમાઓ અને પયગમ્બરો તેઓજ થઈ ગયા કે જેઓ આ ફરજને આધીન થયા અને જીવીને તે પાઠ મુજબ અમલ કરયો. દુન્યાના તમામ મહજબો બસ માત્ર આ એકલો એકજ પાઠ શીખવવા માટે રચાયલાં છે—દુન્યાના તમામ મહાન શીક્ષાગુરૂઓએ તે પાઠ ફરીથી અને ફરીથી ઓચરેલો છે. દુન્યાના લોકો તેને ઘણોજ સહેલો સમજીને તેને તરછોડે છે—અને તેમ કરતાં પોતે એકલા પેટાઈના ગુંચવણભરયા રસ્તાઓ ઉપર ઠોકડો ખાઈ જાય છે. આ નેકીવંતો પાઠ શોધી કાહડો—અને તમે સચ્ચાઈના અને શાંતીના અચળ રસ્તા ઉપર ચાલવા માંડશો: જે ઇનશાન આ રસ્તા ઉપર એક વાર દાખલ થયો તેને તે અમર જીંદગી દેખાવા માંડશે કે જયાં જન્મ અને મરણ જેવું કશું છેજ નહીં; તે ઇનશાનને દેખાઈ આવશે કે આ શ્રષ્ટીની ખુદાઈ રચના અંદર નજીવીમાં નજીવી કોશીશ ખાલી જતી નથી. જયાં તુલીક દરેક આદમી પોતાના અંતર માંહેલા ખુદાઈ અંશનો ખુશાલી ભરયા ખ્યાલ ઉપજાવી શકશે નહી ત્યાં તુલીક આ જગતની લાંબી મુસાફરી સમાપ્ત થઈ શકનારજ નથી.

માનવીના મનની અમુક નક્કી વળણુથી તેની ચાલચલણુને આકાર મળે છે—અને ચાલચલણુના તે આકારને પ્રતાપે સુ:ખ યા દુ:ખની અસરો નીપજે છે. આ ઉપરથી ત્યારે એમ ઠરે છે કે અમુક અસર ઉપજાવવી હાલત બદલવા થકી માનવીએ તે અસરનું મુળ કારણુ-વીચાર-ને બદલવો જોઇયે. કંગાલ્યતને જો તમે સુખચેનમાં અદલાબદલી કરવા ચાહતાહોવ તો તમારાં મનની નક્કી વળણુ અને તમારી ચાલચલણુનો રોજ—જે આ કંગાલ્યતનું કારણુ છે—તેને ઉલટી દીશાએ ગતી આપવાની તમને જરૂરજ પડશે, અને ત્યારેજ ઉલટી અસર તમારાં મનમાં અને તમારી જીંદગીમાં પ્રગટ થશે. જો એક ઇનશાન બસ એકલપેટાઇભરી રીતે વીચારો કરતો હોય યા અમલ કરતો હોય તો સુખી થવાની તે શકતી ધરાવતોજ નથી. જ્યાં સુધી તે બીન સ્વાર્થપણુ વીચારો કરે છે યા વરતે છે ત્યાં સુધી તે અસુખી થઇજ શકતો નથી. જ્યાં જ્યાં બી કારણ હશે ત્યાં ત્યાં પરીણામ તો નીપજવાનું જ. માનવી અસરને નીરમુલ કરી શકતો નથી—પણ તે કારણુને બદલી નાખી શકે છે, તે પોતાના ખયાલને સ્વચ્છ કરી શકે છે—તે પોતાની ચાલચલણુને નવેસરથી આકાર દઇ શકે છે. ખુદ પોતાની ઉપર જીત મેળવવી એમાં મહાન શકતી સમાયલી છે; ખુદ પોતાને જુદાં રૂપમાં રજુ કરવું એ એક મહાન ખુશાલીનું પ્રાક્રમ છે.

જે ઇનશાનનું મન શકીલું, લોભી, અદેખું છે તે માણસ બાબે દરયાફત કરો. દરેક ચીઝ તેને કેવી ન્હાની, તુચ્છ અને ઉજડ લાગે છે! તેનામાં પોતાનામાં કાંઇબી દબદબો નથી—એટલે તે કેયેબી બીજે દબદબો જોઇ શકતોજ નથી. તે પોતે હલકત છે—એટલે કોઇબી બીજા આસામીમાં તે દીલની મોટાઇ જોવાને અશક્ત છે. તે પોતે એકલપેટો હોવાથી ગમે તેવાંબી મોતેબર બીનસ્વાર્થી કામોમાં તે માત્ર નીચ અને હલકી મકસદોજ જોઇ શકે છે. એથી ઉલટી રીતે તે એક ઇનશાન, જેનું મન વેહમોથી નીરાળું, ઉદાર અને મોટાઇભરયું છે તેનો વીચાર કરો. તેની દુન્યા કેવી અજાયબીભરી અને સુંદર છે! તે હરેક આસામીને સાચ્ચોજ દેખે છે—અને હરેક આસામી તેની સાથે સાચ્ચોજ નીવડે છે. તેની હાજરીમાં નીચમાં નીચ સખ્શોબી પોતાનો હલકો ખવાસ ભુલી જાય છે, અને તેનીજ માફક ઘડીભર ઉમદા ખસલતના બને છે. તેઓને આ તુરત વેળાની ચઢીયાતી મન—ખીલવણીમાં હાલના કરતાં અતી ઘણી વધારે ઉમદા અને વધારે શુભ્ભા જીંદગાનો એક ઉડતો—જોકે ગુંચવણ ભરેલો—ખ્યાલ આવી જાય છે.

મીનોઇ જેહાનનો આબીષ કાંઇ જોર જબરદસ્તીથી મેળવી શકાતો નથી. તેના નીયમોને અનુસરીને જે કોઇ ચાલે છે તેને ત્યાં દાખલ થવા માટેનો "પાસ-વર્ડ" મળે છે. એક ચંડાળ ચંડાળોનીજ મંડળીમાં ફરેહરે છે. એક સાધુ કોઇ એવાં ખાસ ચુંટી કહડાયલાં ભાઇ-બંધ મંડળનો સભાસદ હોય છે કે જેનો મુળ ધર્મ ખુદાઇ સંગીત હોય છે. હરેક ઇનશાનો પોત પોતાની સપાટી મુજબ પડછાયા ફેકતા આયના મીસાલ છે, સરવે આસામીઓ જયારે આ ઇનશાન-જાત તેમજ વસ્તુ જાતની દુન્યા ગમ જુવે છે ત્યારે તેઓ એક એવી આરસીમાં જુવે છે કે જે ખુદ તેમના પોતાના ઓળા પાછા ફેંકે છે. દરેક શખ્સ પોતાનાજ વીચારોના સાંકડા યા પોહળા કુંડાળામાં હીલચાલ કરે છે. તે કુંડાળાની બાહેરની બાબદો તેને માટે હસ્તી ધરાવતીજ નથી. તેજ ચીઝો તેને માલમ પડે છે કે જે તેના વીસ્તારમાં આવે છે. જેમ જેમ તે સરહદ સાંકડી હોય છે તેમ તેમ તે માણસને પાકી ખાત્રી રહે છે કે હવે વધારે કાંઇબી પોહળી હદયા વધારે મોટું કુંડાળું છેજ નહીં. નાનામાં મોટાંનો સમાવેશ કદી હોઇ શકતો નથી—નાના મગઝો પાસે પોહળાં મગઝોને સમજી શકવાના સાધનોજ હોતાં નથી. આ માહીતગારી તો રફતે રફતે આગળ વધવાથીજ આવે છે.

જેમ મહાસાગરની ઉંડાઇને જાલમમાં જાલમ તુફાન પોંહચી શકતું નથી, તેમ ઇનશાનના જીગરની મુંગી પવીત્ર ઉંડાઇને પાપ અને ગમી હરગેજ હેરાન કરી શકતા નથી. જીગરની આ ચુપકીદીને પુગવું—અને તે ચુપકીદીમાં અંતકરણપુરવક વાસો કરવો —એ મીનોઇ શાંતીને પુગવા બરાબર છે. શરૂશટીના બાહેરના દેખાવમાં ગમે તેવો ઝગડો હશે—શરૂશટીના અંતરમાં તો અચીત અખંડ સમાધાની છે. માનવી જાતનો આતમા હરદમ આંખ મીચીને એક પાપ વીનાની સથીતી તરફજ હેંડે છે, અને આ સથીતીએ પુગવું તે હંમેશગીની શાંતીએ પુગવાની નીશાની છે. ટુંક મુદત માટેબી તમે બાહેરની દુનયવી મજાહોમાંથી—તમારી ઇંદરીઓની મોહનીએ-માંથી—તમારી મગજખુશીની માંગણીઓમાંથી—આ જગતની ધમચકરી અને ગડબડાટમાંથી--બહાર આવો, અને તમારાં પોતાના જીગરના બાતેનમાંજ આશરો લયે તયાં તમારી એકલપેટી ઇરશાઓથી નીગળી થઇ તમે એક પવીત્ર શાંતી મેળવશો—એક આશીશભરી આશાએશ પામશો, સચાઇની અચુક આંખયો તમારે માટે તયાં ખોલ્લી થશે. તમે તયારેજ હરેક ચીઝને તેના ખરા રૂપમાં જોશો.

એક આદમી એવું વીચારે છે કે સંજોગો જો તેને નડતા નહી હોય–પૈસાની તંગી, વખતની કોટાઇ, વગવસીલાની ગેરહાજરી અને કુટુંબી સનેહ તેના મારગમાં નહી આવતા હોય તો તે મહાન કારયો કરી બતાવે. પણ ખરી રીતે તો આ આદમીના મારગમાં ઉપલી બાબતો હરકત કરતી નથી. તે, પોતાના મનમાં, ઉપલા સંજોગોને એટલું વજન આપે છે કે જે બળ તેઓ ધરાવતા નથી, અને તે સંજોગોને નહી પણ માત્ર પોતાના મતને શરણ થાય છે એટલે કે તે પોતાના મનની નબળાઇને વસ થાય છે. જે ખરી હરકત તેને નડે છે તે "મનની ખરી વલણની ગેરહાજરી છે." જયારે તે ઉપલી હરકતોને પોતાની મુશકેલી દુર કરનારાં હથીયાર તરીકે વાપરશે, અને જયારે તે જોશે કે મજકુર કહેવાતી ખામીઓ તો જીંદગીના હાતેખાનં વટાવી જઇ ફતેહ મેળવવાની પગથીઓ મીસાલ છે, અને તે જો તેવી રીતે ફતેહ મેળવવાનો નીશચય કરશે તો તેનું બુદ્ધી બળ તેના મગજમાં કાંઇક નવાજ ઉપાયો લેવાની સોધન શક્તી ઉતપંન કરશે કે જેથી મજકુર નડતળો ફતેહ મેળવવાના મદદગાર તત્વો તરીકે તેને કામ લાગશે.

ગુલામગીરી જેવી તમારી સથીતી તેમજ તમારાં છુટાંપણાના મુળ કારણ ખુદ તમારી બાતીનમાં છે. બીજાઓથી તમોને જે નુકશાન થાય છે તે ખુદ તમારાં પોતાના કામનો પ્રતીઉતર છે, તમારા મગજ બુધીની વળણનો છાપ છે. તેઓ હથીયારો છે અને તમે પોતે તેના મુળ છો. જીંદગીના ફળ, કડવાં કે મીઠાં, બંને દરેક આદમીને વાજબી પ્રમાણમાંજ મળે છે. સદાચરણી આદમી સુકવી ભોગવે છે. કોઇ પણ આસામી તેને નુકશાન કરી શકતો નથી. કોઇ આદમી તેનો નાશ કરી શકતો નથી. કોઇ પણ માણસ તેની શાંતી ખુંચવી લઇ શકતા નથી. આદમીઓ તરફની તેની સમજદાર વળણ તેને નુકશાન કરવાને તેઓને અશકત બનાવે છે. તેને નુકશાન કરવાની તેઓ જો કાંઇ પણ કોશેશ કરે તો તે ખુદ તેઓનીજ સામે પાછી આવી અથડી તેઓનેજ ઇજા કરશે, અને તેને જરા પણ અલવલ પહોંચશે નહી. તેની ભલાઇઓજ તેને બારો માસ સુખનો ઝરો પુરો પાડશે, અને તે તેને સદાકાળ કઉવતના સાધન મીસાલ કામ લાગશે. શાંતી તેનું મુળ છે, અને તે ઉપર ખુશાલીનું ફુલ ઉગી નીકળશે.

એક માણુસ જો શારીરીક દુઃખ દરદોથી પીડાતો હોય, અને તે જો પોતાના મનને નીતીના તથા ઇશ્વરી ધોરણો ઉપર દોરવવાનું શરૂ કરે, તો તેથી તે કાંઇ તુરત જ સાજો થઇ જશે નહી. તેથી ઉલટું, કેટલોક વખત સુધી તેનું શરીર જયારે ઘણીજ કટોકટ હાલતે પુગે અને આગલી ઇશ્વરી ધોરણોથી ઉલટી જીંદગીની અસરો દુર કરી નાંખે, તે વખતે તેની શારીરીક વેદના ઘણી વધી પડેલી માલમ પડે એ બનવાજોગ છે. જેમ નેકીનો મારગ અખત્યાર કરનારો માણુસ તુરતજ સંપુર્ણ શાંતી મેળવતો નથી પણ તેને, ઘણાજ થોડા અપવાદો સીવાય, નવી જીંદગીમાં ઠરીઠામ થવાની દુખ:દાયક મુદ્દતમાંથી પસાર થવું પડે છે, તેજ મીસાલે મનને નીતીના ધોરણો ઉપર દોરવવાનું શરૂ કરનાર માણુંસને પણ તુરતજ સંપુર્ણ તંદરોસ્તી મળતી નથી. શરીરને તેમજ મનને નવેસરથી ઠરીઠામ થવા માટે વખતની જરૂર છે અને એકબારગી તંદરોસ્તી જો તુરતજ મળતી ન હોય તો પણ આયંદે તો તે જરૂર મળશેજ. મનને જો કસીને મજબુત બનાવવામાં આવે, તો તે પછી શારીરીક સ્થીતી બીજી અને ઉતરતી જગા લેશે, અને અગાઉની પેઠે પહેલી અગત્યતા ખોટી અટકશે, કે જે અગત્યતા ઘણાઓ તેને આપે છે.

•

ખરી વાત છે કે માણસ પોતાના મનની શક્તીઓના હથીયાર જેવો છે-અથવા વધારે ચોકસાઈથી બોલીયે તો તે પોતેજ તે શક્તીઓ છે-પણ તે છતાં એ શક્તીઓ કાંઈ આંધળી નથી, અને માણસ તેઓ ને નવા મારગોએ દોરવી શકે એમ છે. ટુંકમાં માણસ ખુદ પોતાને પોતાના હાથમાં યાને કાબુમાં લઈ શકે અને પોતાની આદતોને નવે સરથી સુધારી શકે એમ છે. સબબ માણસ જોકે ચોકસ ચારીત્ર સાથે જનમેલો હોય છે તેબી ખરી વાત છે, તોપણ તે ચારીત્ર અસંખ્ય જીંદગીઓની પેદાશ છે, કે જે જીંદગીઓ દરમયાન તે ચારીત્ર, તેની પોતાની પસંદગીથી તેમજ કોશેશથી ધીમે ધીમે બંધાયલું હોય છે અને આ જીંદગીમાં નવા અનુભવોથી તેમાં પુશકળ ફેરફાર થઈ શકે એમ છે.

એક ખરાબ આદતના અથવા એક ખરાબ ગુણના જુલમાત હેઠળ એક માણસ દેખાઈતી રીતે ગમે એટલો લાચાર બની ગયલો હોય તેની ફીકર નહી-અને આદત તથા ગુણ એ બંને ખરેખર તો એકજ છે-પણ જયાં સુધી તેનું મન સાવધ છે અને તેનામાં અક્કલ બુદ્ધી છે, તયાં સુધી તે માણસ પોતાની ખરાબ આદત દુર કરી નાંખીને તેમાંથી છુટો થઈ શકે એમ છે.

શરીર જાણે કાયમનું ટકી રહેવાનુ હોય તેમ ઇનશાનો ખાકી માંસને વળગી રહે છે-બલકે ખાકી માંસને તૃપ્ત કરવા ચાહે છે. શરીરનો નાશ ટુંક મુદતમાં થશેજ અથવા તે મીટી સાથ મળી જવા વગર રહેવાનું નથીજ એ બીના જો કે માનવીઓ ભુલી જવાની કોશેશ કરે છે-છતાં મોતના ડર અને પોતાની માલેમતાની ફનાની ધાસ્તીથી તેમનાં સુખીમાં સુખી કલાકો ઉપર સીહા વાદળાં પંથરાય છે; તેમના પોતાના સ્વાર્થીપણાનો દીલ કંપાવનારો ઓળો તેમની પાછળ એક દયાહીણુ ભુત મીસાલ પુઠેપુઠ દોડે છે. આ જંગતની જડવાદી અયશ આરામોના એકઠા થવા સાથ આદમ જાતનાં અંતરમાં જે ખુદાઇ અંશ મોજુદ છે તેનો બીગાડ થાય છે-અને માનવીઓ જડવાદીપણુંમાં તથા ઇંદ્રીઓની મૃત્યુ જીંદગીમાં વધુ અને વધુ ડુબતાંજ ચાલે છે, તયારેજ શરીરની અમર્ગીને લગતી તરકો ઇનશાનો સહેલાજ મગજબુદ્ધીના બળે અચુક સાચ્ચી થીયરીઓ તરીકે માન્ય કરતાં ચાલે છે.

બાતેનના મામલાથી હરદમ જાહેરના મામલા ઉપર અસર થાય છે. જે ચીજ મોટી હોય તે હંમેશ નાની ચીજને પોતાનામાં લપેટી લે છે. પદારથ—એ મનનું એક જોડયું સાંધણુ છે. બનાવો—એ આપણા વીચારોના ઝરા સમાન છે. સંજોગો—એ આપણા તુરંગોનાં એકત્ર જોડાણોના પરીણામો મીસાલ છે. પારકાંઓની બાહેરની સ્થીતીઓ તથા તેમનાં કારયો સાથે કોઇ ઇનશાનને જે લાગતું વળગતું હોય છે તો તે સ્થીતીઓ અને કારયો મજકુર ઇનશાનની પોતાની—મનની હાજતો અને મનની ખીલવણી માટે અગત્યનો ભાગ ભજવે છે. માનવી ખુદની પોતાની આસપાસની બાબદોનો એક ભાગ જેવો છે. તે પોતાના ભાઇબંધ માનવીઓથી કોઇબી રીતે અલગ નથી—કેમને તેઓ સાથ તે પોતે કારયોની અરસપરસ અસર અને ઘાડી સોબતથી તેમજ વીચારશકતીના મુળ કાયદાઓ (જે માનવીજાતના મંડળનાં મુળપાં મીસાલ હોય છે તે)થી ઘણાજ મજબુત રીતે સંધાયલો છે. કોઇબી માણસ પોતાનાં ક્ષણભંગુર ધખારા કે ફાંટા મુજબ બાહેરની ચીજોને બદલી શકનાર નથી. પણ તે પોતાની ઇચ્છા કે ફાંટો બાજુએ મેલી દઇ શકશે. તે બાહેરની ચીજો પ્રત્યેની પોતાના મનની વળણું એવી રીતે બદલી શકશે કે તે ચીજો કાંઇ જુદાજ રંગરૂપમાં તેને દેખાશે. પોતા ભણીની બીજાંઓની વરતણુંકને તે આકાર આપી શકવાનો નથી પણ તેઓ ભણીની ખુદ પોતાની વરતણુંકને તે જુદી રીતે રૂપ આપી શકશે.

બરાબર ખરો તફાવત પારખી કાઢવાની શક્તીમાં અને રામબાણ પસંદગી કરવાની કાયનાતમાં માનવીની મજબુતી સમાયલી છે. સૃષ્ટીનાં સંજોગો અને કાયદાઓ ઉપજાવવામાં માણુસ એક કતરાભારબા ફાળો આપતો નથી. આ જગતમાં હસ્તી ધરાવતી દરેક વસતુના મુળ નીયમો તરીકે આ સંજોગો અને કાયદાઓ હસતી ભોગવે છે—તેમને કોઇ બનાવતું બી નથી અને તેમનો કોઇ નાશ કરી શકતું બી નથી. આદમજાત માત્ર તે નીયમો શોધી કહાડી શકે છે—ઉપજાવી શકતો નથી. દુન્યાની તમામ મુસીબતોના હેઠાણમાં જોશો તો આ નીયમો પ્રત્યનું અજ્ઞાનપણું છે. તે નીયમોની સામે માથું ઉંચકવું એ મુરખાઇ અને હઠીલાઇ છે. કયો શખ્સ વધુ છુટો છે?—એક ચોર જે પોતાના દેશના કાયદાને તરછોડ કરે છે તે કે એક પ્રમાણીક શહેરી જે પોતાના દેશના કાયદાને માન આપે છે તે? પાછું કહો—કયો શખ્સ વધુ છુટો છે?—એક મુર્ખ જે એમ માને છે કે પોતે ગમે તે પ્રકારે જીંદગી ભોગવી શકશે તે, યા એક શ્યાનો માણુસ જે માત્ર વાજબી ચીઝજ કરવાનું પસંદ કરે છે તે? દુન્યાના કાયદા મુજબ માનવી પોતાની આદતોને વશ છે; તે આદતોથી સદંતર અલગ તો રહી શકવાનોજ નથી—પણ તે પોતાની આદતો બદલી શકે એમ છે. માણુસ પોતાના ગુણદોષનો કાયદો બદલી શકવાનો નથી—પણ તે કાયદાને તે અનુસરતો થઇ પડે એવો પોતાનો ખવાસ માણુસ અખત્યાર કરી શકશે.

માણસ-। આત્મા ઇશ્વરથી જુદું નહી પડે તેવો છે, અને ઇશ્વર શીવાય બીજાં કશાંથી તે સંતોષ પામી શકતો નથી. જડ પદારથની કલ્પના જેવી દુન્યામાં ભટકયા કરવાનું જ્યાં સુધી માણસ બંધ કરતો નથી, અને ઇશ્વનું અસ્તીત્વ પુરું જે તેનું મુળ રહેઠાણુ છે, ત્યાં માણસ જ્યાં સુધી પાછો જતો નથા, ત્યાં સુધી દુખના બોજાનો ભાર તેના અંતકરણ ઉપર પડયા કરે છે અને ગમગીનીના ઓળાઓ તેની જીંદગીના મારગને અંધકારભરલો બનાવયા કરે છે.

મોટા મહાસાગરથી છુટું પડેલું પાણીનું સઉથી નાનું ટીપું, જેમ તે મહાસાગરના જેવાજ ગુણદોષો ધરાવે છે, તેજ મીસાલે પોતાના ભાનમાં ઇશ્વરથી છુટો પડેલો માણસ, તે ઇશ્વરના જેવાજ ગુણ-દોષો પોતાના ભીતરમાં ધરાવે છે; અને કુદરતના કાયદાને અનુસરીને જેમ પેલું પાણીનું ટીપું આખરે પાછું મહાસાગરમાં જવુંજ જોઇયે અને તેના શાંત ઉંડાણમાં જઇ પડવુંજ જોઇયે, તેજ મીસાલે માણસે પોતાની પ્રકૃતીના અચુક કાયદાની રૂએ આખરે પોતાની ઉત્પંતીના મુળસ્થાનમાં પાછું ફરવુંજ જોઇયે અને ઇશ્વરના ઉંડાણમાં । જઇ પડવુંજ જોઇયે.

તા૦ ૨૭ મી સપ્ટેમ્બર.

જ્યાં ગુધીક ચોક્કસ વીચારો, ચોક્કસ કામો અને ચોક્કસ અનુભવો એક ઇનશાનની હસ્તીના અંશ તરીકે તેનામાં પેવશ થઇ જતાં નથી—જ્યાં સુધી તે વીચારો, કામ તથા અનુભવો તેની ખાસ્યતની અંદર રચાઇ જઇ તેના પોતાના એક ભાગ તરીકે બની જતાં નથી—ત્યાં સુધી મજકુર ઇનશાન તેના તેજ વીચારો, કામો તથા અનુભવો પાછા અને પાછા રજુ કરયા જાય છે. પ્રગટીકરણ-એ મનનું એકત્ર જમાવ થવું છે. આજનો માનવી-એ કરોડો વખત ફરી ફરીથી થએલા વીચારો તેમજ કામોનું એક પરીણામ છે. આદમ કાંઇ ઝટ ને પટ આઇતો તઇયાર બનેલો નથી—તેને બનવું પડયું છે, અને હજીબી બનતો જાય છે. તેની ખાસ્યત તેની પોતાની પસંદગીથી આગમજથી નીરમાણ થએલી હોય છે. આ રીતે દરેક માનવીએ વીચારો તથા કારયોનો એક એકઠો થયેલો જથ્થો છે. કશીબી કોશેશ વીના પ્રેરણાબુદ્ધીથી તે જે જે ગુણદોષો દેખાડે છે તે લાંબા વખતના ફરી ફરીથી અમલમાં મેલાયલા વીચારો તથા કામોની આપસી મેળે પ્રગટતી રીતીઓ છે. આદતની ખાસીયતજ એ છે કે આખરે અંજાણપણામાં વર્તવા માંડવું, આદત ધરાવતો આસામી કુદરતી રીતે કશીબી કોશેશ યા પસંદગી વીના પોતાનીજ રીત પ્રમાણે પાછો અને પાછો અમલ કરયાજ કરે છે. આદત આખું કે ઇનશાનની ઉપર એટલો સંપુર્ણ કાબુ મેળવી શકે છે કે જાણે ટેવની સામે થવા માટે તેની મરજી તદનજ લાચાર બની રહે છે.

જેબી સખ્શ અંગતપણાને આધીન છે તેને ઇશ્વરી અવતાર કદી સમજ પડતો નથી—જીનહાર સમજ પડી શકવાનોબી નથી. અંગતપણું, એકલપેટાઇ—એ ત્રણુે એકમેકને મળતાંજ છે, અને તેઓ ડહાપણુ અને ખુદાઇ જ્ઞાનથી સદંતર ઉલટીજ દીશાએ છે. તમારૂં હુંપણું, તમારૂં એકલવાઇપણું, તમારૂં એકલપેટાઇપણું એકદમ તજી-દો અને તમે આદમજાતના ખુદાઇ વારસા—જે અમર્ગી અને અણુહદ છે—તેના તમે માલીક બનશો. અંગતપણું આ રીતે ત્યાગ કરવું એ દુન્યવી અને એકલપેટા માણુસોને મનથી એક જબ્બુનમાં જબ્બુન આફત સમાન હોય છે; તેઓ તેને એક નહી દરૂસ્ત કરી શકાય તેવાં નુકસાન તરીકે લેખે છે; પણુ ખરેખર તો તે એક સઉથી શ્રેષ્ઠ આશીષ છે, એકલો એક કાયમનો સંગીન લાભ છે. હસ્તીના બાતેન કાયદાઓ બાબે તેમજ ખુદની પોતાની ખાસ્યત તથા તકદીર બાબે મન અજ્ઞાન હોવાથી તે બાહેરના તકલીદી દેખાવોને વળગી રહે છે—અને જે વસ્તુઓમાં કાયમનું સંગીનપણું હોતું નથી તેનીપર ઝીપલાં મારે છે. આમ કરતાં તે (મન) ખુદના પોતાનાજ ધખારાઓના ભાંગાતુટા કાટ વચ્ચે થોડા વખત સારૂ મરણુ પામે છે.

તા૦ ૨૯ મી સપ્ટેમબાર.

આદમી જોકે બીનફીકર એવા ખ્યાલમાં રહે છે કે આ દુન્યાની મોજમજાહો ખરી તથા સંતોષ આપનારી છે, તોયે દુઃખ અને ગમી તેને સદા યાદ આવે છે કે તે મોજમજાહો જુઠી અને અસંતોષ ઉપજાવનારી છે. જોકે ઇનશાન સદા એવી માન્યવા રાખવાનો યત્ન કરે છે કે બાકી વસ્તુઓમાંથી સંપુર્ણ સંતોષ સંપાદન કરી શકાય છે, છતાં આ માનયતાની વીરૂધ તેના જીગરમાં મકકમ બળવો ઉઠયા કરતો હોવાનું તેને ગુમ ભાણ આવ્યાજ કરે છે. આ બા તેનનો બળવો એક રીતે દેખાડી આપે છ કે મજકુર માણુસનો આત્મા ફાની યા મરણ પામતો નથી—અને તે માણુસ પોતાનો કાયમનો સંતોષ તથા અખંડ શાંતી માત્ર અમર, જાવેદાનીનાં અને અનહદ બાબદોમાંથી મેળવી શકશે તેનો તે એક સદા જીવતો પુરાવો રજુ કરે છે. ઇનશાન પોતાના આતમામાં અને પોતાના અંશમાં ખુદાઇ તેમજ અમર છે—અને તે ફાની જીંદગી તેમજ ચાલુ અશાંતીમાં ડુબેલો હોવાથી તે સદા પોતાની ખરી ખાસીયત પીછાનવા માટે કોશેશ કરતો રહેલો છે.

જેબી કોઇ માણુસ પોતાના સ્વારથીપણા સામે, સહેજબી અટ કયા વગર ચાલુ લડત ચલાવતો હોય અને તે સ્વારથીપણાની જગાએ, સંઘળાઓને એકસરખા પ્યારથી ચાહવાનો ગુણ ગ્રહણ કરવાની કોશેશ કરતો હોય, તેજ ખરો સાધુ છે-પછી તે દોલત અને વગવસીલાની રેલછેલમાં લોટતો હોય યા એકાદ નાની ઝુપડીમાં વસવા ટકરતો હોય; યા તો તે સઘળે ફરીને વાયઝ કરતો હોય અથવા તો એકજ ઠેકાણે ગુપ્ત પડી રહેલો હોય,-પણ ખરો સાધુ તેજ છે.

દુનયાદારીમાં અને સંસારમાં પડેલો જે માણુસ ઉંચ પ્રકારની વસ્તુઓ મેળવવાની ઉમેદ રાખ-વાની શરૂઆત કરતો હોય, તેને મનથી સેંટ ફ્રાનસીસ યા સેંટ એનથની જેવો એક સાધુ જોવો, તે એક મહાપ્રતાપી અને અસારત કરનારો દેખાવ જોવા જેવું છે. તેજ મીસાલે એક સાધુને મનથી ખુશાલીથી છળાછળ કરનારો દેખાવ એક રૂશી મુનીનો છે, કે જે શાંતી અને પવીત્રાઇમાં બેઠેલો હોય છે, જે પાપ તથા દલગીરીને જીતી ચુકેલો હોય છે, જેને સંતાપ અને વીલાપ વધુ વાર હેરાન કરતાં નથી, અને જેની આગળ લોભ લાલચ વટીક જઇ શકતાં નથી. પણ વળી તે રૂશીમુનીબી એ કરતાં વધારે પ્રતાપી દેખાવ તરફ ખેંચાય છે. તે ઇશ્વરનો દેખાવ છે, કે જે ઇશ્વર બીનસ્વારથી કામોમાં પોતાના જ્ઞાનને જોશભર ખુલ્લું કરે છે અને જે માણુસ જાતના ઉછળતાં, વીલાપ કરતાં અંતકરણમાં પોતાને ડુબાડી દઇને પોતાની ઇશ્વરી શકતીને ભલાં કામો માટે વધારે બળવાન બનાવે છે.

માણસો "શાંતી–શાંતી!"ને પોકાર કરે છે. પણ તે પોકાર એવે ઠેકાણે કરે છે કે જ્યાં શાંતી નથી, પણ તેથી ઉલટું અશાંતી, મારામારી અને ટંટાફીસાદ છે. સ્વત્યાગ, યાને ખુદ પોતાના અંગત લાભો છોડી દેવાના ગુણ સાથે જે ડહાપણ હંમેશ જોડાયલું રહે છે, તે ડહાપણ મેળવ્યા વગર ખરેખરી અને જાથુકની શાંતી મેળવવાનો બીજો કોઇ રસ્તો છેજ નહી.

સંસારી સુખસગવડથી, બેહદ મોજમજાહથી, યા દુન્યાદારીની ફતેહથી જે શાંતી મળે છે તે પળ વારમાં ફના થઇ જાય એવી હોય છે અને મુસીબતની આતશી ગરમીમાં તે બળીને ભસમ થઇ જાય છે. ફકત બહેશતની શાંતીજ સઘળી મુસીબત વચ્ચે ટકી રહે છે અને માત્ર સ્વત્યાગવાળું, યાને પોતાના લાભોને તરછોડી કહાડનારૂં અંતઃકરણજ તે બેહેશ્તની શાંતી ભોગવી શકે છે.

ખુદ પવીત્રાઇજ અમર્ગ શાંતી છે. સ્વકાબુ યાને મનના જુસ્સાઓ ઉપર રાખેલો કાબુ આપણને તે શાંતી તરફ દોરવી લઇ જાય છે, અને ડહાપણની સદા વધતી જતી રોશની, તે શાંતી ભણી આગળ વધતા માણસની રાહબરી કરે છે. સદ્ગુણના માર્ગમાં જેવા દાખલ થયા કે તુરતજ તેનો લાહવો થોડેક દરજ્જે ચાખી શકાય છે. પણ તેનો સંપુર્ણ અને પુરેપુરો લાહવો તો ત્યારેજ ચખાય છે કે જ્યારે કલંક વગરની જીંદગી સેવટ સુધી ગુજારવા માટે માણસના મનમાંથી પોતાનો યાને પોતાના લાભોનો વીચાર સદંતર ગુમ થાય છે.

અરે, ઓ વાંચનાર! કાંઇબી હદ વગરની ખુશાલી અને કાંઇબી ભંગાણ પડી ન શકે એવી શાંતી તું જો ભોગવવા માંગતો હોય; તારાં પાપો, તારા હાંદેસા, તારી ચીંતાઓ અને તારી મુંઝવણો તું જો હંમેશને માટે તારી પાછળ મેલી આવવા માંગતો હોય; હું કહું છું કે, તું જો આ મુકતીનો અને એવી શરેષ્ટ મહાપ્રતાપી જીંદગીનો લાહવો ચાખવા માંગતો હોય, તો તું તુંને પોતાને, યાને તારાં મનની લાગણીઓ ને તથા જુસ્સાઓને જીત અને તે ઉપર કાબુ મેળવ. તારા દરેક વીચારો, દરેક જુસ્સાને અને દરેક ખ્વાએસને, તારાં અંતકરણના ભીતરમાં રહેલી ઇશ્વરી શકતીની સંપુરણ રીતે તાબેદારી કરતાં બનાવ. શાંતી મેળવવાનો એ સીવાય બીજો કાંઇ રસ્તો છેજ નહી. તું જો એ મારગે ચાલવાને ના પાડતો હોય, તો પછી ઘણી ઘણીબી બંદગી કરવા છતાં અને ધારમીક કીયાએ.ને ઘણીબી ચીવટાઇથી વળગી રહેવા છતાં, તે સઘળું ફોકટ જશે અને કોઇબી રીતે કારગત લાગવાનું નથી, અને દેવતાઓ યા ફીરેસ્તાઓ તુંને મદદ કરી શકવાના નથી. ફકત જે માણસ પોતાને જીતે છે, તેનેજ નવી શુધ્ધ જીંદગીનું સફેદ નંગ આપવામાં આવે છે, કે જે ઉપર નવું અને વરણવી નહી શકાય એવું નામ લખેલું હોય છે.

એક ચોક્કસ નેમલા માગ ગ્યીવ ટાથ્યથી આગળ વધવાથી જરૂર જ એક એવા મથકે જઈ પુગાય છે કે જે મથક તે માર્ગે સાથ મજ બુતીથી જોડાયલું હોય છે. પણ વારંવાર આડે રસ્તે નીકળી જવા થી અથવા આગળ વધવાને બદલે પાછું ફરવાથી, આગળ વધવાની શરૂઆતની કોશેશ નકામી થઈ પ ડશે. કોઈપણ મથકે જઈ પુગાશે નહી, અને ફતેહ દુરની દુર જતી રહેશે.

કોશેશ કરો, અને વધુ કોશેશ કરો, અને તે પછી ફરીથી કોશે શ કરો–તેજ ફતેહ મેળવવાની મુ ખ્ય ચાવી છે. એક પુરાણી સાદી કહેવીપી એજ મતલબની છે કે:

"પહેલાં જો તમે ફતેહમંદ નહી નીવડો, તો ફરીથી કોશેશ કરો."

ફતેહમંદ ધંધાદારી પુરૂશો, જીંદગી જોગવવાંના જે સઘળા ની યમો રજુ કરી ગયા છે તે ચાલુ ઉદયમ કરવાના નીયમો છે. ડહાપ ણવાળા ગુરૂઓ જે સઘળી શીખ આપી ગયા છે, તે ચાલુ મેહેનત કરવાની શીખામણ છે. મેહેનત યા કામ કરવાનું બંધ કરવું, તે જી દગીની વ્યવસ્થામાં દુખ્યોગી થઈ પડતાં અટકી જવા સમાન છે. મે હેનત કરવાનો અર્થ એ થાય છે કે કોશેશ કરો–શ્રમ લેવો.

માહરી હકુમત હેઠળના પારસં-સારમાં એક બાળકને જે પેહેલું શીક્ષણ આપવામાં આવે છે તે, તાબેદારી કરવાનું અને સઘળા સંજોગો વચ્ચે ઘટતી મરયાદાથી વર્તવાનું છે. તે બાળકને જણાવવામાં આવતું નથી કે તેણે આમ કાંય કરવું જોઇએ; પણ તેને હુકમ કરવામાં આવે છે કે તેણે તેમજ કરવું; અને જ્યારે તે ખરી તથા ઘટતી રીતે વરતે છે ત્યારેજ તેને જણાવવામાં આવે છે કે તેણે શા માટે તેમ કરવું જોઇએ. કોઇ પણ પીતા પોતાના બાળકને એક પુત્ર-પુત્રી તરીકેની ફરજ અદા કરવાની તથા સંસારી સદાચારથી વરતવાની તેને ફરજ પાડવા અગાઉ નીતી શાસ્ત્રનું શીક્ષણ આપવાની કોશેશ કરેજ નહીં.

સદાચાર એ શું છે તે, કરી બતાવ્યાથીજ જણાય છે; અને સદાચારથી વહેવારૂ રીતે વરતીને પોતાને ખામીરહીત બનાવ્યાથીજ સત્યતા શું છે તેનું ભાન આવે છે. તમે જો સદાચારનો સદગુણ પુરેપુરો પ્રાપ્ત કરશો તો સચ્ચાઇનું સંપુર્ણ જ્ઞાન પામશો.

નીશાળનો શીક્ષક પોતાના શીષ્યોને ગણીતના પૃથક નીયમો એકદમ શરૂઆતથીજ શીખવી દેવાની કદીબી કોશેશ કરતો નથી. તે જાણે છે કે આવી પ્રકારનું શીક્ષણ તદન વ્યર્થ જશે—અને તેથી જ્ઞાન હરગેઝ સંપાદન થઇ શકવાનું નથી. તે પોતાના ચેલાઓ સમક્ષ પ્રથમ એક સાદો સરવાળો રજુ કરે છે—અને તે સરવાળો કેમ કરવો તે સમજાવ્યા બાદ પોતાના શીષ્યો પાસે તે કરાવે છે. જયારે વારંવારની નીષ્ફળતા પછી તેમજ પાછી અને પાછી કોશેશો બાદ તે ચેલાઓ સરવાળો બરાબર રીતે કરવામાં ફતેહ પામે છે ત્યારે તેઓ સમક્ષ એક બીજો જરા વધુ મુશ્કીલ પાઠ રજુ કરવામાં આવે છે. આ રીતે એક પછી એક જરા જરા વધારે કઠણ હીસાબો શીષ્યો સમક્ષ મેલાંતાજ ચાલે છે. લાંબાં વર્ષોની ખંતીલી ઉમંગી મેહનત પછી જયારે ચેલાઓ જયારે ગણીતના સર્વે પાઠો સંપુર્ણ સમજી જાય છે ત્યારેજ તે શીક્ષાગુરૂ ગણીતના બાતેનમાં જે મુળ નીયમો છે તે તેઓ સમક્ષ ખોલ્લા કરવાનો યત્ન કરે છે.

તમામ કુદરત જે હસ્તીના અસંખ્ય સ્વરૂપોમાં પ્રગટે છે તે સદા ફેરફારને પાત્ર છે—ટુંક વખતની છે—ફના છે. માત્ર કુદરતનો બાતેનનો મુળ નીયમ નીભી શકે છે. કુદરત સંખ્યાબંધ પ્રકારનો વીવીધ છે; તેના જુદા જુદા વીભાગો છે-પરંતુ તેનો મુળ મુદ્દો એકજ છે, અને તે એકયતા ઉપર રચાયલો છે. માનવી જયારે પોતાની ઇંદ્રીઓને વશ કરે છે, અને તે રીતે અંતરની એકલપેટાઇ ઉપર કાબુ મેળવે છે, ત્યારે તે કુદરતની ઉપર આંકોશ મેળવે છે:-ત્યારે તેજ તે પોતાના અંગતપણાં અને તકલીદીપણાના ખોખાંમાંથી બાહેર નીકળે છે, અને બીનસ્વાથાપણાની ઝળકતી રોશનીમાં ઉડવા માંડે છે તથા રાસ્તીના મુલકમાં ચકરડું લે છે, કે જે રોશનીવાળા મુલકમાં થીજ સર્વે નાશવંત આકારો પ્રગટવા પામે છે. તેથી ઇનશાન, તું હમેશ તારી લાગણીઓ ઉપર આંકોશ રાખવાની આદત રાખ, તારી જાનવરી ઇચ્છાઓ ઉપર તું જીત મેળવ, અયશ અને મોજમઝાહનો ગુલામ થવાને તું ના પાડ, સદગુણી થવાની કોશેશ કર—અને જયાં તુલીક તું ખુદાઇ અંશમાં આમેજ થાય નહી ત્યાં સુધી રોજ બરોજ ઉંચા અને વધુ ઉંચા સદગુણના તબક્કા ઉપર ચઢતોજ રહે.

તમે સેહલાઇથી જોઇ શકશો કે મનને તાલીમ આપવાનું સઉથી પહેલું પગલું એ છે કે સુસ્તીને દાબી નાખવી. આ પગલું ભરવું બહુ સેહલ છે—અને જ્યાં સુધી તે તમો ભરશો નહી, ત્યાં ગુલીક તમે બીજાં કશાંબી પગલાં ભરી શકવાના નથી. સુસ્તીને વળગી રેહવાથી સુખ્યાહના રસ્તાની વચ્ચે એક સંપુરણ નડતળ તમે મેલો છો. શરીરને ઘટે તે કરતાં વધારે આરામ અને ઉંઘ આપવી—જોઇયે તે કરતાં વધારે ઢીલ દરે ચીઝમાં કરયા કરવી—જે ચીજો ઉપર તાકીદનું ધ્યાન આપવું જોઇયે તે ચીજો બાપે અખાડા કરવા યા તો તેઓ ભણી આંખ વીચામણાં કરવાં—એ સરવનું નામ સુસ્તી છે. સઉ વારના સકાળેથી ઉઠવાથી, શરીરને પાછું તરૂપત થવા જેટલી ઉંઘ જોઇયે તેટલીજ તેને આમવાથા, અને ગમે તેવીબી નાની કે મોટી દરેક ફરજ ઝટપટ તેમજ જુસ્સા ભરી રીતે બજાવવાથી આ પ્રકારની આળસાઇ દાબી નાખી શકાય છે.

એક ચોક્કસ દીશાએજ મનને વમાસતું રાખવામાં ફતેહનું મુળ રચાયલું છે. તમારી એક અમુક ખાસ્યત—યાતો તમારી અનેક ખાસ્યતોના ભેગાં જોડાણ—ઉપર તમારી ફતેહ આધાર રાખે છે; તે અમુક સંજોગ યા સંજોગોની કોઇ હારમાળા ઉપર તેનો આધાર નથી. અલબતાં સંજોગો પહેલી નજરે ફતેહના એક ભાગ તરીકે દેખાવદે છે ખરા, પણ જો તે સંજોગોનો ઉંડાણ અર્થ સમજી શકવા માટે તેમજ તે સંજોગોને ઉપયોગમાં લઇ શકવા માટે તમારી પાસે મન મોજુદ નહીં હોય તો તે સંજોગો તમારે માટે નકામા છે. દરેક ફતેહના ભીત્તરમાં જોશો તો કોઇ બરાબર સંઘરી રાખવામાં આવેલી અને રામબાણ ગતે લગાડવામાં આવેલી શકતી હોવીજ જોઇયે. ત્યાં કોઇ યોજના ઉપર મક્કમપણે ગતીમાં મેલવામાં આવેલી મનની વીચારશકતી મોજુદ હોવીજ જોઇયે. ફતેહ—એક ફુલની મીસાલ છે. તે કદાચ થોડે ઘણે દરજ્જે એકદમ પ્રગટી નીકળતું હશે—પણ આગલા તબક્કાઓની તૈયારીઓમાંથી તેમજ લાંબા ' કંટાળાની કોશીશોમાંથી પસાર થઇને ઉપજાવવામાં આવેલું એક સંપુર્ણ પરીણામ છે. ઇનસાન પોતાની ફતેહ જોઇ—શકે છે પણ શું તૈયારીઓ પછી—કઇ અસંખ્ય મનના પ્રયોગો મારફતે—તે નીપજી છે તે ઇનસાન જોઇ શકતો નથી.

જ્યારે એક શખ્સ ત્રાંબાને બદલે રૂપાંના પૈસા તથા રૂપાંને બદલે સોનાના પૈસા અદલબદલ કરે છે ત્યારે પૈસાનો ઉપયોગ કરતો તે સદંતર બંધ પડતો નથી. તે વધારે ભારી જથ્થાને બદલે વધારે હલકો, વધારે નાનો-પણ વધારે કીમતી-જથ્થો માત્ર ફેરબદલી કરે છે. તેજ મુવાફેક જ્યારે એક ઇનશાન ઉતાવળને બદલે ઉંડા વીચાર, ઉંડા વીચારને બદલે ઠંડો સ્વભાવ અદલાબદલી કરે છે ત્યારે તે કાંઇ પોતાની કોશેશ તજી દેતો નથી તે માત્ર પોતાની એક વધુ પંથરાયલી અને ઓછી કારગત શકતીને કાંઇક વધારે સંકોચાયલી, વધારે રામબાણ, વધારે કીમતી આકારમાં બદલી નાખે છે. પણ તોબી પ્રથમ કોશેશના સહુથી ઓછા ખીલેલા તબક્કા વગર તમને ચાલવાનું નથી-કેમજે તેઓથી શરૂઆત કર્યા વગર તમે કોશેશના સહુથી ચઢીયાતા તબક્કાપર પુગી શકવાના નથી. એક બાળક ચાલી શકે તે આગમજ તેને ફસરડયાં મારયા વગર છુટકોજ નથી; તે વાતચીત કરી શકે તે આગમજ ભાંગીતુટી રીતે તત-પપ કયા વગર તેનાથી આગળ વધાવાનું નથી; તે કાંઇબી ભાષા રચી શકે તે આગમજ તેને વાતચીત કરતાં તો આવડવુંજ જોઇયે. માનવી હંમેશ નબળાઇમાં શરૂઆત કરે છે, અને શકતીમાં તેનો છેડો આવે છે. પણ શરૂઆતથી છેડા સુધી તે માત્ર તેની પોતાની કોશેશથીજ-પોતાના ઉદ્યોગોથીજ-આગળ વધી શકે છે.

જ્યારે પોતાના અજ્ઞાનપણામાં માનવીઓ ખુદને પોતાનો નાથ ધરે છે ત્યારે ખુદાઇ ડહાપણનાં જાવેદાનીના હાથો તેઓની આસપાસ એક જાતના પયારથી—જો કે બાજે વખત કાંઇક દુઃખભરી રીતે—વીંટળાઇ જઇ તેમને રક્ષણ આપે છે. આપણે જે જે આશીષોનાં ફળ ચાખ્યે છીયે તે કુદરતના ચળ કાયદાની સંપુર્ણતાની આપણને ગવાહી આપે છે—અને જ્યારે ઇનશાન ખુદાઇ જ્ઞાનનો પોતાનો વારસો પામશે ત્યારે તેની ઉપર કેટલો પુરેપુરો આશીરવાદ ઉતરશે તેનો આપણને ખ્યાલ આવે છે. આપણે કેળવણી લેતાજ આગળ વધ્ય છીયે અને આપણે ચોક્કસ હદે દુઃખ ખમતાં ખમતાંજ ઉંચે તબક્કે ચઢયે છીયે. જ્યારે પયારથી જીગર નરમ પડેલું હોય છે ત્યારેજ તે મહાન પયારનો કાયદો તેની અદભુત મીઠી મમતા સાથ દેખાઇ આવે છે. જ્યારે ડહાપણ સંપાદન થાય છે ત્યારેજ શાંતી ચોક્કસપણે સ્થાપીત થાય છે. કુદરતનો આ કાયદો આપણે કદીબી ફેરવી શકીશું નહીં—કેમકે તે સંપુર્ણતાની ટોંચ ઉપર છે. પણ આપણે તે સંપુર્ણતા સમજીને તેની મોટાઇ આપણની પોતાની કરી શકવા માટે આંપણને પોતાને બદલી નાખવાને સામર્થવાન છીયે.

માનવી! તું ગમે તેવી સ્થીતી માં હશે, પણ તું રાસ્તીને શોધી કાહડવા ચાહશે તો તું તેમ કરી શકશે. તારી હમણાની હાલતને તું એવે પ્રકારે ઉપયોગમાં લે કે જેથી તું જોરાવર અને ડહાપણવાળો થાય. ઇનામો થકીનો બાયલાસહી અબ ખરો તેમજ સજા થકીનો હીચકારો તારો ધડકધુજારો તું સદા માટે બાજુએ મેલ-અને તારી સર્વે ફરજો યકીનદારીથી બજા લાવવા પાછળ ખુશાલી સાથે મંડી જા! તારી એકલપેટાઇ અને તારી તકલીદી મોજમજાહ બસ ભુલી જા! સ્વચ્છ અને મજબુત ખીનહાંસલ જીંદગી જુગવ! ત્યારેજ તે મહાન કીરતારનું અચળ ડહાપણ, તેની મીનોઇ ધીરજ, તેની અપાર શકતી તને જરૂરજ જડશે. આ જગતમાં જે જોખી ચીજો ખરેખરી સુંદર અને આશીષભરી છે તે ખુદ તારામાં પોતાનામાં છે-તારા પાડોશીની દોલતમાં નથી. શું તું ગરીબ છે? જો તું તારી મુશ્કેલીની સામે ટકી શકવા માટે જોર બતાવી શકતો નહીંજ હોય તો તું ખચીતજ ગરીબ છે! શું તારીપર આફતો વરસી છે? મને કહે-શું તું તારી આફતોનો ઇલાજ માત્ર તેમાં ચીંતાનો વધારો કર્યાથી ઉપજાવી શકશે? કોઇબી દુ:ખ એવું નથી કે જેનો ઉપાય ડહાપણથી શોધવાથી આપણે તેને દુર કરી નહીં જ શકયે.

જે કોઈ માણસ બીજાને બળજોરીથી જીતે છે તે જોરાવર હોય છે——જે કોઈ માણસ ખુદ ને પોતાને સાલસાઈથી જીતે છે તે બળવાન હોય છે. પારકાંને કોઈ શખશ જોર જબરી વાપરી જીતશે તે ખુદ પોતે કોઈવાર તેવીજ રીતે જીતાઈ જશે. જે શખસ સાલસાઈથી ખુદને પોતાને જીતે છે તે કદીબી માહત થઈ શકવાનો નથી—કેમજે ઈનશાન જાત ઈશ્વરી હાલતને કદીબી હેઠી પાડી શકનારજ નથી. સાલેસાઈવાળો પુરૂષ જો હારયો તો તેની જીતજ છે. સોક્રેટીસને મારી નાખયો—તો તેથી તે ઓરખી આજ સુલીક વધુ જીવતો રહેવા પામયો છે. જીસસને ક્રુસીફાઈ કરયો તો તેથી ઓરખી પાછા જનમેલા કાઈસટની નેકી પ્રગટી નીકળી શકી છે. જે ખરેખરૂં સંગીન હસતીમાં છે તેનો તમે નાશ જીન હાર કરી શકવાના નથી. જે તકલીદી છે તેજ નાશ પામશે. જયારે ઈનશાન પોતાના અંતરમાં તેજ સંગીન, કાયમની, ટકાઉ, અને સથીર લાગણી મેળવી શકે છે તયારે તે ખરેખરી હસતી ભોગ-વતી હાલતનાં દાખલ થાય છે, અને પોતે સાલસ બને છે. અંધકારની તમામ શીહા શકતીઓ તેની વીરૂધ જશે—પણ તેઓ તેને જરાબી ઈજા પુગાડી શકશે નહી, અંતે તો તેઓ તેનાથી વીખુટીજ પડશે.

અને જ્યાં ભલાઈ વાસો કરે છે ત્યાં પયગમબરની હાજરી છે. જે શખ્સ રોજ બરોજ પોતાના સવારથ અને પોતાની એકલપેટાઈની સામે ટક્કર ઝીલતો રહે છે, તે શખ્સ પોતાનાં મનને સચાઈ અને સવચ્છતા માટે અનુકુળ બનાવતો જઈ પોતાના અંતરમાં તે મહાન શીક્ષકની હાજરી ચોકસપણે શોધી કહાડી શકવામાં ફતેહ પામે છે. જે ઈનશાન ખુદની પોતાની ઉપર સરસાઈ મેળવે છે, અને પોતાની જીંદગી ઈશવરી ધોરણ ઉપર પવીત્ર બનાવી પોતાની સોડેથી તમામ ઝગડો બસ હાંકીજ કહાડે છે—જે ઈનશાન ધીક્કારને અને હવસને, લોભને અને ગુમાનીને (જેઓ ખુદાના તેમજ નેકીના વીરોધીઓ છે તેને) કચડી નાંખી પાપની ઉપર જીત મેળવે છે—તેની શાંતી મોટી છે, તેની દુઃખ અને ગમીમાંથી મુકતી ચોકકસ છે. સવચ્છ જીગરમાંજ ખુદાનો વાસો છે. જે આદમીએ નેકીનો રાહ પકડયો તે આદમીએ પયગમબરનીજ ખુદાઈ જીંદગી શોધી એમ સમજજો!

કારણોનાં કારણોમાં પેસી તું આ દુનયાની મીથયા માયાનો દરેક પરદો તું એક પછી એક ઉંચકતોજ જા! તેમ કરવાથીજ તું આપ દે હસતીનાં સઉથી બાતેનનાં મુળને પોંહચી શકશે. આ રીતે તું તારી પોતાની જીંદગીથી માહીતગાર થવે તું કુદરતની તમામ જીંદગી પીછાણી શકશે—અને ખરેખરી હસતી ધરાવતી ચીજો શું છે તે જાણવા સાથ, તેમજ દરેક બાબદના કારણનો ખયાલ તેને આવવા સાથ, તું તારે પોતાને માટે, પારકાંઓને માટે તેમજ દુનયાને માટે વધુવાર અંદેશામાં રહેશેજ નહી, પણ તું જોઇ શકશે કે જે જેખી ચીજો હસતીમાં છે તે એક મહાન કાયદાનાં યંત્રોની ગરજ સારે છે. તારી પોતાની ઉપર નરમાશનું છત્ર ચઢવાથી તું એવે ઠેકાણે આશીશ દેશે કે જયાં બીજાંઓ શ્રાપ દેતા હશે! તું એવે ઠેકાણે પયાર દેખાડશે કે જયાં બીજાઓ ધીક્કાર દેખાડતા હશે! તું એવે ઠેકાણે દરગુજર કરશે કે જયાં બીજાઓ ઇયાનત વરસાવતા હશે. તું એવે ઠેકાણે નાખાતી કરશે કે જયાં બીજાઓ હઠ કરતા હશે! તું એવે ઠેકાણે મુકી છુટશે કે જયાં બીજાઓ તુટી પડતા હશે! તું એવે ઠેકાણે બીહી બેસશે કે જયાં બીજાઓ નફો કરતા હશે! તેઓના કહેવાતાં જોરમાં તેઓ નબળા પુરવાર થશે—તું તારી કહેવાતી નબળાઇમાં જોરાવર સાબીત થશે. હાં-તું બહુજ કઉવતમંદ રીતે અંતે જીતશે. તેથી યાદ રાખ—"જયારે ખુદા એક માણસને બંચાવવાજ માંગે છે તયારે તેને નરમાશમાં પ્રથમ લપેટી લે છે."

તા૦ ૧૮ મી અક્ટોબર.

નેક માણુસને કોઈપણ જીતી શકશેજ નથી. કોઈપણ દુશ્મન તેને કોઈપણ રવેશે હરાવી યા હંફાવી શકનાર નથી. તેની પોતાની સાચવટ અને તેની પોતાની પવીત્રાઈ ઉપરાંત તેને બીજાં કશાંની રક્ષણની જરૂર નથી. જેમ નેકીને બુરાઈ કદીપણ માહત કરી શકતી નથી, તેમ એક નેક શખ્સને એક બદકાર માણુસ કોઈ કાળેપણ હેઠો પાડી શકનાર નથી. બદગોઈ, અદેખાઈ, હસદ, કપટ એક નેક એવા નરની અડાસે હરગેઝ જઈ શકતાંજ નથી—તેને કોઈ સંજોગો વચ્ચે હાણી પુગાડી શકતાંજ નથી. જેઓ તેવા એક પુરૂષને નુકસાન પુગાડવાની કોશેશ કરે છે તેઓ આપંદ ખુદ પોતાની ઉપરજ માત્ર લ્યાનત લાવવા પામે છે. એક નેક પુરૂષને કોઈપણ ચીઝ સાંતી રાખવાની જરૂર હોવીજ નથી—તેને કોઈપણ કામો ચોરી છુપીથી કરવાની અગત રહેતીજ નથી—તેને કોઈપણ વીચારો એવા આવતાજ નથી કે જે તે બીજાંઓથી છુપાવવા માગતો હોય! તેથીજ તેને કોઈનીપણ બીક રહેતી નથી—તેથીજ તે કોઈથીપણ શરમાતો નથી! તેનાં પગલાં મક્કમ છે—તેનું શરીર ઓસ્તવાર છે—તેની ભાથા ગોલગોલ નથી. તે દરેક જણની સામે ટગર ટગર જોઈ શકે છે. તે કોઈનેપણ છેતરતો નથી—એટલે પછી તે શરમાયજ શેનો?

દુન્યાના ભવીષવેતાઓ આ સૃષ્ટીને આખી સપુર્ણ રીતે રચાયલી જુએ છે, અને તેને જુદાજુદા અપુર્ણ ભાગોના ભડભડગોટાથી બનેલી માનતા નથી. દુન્યાના મહાન ગુરૂઓ જાથુક ટકી રહે એવી ખુશાલી ધરાવનારા તથા બેહસ્તના જેવી શાંતી ભોગવનારા આસામીઓ છે. વીલાશી આદમી ઓની ખાહેશ એવી હોય છે કે તેઓ કાયદા વીરૂધની મોજમજાહ કાંઇ પણ આંકોશ વગર તેઓ ભોગવે અને તેના કાંઇઅી દુખ: દાયક પરીણામ તેઓ ભોગવે નહીં. આવા પ્રકારના આદમીઓ સૃષ્ટીને વગોવે છે. તેઓ ચાહે છે કે તેઓની મરજી અને ખાહેશ મુજબ શરૂષ્ટીએ નમવું જોઇએ. તેઓને નીતીરીતી જોઇતી નથી, પણ નીતી ભ્રષ્ટ રૂઢીઓ પસંદ છે. પણ ડાહ્યા પુરૂષો પોતાની ખાહેશ અને મરજીને દાબી નાખીને સીધી ખુદાઇ રાહ તરફ દોરવે છે, અને આ નાના ભાગોની બનેલી શરૂષ્ટાંને કીર્તીવંત સંપુ- ર્ણતાની ટોચે પ્હોંચેલી જગત લેખે છે.

જે ધનવાનો ઉપર મીનોઈ રોશની પ્રકાશે છે અને જેઓ અર્શાઈમાં વસે છે તેઓ સૃષ્ટીને અને સૃષ્ટામાં સમાયલી તમામ ચીજોને માત્ર એકજ અચળ કાયદાના સ્વરૂપ તરીકે જુવે છે: અને તે કાયદો ખુદાઈ પ્યારનો છે. આ પ્યારને તેઓ તમામ જીવતી તેમજ જડ ચીજોની અંદર એક જાતની આકાર દેતી, ટેકવી રાખતી, રક્ષણ કરતી, સંપુર્ણ બનાવતી શકતી તરીકે પીછાણે છે. આ અશો પ્યાર એવાં માણસો માટે માત્ર એક જીંદગીનો કાનુનજ નથી—તે એક જીંદગીનો સખત કાયદો છે: બલકે તે ખુદ જીંદગી પોતે છે. આ જાણવાથીજ તેઓ પોતાની આખી જીંદગી આવા પ્યાર ઉપરજ રચે છે—અને પોતાના સ્વાર્થને દાબી દે છે. આ રીતે ઉંચામાં ઉંચાં ખુદાઈ પ્યારને તાબે થઈ તેઓ તેવા પ્યારના ફળ પોતેબી ચાખવા માંડે છે, અને પછી તેથીજ પોતાની તકદીરની ઉપર સંપુર્ણ આંકોશ ધરાવવા માટે તેઓ પુરેપુરૂં છુટાપણું ધરાવે છે. ખુદાઈ પ્યારમાં સંપુર્ણ એકયતા છે—સ્વર્ગ આશીષ છે—અને તેમાં એ કારણે જરાબી દુ:ખનો અંશ નથી. કોઈબી માણસને એક પણ એવું કામ ના કરવા દો કે જે ખરા ખાલસ ખુદાઈ પ્યારને અનુસર તું નહી હોય; અને પછી તેને દુ:ખ કદીબી આડે આવશે નહીં.

જો એક સખ્શ ખુદાઈ પ્યારને જાણતો હોય, જો તે તેના અપાર આશીષમાં હીસ્સો ધરાવતો હોય, તો તે શખ્સ તેવા પ્યારને પોતાના જીગરમાં ધરાવતો હોવોજ જોઈએ. તે પોતે એ પ્યારનું સ્વરૂપ બનતો હોવો જોઈએ. જે માણસ માત્ર ઈશ્વર પ્રીતના રાહ ઉપર અમલ કરતો હોય તે માણસ જીનહાર એ કશા અટુલા પડી જતોજ નથી–તે માણસ કદીબી મુશ્કેલીના ખુણાંમાં ઘેરાતોજ નથી. કેમકે પ્યાર–સ્વાર્થ વીનાનો પ્યાર–એક ઈનશાનને શાન તેમજ કુવત બંને સાથે બક્ષે છે. જે માણસ પ્યાર કરતાં શીખ્યો તે માણસ હરેક મુશ્કેલીને દાબી નાખતાં શીખ્યો એમ સમજજો; તે માણસ દરેક નીશ્ફળતા ને ફતેહમાં બદલી નાખતાં શીખ્યો એમ માની લેજો; તે માણસ દરેક બનાવ અને સ્થીતીને આશીષ તેમજ ખુબસુરતીનાં લુંગરાંમાં સજ કરતાં શીખ્યો એમ ચોક્કસ સમજી લેજો! પ્યાર કરતાં શીખવાનો રસ્તો એજ છે કે તમારા પોતાની ઉપર આંકોશ રાખો. તે રસ્તે મુસાફરી કરતાં એક પુરૂષ પોતાનાં શાનનો કોટ બાંધતો ચાલે છે. પ્યારના મથકપર આવતાંજ તે પોતાનાં શરીરનો સંપુર્ણ કબજો ધરાવે છે–કેમ જે તેણે ખુદાઈ શકતી મેળવેલી છે.

તા૦ ૨૨ મી ઑકટોબર.

મીનોઇ જીંદગીમાં કોઇપણ જાતની ફરમાનબરદારી જેવું છેજ નહી. ત્યાં સંપુર્ણ છુટાપણું છે. એજ તેની સૌથી મોટી કીર્તિવંત મોટાઇ છે. પણ આ મહાન છુટાપણું તમે માત્ર તાબેદ રીતેજ પ્રાપ્ત કરી શકો છો. જે શખ્સ પરમાત્માને તાબે થાય છે તે શખ્સ પરમાત્માની સાથે સાથે ચાલે છે. તે શખ્સ પોતાના અંતરની તમામ શક્તીઓને તેમજ પોતાની બાહેરની સ્થીતીઓને જેર કરી શકે છે. એક માણુસ કદાચ નીચી પંકતીને પસંદ કરી ઉંચી પદવીને ભણુકારતો નહી હશે—પણ યાદ રાખજો કે નીચી પદવી જીનહાર ઉંચી પંકતીને ઉઠલાવી શકનાર નથી. એક ઇનશાન જો ઉંચી પંકતી પસંદ કરીને નીચાં પગથયાંઓથી દુર રહેશે તો તે દરેક મુસીબતની ઉપર ફાવી જઇ સંપુર્ણ સ્વતંત્રતા આનંદ પામ્યા વગર રહેશેજ નહી. તમારી ઇરછાઓને બેલગામ દોડવા દો એના જેવી ગુલામગીરી બીજી કોઇ નથી. તમારી પોતાની ઉપર જીત મેળવો—એના જેવું છુટાપણું બીજું કોઇ નથી. સ્વાર્થને ચાહનારો માણુસ પોતાની આસપાસ જકડાયલી સાંકળોને ચાહે છે—તે આ સાંકળ તોડવા માંગતોજ નથી કે મજે તેને મોટી ધાસ્તી એજ રહે છે કે રખે તે કોઇ પોતાની ચ્યારી મોજમજાહ ખોસી દે! આ રીતે ખુદ રીતે ખુદનો પોતાને હરાવે છે—ખુદને પોતાનો ગુલામ બનાવે છે.

તા૦ ૨૩ મી ઓકટોબર.

જે મહાન પુરૂષ હોય છે તે હંમેશાં ભલો પુરૂષ હોય છે. તે સદા સાદોજ છે. તે પોતાના અંતરમાં વહેતા ખુદાઇ નેકીના અખુટ ઝરા માંથીજ પોતાની જીંદગીનો વેહ મેળવે છે. તે ઇશ્વરી જગ્યાએ વસે છે—તે જીન્નતગુજીન થયલા મહાન આસામીઓ સાથે સંબંધ રાખે છે—તે અણુદીઠ મહા શક્તીની સાથે સાથેજ જીવે છે. તેને ખુદાઇ બસારત થવીજ રહે છે—બેહસ્તનીજ વાતાવરણનો તેને ભાસ થાય છે. જેને મહાન થવું હોય તેને ભલો પ્રથમ થવા દો. તે મોટાઇને શોધશે નહીં ત્યારેજ તે ખરેખરો મોટો માણસ થશે. જે માણસ મોટાઇની પાછળ વળખાં મારશે તે આયંદે નાચીઝપણામાં રખડતો રહી જશે. જે માણસ સદા નાચીઝપણાને ખુંડતો રહેશે તે આયંદે મોટાઇએ પુગવા વગર રેહવાનો નથી. જે પુરૂષે મોટાઇ માટે આરઝુ રાખી તે પુરૂષ આખર કરેને તુચ્છ છે એમ ફર સમજી લેજો. તેનો તે હાંફરો તેના અભીમાન—તેની આપ વડાઇની નીશાની છે. જે સખ્શ લોકવાહવાહમાંથી છટકવા હંમેશ ઇંતેજાર રહે—જે સખ્શ પોતાને આગળ પાડવા માટે હરદમ નારાજ હોય-તે સખ્શ બેશક મોટાઇને લાયક છે. હલકતપણું હંમેશ સત્તાને ચાહે છે. મોટાઇ કદીબી સત્તાધારી થવા માંગતીજ નથી—તેથી તે વખત જતાં એક એવી સત્તા થઇ પડે છે કે જેની આગળ જમાનાઓ અપીલ કરતા રહે છે.

તા૦ ૨૫ મી ઓકટોબર.

આપણા તુરંગો બીયાં સમાન છે, કે જે મનની જમીનમાં પડતાંજ ત્યાં ફણગામાં ફુટે છે અને પછી ઉગે છે, તે પ્રયોગ ત્યાર પછી તેના સંપુરણ તબક્કાએ પુગે છે ત્યાં તુલીક ચાલુજ રહે છે. આ ફણગામાંથી કરમોના ફળ નીપજે છે. જેવાં બીયાં તેવાં ફળ—સારાં યા માઠાં, ઝળકતા યા સુરખાઇભરયા—મળે છે. આ ફળમાંથી નવેસરથી પાછાં બીયાં મળે છે કે બીજાં મગજોમાં રોપાવા માટે તઇયાર બને છે. એક શીક્ષક બીયાંઓને રોપનાર આસામી છે—તે એક આત્મીક ખેડુત છે. જે આદમી ખુદને પોતાને કેળવે છે તે ખુદના પોતાના મગજની જમીનને ખેડનારો એક શયાનો ખેતીકાર છે. વીચારનું ઉગવું એ એક છોડવાના ઉગવા બરાબરજ છે. બર વખ્તેજ તે બીયું રોપાવું જોઇયે—અને તે જ્ઞાનના રોપામાં પ્રગટી નીકળે તથા ડહાપણના ફુલ તે ઉપર ઉગે તે માટે તેને ઘટતો વખ્ત મળવો જરૂરનો છે. એક મહાન શીક્ષાગુરૂએ પોતીકા ચેલાઓને સલાહ આપી હતી કે "હંમેશ તદન જાગરૂત રહેજો!" આ શીખામણનો ભાવારથ બહુજ સંક્ષેપમાં એટલોજ છે કે "જો તમને તમારી મકસદ હાર પાડવીજ હોય તો ચાલુ અઠાગ શ્રમ ખેંચતાજ રહેજો!"

તા૦ ૨૬ મી ઓક્ટોબર.

શું તું તે પરમાત્માનું શીક્ષણ દુન્યાને આપવા માંગે છે? તો તારો સ્વાર્થ તજીને શીક્ષણ મુજબ તારે પોતાને ચાલવું પડશે. તારે એક બીના ગ્રહણ કરવીજ પડશે, કે મનુષ્ય માત્રના જીગરમાં ભલાઇ છે—તે જીગર આખર કરેને ખુદાઇ છે. તારે એક ધોરણ તો જીંદગી ભુગવવીજ પડશે—અને તે ધ્યારંને ધોરણ છે. તું પોતે બધીમાં માનશેજ નહી—બંધીને જોશેજ નહીં—અને પછી તું સર્વે કોઇને ચાહશે. ત્યારબાદ તું જોકે ઘણુંજ થોડું બોલશે, તોય તારી દરેક હીલચાલ એક સ-તા સમાન થશે–તારો દરેક સુખન એક બોધ તરીકે લખાશે. તું તારા દરેક ગમે તેવાબી છુપા સ્વચ્છ વીચારોથી, તા ાં દરેક ગમે તેવાં બી ખાનગી કે બીનસ્વાર્થી કામોથી, જન્મારાઓને અને અસંખ્ય આશાવંત જીવોને તું મુંગી વાયજ કર્યોજ જશે. જે માણસે નેકીને પસંદ કરી સ્વભોગ આપ્યો તે માણસને સર્વસ્વ મળ્યું એમ સમજજો. તે દરેક સહુથી ઉત્તમ ચીઝ પામે છે—સહુથી મહાન શકતી સાથ તેનો સંબંધ થાય છે—અને મહાત્માઓની સંઘમાં દાખલ થાય છે.

તા૦ ૨૭ મી અકટોબર.

બાહેરથી જો કાંઇબી સખ્તાઇના ચીન્હો પ્રદરશીત થતાં હોય તો જાણુજો કે તે બાતેનમાં ગુજરતી ખરેખરી સખ્તાઇનો પડછાયે– તે સખ્તાઇનું પરીણામ છે. જે વર્ગ સદંતર છુંડાઇ જતો રહેલો છે તે આજે જમાના થયા છુટાપણુા માટે પુકાર ઉઠાવતો રહેલો છે– અને મનુષ્ય જાતથી રચાયલા હજારો કાયદાઓ ત છુટાપણું હજી મજકુર વર્ગને બક્ષી શક્યા નથી. આ કકળાટ કરતો વર્ગ છુટાપણું માત્ર ખુદ પોતેજ પોતાની કોશીશથી મળવી શકશે–તેઓના જીગર ઉપર જે ખુદાઇ કાયદો લખેલો છે તેને તાબે થઇને આ વર્ગ જો ચાલશે તોજ તેઓ સ્વતંત્ર થશે. તેઓના અંતરમાં છુટાપણાંનો છે જે પવીત્ર ખ્યાલ છે તેનેજ વળગી રહેવા તેઓને કહો– અને જુલ્માતનો સીલો ઓળો પછી દુન્યાંની સપાટીને એબલગામ બનાવી શકશેજ નહીં. કોઇબી આદમી જો ખુદની પોતાની વીરૂધ સખ્ત રીતે થાય નહીં તો આ જગતમાં ઇનશાનો પોતાના ભાઇબંધો ઉપર સખ્તાઇ ગુજારેજ નહીં. આદમજાત બાહેરની સ્વતત્રંતા માટે તરેહવાર કાયદાઓ રચે છે પણ તેજ આદમજાત પોતાના અંતરમાં એક જાતની ગુલામગીરીની સ્થીતીને મજબુતી આપ્યા કરીને સ્વતત્રતા તદન અશક્ય બનાવી દે છે. આ રીત તેઓ બાહેરના પડછાયાની પુઠે ચાલે છે–બાતેનની ખરી સંગીન ચીઝ ઉપર આંખ વીચામણુા કરે છે. જ્યારે માનવી ગુસ્સા, ગફલતી અને ગુમરાહીનો ગુલામ રાજીખુશીથી બનતો અટક્શે ત્યારે બાહેરની સખ્તાઇનાં તમામ બંધનો તુટી જશે.

મોટા મહાન શીક્ષાગુરૂઓ માંહેલા એક મહાત્માએ પોતાના ચેલાઓને સલાહ આપી હતી કે "સદા આંખ્યો ઉંઘાડી રાખીનેજ ચાલજો!" આ નસીહતનો અર્થ સંક્ષેપ એટલોજ છે કે જો તમને તમારી મકસદ હાર પાડવીજ હોય તો નીયમીત કાયમનો શ્રમ ચાલુજ રાખજો! એ સલાહ જેટલી એક સેલ્સમેનને માટે કીંમતી છે- તેટલીજ તે એક સાધુને માટેબી અવશ્યની છે. છુટાપણાની કીંમત તમુને જે આપવી પડશે તે ચાલુ જાગુકની જાગૃતી છે—અને છુટાપણું એ તમારી મુરાદોની સૌથી સૈવટની વાવટાકાઠી હોવીજ જોઈએ. તેજ શીક્ષાગુરૂએ કહયું છે કે "જો, માનવી, તારે કાંઈબી બજાવવુંજ હોય તો તે એકદમ બજાવ! તેની સાથે જોશ અને ઝનુનથી હુમલો લઈ જા!" આ સલાહનું ડહાપણ તમે ત્યારેજ જોઈ શકશો કે જયારે તમે યાદ કરશો કે ઉદયોગ હમેશ કાંઈ પેદા કરી શકે છે—અને ઉદયોગની પેદાયશનો વાજબી ઉપયોગ કરો તો વધારા અને ખીલવણીમાં તેનું પરીણામ નીપજે છે. તમે તમારી મોજુદ શકતીનો પુરેપુરો ઉપયોગ કરો તો તમને ઓરબી વધારે શકતી મળશે. જે માણસ બસ કોઈબી કામ પાછળ પુરેપુરા જોશ સાથે મંડી જાય છે તે માણસની આગળ સત્તા અને છુટાપણું ચાલ્યાં આવે છે.

જ્યાં શાંતી હશે—ત્યાં ચતુરતામાં ચઢતી સત્તા હાજર હોવીજ જોઇએ! એક જોરાવર, તાલીમ પામેલા, ધીરજથી કસાયલાં મનની સાબુત ગવાહી શાંતી છે. ખુબ ખાત્રી રાખજો—એક શાંત પ્રકૃતી જે શખ્સ પોતાનું કામ તદન બરાબર સમજે છે, તે ઘણુંજ થોડું બોલે છે—પણ પથ્થરમાર બોલે છે. તેની યોજનાઓ આબાદ ગોઠવાયલી હોય છે—અને તે એક તદન બારીકીથી રચેલાં યંત્રની માફક પોતાનું .કામ બજાવ્યા જાય છે. તે લાંબે છેટેથી દુર જોઇ શકે છે—અને તથી તે પોતાની મકસદની વસ્તુ ભણી એકદમ હીંડે છે. પોતાના મુદઇ—મુશ્કેલી—ને તે એક દોસ્તમાં બદલી નાખે છે, અને તેનો બરાબર લાભ લે છે, કેમ કે એક દુમનમદની સાથે મળી જઇને કેમ કામ કાહડી લેવું તે તેને બરાબર આવડે છે, એક લશ્કરના સરદારની પેઠે તે હંમેશ કટોકટ વખતની મુશકેલીઓની આગમજથીજ ગણુત્રી કરે છે. ખરેજ એવો શખ્સ કોઇબી સંજોગ માટે અગાઉથી તઇયાર થઇ રહેલો હોય છે. પોતાના વીચારો દરમ્યાન, પોતાના ચુકાદાઓ ઘડતી વખતે, તે હંમેશ દરેક બાબદના કારણોની તલાસ કરે છે—અને હરેક મામલા વખતે બરપા થતા સંજોગો ધ્યાનમાં રાખીને પછીજ અનુમાનો બાંધે છે. તેને તમે કદીબી અચાનક પકડી શકશો નહીં; તે કોઇ કાળેબી ઉતાવળમાં પોતે હોતોજ નથી. તે પોતાના મક્કમપણામાં તદન સલામત છે.

એક મુફલીસ માનવી જો તવંગરી ચાહતોજ હોય તો તેણે છેક હેઠળના પગઠયાંથી શરૂઆત કરવી પડશે. પોતાની કાયનાતની ઉપરાંત કોઇબી ચીઝ માટે આરઝુ રાખી શ્રીમંત થઇ જવાની તેણે હરગેઝ ખાહેશ રાખવી જોઇતી નથી—બલ્કે કોશશબી કરવી જોઇતી નથી. છેક તળેટીએ હંમેશાં ફરાગાત મોટી જગ્યા મોજુદ હોય છે—ત્યાં કાંઇ બજાવી શકવા માટે હંમેશાં મોટી સવળતા રહે છે—ત્યાં કોઇબી ચીઝની શરૂઆત કરવામાં ઘણીજ સલામતી હમેશાં હોય છે. તેનો સબબ એ છે કે સઉથી નીચેનાં પગઠયાંની હેઠળ હવે બીજું કાંઇ હોઇ શકતુંજ નથી—જેબી કાંઇ સઘળું હોય છે તે ઉપરજ હોય છે. ઘણાંક ધંધારોજગારમાં પડેલા જુવાન સખ્શો એમ સમજે છે કે ફતેહ માટ ધંધામાં બડાઇ અને ધામધુમ અગત્યની છે—અને તે પોતાના ધખારા મુજબ અમલ કરવા જતાં તેઓ ઝટ ખતા ખાય છે. તે જાતની ખોટી ધાંધલ કોઇને ઠગી શકતી નથી—તે પોતેજ એકલો તેથી ઠગાય છે અને આયંદે તેથી ખુવારીમાં સપડાય છે. તમે તમારી પોતાની અગત્યતા અને દરજ્જાની બધી અતીશયોકતીભરી જાહેર ખબર આપો તેના કરતાં નાના પાયા ઉપર એક મુંગે મ્હોડેની પણ સંગીન શરૂઆત કરશો તો કોઇબી ધંધામાં તે રીતે વધારે ફાવશો.

શાંત મનોવૃતી એ સુસ્તીના એદાદાથી વહન જુદીજ ચીઝ છે. એ જાતની શાંત મનની હાલત તમારી તમામ કાયનાતનું મધ્યબીંદુ છે. ત્યાં તમારી મનશક્તી એકજ પોઇન્ટ ઉપર જમાવ થયલી છે. ચાલુ ઉશ્કેરણીમાં અને ઉકળાટમાં તમારી મનશક્તીનો જથ્થો વીખેરાઇ જવા પામે છે. એવી સ્થીતીમાં મન કશાબી આંકોશમાં રહેતુંજ નથી— અને પરીણામમાં તે પોતાનું જોશ અને પોતાનું વજન ખોઇ દે છે. એક ધાનધુમ્યો, ચીરડાઉ, રડકંડો આદમી પોતાનો લાગવગ વધારી શકતોજ નથી. તેનેથી સદા બધા દુર ન્હાસે છે—તેની તરફ કોઇજ ખેંચાતું નથી. તે અજબ થાય છે કે તેનો સુખીયારો પાડોસી આમ એટલો બધો હમેશાં ફાવે છે શા માટે? તે પોતે આખો વખત દોડાદોડી કરતોજ રહે છે— ખટપટ કરતો રહે છે, મહેનત મજુરી કરતો રહે છે (કે જેને તે ખોટી રીતે પોતે યત્ન કરતો રહેલો ગણે છે) તે છતાં તે નીશફળ જાય છે, લોકો તેનેથી દુર ન્હાસે છે, જ્યારે તેનો પાડોસી ફાવી જાય છે, તેનું કારણ શું? તેનો પાડોશી વધારે શાંત મનનો માનવી છે—તે સુખ્યારો નથી, પણ મક્કમ વીચારનો માણુસ છે; તેથીજ તેને વધારે કામ મળે છે—જે કામ તે વધારે ચાલાકીથી બજાવે છે—અને તે પાડોસી વધારે ડાહ્યો તેમજ વધારે મર્દાનગીભર્યો છે. તેની ફતેહ અને લાગવગનો એજ ભેદ છે. તેની શક્તી કાબુમાં રહેલી છે અને બધી વપરાસમાં આવે છે—જયારે પેલા બીજા માણુસની શક્તી બધી વીખેરાઇ જવા પામે છે અને ગેર ઉપયોગમાં આવે છે.

પોશાક અને ઘરેણાંગાંઠાની એક ધામધુમભરી રચના એક વલગર અને એક પોકળ મગજની નીશાન છે. નમનતાઇભર્યા તેમજ ઉંચી મનશકતીના માનવીઓ પોતાના લેબાસમાં હંમેશ ઘણા અંદાજાસરના હોય છે. તેઓ પોતાનો ફાંલતુ પૈસો ડહાપણભરી રીતે પોતાનું ભંડોળ અને પોતાનો સદ્‌ગુણ વધારવા માટેજ વાપરે છે. કેળવણી અને સુધારો વધારો તેઓ માટે ખીનજરૂરી, નકલીદી પોશાક કરતાં વધારે અગત્યનાં છે. તેઓ હરદમ સાહીત્ય, આર્ટ અને સાયન્સને ઉતેજન આપે છે. ખરી મોટાઇ મગઝની ઉનંતીમાં—અને તમારી વર્તણુંકની મોતેબરીમાં— છે; જે મગઝ સદ્‌ગુણ અને અક્કલમંદીથી મઢાયલું છે તે પોતાની ખેંચાણશકતીમાં માત્ર બાહેરના શરીરના ભપકાબંધ દેખાવથી કદીબી વધારો કરી શકનાર નથી—(ઓરખી કદાચ તે તેથી ઘટાડો કરી શકશે!)

પુરતો વીચાર કરવા માટે અને યોજનાઓ ઘડવા માટે-તેમજ હરેક ચીજ માટે દરીયાફત કરી અગમચેતી કરવા ખાતર-જે માણુસ સવારના વહેલો ઉઠે છે તે માણુસ હમેશાં બીજા કોઈ સખ્શ (જે છેલ્લી ઘડી સુધી બીછાનામાં ભરાઈ રહે છે અને માત્ર નાસ્તાનેજ માટે ઉઠે છે) તેના કરતાં પોતાની કોશેશમાં હમેશ વધારે ફાવ્યા વગર રહેતોજ નથી. આવી રીતે નાસ્તા અગાઉ એક કલાક વાપરેલો સદા એક માણુસની ફતેહમંદ કોશેશોમાં સૌથી કીમતી જગ્યા રોકશે. તેમ કરવાથી મગજ શાંત થાય છે, સ્વચ્છ થાય છે-અને મનની શકતી એકજ અણી એ જમાવ થવાથી વધારે અસરકારક બને છે. સહવારના આઠ વાગતાની અગાઉ તમે જે કાંઈ કરશો તેને સૌથી વધારે મોટી ફતેહ મળશે. પણ જે માણુસ સવારના ૭ વાગતે હમેશાં પોતાની ફરજપર હાજર થશે તે માણુસ હમેશાં આઠ વાગતે ઉઠતાં માણુસની ઉપર સરસાઈ ભોગવ્યા વગર રહેશેજ નહીં.

હરેક ચીઝ બરોબર બજાવવા માટે માત્ર એક રસ્તો હોય છે— પછી તે ચીઝ ગમે તેવીબી નજીવી હોય તો શું થયું ! અને તેજ ચીઝ ખોટી રીતે બજાવવાનાં હઝારો રસ્તા હોય છે. ખરી ચતુરાઇ મજકુર એકપુરો ખરો રસ્તો શોધી કહાડવામાં અને તેને વળગી રહેવામાં છે. અણઘડ માણસ પેલા હઝાર ખોટા રસ્તાઓપર ફાંફાંજ મારયા કરે છે. તેને ખરો એકલો રસ્તો દેખાડવામાં આવે છે, તોબી તે અખત્યાર કરતો નથી. એવો અણઘડ પુરૂષ પોતાના અજ્ઞાનપણામાં ખોટે રસ્તે જતાં એમજ માને છે કે તે પોતે ઘણોજ સમજદાર માણસ છે. તેમ કરવાથી તે પોતાને એક એવી હાલતમાં મુકે છે કે જયાં તેને માટે કાંઇબી શીખવાનું બીલકુલ અશકય થઇ પડે છે—પછી તે માત્ર એક બારી સાફ કરવાનું કે જમીન ધોવાનું તુચ્છ કામ હોય તેબી તે શીખી શકતો નથી. વિચાર શકિતની અને ખબરદારીની કોતાહી ઘણીજ આજે સાધારણ છે. વિચારવંત તેમજ ખબરદાર માણસો માટે આજે દુન્યામાં પુષ્કળ જગ્યા છે. મજુરોને ચાકરીએ રાખનારાઓ આજે જાણે છે કે કુશળ કામદારો મેળવવા આજે કેટલું મુશકેલ છે. એક સારો કામદાર—પછી તે હથિયારોથી કામ કરતો હોય, યા ભેજાંઓથી કામ કરતો હોય, પોતાની વાકચાતુરીથી યા વિચાર શકિતથી કામ કરતો હોય—તે સદા પોતાની કુશળતા માટે એક જગ્યા શોધી કહાડયા વના રહેતોજ નથી.

તા૦ ૫ મી નવેમ્બર.

જેમ પાણીનો પરપોટો લાંબો વખત ટકી શકતો નથી, તેમ એક ઠગાઈ ઝાઝી મુદત નીભી શકતી નથી. એક ઠગારો પૈસા મેળવવા માટે એક જાતની જીવતોડ રંજ ખેંચે છે — અને પછી અંતે દપટ પડે છે. ઠગબાજીથી કદીપી નફો મેળવી શકાયોજ નથી — મેળવી શકાશેબી નહી. કદાપી સેહેજ વખત માટે કાંઈક તમે લાભ મેળવશો, પણ તમને તે ચક્રવૃધી વ્યાજ સાથે પાછો વાળવોજ પડશે. પણ ઠગાઈ કાંઈ માત્ર એકલી એક અંતઃકરણ — વીનાના લુચ્ચાથીજ રજુ થતી નથી. જેઓ કાંઈબી બદલો આપ્યા વગર પૈસા મેળવે છે — અથવા પૈસા મેળવવાની તજવીજ કરે છે — તેઓ ઠગાઈ કરે છે. જે પુરૂષો મેહેનત કરવા વગર પૈસા કેમ મેળવવા તે બાબે અંદેશાભરી યુક્તીઓ રચે છે, તેઓ ઠગારા છે. મગજની હાલતે તપાસતાં તેઓ ચોર–ગઠકુ દગાબાજો છે. એજ ચોર વ° અથવા દગલબાજ વર્ગના સપાટામાં તેઓ પોતે મોડેવહેલા આવ્યા વગર રહેવાનાજ નથી.

તમારે જો સંપુર્ણ અને મજબુત બનવુ જ હોય તો તમારા બદનની રગેરગમાં પ્રમાનદારી પસરી રહેલી જોઇએ. તેજ સાચવટ તમારી જીંદગીની બારીકબારીક બાબદોમાં પેસ થવાની જરૂર રહેશે. તે તમારૂં પ્રમાણીકપણું એટલું તો પુખ્ત તેમજ કાયમનું હોવું જોઇએ કે જેથી તે કોઇ પણ તરાંહની લાલચ સામે ટકી રહી શકે અને કાંઇક નમતી હાલ તે ડગમગેજ નહી. એક બાબદમાં નીષ્ફળ નીવડશે તો સર્વે બાબદો માં નીશફળ નીવડશે. કોઇ દબાણ તળે એકાદ વખત જુઠું બોલી સહેજ ઠીંગડાં મારવા જશો–(પછી તે જુઠું ગમે તેવુંબી અગત્યનું અને નજીવું કાં નહી હોય)–તો તમે તમારી પ્રમાનદારી ઢાલફેંકી દેશો અને બદીના મારાની સામે રક્ષણ વગર ઉંઘાડા થઇ ઉભા રહેવા પામશો. જે માણસ પોતાના શેઠની ગેરહાજરીમાં તેમજ તે શેઠની અંગત દેખરેખ તળે એકસરખી કાળજીથી અને પ્રમાણીક દયાનતથી કામ કરે છે, તે માણસ લાંબો વખત પોતાની નીચી સ્થીતીએ રેહવાનોજ નથી. ફરજમાં આવી દયાનતદારી, પોતાનું કામ બજાવવી વખતની આવી બારીક કાળજી તે પુરૂષને ઝટ આબાદીના ફળદરૂપ વીભાગોમાં દોરવી લઇ જવા વગર રહેશેજ નહીં.

તા૦ ૮ મી નવેમ્બર.

ફતેહ માટે સર્વેથી ખાત્રીપુર્વક જુસ્કો પ્રમાણીકપણું છે. અને એક આખેરી દિવસ એવો આવે છે, ને જ્યારે એક અપ્રમાણીક પુરૂષ ગમીથી અથવા દુ:ખથી આ જેજ થઇ પષતાયા વગર રહેતોજ નથી. પણ કોઇબી આદમીને કદી પણ પ્રમાણીક બનવાને માટે પસ્તાવું પડયું હોય એમ તો થયું જ નથી–થશેબી નહીં. કવચીત કોઇ દાખલામાં એક પ્રમાણીક માણુસ નિષફળ નીવડે છે (કેમજ કોઇ કોઇ વાર તે ફતેહના બીજા સ્તમભો ધરાવતો હોતો નથી: જેવાં કે તાકાત, કરકસર અથવા રૂઢી) પણ તેવા દાખલામાંબી તે પ્રમાણીક આદમીની નિશફળતા તેને એક અપ્રમાણીક આદમીને જેટલી ખટકે તેવી ખટકતી નથી. કેમ જે તે પ્રમાણીક પુરૂષ હમેશાં એક બીના માટે હમેશાં ખુશાલ રહી શકે છે, કે તેણે કોઇબી ભાઇબંધ માનવીને ઠગ્યો નથી. પોતાના કાળામાં કાળા કલાક દરમ્યાનબી એક પ્રમાણીક પુરૂષને સૌથી મોટો સંતોષ એજ હોય છે કે તેનું પોતાનું અંતકરણ સાફ છે.

•

એક આદમી જે કોઈબી ચીઝમાં હારતો હોયજ નહી તો અલબત તેની તે કીરતી તેને મોટું રક્ષણ કરતા થઈ પડે છે; પણ જે માણસની યકીનદારી સંપુરણ રીતે સ્વચ્છ તેમજ પેતકરાર હોય છે, તેનેજ આ કીરતી ઉપયોગી છે. ગમે તેવીબી નજીવી બાબદમાં સાચવટનો ભંગ નહીં કરવો એ મુદ્રાલેખ જેણે અમલમાં મેલ્યા, તે ગમે એવાબી અસેમસેના અણકાઓ, નીંદાઓ અને જુઠી અફવાઓના હુમલા સામે સંપુરણ અજીત છે. જે માણસ એકબી બાબદમાં નબળો પોચો પડયો તે પછી સઘળી વખતે હાર પામવાને કામીલ છે. બદીનો ભારો (એચીલીસની એડીમાં ભોંકાયલા તીરની માફક) તેને કોઈબી પળે જમીનદોસ્ત કરશે. સ્વચ્છ અને સંપુરણ પ્રમાણીકપણું કોઈબી જાતનાં હુમલાની સામે—કોઈબી જાતની ઈજાની સામે—એક જાતના રક્ષણ મીસાલ છે. એવું પ્રમાણીકપણું ધરાવનારો શખ્સ ગમે તેવીબી વીરૂધ્ધતા તથા સતાવણીની સામે દહેશત વગરની હીમ્મત અને ઓદાઈ શાંતી સાથે ઓસ્તવારીથી ખડો ઉભો રહે છે. નીતીનાં આ બુલંદ ધોરણનો સ્વીકાર કરી કેળવાયલા મગજે તેનો અમલ કરનાર માણસના મનને જે કૌવત મળે છે—અને તેના જીગરને જે શાંતી બક્ષા થાય છે—તે કૌવત અને શાંતી તમારી ગમે તેવીબી ઉંચી બુધ્ધી, મનશકતી અથવા ધંધાદારી કુશળતા ઉપજાવી શકવાની નથી.

"દીલસોજી" એક એવી ચીજ છે કે જેને ઉપર ટપકેની અને તકલાદી લાગણી સાથે ભેળી નાંખવી જોઇતી નથી. ટુંક વખતની ક્ષણભંગુ લાગણી ખુલ્યાં વિનાના એક સુંદર ફુલની માફક ઝટવારમાં કરમાઇ જાય છે; એવાં કમજોર ફુલો કદીએ પોતાની પાછળ બીયાં કે ફળ મેલી જતાં નથી. વિખુટા પડેલા એક દોસ્ત માટે હીસ્ટીરીયારૂપે રડાપીટ કરવી-અથવા દેશાવરમાં બિમારી ભોગવતા કોઇ સ્નેહી માટે હાય અફસોસ કરવો-એ કાંઇ "દિલસોજી" નથી. બેઉ દાખલાઓમાં પારકા ગેરઇનસાફ અથવા ઘાતકીપણાંની વિરૂધ કોઇએ પ્રકારનો જુસ્સો દાર ગુસ્સો રજુ થતો નથી, દિલસોઝી મગઝની ત્યાં નિશાની મળવીજ નથી. જે આદમી પોતાના ઘરમાં ઘાતકી હોય છે-જે મરદ પોતાની ઓરતને હાડમાર કરે છે-અથવા પોતાના બચ્ચાંઓને માર મારે છે,-અથવા પોતાના નોકરોને ગાળો દે છે,-અથવા પોતાના પાડોશીઓને તરેહવાર ટીકાઓથી વિંધી નાખે છે-તે આદમી દુન્યાના દુઃખી લોકો માટે જો લાંબી લાંબી વાતો કરતો હોય તો તેના પ્રિત અને માયાના એવા ઢોંગમાં કેટલી હદનું જુઠાણું હોવું જોઇયે! પોતાના અંગત આંકોશ માંહેલા લોકોની બાહેર તે "દિલસોજી" જો બતાવવા માગે તો તે ઉપર કેટલું વજન મેલવું? અને ત્યારબાદ પોતાની આસપાસ ગુજરતા ગેરઇનસાફ અને થતી સખ્તાઇ બાબે જો ગુસ્સાથી તે લાલ પીળો થઇ જતો હોય, તો તેની તે ગુસ્સાની લાગણી કેટલી પાકળ હોવી જોઇયે તેનો તમેજ વીચાર કરો!

તા૦ ૨૫મી નવેમ્બર!!

દીલસોજી આપણને સર્વે ઇનસાનોના જીગરો ભણી ખેંચી લઇ જાય છે; પરીણામમાં આપણે તમામ આદમ જાત સાથે આત્મીક રીતે એકત્ર થઇયે છીયે, અને જ્યારે તેઓપર મુસીબત વરસે છે ત્યારે આપણને દુઃખ થાય છે; જ્યારે તેઓ ખુશીમાં હોય છે ત્યારે તેઓ સાથ આપણેબી ખુશાલ બન્યે છીયે; જ્યારે તેઓને કોઇ તુચ્છકારે છે અથવા સતાવે છે ત્યારે આપણેબી આત્મીક રીતે તેઓની સાથ ઉંડી લાગણીમાં ઉતરી તેઓની ગમી અને શરમીંદગી આપણા અંતરમાં વસાવ્યે છીયે. જે માણસ આવી જાતની દીલસોજીનું એકત્ર કરનારૂં, તોડી નાખનારૂં, ખમીર ધરાવે છે તે માણસ કદીબી કોઇની તરફ ખામીઓ અથવા વાંધાખોરો થઇ શકતોજ નથી—કદીબી બીજાઓ માટે વગર વીચારના અને ઘાતકી અભીપ્રાયો દર્શાવતો નથી; કેમજે તે પોતાના જીગરના નાજુક ભીત્તરમાં પારકાઓના દુઃખમાં હમેશ ભાગીદાર હોય છે. પણ આવી જાતની પાકટ દીલસોજીને તબકકે પુગવા માટે એક આસામી માટે અવશ્યનું છે કે તેણે પુષ્કળ પ્યાર અનુભવેલો હોવો જોઇયે પુશકળ દુઃખ સહન કરેલું હોવું જોઇયે, અને ગમખારીનાં અંધારા ઉંડાણમાં ઉતરી ચુકેલો હોવો જોઇયે. દીલસોજી—એ બહુજ ગંભીર અનુભવોની પીછાન પછીજ પ્રાપ્ત થાય છે; અને તે એકવાર જો આદમ જાતે મેળવી, તો જાણવું કે તેના અંતઃકરણમાંથી ગરૂરી, કમસમજ, અને એકલપેટાઇ સદની સદંતર નીકળી જઇ ચુકેલી છે.

લોભ, હલકાઈ, હસદ, અદેખાઈ, શંકા—એ ચીજોથી સદા ચોંકેલા રહેજો; જો એ લાગણીઓને તમારા અંતઃકરણમાં વાસો કરવા દીધી તો જીંદગીની અંદર તમારે માટે જેબી કાંઈ સઉથી ઉત્તમમાં ઉત્તમ નિર્માણ થયલું છે તે તમારી કનેથી ખુંચવાઈ જશે. તમારી બાકી માલમતામાંજ નહીં, પણ તમારી ખાસીયતમાં—તમારા સુખમાંબી—જે કાંઈ સર્વોતમ હશે તે નાબુદ થશે. જીગરના મોટા રહેજો, હાથના છુટા રહેજો, દુલ્લા જીવના રહેજો, દરેકપર ભરૂસો મેલી મનના ખુલ્લા રહેજો. આપો તો ખુશાલ હૈયે આપજો. તમારા મીત્રો તેમજ ભાઈબંધોને વિચારનું તથા હિલચાલનું છુટાપણું આપજો. એવા નિવડજો, અને માનપાન, ધનદોલત, આબાદી તમારાં મીત્રો અને પરોણાંઓ તરી કે પોતાની મેળે તમારે ત્યાં બારણું ઠોકતાં આવશે.

જે માણસ નરમાશપણુંમાં સંપુર્ણ છે તે કદીબી ક્રોધ સાથે વરતો નથી ગમે એવોબી કઠોર અપશબ્દ તે જીનહાર પાછો વાળતો નથી. તેવાં કડવું વેણુ ને તે પડતુંજ મેલે છે-યાતો તેનો બહુજ નમ્ર રીતે ઉત્તર વાળે છે-કે જે જવાબ ગુસ્સાભર્યા પ્રતીઉત્તર કરતાં અતી ઘણો વધારે જોરાવર થઇ પડે છે. નરમાશ-એ ડહાપણુ સાથે નીત્ય શાદીના ગાંઠથી જોડાયલું છે. રયાનો પુરૂષ પોતાના ખુદમાં જેબી ક્રોધ હોય તેને મહાત કરી ચુકેલો હોય છે-એટલે પછી તે પારકાંઓમાં નજરે પડતા ક્રોધને સેહલાઇથી મહાત કરી શકે છે. કેશ વાએક અગરના પુરૂંધાની બર જે જંજાલો અને મુસીબતો પાછે વખ્ત તુટી પડવીજ રહે છે તે માટે ભાગે એક નમનતાઇભર્યા આસામીને નડવીજ નથી. જયારે ગરમ સ્વભાવના આદમીઓ બીન જરૂરી અને બરબાદીભરયા ધસાડાથી ગળાતા જાય છે ત્યારે એક નમ્ર ખાસ્યતનો માનવી શાંત અને સમધાત રહે છે અને તેની તેવી શાંતી અને સમાધાની તેને જીંદગીની લડાઇ જીતવા માટે અતીશય જોરાવર 'સાધનો તરીકે કામલાગે છે.

તા૦ ૨૬ મી નવેમ્બર.

ઘણુંજ અગત્યનું છે કે આપણે આપણા પોતાના ખરા આકારમાં હમેશ પ્રગટ થવું જોઇયે. આપણે જે ચીઝ નથી તે ચીઝના રૂપમાં દેખાવ દેવાની ઇચ્છા કદીબી આપણે રાખવી જોઇતી નથી. કશાબી સદ્ગુણો ધરાવવાનું ખોટું ડોળ ઘાલતા ના—કોઇબી જુઠું વડપણ લેવાનો ફાંકો રાખતા ના—કોઇબી ખોટો વેશ ધારણ કરતાજ ના. જે માણસ ઢોંગી અને ધુતારો છે તે એમ ફાંકો રાખે છે કે તે આખી દુન્યાને અને દુન્યાના અચળ કાયદાને બેંહકાવી શકે છે. હા—એકજ માણસને તે બેંહકાવી શકે છે, અને તે ખુદાને પોતાને છે! તે માટેબી દુન્યાનો કાયદો તેની ઉપર એક જબરદસ્ત નેક દંડ નાંખે છે! આ જગતની એક અસલ માન્યતાં છે કે જેઓ હદ બાહેરનાં બદ છે તેઓ આયંદે નાશ પામે છે. હું ધારૂં છું કે એક જુઠો તરકટી પુરૂશ બનવું એ નાશ પામવાની અચુક નીશાની છે—કેમકે તે તબક્કામાં માનવી પોતાની અક્કલ ગુમાવીજ દે છે, અને માત્ર ખયાલી પોકળ ઓળાઓ. પછવાડેજ વળખાં મારે છે.

જેમ જેમ આપણાં અંતરમાં નેકના નવા નવા અનુભવો દાખલ થતા ચાલે છે તેમ તેમ બદીના દુઃખ દાયક અનુભવો હળવે હળવે દફે થતા જાય છે અને નેકીના નવા અનુભવો શું શું છે? તેઓ નિઃખ્યાબંધ છે—બહુજ સુંદર છે. સાંભળો:-ગુનાહમાં તપે સામેલ નથા એ બાબેની તમારી ખુશાલી ભરી માહીતી; પશ્ચાતાપ અને શરમીંદગીની હાલતમાંથી તમારૂં બાકાત રહેવું; લાલચની તમામ વેદનામાંથી તમારૂં છટકી જવું; અગાઉ જે સ્થીતીમાં તમને સખત વેદના ખમવી પડી હોય તેજ સ્થીતીમાં તમને હવે ખુશાલી લાગવા માંડે તેવા સંજોગોનું રજુ થવું; પારકાઓનાં ક્રમથી તમને થતાં નુકશાન બાબેની તમારૂં બેદરકાર રહેવું; મોટી સબુરી અને મીઠી આસ્પતના ગુણોનું તમારામાં વધવું; ગમે તેવાખી સંજોગો વચ્ચે તમારા મનની સમાધાનીનું જળવાઇ રહેવું; શંકા, ચીંતા અને ધાસ્તીમાંથી તમારૂં સદાનું ફારેગ રહેવું; અણગમા, અદેખાઇ અને દુશમનીમાંથી તમારૂં અલગ રહેવું—આ સઘળા અનુભવો ખચીતજ ઘણા સુંદર છે.

તા૦ ૧૯ મી નવેમ્બર

ઇનશાન સદા શાંતીને માટે પ્રાર્થના કરે છે-છતાં તેઓ ગુસ્સાને વળગી રહે છે. તેઓ પોતે ઝગડાને ધીક્કારે છે છતાં તેઓ મીનોઇ આસાએશની આરઝુ રાખે છે! આ અજ્ઞાનતા છે-ખરેજ અતીશય ઉંડી આત્મીક અજ્ઞાનતા છે. ખુદાઇ ચીજોની બારાખડીનો પહેલો અક્ષરબી નહીં સમજવા જેટલી એ બીનમાહીતગારી છે. ધીક્કાર અને પ્યાર-ઝગડો અને શાંતી-એકજ જીગરમાં એકી વેળા કદીબી ભેગાં વસી શકવાના નથી. જો એકને તમે આવકારદાયક પરોણા તરીકે દાખલ કરો તો બીજાંને તમારે એક નહીં ઇચ્છવાજોગ ગ્રાહેત અજાણ્યા તરીકે હાંકી કાહાડવોજ પડશે. યાદ રાખજો-જે સખશ બીજા કોઇને હડકારી કાહડે છે તે પોતે સદા બીજાઓથી હડધુત થવા વીના રહેતોજ નથી. જે માણસ પોતાના જાત-બંધુઓની વીરૂધ થાય છે તેની પોતાની વીરૂધ કોઇને કોઇબી થવા વગર રહેતુંજ નથી. એવા સખશો પછી માનવી જાતમાં આટલી ફાટફુટ છે તે બાપે આજાયબી દેખાડવી જમ નથી. તેણે જાણવુંજ જોઇયે કે તે પોતે આગળ રહીને ઝગડાને પુષ્ટી આપે છે. શાંતીમાં તે પોતે કેટલો પછાત છે-તે તેણે જરૂર સમજવાનું છે.

"મનશાની તમને દુરદષ્ટી બક્ષે છે!" જે મનશાને પોતાનો અંગત સ્વારથ જીતી લીધો તેને માટે મનની માત્ર એકજ વળણ બાકી રહે છે—અને તે સરવે કોઇ તરફની કુનેહની (ભલી લાગણી)ની છે. તે આદમીને એક જાતની ખુદાઇ દુરદ્રષ્ટીની બક્ષેશ થયલી હોય છે, જે વડે તે ખોટાં અને ખરાં વચ્ચે ગાઢ તફાવત જોઇ શકે છે. જે અતીઘણા ભણ્યા છે તે આ રીતે અતીઘણા સ્યાનોબી હોય છે. તે ઇશ્વરી જ્ઞાન ધરાવતો હોય છે—તે પ્રગટીકરણમાં બહુજ આગળ વધેલો આત્મા છે—તે અમર જીંદગીને પીછાણનારોબી હોય છે. જયાં તમને એકસરખી નરમાશ, કાયમની સબુરી, માતેબર નમનતાઇ, બાશાની ભલમણસાઇ, સ્વઆંકોશ, દરગુજર કરનારી દીલની મોટાઇ, ઉંડી અને અથાગ દીલસોજી જડે તયાં તમે જરૂરજ ઉંચામાં ઉંચું ડહાપણ શોધી કાહડવા માટે ખાત્રી રાખજો. તેવા કોઇ માણસની સોબત માટે તલપાપડ રહેજો કેમજે તે પરમેશ્વરી સ્થીતીસમજી ચુકેલા છે, તે અમરગીમાં વાસો કરી ચુકેલા છે, તે કાયમીનો એક બાગજ છે. જેઓનો આતમા આ રીતે જાગરત થયલો હોય છે તેઓજ માત્ર સરૂપટીને સમજી શકે છે—અને તમામ બાહેરના દેખાવો અને ખ્યાલી ધખારાઓ તેઓની નજર આગળથી દૂર થઇ ગયલા હોય છે.

જ્યારે એક ધનવાન પોતાનો હક્ક, પોતાની ભુખ, પોતાનું સતા અભીમાન, પોતાની તાસુબીનો ત્યાગ કરી રહે છે ત્યારે તેને પરમેશ્વરનું ભાન ખરેખર થવામાંડે છે; તયારે તે બહેશત માટેની એકલપેટી આરઝુ દાબી નાખી શકે છે, અને સાથ સાથ જે વળી દોજખ માટેની અજ્ઞાનતા ભરીદેહસ્ત દુર કરી શકે છે. ખુદ જીંદગી માટેનો પોતાનો હાંફરો તે છોડી દેવા તઇયાર થાય છે–અને તેમ કરતાં અમર મીનોઇ જીંદગીનુ અનુપમ સુખ તેને મળવા માંડે છે–કે જે મીનોઇ જીંદગી તેને માટે હસ્તી અને નીસ્તી વચ્ચેના એક પુલ મીસાલ થઇ પડે છે, કે જે જીંદગી તે જાણે છે કે અમ્મર કાલની છે દરેક ચીજ ખીનસરતે છોડી દેવા તે તઇયાર થવાથી દરેક ચીજ તેને ખીનસરતે તેને મળીજ જાય છે અને એ રીતે તે ધનવાન કાયમની હસ્તીની છાતી પર પોતાનું માથું શાંતીથી ટેકવી શકે છે.

તા૦ ૨૨ મી નવેમ્બર.

જે માનવી પોતાના અંગત સ્વાર્થના બંધમાંથી એટલી હદ સુધી છુટો થઈ શક્યો હોય કે જે જીવતાંજીવત મરવા—યા મુએલી હાલતે જીવવા—એકસરખી રીતે નચીંતાઈથી તૈયાર હોય છે તેજ માનવી એકલો નક્કી અમરગીમાં દાખલ થવાને કાબીલ છે. જે ઈનશાન પોતાની ફાની હસ્તી ઉપર વધુવાર ભરૂસો મેલતો નથી, પણ મહાન અલ્લાહના અચળ કાયદા ઉપરજ સંપુર્ણ અખંડ વીશ્વાસ રાખે છે તેજ ઈનશાન માત્ર જાવેદાનીના અપાર સુખનો લાહવો ચાખવા માટે પુરેપુરો લાયક છે. પ્યારનો બળવંત જુસ્સો—જે સંપુર્ણ અને સુંદર જીંદગીનું એક સ્વરૂપ છે—તે આ દુન્યાપરની હસ્તીનું અને શાનનું ચઢતામાં ચઢતું શીખર છે. મુસીબત અને લાલચ તળે એક માણસ કેવી રીતે વરતે છે? ઘણા પુરૂષો—જેઓ સહેજ જેવીબી પહેલી મુસીબતની કસોટી આવતાંજ દબાઈ જાય છેઅને જેઓ ગમી, નાસીપાસી અને જુસ્સાને આધીન બની જાય છે તેઓ—બડાઈ હાંકે છે કે તેઓ સચ્ચાઈને વળગી રહેલા છે. હવે સચ્ચાઈ હરગેજ બદલાતી નથી—અને જે પુરૂષ સચ્ચાઈના પાયા ઉપર મદાર બાંધયો તે નેકીમાં એટલો તો એસ્તવાર બની જાય છે કે તેને પોતાના જુસ્સાઓ અને પોતાની લાગણીઓ તળે દબાઈ જવાની જરૂર પડતીજ નથી. તેવા શખ્સની મનોવૃત્તી બદલાતીજ નથી. જે માણસ ગમગીન બન્યો, નાસીપાસ થયો, ગુસ્સે થયો, યા નહીંમત બન્યો તે માણસ સચ્ચાઈને વળગેલો હોઈ શકેજ નહી.

આદમીઓ નાશવંત ફતવાઓ બાહેર પાડયાજ જાય —છે અને પછી તેઓને "સચ્ચાઇ"નું નામ આપે છે! જાણો: સચ્ચાઇ કોઇ એવી ચીઝ છેજ નહીં કે જેને તમે અમુક આકાર તમારી ગરજી ખુશીથી આપી શકો! તે તમારા કબજામાંજ નથી—તે તમારી મનશકતીનીબી બાહેર છે. માત્ર ચાલુ કોશેશથીજ તમે તેનો અનુભવ મેળવી શકો છો. એક તદન નીરમળ ચોખ્ખાં જીગરમાં—એક તદન સંપુરણ જીંદગીમાંજ—તે પ્રદરશીત થઇ શકે છે. તમે મોટા મોટા ભારી શબ્દો વાપડીને યા બહુજ કાબેલ વીરચો લખીને "સચ્ચાઇ"ને જીનહાર પુરવાર કરી શકવાના નથી. જો તમે અખુટ ધીરજથી, અમરગીની દર ગુજરથી અને અનહદ દયાથી "સચ્ચાઇ"ની શોધ કરી શકતા નહીંજ હોવ તો પછી યાદ રાખજો કે બીજી કોઇબી સુરતે તમને તે આવીને ભેટી શકનાર નથી.

ગમે તેવોખી ગુસ્સાવાળો સખ્શ જો એકલો પડે તો તેને ઠંડો પડી જવા માટે તેમજ ધીરજવંતો બનવા માટે સહેલ થઈ પડે છે. તેજ મુવાફેક એક ઢાધાબળયા માણુસની સાથે જો તમે ભલમણુસાઈથી વરતો તો તેને નરમાશભર્યો અને યાભર્યો બનતાં મુશકેલી નડવી નથી. પણ જે પુરૂષ પોતાની સબુરી અને શાંત મનોવૃતી ગમે તેવીખી સખ્ત કસોટી દરમ્યાન જાળવી રાખી શકે છે—જે માણુસ સઉથી જાલમ સંજોગો તળેખી પોતાની નમનતાઈ અને નાકેથપણું ટેકાવી શકે છે—તે અને તેજ પુરૂષ એકલાને સર્વોત્તમ સ્વચ્છ સચ્ચાઈ જડેલી છે એમ માની લેજો. આમ છે તેનુ કારણુ એ કે આવી જાતના મોતેબર સદગુણો ખુદાઈ છે—અને જે સખ્શ ઉંચામાં ઉંચા ડહાપણુને પુગી શકયો હોય છે, જે સખ્શ પોતાના જુસ્સાઓને અને એકલપેટાઈને ત્યાગ કરી શકયો હોય છે, જે સખ્શને સઉથી બુલંદ અને અચળ મીનોઈ કાયદાનું ભાણુ થયલું હોય છે જે સખ્શ તે આલા કાયદાને અનુસરીનેજ જીવે છે, તેજ સખ્શ આ સદગુણો પ્રદરશીત કરી શકે છે.

તા૦ ૨૫ મા નવેમ્બર.

અરે ! જો માનવી જાત માત્ર એટલું સમજે કે કોઇ બીજાંના બુરાં કરમને આપણા પોતાનાં બુરાં કરમથી ભુસાડી નાખી શકાતું જ નથી—જો આદમ જાત માત્ર એટલું સમજે કે આપણાં પોતાનાં ધીક્કારથી સામાનો ધીક્કાર ઓરખી વધવાજ પામે છે—તો માનવી ખચીત પોતાનાં જીગરોને સ્વચ્છ કરી દે, પોતાના કરમોને સફા કરી દે, અને પોતાના મગજમાંથી તમામ બુરા ખયાલો હાંકી કહાડે! પણ તે કયારે? જયારે માનવી સમજે ત્યારે! અરે જો તે સમજે કે જે જીગરમાં પાપ છે તે જીગર માટે ગમખવારી ચોકકસજ છે—જો તે એમ સમજે કે જે મગજમાં કીનો છે તે મગજ આવતી કાલે રોયા વીના રહેશેજ નહી, વીહીલું પછી બેકરાર થઇ સદા જાગરત રહેશે—તો તે માણસનું આખું બદન મમતા અને મહોબતથી ભરાઇ જયા વગર રહેજ નહી; તે માણસ દયાની આંખ સીવાય જોયા વીના રહેજ નહી! પણ તે કયારે? જયારે ઇનશાન સમજે ત્યારે! અરે—તે ઇનશાન જયારે સમજે તયારે!!

એક પછી એક ચાલુ વીપતી ઓ અને કમનશીબીઓમાંથી એક જુવાન શખ્સ પસાર થતો હતો ત્યારે તેના મીત્રો તેની મશ્કેરી કરતા હતા અને વધુ કોશિશ નહી કરવાને શીખામણ દેતા હતા. તે વેળા તેણે જવાબ વાળ્યો હતો કે, "થોડાજ વખતમાં તમો મારી ફતેહ અને મારાં ફેરવાયલાં નસીબથી અજાયબ થશો." તેનો આ જવાબ ખુલ્લું પુરવાર કરતો હતો કે, તેનામાં પેલી સ્થીર અને અચળ શકતી છુપાયલી હતી કે જે શકતી એ તેને અનેક મુશકેલીમાંથી બહાર કહાડયો હતો અને તેની જીંદગીએ આખરે ફતેહ મેળવી હતી.

જો તમારામાં એ શકતી નહી હોય તો તમો તે અભયાસ અને સેવનથી મેળવી શકશો અને એ શકતી મેળવવાની શરૂઆત કરવી તે ખુદ ડહાપણ મેળવવાની શરૂઆ ત કરવા જેવું છે. તે મેળવવા માટે શરૂઆતમાં તમો જે નજીવી, નીરથક અને દમ વગરની ટેવોના રાજીખુશીથી ભોગ થઇ પડેલા છો તેને ટાળવી જોઇએ. બીખી બાખા કરવા, અંકોશ વગરનું અમરયાદ હસવું, નીંદા કરવી, ફકત હસાવવા માટે મજાક કરવી, અરથ વગરની વાતો કરવી– એ સઘળી ચીજો તમારી કીમતી શકતીની બરબાદી કરવા જેવી છે અને તે એકદમ તજી દેવી જોઇએ.

બદી અને ઝઘડાની તમામ જંજાળોમાંથી બાકાત રહેવું, બદીની વીરૂધ થવાનું બી મોકુફ કરવું જેબી નેક બાબદ હોય તેને પડતી મેલતાં અટકી જવું, અને અંતરની પવીત્ર શાંતીને બસ મક્કમપણાથી તાબે થવું—એ પેલા મહાન અમર અને અનંત કાયદાનું રોજીંદી જીંદગીમાં ભાન ધરાવવા બરાબર છે; તેજ મહાન કાયદો કે જે આ બાકી દુન્યાની માત્ર જોઈ શકનારી દ્રષ્ટીથી સદાનો છુપાયલો છે. જયાં લુલીક એ બળવાન અચળ કાયદો તમે સમજી શકયા નહી ત્યાં લુલીક તમારો આત્મા શાંતીમાં સ્થીર થવાનોજ નથી. જે માણુસ એ કાયદો સમજયો તે માણુસ સર્વ શ્યાનો છે; તે માત્ર કેળવાયલા પુરૂષોના જ્ઞાનથીજ શ્યાનોજ નથી, તે એક વગર ડાઘના જીગરવાળા આદમીની સાદાઈ સહીત—એક ઈશ્વરપદ પામેલા ઈનશાનની સાદાઈ સહીત—શ્યાનો છે, યાદ રાખો, એકજ મહાન મીનોઈ કાયદો બીનસરતની તમારી તાબેદારી તમારી પાસે માંગે છે. તે તમામ તફાવતને એકત્ર કરનારો એકજ મુળ મુદ્દો છે. તમામ દુન્યવી સવાલો અને મુશ્કેલીઓ તે મહાન મીનોઈ કાયદા આગળથી એક અમરગીની સચ્ચાઈમાં ગળાઈને માત્ર પડછાયાઓ મીસાલ પસાર થઈ જાય છે.

મીનોઇ અમરગીમાં દાખલ થવાનો બનાવ કાંઇ માત્ર એક "થીઅરી" કે ખયાલી ખખારોજ નથી; અંતરની સ્વચ્છતા સંપાદન કરવા માટે ખંતીલા કોશીશ કરવાથી જે પરીણામ નીપજે છે તેનો એ એક સંગીન અનુભવ છે. જ્યારે એક ઇનસાનનું શરીર તેનાં પોતાના ખરા આત્મા સાથે છેટેથીમા કાંઇ સંબંધ ધરાવતું હોતું નથી, જ્યારે તે ઇનસાનની તમામ વ્યાસનાઓ અને અભીલાષાઓ સદંતરજ સ્વચ્છ બનીને આકાશમાં મેલાઇ ગયલી બને છે, જ્યારે તેના જુસ્સાઓ ઠંડા અને શાંત પડી ગયલા બને છે, અને જ્યારે તેનું મગજ ડોળા ખાતું બંધ પડી બીલકુલ સંપુર્ણ સ્થીરતા રજુ થાય છે—ત્યારે, અને ત્યારેજ તે ઇનસાનનું અંતરભાણ મીનોઇ અમરગી સાથે એકત્ર થાય છે. એમ બનતું નથી ત્યાં સુધીક બચ્ચાં સબ નીર્મળ, ડહાપણ તથા ઠંડી શાંતી મેળવી શકાવીજ નથી. જીંદ-ગાનીના કાળા ગુપ્ત સવાલો બાબે આદમજાત બીજું ચેરવતા થાકી ગયો છે—અને જ્યારે તે પોતાના અંધારાં અંગતપણાંની બાહેર જોઇને એ સવાલોના જવાબો આપી શકતોજ નથી, ત્યારે તે ચાલ્યો જાય છે અને તે એમના એમ પડતા મેળે છે. પોતાની અંગત સીમામાં તે એટલો જકડાયલો હોય છે કે તે વધુ લાંબી દ્રષ્ટીએ જોઇ શકતોજ નથી.

તમારા સ્વારથને બસ જો તમો ચહાતાજ હોવ, તો તમો સુખા-કંથી સદાના દુર થશો; તમારૂં પોતાનું સુખ ખુંડવા જતાં તમે વધારે ઉંડા—વધારે સ્વચ્છ—અને વધારે કાયમનો આનંદ ખોઇ રશો. કારલાઇલ કહી ગયો છે કે "માનવી જાત માટે અયશ—આરામ કરતાંબી એક વધારે બેહેતર આશીરવાદ હસતી ધરાવે છે. ઇનશાન અયશ—આરામ વગર જીવી શકશે—અને છતાંબી આશીરવાદ ભોગવી શકશે. તમો મોજમજાહને ચાહતા નહી—ખોદાને ચહાજો! અહીજ જાવેદાનીનો 'હા' છે—કે જેથી તમામ ઉલટસુલટ સવાલોનો તમને જવાબ મળી જાય છે. એજ અમર 'હા' નાં પેરણુપર જે કોઇ ચાલ્શે તેનું આપંદે ભલુંજ થશે." જે માણસ પોતાનું અંગતપણું છોડયું,—જે માણસે પોતાના બદનનો સ્વારથ તજીયો—(અને અફસોસ! માનવીજાત એજ શારી-રીક સ્વારથને કેટલો ચીવટાઇથી વળગી રહે છે)—તે માણસ દુનયા-દારીની ગુચવણોમાંથી સદાનો દુર થયા એમ સમજજો. તે માણસ એક એવી અથાગ સાદાઇમાં દાખલ થાય છે, કે જે સાદાઇને આ ધુમરાઇમાં ગુંગળાવી દુનયા મુરખાઇ માને છે.

એક સાધુની, એક ઓલીઆની અને એક મહાત્માની કીર્તીજ એ છે કે તેણે સર્વથી અદના નમનતાઇનું નીચાણ અનુભવેલું હોય છે, સર્વથી બુલંદ બીનસ્વાર્થીપણું સ્વીકારેલું હોય છે. તેણે દરેક ચીજનો ત્યાગ કરેલો હોય છે-પોતાનું ખુદનું અંગતપણુંબી તેણે પડતું મેલેલું હોય છે-તેથી તેના સર્વ કર્મો પવીત્ર તેમજ કાયમના હોય છે, કેમકે તેમાં પછી સ્વાર્થનો છાંટોબી રહેલો હોતો નથી. તે આપે છે-મેળવવાનો તો તે ખ્યાલ વટીક કરતો નથી. તે મજુરી કરે છે-પણ ભુતકાળ માટે તે ખટરાટ કરતો નથી, ભવીષ્યકાળ માટે તે આરઝુ રાખતો નથી, ઇનામ માટે જરાબી હાંફરો કરતો નથી. જ્યારે ખેડુત જમીનને હળે છે અને બીયાં વાવે છે ત્યારે તે જાણે છે કે તેણે પોતાથી બનતું કરયું છે, અને હવે કુદરતી તત્વો ઉપર ઇતબારી રાખી તેને બસ ધીરજથી પાક માટે ખોટી થવાનું છે. તે ગમે તેવી આતુરતા રાખશે તેથી કાંઇ પરીણામ ઉપર અસર થવાની નથી. તેજ મુજબ જે માણસ સચ્ચાઇ સમજયો હોય છે તે નેકી, પવીત્રાઇ, પ્યાર અને શાંતીનાં બીયાં વાવતો જાય છે અને પછી કાંઇબી તલબ રાખતો નથી, પરીણામોની વાત જોતો નથી, કેમકે તે જાણે છે કે મહાન કુદરતનો અચળ કાયદો જોઇતો પાક તો ઘટતા વખતમાં લાવશેજ-અને તે કાયદો હસ્તી તથા નીસ્તીનું એકસરખું મંડાણ છે.

જે કાંઇ સાધુઓ, ઓલમાઓ અને માહાત્માઓએ કરી બજાવ્યુ તે તમે પોતેબી કરી બજાવી શકશો; શરત માત્ર એજ કે જે રસ્તો આ મહાન નરોએ કાપ્યો અને તમને સ્વભોગનો રાહ બતાવ્યો તેજ રસ્તો તમારેબી કાપવો ! સચ્ચાઇ બહુ સહેલી સાદી છે. તે કહે છે કે "તમો સ્વાર્થ તજી દો, મારી સોડે આવો, તમને અભડાવી મેલવી હરેક બાબદથી જુદા પડો, અને હું તમને આશાએશ આપીશ." સચ્ચાઇ આપે નુકતેચીનીના ડુંગરો થયા છે;-પણ તેથા કાંઇ નેકીને ખુંડતાં જીગરોથી સચ્ચાઇ છુપાઇ શકાવાની નથી. રાસ્તી પામવા માટે ભંડોળની જરૂર નથી-ભંડોળ વગરબી તમને સચ્ચાઇ જડશે. ગફલતીમાં ગોતાં ખાતા એકલપેટા માનવીઓથી જુદા જુદા આકારમાં મઢાયલી હોવા છતાં સચ્ચાઇની સુંદર સાદાઇ અને પારદર્શક સફાઇ કદી બદલાતી નથી-કદી ઝાંખી પડતી નથી. જે જીગર બીનએકલપેટું છે તે તે રાસ્તીની આ ઝળકમાં ભાગ લે છે. તમે તરેહવાર ગુપ્ત 'થીઅરીઓ' જમાવ કરશો-અટકળભરી ફીલસુફીઓ રજુ કરશો-તો તેથી તમને સચ્ચાઇ મળનાર નથી. બાતેનની સ્વચ્છતાની જાળી બરપા કરો, વગર છીંડાની એક જીંદગીનું મંદીર ઉભું કરો. અને સચ્ચાઇ તમને આવીને ભેટશે.

તમારા નોકરો ઉપર માયા મહેરબાની રાખજો, તેમનાં સુખસગવડ ઉપર હમેશ ધ્યાન આપજો, તેમની પાસે નાકે દમ આવે નવું સખત વર્તન કદી લેતા તો-તમો પોતે તેમની જગ્યાએ હોવ અને જેવું સખત વર્તન કરવા તમો ના પાડો તેવું વર્તન તેઓ પાસે લેતા ના. પોતાના શેઠના ભલામાં પોતાને ભુલી જનાર નોકર ખચીત નમનતાઇનો એક ખુબીવંતો-નાદર નમુનો હોય છે, પણ એક શેઠ પોતાનું સુખ ભુલી જઇને તેની સત્તા હેઠળનાં તેમજ તેની ઉપર પોતાનાં ગુજરાન માટે આધાર રાખનારાં માણસોનાં સુખનોજ વીચાર કરે છે તે શેઠનો આત્મા વધુ ખુબીવંતો, વધુ નમુનેદાર અને વધુ નમનતાઇભર્યો છે-આવો માણસ પોતાનું સુખ દશગણું વધારી મુકે છે, તેને પોતાનાં હાથ હેઠળનાં માણસોની કદી પણ ફરીયાદ કરવી પડતીજ નથી. એક પ્રખ્યાત માણસ જેના હાથ હેઠળ માણસોની ઘણી મોટી સંખ્યા રોજીએ લાગેલી હતી તેના નીચલા શબ્દો ગોખી રાખવા લાયક છે:-"મારાં માણસો સાથનો મારો સંબંધ બહુજ સુખી છે. તમો મને તેનું કારણ પુછશો તો હું એટલુંજ કહીશ કે મારાં માણસો તરફથી જેવી વર્તણુંકની હુ આશા રાખું છું તેવીજ વર્તણુંક તેઓ તરફ હમેશ ચલાવવાની મેં પોતે પહેલાથીજ નેમ રાખી હતી."

તમારાં અંતરમાં જે ખુદાઇ અંશ છે તે ખરેખર તો શાંતીનું ઘર છે-ડહાપણનું મંદીર છે-એ મરગીનું રહેઠાણ છે. જીગરના આ તેનના આશ્રમથી, મીનોઇ દ્રષ્ટીયની આ ટેકડીથી, જો તમો દુર ગયા તો ખરી શાંતી તમને મળનાર નથી-ખુદાનું ભાન તમને થનાર નથી. જો તમે ત્યાં એક દીવસ, એક કલાક એક મીનીટબી રહી શકયા તો તમે ત્યાં હંમેશના રહી શકશો. તમારા સઘળા ગુનાહો, ગીરફતારીઓ, ખાસ્તીઓ, અને ચીંતાઓ, તમારા પોતાના મગજ-નીજ બનાવટના પરીણામો છે. તેઓને ચીટકી રહેવું કે તેઓને પડતાં મેલવાં એ તમારાજ હાથમાં છે. તમારી રાજીખુશીથી તમે એકરારી જીવપર લાવો છો-તમારી રાજીખુશીથીજ તમે તે પડતી મેલી કાયમની શાંતી મેળવી શકો છો. તમારૂં પાપ તમારે માટે બીજો કોઇ પારકો તજી દઇ શકનાર નથી; તમારે પોતાનેજ તે તજવું પડશે. મહાનમાં મહાન શીક્ષાગુરૂ ઘણું તો સચ્ચાઇનો માર્ગ પોતે ચાલશે, અને તે રાહા તમુને બતાવશે. પણ તે રસ્તા ઉપર ચાલવાનું તો તમારૂં પોતાનુ જ કામ છે. તમારી પોતાની કોશેશથી માત્ર તમે સવતંત્રતા અને શાંતી મેળવી શકશો; તમારા આત્માની આસપાસ જે બંધ છે તે છોડી નાખો, અને તમારા મનની શાંતીમાં ખલલ કરનારા વીચારોને ફેંકી દેવો.

અરે તું પુરૂષ! તું આદમજાતને સચ્ચાઇ શીખવવા નીકળ્યો છે—પણ કહે! શું તું પોતે શંકાઓના વેરાનમાંથી પસાર થયો છે? ગમીના આતશો મારફત શું તારો આત્મા પાક બન્યો છે? શું સચ્ચાઇએ તારાં માણુસાઇ જીગરમાંથી બજીદાઇના દૈત્યોને હાંકી કહાડયા છે! શું તારો આત્મા એટલો સુંદર છે કે ત્યાં એકપી પોટો વીચાર પ્રવેશ કરી શકતોજ નથી! અરે, તું કે જે આદમજાતને પ્યાર શીખાડવા નીકળ્યો છે તે બોલ તું પોતે નાઉમેદીના ગારમાંથી પસાર થયો છે કે? તું પોતે દલગીરીની આખ્ખી અંધારી રાત રડી ચુકયો છે કે? અને તારૂં માણુસાઇ અંતઃકરણ હવે જદા અને જંજાળથી મોકળું બનીને બુરાઇ, કપટ અને ચાલુ જંજાળ તરફ જોતાં દયા અને નરમાશ તરફ ઢળે છે કે? ઓ તું કે જે આદમજાતને શાંતી શીખવવા નીકળ્યો છે તે કહે શું તું પોતે મુશીબતના મહાસાગરો ઓળંગી ચુકયો છે? શું જીંદગાની તમામ જંગલી બેકરારીમાંથી તને ચુપકીદીના કીનારા ઉપર છુટકારાનો અનુભવ મળ્યો છે? શું તારા માણુસાઇ જીગરમાંથી સચ્ચાઇ, પ્યાર અને શાંતી સીવાયે બીજી તમામે તમામ લાગણી દફે થઇ ચુકી છે.

તા૦ ૭ મી ડીસેમ્બર.

જેમ ઉગતો સુર્ય સર્વ નીબળ પડછાયાઓને નસાડી મુકે છે, તેમ તમારાં સ્વચ્છ અને ઇમાનદાર જીગરમાં પ્રકાશના રૂડા અને રાસ્ત વીચારોનાં કીરણો તમામ બદીના જોરમંદ જોશને હાંકી કહાડે છે. જ્યાં પ્યારૂં યકીન અને વગર ભેળની સ્વચ્છતા હાજર છે ત્યાં તંદરોસ્તી, ફતેહ અને સત્તા મોજુદ છે. એવા દાખલામાં બીમારી, નીશફળતા કે આફતની જગ્યા હોવીજ નથી—કેમજે એ ચીઝો ત્યાં પોખાઈ શકવીજ નથી. તમારી શારીરીક સ્થીતી તમારાં મનની હાલત ઉપરથી આકાર લે છે; સાયનટીફીક દુન્યા આ બીનાની સચાઈ હવે જલદી સ્વીકારવી ચાલી છે. આગલી જડવાદી માન્યતા એ હતી કે જેવું તમારૂં કુદરતી શરીર હશે તેવા તમે ઇનશાન બનશો; પણ એ માન્યતા હવે સપાટાબંધ નાબુદ થતી ચાલી છે. તેને બદલે હવે એવી ઉલટ ઉશકેરનારી માન્યતા રજુ થતી રહેલી છે કે એક આદમી જો ચાહે તો પોંતાના કુદરતી શરીરથી વધારે ચઢીયાતો બની શકે—એટલુંજ નહી, તે આદમીનું શરીર તેના પોતાનાજ વીચારના બળ તળે ટીપાઈને તેના આંકોશ તળે આવી શકે એમ છે.

જો તમને ગુસ્સે થવાની, ચીંતા કર્યા કરવાની, અદેખા બનવાની, લાલચુ થવાની–અથવા એવી કોઈ બીજી મનને અશાંત કરનારી લાગણી ઉત્તપંન કરવાની–આદતજ પડેલી હોય, અને પછી જો તમે સંપુર્ણ શારીરીક તંદરોસ્તીની વકી રાખતાં હોવો, તો તમે એક તદન અશકય ચીઝની આશામાં રહો છો; કેમકે તમે ચાલુ તમારા પોતાનાં મગઝ માંહે દુઃખદરદનાં બીયાં વાવતાંજ રહો છો. મનની આવી સ્થીતીઓ સ્યાણા માણસો હમેશ સંભાળથી તજતાં રહે છે; કેમકે તેઓ જાણે છે કે આવું દર્દી મન એક ખરાબ ગટર યા એક ચેપી ઘર કરતાંબી વધારે ધાસ્તીભરયું છે. જો તમારે શરીરની તમામ વેદના યા દુઃખોમાંથી મોકળાં રહેવું હોય–જો તમારે તનની સંપુર્ણ આસુદગી ભોગવવીજ હોય, તો પ્રથમ તમે તમારાં મનને બરાબર રાહ ઉપર મુકો અને તમારા વીચારોને શાંતીમય રીતે ગોઠવો. ખુશીભર્યા તુરંગોથી વીચાર કરો પ્યારના વીચારો મનમાં વસાવો–તમારી નસોમાંથી ભલા-ઈનો પ્રવાહ વેહતો થવા દો–અને, પછી તમને બીજાં કશાંબી ઓસડની જરૂર રહેશેજ નહીં. તમારી અદેખાઈઓ, તમારા વહેમો, તમારી મુઝવણો, તમારા ધીક્કારો, તમારા એકલપેટા ખ્યારાઓ તમે બસ ખસેડી નાખો—અને તમે તમારી બદહજમી, તમારૂં પીત, તમારી ખુજરી અને મારા દુઃખતા સાંધાઓને એકદમ ખસાડી નાખી શકશો.

કામ, ક્રોધ અને બદગુમાનીના તોફાની મોજાંઓ ઉપર શાંતીનું તેલ નાંખશો તો બદબખ્તીનાં ગમે તેવાં ભયભીત તોફાનો જીંદગીના દરીયા ઉપરથી મંજલ કાપતાં તમારા આતમીક વહાણનો કદી પણ નાશ કરી શકશે નહીં અને જો તમારાં આ વહાણને ઉમંગ અને અચુક યકીનથી દોરવશો તો તેનો મારગ વધુ સરળ બનશે અને અનેક જોખમોમાંથી તે આસાનીથી પસાર થઇ જશે. યકીનથી દરેક કઠણ અને મહાભારત કામ પાર પડે છે. ઇશ્વર ઉપર ભરોસો કુદરતના અચુક નીયમ ઉપર આસ્થા, તમારા કામમાં યકીન અને તે કામ પાર ઉતારવાની તમારી શક્તીમાં તમારો પોતાનો વીશ્વાસ-યકીન એક જંગી ખડક છે અને જો તમો ફતેહ મેળવવા માંગતાં હોવ અને તમારા પગ ઉપર ઉભા રહેવા માંગતા હોવ તો આજ ખડક ઉપર તમારે બાંધકામ કરવાનું છે.

તા૦ ૧૦ મી ડીસેમબર.

નીરમળ અને બીનએકલપેટો
ખવાસ ધીમે ધીમે ગ્રહણ કરતા
આશા–પાકીજગી અને ઇમાનદારી
સાથે મનનું ખાલેસ પ્રમાણીકપણું
સાથે જોડો–અને તમે કુદરતનાં
તત્વોમાંથી કાયમની ફતેહ મોટાઇ
અને સત્તા ઉપજાવી શકશો. જો
તમારી હમણાની સ્થીતી તમને
નાપસંદ હોય, જો તમારું દીલ
તમારાં કામમાં આમેજ નહીં હોય,
તોબી બસ તમારી ફરજો તમે ખરાં
યકીનથી અને ખંતથી બજા
લાવજો. તમારાં મન આગળ સદા
એક ખ્યાલ તાજો રાખજો કે વધારે
ચઢતી સ્થીતી અને વધારે મોટી
તક તમારે માટે રાહ જુવે છે;
જરાબી સ જોગો ફાયદાકારક જડી
આવે તે માટે તમારું મગજ તીક્ષણ
કરી મેલી નીગાહ રાખતા રહેજો;
તેથી બનશે એમ કે જ્યારે તે કટો
કટની ઘડી આવશે–જ્યારેબી એકાદ
નવો માર્ગ નજરે પડશે–ત્યારે આ
સાનીથી તે કામ માટે તદન તૈયાર
બનેલાં એક મગજ સહીત, તાલીમ
લીધેલાં એક મનની ચતુરાઇ
અને દુરદ્રષ્ટી સાથ, તમે તે બોજો
ઉપાડી શકશો. તમારું સોંપાયલું
કામ ગમે તેવુંબી હોય, તમે
તમારાં મગજને બસ તેની ઉપર
સંકોચી રાખજો. તમારી તમામ
કાયનાત તેની ઉપર રેડી દેજો.
નાના કામોને સેહજબી ચુક વગર
બજાવ્યાથી હમેંશ મોટાં કામો
ઉપર જવાય છે.

તમારી સ્વાર્થી મતલબીપણામાંજ અને તમારી એકલપેટી ઇચ્છા ઓ તરફ કરવાની કોશીશોમાંજ તમે ડુબેલાં રહેશો-તો તમે જીવતાં દોજખમાં બસ ડુબ્યાંજ જશો. તે હાલતમાંથી તમે તમારા અંતઃકરણના અવાજ મુજબ તમારા સ્વાર્થને ભુલી જઇ બાહેર નીકળો, અને તમે જીવતાં બહેશતમાં દાખલ થશો. યાદ રાખજો-એકલ પેટાપણું જો અક્કલબુદ્ધી વગરનું હોય છે, જો તેમાં સાચ્ચું જ્ઞાન હોતું નથી, તો તે આંધળું હોય છે અને તે હમેશાં ગીરફતારી તરફ તમને ઘસડી લઇ જાય છે. બરાબર દીર્ઘદ્રષ્ટી, ખીલતાસુખીની દરયાફ્ત શક્તી, અને ખરી માહી તગારી માત્ર ઇશ્વરી હાલતે પુગેલા આદમીથીજ સંપાદન કરી શકાય છે. જયાં વુલીક તમે તમારાં પોતાના સુખને. માટે સ્વાથા મતલબથી શોધ ચલાવવાની બજી દાઇ કર્યાંજ કરશો, ત્યાં વુલીક સુખ તમારેથી દુર નાઠસતુંજ રહેશે અને તમે ફંગાલયતનાં ખીયાં વાવતાંજ રહેશો. જયારે તમે પારકાઓની સેવામાં તમારું પોતાનું અંગતપણું ભુલી જવામાં તમે ફતેહ પામશો ત્યારે તમારી નેકીનાં પ્રમાણમાં સુખ તમને મળશે-અને તમે આશીષનો એક પાક વાવી શકશો.

ઇચ્છા તૃપ્ત કરવાથી જે સંતોષ બરપા થાય છે તે ટુંક મુદ્દતનો અને તકલીદી હોય છે—અને હંમેશ કોઇ વધારે પ્રમાણમાં તે ઇચ્છા તૃપ્ત કરવાની લાગણી પૈદા થવા-વીના રહેવીજ નથી. ઇચ્છા એક મહાસાગર મીસાલ કદીબી છીપી શકાતીજ નથી; જેમ જેમ તમે તેની માંગણીઓ પુરી પાડતા જાઓ છો તેમ તેમ તે વધારે અને વધારે માટે જ્યાદા બુલંદ અવાજે બીજી માગણી કરતીજ રહે છે. પોતાનાં દોરવાઇ ગયલા ભાવીક સેવકો કનેથી ઇચ્છા વધુ અને વધુ સેવા માંગતીજ રહે છે—અને જ્યાં સુધી તે સેવકો મનની કે તનની વેદનાથી પટકાઇ પડતા નથી તથા દુઃખના સ્વચ્છ આતશમાં ગબડી પડતા નથી ત્યાં સુધી તે પોતાનું માંગવું ચાલુજ રાખે છે. ઇચ્છા—એ દોજખનો મુલક છે; તમામ મુસીબતો ત્યાં જમાવ થયલી છે. ઇચ્છાને છોડી દો—અને તમને બેહસ્તનું ભાણુ થશે. ત્યાં હજ કરવા જનારા આસામી માટે હરેક પ્રકારની ખુશાલી તે જગ્યાએ ખોટી થલી હોય છે.

આત્મીક બાબદો માટે ગોર
.રવાથી ઇશ્વરી પદ ભણીનો રસ્તો
:ભર થાય છે. તે એક જાતની
નીનોઇ નીસરણી છ કે જે આ
જગતથી ઠેઠ સ્વર્ગ સુધી પોંહચે
છે—જે ગફલતીથી રાસ્તી સુધી
.ંબાયલી છે ને સંકટથી ઠેઠ શાંતી
સુધી પુગી વળેલી છે. દરેક પવીત્ર
ણસ તે નીસરણીપર ચઢી ચુકેલો
:ય છે. દરેક પાપમાં ડુબેલા
ખ્શ માડેવહેલ તેની નજદીક
આવ્યા વીના રહેવાનોજ નથી.
રેક કંટાળેલા હાજી, જે આ દુન્યા
મ તેમજ સ્વાર્થ ગમ પોતાની
ઠ મરડીને મહાન પીતાના
ર તરફ મક્કમપણું ડોકયું કરે
છે તે, આ નીસરણીના સોનેરી
.ગઠાંપર પોતાના પગો ઠેરવવા
.ગર રહેવાનોજ નથી. એ સીડીની
:દદ વગર તમે ઇશ્વરી સ્થીતીમાં
આગળ વધી શકવાના નથી.
ખુદાનું ભાણુ, ખુદાઇ શાંતી,
અને સચ્ચાઇની કદી ઝાંખી ન
ડે તેવી પ્રીતા તેમજ સ્વચ્છ
નાઇ તે વગર તમારે સદા
ફુપાયલાજ રહેશે.

તા૦ ૧૫ મી ડીસેમ્બર.

દીવસના વખતનો એક ચોક્કસ ભાગ તમારા ઉંડા ગોર માટે ફાજલ પાડો—અને તે તમારી મકસદ માટે પવીત્ર લેખીને પાળતા રહો. એ કામ માટે સહુથી ઉત્તમ વખત બડી બામદાદનો છે—કે જ્યારે હરેક ચીઝ ઉપર આશાએશનો છાંયો પથરાયલો હોય છે. પછી તમામ કુદરતી સ્થીતીઓ તમારી તરફેણમાં જશે. તમારો જુસ્સો, આખી રાતના શારીરીક લાંબા અપવાસ પછી દપટ પડેલો હશે; આગલા દીવસની ઉશ્કેરણીઓ તેમજ જંજાલો બધી ગુજર પામેલી હશે; અને તમારૂં મન ઢાક લીધા પછી મુસ્તકીમ બનીને આત્મીક શીક્ષણ ઉપાડી લેવા માટે તદન તૈયાર બનેલું હશે. ખચીત—પહેલી તમારી કોશેશોમાં તમે આગળ વધી શકશો નહીં; પણ ફરી ફરીથી કોશેશ જારીજ રાખ-એ—કેમને આત્માની માંગણીઓ સહેલથી ઉડાવી શકાય તેવી હોવી નથી.

જો તમને કપટ અને ગુસ્સા તરફ વલણ હોય તો નરમાશ અને માફી આપે ઉંડા ગેર કરજો; તેથી તમને તમારી કઠોર અને ગુસ્સાઇ ભરી ચાલચલણનું ભાન થશે. પછી તમે પ્યારના ખ્યાલોમાંજ વસવા માંડશો—માયા અને દરગુજરની લાગણી તમારાં હૈયાંમાં પસરી રહેશે. જેમ જેમ તમે નીચા જુસ્સાઓને ઉંચા વીચારોથી આંકાશમાં લાવતા જશો, તેમ તેમ તમારાં જીગરમાં પ્યારના ઇશ્વરી કાયદાની માહીતગારી ચુપચુપ આમેજ થતી ચાલશે—અને તમે જીંદગી અને માણસાઇ વર્તણુંકની સર્વે પેચવણ મુશ્કેલીઓ વધારે ખુલ્લી રીતે સમજતા થશો. આ માહીતગારીને તમે તમારા દરેક વીચાર, શબ્દ કે કામમાં ગતે લગાડશો તો તમે વધારે ને વધારે નમનતાઇભર્યા, વધારે મોહબતવંતા, વધારે ખુદાઇ પ્રકારના બનતાજ ચાલશો. દરેક ભુલ, દરેક એકલપેટી ઇચ્છા, દરેક માણસાઇ નબળાઇના બાબમાં એમજ બને છે; ગંભીર દરીયાફ્ત કીધાથી તે કાબુમાં લાવી શકાય છે. જેમ જેમ ગુનાહ અને ગફલતી ઉંકરાઇ જાય છે તેમ તેમ સચ્ચાઇની રોશની ઉજ કરતા આદમો માટે વધારે સ્પષ્ટ નજરે પડે છે.

શાંતીથી ઉંડો ગોર કરવાની શક્તી વડે તમે જેમ જેમ ડહાપણુમાં આગળ વધતા જશો, તેમ તમે સ્વારથી ઇચ્છાઓ વધુ અને વધુ છોડતા જશો, કે જે ઇચ્છાઓ અસ્થીર, ટુંક મુદતની, અને દુખ તથા ગમગીની ઉતપન કરનારી છે. તે છોડયા પછી વધતી જતી મજબુતાઇ અને ઇતબાર સાથ અચળ નીયમો ઉપર તમે ઠરીઠામ થશો અને બેહેશતની શાંતી અનુભવી શકશો. અખંડ નીયમોના ગ્નાનની હાજત, તે ઉંડા ગોરનો ઉપયોગ છે અને ઉંડા ગોર કરવાથી જે શક્તી મળે છે તે એ નીયમો ઉપર આધાર અને ઇતબાર રાખવાની અને ઇશવર સાથે એક્ત્ર થવાની શક્તી છે. તેટલા માટે ઉંડા ગોરની નેમ સચ્ચાઇનું અને ખોદાનું પરભારૂં ગ્નાન મેળવવાની તેમજ સંપુરણ ઇશવરી શાંતી અનુભવવાની હોય છે.

માલમીલકતને વળગી રહેવાની સઘળી સવારથી ઇચ્છાઓને તજી દઇને અને જીવ વગરના અગ્નાન પણાને દુર કરી નાંખીને, ઉંડા ગોરના બળ વડે વધારે ઉંચ સ્થીતીએ પુગવાની કોશેશ કરો.

યકીન રાખો, આશા રાખો, ઉંડા ગોર કરતા રહો અને તમારા આત્મીક અનુભવો ખુદાઈ પ્રકારે મીઠા તેમજ ખુબસુરત થતા જશે,—તમારાં અંતરની દ્રષ્ટીએ કીર્તીવંત દેખાવો પડતા રહી તમને ખુશાલ કરશે. જેમ જેમ તમે મીનોઈ પ્યાર, મીનોઈ ઇનસાફ, નેકીના સંપુર્ણ કાયદાને—યાને ખુદ ખુદાને પોતાને—સમજતા જશો, તેમ તેમ વધુ મોટું તમારૂં સુખ અને વધુ ઉંડી તમારી શાંતી બનતી જશે. પુરાણી ચીજો પસાર થઈ જશે—દરેકે દરેક ચીઝ તમો માટે નવી બનતી જશે. આ જડ-વાદી જગતપર ફરી વળેલા પરદા (જે ગુમરાઈની આંખ માટે અતીશય જાડો અને અપારદર્શક છે—જે સચ્ચાઈની આંખ માટે અતીશય બારીક અને નેટની વણુતનો છે તે) આપોઆપ ઉંચકાઈ જઈ તમારી સાંમે આત્મીક દુનિયાને ખુલ્લી રજુ કરી મુકશે. પછી વખતનો વેહ સમાપ્ત થશે, અને તમે માત્ર અમરગીમાં વસવા માંડશો. સ્થિતીનું બદલાવું, યા મોત, પછી તમને અંદેશો કે અફસોસ ઉપજાવશેજ નહી—કેમકે તમે પોતે એક એવી સ્થિતીમાં મુકરર થઈ ચુકેલા હશો કે જે સ્થીતી કદી બદલાતીજ નથી. ત્યારે તમે કાયમની જીંદગીના ભિત્તરમાં વસી ચુકેલા હશો.

માનવી જાતનો આતમા એક જંગભુમી ઉપર સદા યુદ્ધ મચાવતો રહેલો છે—અને ત્યાં બે સરદારો આગેવાનીના તાજ માટે લડતા રહેલા છે; તેઓ જીગરની હકુમત માટે અને અંતઃકરણની શાહી સત્તા માટે, હમેશની ટક્કર ઝાલે છે. આ બે સરદારો માંહેલો એક સ્વાર્થનો માલેક છે, જેને લોકો "આ દુન્યાના શાહાઝાદા" કરીને કહે છે. બીજો "સચ્ચાઇનો શેઠિયો" છે જે વળી "ખોદાઇ પીના" તરીકેથી ઓળખાય છે. 'સ્વાર્થનો માલેક' હુલ્લડખોરો છે; ગુસ્સો, ગરજી, લોભ, હલકાઇ, હુંપણું—એ તેના હથીયારો છે. આ અંગ્રેમન્યુસના તે સઘળા અંધકારના ઓજારો છે. "સચ્ચાઇનો શેઠિયો" નરમાશ ભલા અને ભલમનસાઇ । છે; તેના હથીયારો માયા, ધીરજ, સ્વચ્છતા, સ્વભોગ, નમનતાઇ, પ્યાર છે. સ્પેનતેમન્યુસના એ રોશનીના હથીયારો છે.

જે પ્રમાણે તમે ઉંડી વીચાર શકતીના પ્રબળ સ્થાનપતમાં આગળ વધતા રહો છો, તે પ્રમાણેજ તમે તમારી સ્વારથી બ્યાસનાઓ (જે બીશકુલ તકલીફી હોય છે, તથા ટુંક મુદતની અને ગમી ગઝબ બરપા કરનારી હોય છે તે) વધુ અને વધુ તજતા જાઓ છો. ઉંડો ગોર કરવાની તમેહથી તમે વધુ અને વધુ મક્કમપણાંથી અને વીશવાસથી હરગેઝ નહીં બદલાતા નીયમો ઉપર મદાર બાંધી શકો છો— અને આયંદે ખુદાઇ આશાએશનું તમને ભાણ થાય છે. મીનોઇના કાયમના નીયમો શું છે તે જાણવા માટે ઉંડા વીચારની જરૂર પડે છે; આવા ગંભીર ઉંડા ગોરના પરીણામ તરીકે તમને આ મીનોઇ નીયમો ઉપર આધાર રાખ-વાની—તે ઉપર વીસવાશ રાખવાની— તમને શકતી પ્રાપ્ત થાય છે. તેથી સેવટે તમે સેરટ—કાળની કાયમી માટે તઇયાર બનો છો. ઉંડા ગંભીર ગોરનું પરીણામ એજ છે કે તમને સચ્ચાઇ વીશેનું, ખુદા વીશેનું, અને ઇશવરી બુલંદ શાંતી વીશેનું સીધ્ધું જ્ઞાન સંપાદન થાય છે. તમારા પોતાના દરયાફ્-તથી તમે ઉંચે ચઢવાની કોશીશ કરો! તકલીફી દેવતાઓ અને પક્ષા પક્ષીના બાહુઓને એકલપેટાઇથી વળગી રહેતા બંધ પડે; તદન મરણ પામેલી માન્યતાઓ અને વગર જીવનાં અજ્ઞાનપણાથી બસ આગળ વધો,

દરેક માણસનો આત્મા એક ચાલુ જંગમાં સામીલ છે, જેમ એક સીપાઈ બચો એકલી વેળા એ દુશમન લશકરોની સામે થઈ શકતો નથી, તેમ દરેક ઇગર એકલી વેળા યાતો સચાઇની બાજુ એ લડે છે કે યાતો સ્વારથ તરફ થી હથીઆર ઉગામે છે. આ બેની વચે વચગાળેનો મારગ છેજ નહી. યાદ રાખજો! તમે બે શેઠોની નોકરી સામટી વેળા કદીબી કરી શકવાના નથી કારણકે જો તમો એકને ધીક્કારશો તો બીજાને ચહાશો. કદાચ તમે એકને વળગી રહેશો, અને બીજા ગમ તીરસ્કાર દેખાડશો, તમે ખુદાની અને પઇસાના દેવની આકેકી વેળા કદી પણ સેવા બજાવી શકવાના નથી. શું તેમને "સચાઇ" જાણવી છે? "સચાઇ"ને પીછાનવા માટે શું તમે કોશેશ કરો છો? તો તમારે સ્વભોગ છેકના છેડા સુધી આપવા માટે તઇયાર થઇ રહેવું પડશે કારણકે "સચાઇ" તેની સરવે ઝળકતી કીરતીમાં ત્યારેજ દેખાય છે અને સમજાય છે, કે જયારે "સ્વારથ"નો સરવથી છેલ્લામાં છેલ્લો સંસારો બેમાલુમ થઇ ગયલો હોય છે.

તમારી ઇચ્છાઓની સામે થવા માટે તમે તઇયાર છો? તમારા હવસો, તમારી તાસુબીઓ, તમારા ધખારાઓ છોડી દેવા તમો રાજી છો? જો તેમ હશે તોજ તમે સચ્ચાઇના સાંકડા મારગમાં દાખલ થઇ શકશે; અને જે શાંતીથી દુન્યા બાકાત છે તે શાંતી તમે શોધી શકશો. સદંતર આપણી ઇચ્છાઓની વીરૂધ થવું—આપણા સ્વારથનો સમુળગો નાશ કરવો—એમાંજ "સચ્ચાઇ"ની સંપુરણ સ્થીતી સમાએલી છે. આ મોતેબર પંકતીઓ પુગવા માટે સઘળા ધરમો અને સઘળી ફીલસુફીઓ માત્ર મદદકરતા સાધનો મીસાલ છે. જયારે ઇનશાન ગુંચવાઈ અને સ્વાર્થમાં ગુંગળાઇ જઇને પોતાનો "ઇશ્વરી અવતાર"—સચ્ચાઇ અને પવીત્રાઇની સ્થીતી—ભુલી જાય છે, ત્યારે તે સામાં માણસ વીષે મત બાંધવા સારૂ પરીક્ષાના તરેહવાર બનાવટી સ્ટેનડરડો બરપા કરે છે; પછી "સચ્ચાઇ"ની કસોટી માટે ખુદના પોતાના ફંત્વાઓ આગળ પાડી તેને પોતે વળગી રહે છે. પરીણામમાં ઇનસાન ઇનસાનની વીરૂધ થાય છે—કાયમની દુશ્મની અને ઝઘડા બરપા થાય છે—અને ચંદ્રોકાંળની મુશીબત તેમજ વેદનાઓ ફેલાઇ રહે છે.

તા૦ ૨૪ મી ડીસેમ્બર.

"સચ્ચાઈ"માં જન્મ લેવો એટલે શું તેનો અરથ તમારે સમજવો છે? તો બસ સ્વારથને મરણ પામવા દેજો, જે હવસો, ભુખો, ઇચ્છાઓ, ધખારાઓ, સાંકડા વીચારો, અને તાસુબીઓને તમે અત્યાર સુધી ચીવટાઈથી વળગી રહેતા આવ્યા છો તેઓને તમારાથી વીખુટાં પડવા દો. તમે તેઓને વધુ વાર વશ થવા ના પાડો—અને "સચ્ચાઈ" તમારી થશે. તમારો ધરમ બીજા બધા ધરમો કરતાં ચડયાતો છે એવું ગુમાન રાખતાં બંધ પડો, અને સખાવતનો ઉમદા પાઠ નમનતાઈ સાથ શીખવાની કોશેશ કરો. શ્રુષ્ટીમાં પ્રસાર પામેલા મહાન ઍીનાઇ કાયદાને બરાબર સમજો અને તમારા મનની હાલત તે પંકતીએ પુગશે કે જેને "તાબે-દારી" તરીકે ઓળખવામાં આવે છે. ઇનસાફ, સમાધાની અને ખ્યાર આ જગતમાં સરવોપરી છે એમ જો તમે એકવાર જાણી લ્યો તો તમને માલમ પડી આવે કે તમામ મુશીબતભરયા અને દુઃખદાયક સંજોગો મજકુર મહાન કાયદાને તાબે નહીં થવાનાં પરીણામો માત્ર છે.

તા૦ ૨૫ મી ડીસેમ્બર.

કદાપી તમારી ગરદને ગરીબાઈની સાંકળો મોટા વજન સાથે પડેલી હશે; કદાપી તમે તદન એકલા અટુલા સ્નેહી-મીત્રો વગરના હશો, અને તમો બહુજ ઉંડી લાગણીથી ઇચ્છતા હશો, કે તે તમારી ઉપરનો બોજો હલકો પડી જાય. પણ તે બોજો તો ચાલુજ રહે છે અને તમે જાણે વધુ અને વધુ સિહા બનતાં અંધકારમાં લપેટાયાજ જતા દીસો છો. કદાપી તમે ફરયાદ કરતા હશો-તમારાં ભાગ્ય માટે તમે અફસોસ કરતા હશો,-તમારા જન્મને, તમારાં માત પીતાને, તમારા માલેકને, ખુદ તે ગેરઇનસાફી શાકતઓ (જેઓએ તમારી ઉપર ગેરવાજબી મુફલસી અને મુસીબતો એટલી બધી રેડી દીધી છે, અને બીજાઓની ઉપર અયશ અને આરામ એટલા બધા વર્સાવી મેલ્યા છે, તેને) દોષ દેતા હશો. પણ તમારો બડબડાટ અને તમારો ખળભળાટ બંધ પાડો. તમે જે જે ચીજોને દોષ દેવો છો તેઓ માંહેલી કોઇબી તમારી તંગદસ્તી માટે જોખમદાર નથી. તેનું ખરૂં કારણ તમે પોતે છો; અને જ્યાં કારણ મોજુદ હોય છે ત્યાં ઉપાયબી મોજુદ હોવોજ જોઇએ છે.

તમારી આસપાસના જીવતી તેમજ જીવ વગરની દુન્યા તેજ રંગ આકાર પકડશે કે જે રંગ આકાર તમારા વીચારો તેને આપશે! "આપણાં વીચારોને બરાબર અનુસરતીજ આપણે હસ્તી ધરાવીએ છીયે. આપણી હાલત આપણા તુરંગોની ઉપર રચાયલી હોય છે; આપણી જીંદગીજ આપણા વીચારોની બનેલી છે." બુધ્ધ આ પ્રમાણે કહી ગયો છે. તેટલા માટે દેખાતું છે કે એક માણસ સુખી હોવાનો સબબ એજ છે કે તે પોતે સુખી વીચારોમાં વસે છે; એક માણસ કંગાળ છે તેનો સબબ એ કે તે પોતે કમજોર કરી નાખનારા અને નાઉમેદ બનાવનારા તુરંગોમાં રાત દહાડો રહેવાનું પસંદ કરે છે. તમો બુજરા હોવો યા હીમ્મતવાન હોવો, બેવકુફ હોવ, યા દાનાવ હોવ જંજાળમાં હોવ, યા નચીંત હોવ—યાદ રાખજો, તમારી સ્થીતીનું એકલું કારણ તમારા પોતાના બાતેનમાં છે, તમારી બાહેર તો નથીજ અને હવે હું ઘણાક અવાજોને એકકી વખતે પુછતાં જાણે સાંભળું છું કે "શું ત્યારે તમે એમ કહેવા માંગો છો કે બાહેરના સંજોગોથી આપણા મન ઉપર કાંઇજ અસર થતી નથી!" હું તેમ નથી કહેતો; પણ હું એટલું તો કહું છું—અને હું તે તદન ખાત્રી પુર્વક સચ્ચાઇ તરીકે જાણું છું કે સંજોગે એવી બાબદ છે કે જે તમે પોતે મંજુરીઆત આપો તેટલીજ હવે તમારીપર અસર કરે છે: વધારે નહી.

મજબુત મનનાં આસામીઓ પોતાની બીગડેલી શારીરીક સ્થીતી માટે ઝાઝો બળાપો કરતાં નથી; તેઓ તનની નબળી હાલત વીષે બેપરવાહ રહે છે, અને બસ કામ કર્યાંજ જાય છે—જીવ્યાજ જાય છે જાણે કે તંદુરોસ્તીમાં કાંઇબી ખામી હોયજ નહી. શરીરને માટે ઝાઝી નહી ખટપટ કરવાથી મન જોરાવર અને અક્કલવાળું રહી શકે છે; ના એટલુંજ નહીં, મજબુત મનથી બેરખા શરીર સુખાકારી વધારવાનું એક સાધન પેદા થાય છે. જો તમે એક સંપુર્ણ આસુદું શરીર ધરાવતાં નહી હોવ, તોપણ એક સંપુર્ણ આસુદું મન ધરાવવાનું તો તમારા હાથમાં છેજ. અને એક સુખાકારીભરયું મન એક સુખાકારીભરયાં તન તરફ લઇ જવા માટે સૌથી ઉત્તમ રસ્તો છે. એક બિગડેલાં શરીર કરતાં એક બીમાર મન ધરાવવું વધારે અફસોસકારક છે. મનની નાદુરસ્ત તબીયત શરીરની નાદુરસ્ત તબીયત તરફ જરૂરજ લઇ જાય છે. મનની બીમારીથી પીડાતાં શખ્સ શારીરીક વેદનાથી પીડાતા શખ્સ કરતાં વધારે દયાને પાત્ર છે. સંખ્યાબંધ દરદીઓ એવાં હોય છે (અને દરેક તબીબ તેઓને ઓળખે છે) કે જે દરદીઓને તેમનાં સઘળી રીતે દીવાબત્ત શરિરની ખાત્રી આપવા માટે માત્ર તેમનાં મનને વધારે મજબુત, વધારે બીનએકલપેડું અને વધારે સુખી સ્થીતીમાં લાવવાનીજ થાય ખોટી હોય છે.

જ્યાં પણ એક ચીજનો કોઈ સબબ હોય ત્યાં તેની અસર માલમ પડવા વગર રહે નહી; અગરજો અનીતીનો સબબ હાલતની રેલ છેલનો હોય—અગરજો નામોશીનો સબબ ગરીબાઈનો હોય—તો દરેક તવંગર શખ્સ અનીતીવાન બને દરેક ગરીબ શખ્સ નામોશીમાં ગબડી પડે.

એક ખરાબ કામ કરનાર શખ્સ તો કોઈપણ સંજોગોમાં બદીનું કામ કરવા વગર રહે નહીં. પછી તે ભલે તવંગર હોય યા ગરીબ હોય યા એ બે સ્થીતીઓની વચ્ચેની કોઈ હાલતમાં હોય. તેજ મુજબ એક ભલું કામ કરનાર શખ્સ ભલું કામ કરશેજ—પછી તેને કુદરતે ભમે તે સ્થીતીમાં મલ્યો હોય. છેક હદબહારના સંજોગો બદી કે જે ફક્ત પોતાની તક જોતી ખોટી થતી હોય, તેને બહાર લાવવામાં મદદ કરશે, પણ એ સંજોગો એ બદીને મુળમાં ઉત્પન્ન કરી શકશે નહીં.

ગરીબાઈનો ડંખ ખીસામાં કરતાં ઘણીવાર મનની અંદરજ હોય છે. જ્યાંસુધી એક માણસ વધુ પૈસા માટે ભુખ્યો હોય ત્યાં સુધી તે પોતાને ગરીબ તરીકેજ ગણશે, અને તે રીતે જોતાં તે ગરીબજ છે, કેમકે લોભ એ મનની ગરીબાઈ છે.

કુદરતનું જોર ગમે એટલુંબી અજાયબીભરયું હશે પણ તે માનવીજાતના મગજના અદભુત જોશ અને વીચારવંત શકતી આગળ અવી ઘણું ઉતરતા પ્રકારનું છે. આદમજાતનું મન હમેશ કુદરતની આંધળી શકતીઓ દોરવે છે જાણકે તેની ઉપર સર્વોપણું ભોગવે છે. એનું એકજ અનુમાન એ છે કે મગજબુદ્ધીના અકલના-ઇચ્છાઓના-જુસ્સાઓના-અંતરના રોહને સમજવા રાહે પાડવા આંકોશમાં રાખવાથી આદમજાતની અને પ્રજાઓની તકદીરની લગામ હાથમાં આવી જાય છે. જે ઇનશાન બાહેરની કુદરતના જોશને સમજી શકે છે-તેની ઉપર હકુમત ભોગવી શકે છે-તે કુદરતનો એક સાયનટીસ્ટ છે; પણ જે મગઝના બાતેનનાં જુસ્સાઓ સમજીને તેની ઉપર સર્વોપણું ભોગવે છે તે ઇશ્વરી કાયદાનો સાયનટીસ્ટ છે. ખુબ ગોખી રાખજો-બાહેરના દેખાવોનું જ્ઞાન મેળવવા માટે જે કાયદાઓ કામે લાગે છે તેજ કાયદાઓ ખરી "સચ્ચાઇ"નું જ્ઞાન મેળવવા માટેબી કામે લાગે છે.

આપણી જગત એક સંપુર્ણ ઇન્સાફના પાયાપર ચાલે છે. ઇન્સાન જાતની જીંદગી ઇન્સાફના નીયમ પરજ રચાયલી છે. આદમ જાતની વર્તણુકનું માપ ઇન્સાફથીજ થાય છે. જીંદગીની જુદી જુદી સ્થીતીઓ, જે આજે દુન્યામાં જાયજ છે, તે આ ઇન્સાફના અચળ કાયદાના પરીણામો છે; અને તેથી માનવી જાતની ચાલચલણપર મોટી અસર કરે છે. ઇન્શાન દરેક બાબદનાં કારણો પસંદ કરી શકે છે—તેને ગળીમાંખી મેલી શકે છે; પણ તે મજકુર બાબદની અસરને બદલી શકતો નથી. શું વીચારો કરવા તે બાબે ચુકાદો ઉપર આવી શકશે—શું કામો આરંભવાં તે બાબે નીરણય ઉપર આવી શકશે—પણ તે વીચારો અને તે કામોનાં પરીણામો ઉપર તે કશીબી સત્તા ધરાવતો નથી. એ તો ફકત તે સર્વ શક્તીમાન કાયદાનેજ આધીન હોય છે. કોઇબી કામ આટોપવાને માનવી જાત કને શક્તી છે—પણ જેવું તે કામ આટોપાઇ રહ્યું કે તે શક્તી પુરી થાય છે. મજકુર કામનું પરીણામ બદલી શકાતું નથી—તે છેકી શકાતું નથી—તેમાંથી છટકી શકાતુંબી નથી. તે બસ સેવટનુંજ હોય છે.

જીંદગાની—અને હીસાબના એક દાખલાની સાથે સરખાવી શકાય. એક શીષ્ય જેને હાથ ગણીત બરાબર કરવાની કુંચી પુરે-પુરી આવેલી હોતી નથી તે જેમ પ્રથમ અકળાઇ જઇને મુશકેલી વેઠે છે અને પાછળથી ગણીતમાં પ્રવીણ થતાં તેને જેમ હીસાબના દાખલા કરવાનું અજાયબ જેવી રીત સહેલું લાગે છે—તેનીજ માફક જીંદગીના બેરા ઉકેલવામાં બને છે. જીંદગાનીની સહેલાઇ અથવા મુશકેલીનો ખ્યાલ ત્યારેજ આવી શકે છે કે જ્યારે તમો બરાબર સમજી શકો છો કે હીસા-બનો કોઇ દાખલો ખોટી રાતે કરવાની હઝારો રીતીઓ છે, પણ હીસાબનો તેજ દાખલો ખરી રીતે કરવાની તો ફક્ત એકજ ખરી રીત મોજુદ હોય છે. જ્યારે તે ખરી રીત મળી આવે છે ત્યારે શીષ્ય જાણે છે કે તે ખરીજ રીત છે—તેની ગુંચવણ મટી જાય છે, અને પોતાનો "પ્રોબલમ" બરાબર હાથ ધરવાને પોતે શકતીવાન છે એમ તે જાણે છે.

જીંદગાની—એ એક કપડાનાં કટકા મીસાલ છે; આ કપડાંના દોરાઓ ગોયા છુટી છુટી જીંદગીઓ બરાબર છે. જ્યાં તુલીક આ દોરાઓ બરાબર સ્વતંત્ર રીતે ગોઠવાયલા હોય છે, ત્યાં તુલીક તે એકમેક સાથ ગુંચવાઇ ગયલા હોતા નથી. દરેક દોરો પોતાનો જુદો મારગ લેતો રહે છે. તેજ પ્રમાણે જીંદગીની અંદર દરેક જુદો જુદો ઇનશાન ખુદના પોતાના કામોનાં માઠાં પરીણામો સેહેવે છે, રૂડાં ફળો ભોગવે છે; પારકાંઓના કામોનાં પરીણામો તેને ભોગવવાં પડતાં નથી. દરેક આસામીની પોતાની જીંદગીનો રસ્તો સહેલો અને મુકરર થયલોજ હોય છે; પણ પછી જીંદગીઓ સાથે મળવાથી પરીણામોની એક લગાર ગુંચવાયલી પણ છુટકોરાબંધ હારમાળા રજુ થાય છે. કામ હોય ત્યાં સેજ્ઝટ હોવુંજ જોઇએ—કરતવ્ય હોય ત્યાં ફળો હોવાંજ જોઇય—કારણ હોય ત્યાં અસર હોવીજ જોઇયે. દરેક ચીઝને જીંદગીમાં સમતોલ રાખનારો ઉલટ—જવાબ હંમેશ મોજુદ હોવોજ જોઇએ; અને તે ઉલટ—જવાબ હમેશ પ્રથમ ગતીના પ્રમાણમાંજ હોવો જોઇએ.

તા૦ ૪ થી જાનેવારી.

"બદીનો સવાલ" એક ઇનશાનના પોતાના બુરાં કરમો સાથ નીકટ સંબંધ ધરાવે છે; જયારે આદમ જાત પોતાના કરમોને સ્વચ્છ કરે છે ત્યારે તે આ સવાલનું ખંડણ કરી શકે છે.

રૂમી કહે છે કે "માનવી ! તું બદીનું મુળ શોધવાની કોશીશ ના કર—કેમકે તું પોતે તે મુળ છે."

જાણુા–અસર ને તેના કારણથી તમે જીનહાર છુટું પાડી શકનાર નથી. કારણ અને અસર એક-મેકથી જુદી કીસમનાં કોઇ કાલેબી થનાર નથી.

ઇમરશન કહે છે કે "ઇનસાફ કદીબી તમે મુલતવી રાખી શકશો નહી. જીંદગીના સરવે ભાગો ને એક સંપુરણ "ન્યાય" હંમેશ સમતોલ રાખે છે."

આ જીંદગીમાં આદમ જાતને કુદરતે એક એવી ઉંડી બુધ્ધી બક્ષી છે કે જેથી તે કારણ અને અસરનો એકી વેળા વીચાર કરતો રહે છે અને એ બંને ચીઝથી એક સંપુરણ સેવટ લાવતો રહે છે. દાખલા તરીકે-જયારે એક માણસ (કહો કે) એક ઘાતકી કામનો કબુલાત (?) કરે છે ત્યારે તે માણસ તેજ ઘડીએ પોતાના મનને ઇજા કરે છે. એક પળ અગાઉ જે માણસ પોતે હતો તે માણસ તે હવે રહેલો હોતો નથી! તે જરા વધારે ખરાબ-જરાક વધારે અસુખી બનેલો હોય છે. આ પ્રમાણે જો સંખ્યાબંધ ખરાબ વીચારો અને ખરાબ કામો એક પછી એક થયાં કીધાં તો તે માણસ તદન કંગાળ ઇનસાન તરીકે રજુ થાય છે.

"કેરેક્ટર"ની સ્થીરતા અને મક્કમપણું તમે ઉત્પન કરો, અને તમે "મન શક્તી" પેદા કરી શકશો. આ "મગઝ બળ" ઉપજાવવાની પ્રનશાનની સરવથી પહેલી ફરજ છે; કેમજે તે આદમ જાતના આ દુન્યવી વહેવાર માટે અને તેની બાકી ઉનંતી માટે તદનજ અવશ્યનું છે. દરેક ફતેહમંદ કોશીશના મુળમાં જોશો તો દ્રઢતા છે; હાની કે મીનોઇ દુન્યામાં એજ દ્રઢતા અંતે ફાવે છે. દ્રઢતા વગરનું માણુસ કંગાળ અને પરતંત્ર હોવા સીવાય બીજું કાંઇબી થઇ શકતું નથી. તમારા "મગઝ બળ"ને દ્રઢ કરવાનો ખરો રસ્તો તમારી પોતીકી રોજીંદી જીંદગીમાં મળી આવશે. તે રસતો એટલો તો સાદો સહેલો અને દેખાઇતો છે—કે જેઓ કાંઇ ઘણુંજ ગુંચવણુભરયો અને ભેદી રસતો શોધી કહાડવાને વલખાં મારે છે તેઓ આ ખરો રસતો જોવા વગર ચુકી જઇને આગળ ચાલ્યાજ જાય છે.

જે શખ્સ પોતાનાં મનની ઉપર કાબુ રાખવાની સાદી સુળ સમ્જાઈને વળગી રહેવાને ફતેહમંદ નીવડે છે, તેને માલુમ પડશે કે મનશક્તીની ખીલવણીનું તમામ સાધનસ નીચલા સાત કાયદાઓમાં સમાઈ જાય છે !

૧. ખરાબ ટેવો છોડી દેવો.

૨. સારી ટેવો રચો.

૩. હાલની પળની ફરજ તરફ અંતઃકરણપુરવક ધ્યાન આપો.

૪. જેબી કામ કરવું હોય તે મક્કમ રીતે અને એકદમ કરો.

૫. કાયદા મુજબ રહો.

૬. જીભપર કાબુ રાખો.

૭. મનપર કાબુ રાખો.

જે માણસ પોતાના આત્માની તાલીમ અખાડા કરીને કોઈપણ જાતની કોશિશ વગર—યા બહુજ થોડીક મેહનત વડે—મગજ—બળ પ્રાપ્ત કરવા સારૂં કાંઈ ગુપ્ત મંત્રો શોધવાનાં ફાંફાં મારે છે તે માણસ માત્ર ખુદ ને પોતાને છેતરે છે, એટલુંજ નહીં પણ તે પોતાના મગજની જેટલીપણ થોડીઘણી તાકાત ધરાવતો હોય છે તે નીર્બળ કરી નાખે છે. તમારી બુરી આદતોને આંકોશમાં લાવવા ફતેહ પામવાથી તમે જે મન—બળ ઉપજાવી શકો છો, તે તમને પાછ-ળથી સારી આદતો ગ્રહણ કરવા માટે કામ લાગે છે. કારણ કે જ્યારે એક ખરાબ ખાસ્યતને દાબી નાખવા માટે ફકત મક્કમપણાંની જરૂર પડે છે ત્યારે એક નવી ખાસ્યતને પામવા માટે તમને તમારા મક્કમપણાંનો કાંઈ અક્કલવંત ઉપયોગ કરવાની અગત્ય પડે છે. આ પરીણામ નીપજાવવા માટે એક ઇનશાનને હરહંમેશ ચંચળ અને ઉદ્યોગી રહેવુંજ પડે છે—અને તેને પોતાની ઉપર ચાલુ તકેદારી રાખવાની ફરજ પડે છે.

અર્થ:-મનને જુદી જુદી બાબદોમાં વહેંચી નહીં નાંખવાથી-પણ તેની સમક્ષ રજુ થતી દરેક અલાહેદી બાબદ ઉપર સઘળું ધ્યાન આપવાથી મગજની દ્રઢતા અને તીવ્ર એકાગ્રતા ધીમે ધીમે આવે છે-આ એ એવી મનશક્તી છે કે જે ચારીત્રને બળવાન તથા ઉમદા બનાવે છે અને તે સદ્દગુણો ધરાવનારને શાંતી તથા આનંદ મેળવી આપે છે.

જે કાંઇ કરવું, તે ઝપાટા સાથ તથા એકદમ કરવું, તે પણ તેટલુંજ અગત્યનું છે. કંઇબી કરવાની આળસાઇ અને મજબુત ઇચ્છા શકતી એક સાથે નીભી શકતી નથી અને મુલતવી રાખવાની ટેવ ધારેલું કામ પાર ઉતારવામાં એક. સંપુર્ણ નડતર મીસાલ છે. કોઇબી ચીજ બીજે વખત આવતાં સુધી અથવા તો થોડી મીનીટ સુધીબી મુલતવી રાખવી નહીં જોઇયે. જે કાંઇ હમણાં કરવું જોઇયે તે હમણાંજ કરી નાંખવું જો કે આ એક નજીવી વાત લાગે છે તો પણ તે એક ઘણી અગત્યની બાબદ છે. તે ફતેહ, કુદરત અને સુલેહશાંતી તરફ દોરવી લઇ જાય છે.

જીંદગીની નાની ચીજો ઘણા મહત્વની હોય છે એ બીના સાધારણ રીતે ઘાકોના ધ્યાનમાં ઉતરવીજ નથી. મોટી મોટી બાબદોને પેહરકારીથી બાજુએ ફેંકી દઇ શકાયે—એ તુચ્છ બાબદોના સંબંધમાં અખાડા કરી શકાયે—એવા વીચારથીજ મગજશક્તીની તે કોટાઇ .બરપા થાય છે, કે જે મગજ શક્તીની કોટાઇ અસંપુર્ણ કામો અને અસુખી જીંદગીઓનાં આયંદે પર્ણામો નીપજાવે છે. જયારે એક ઇન્શાન સમજવા માંડે છે કે આ દુન્યાની અને આ જીંદગીની કહેવાતી મોટી ચીજો હંમેશ નાની નાની બાબદોના એકત્ર સંગ્રહથીજ ઉપજાયલી હોય છે-જયારે એક ઇન્શાન જોવા માંડે છે કે મોટી મોટી ચીજો વગર મોટી ચીજો હસ્તી ભોગવી શકેજ નહીં—ત્યારેજ તે ઇન્શાન એવી બાબદો ઉપર સંભાળ પુર્વક ધ્યાન આપવાનું શરૂ કરે છે કે જે બાબદો તે અત્યાર આગમજ નજીવી વાજીયાત દેખાતી હોય.

મજુરોને ચાકરીએ લગાડનારો દરેક શખ્સ જાણે છે કે પોતાના કામમાં વીચાર અને કહેવત આમેજ કરીને તેને તદન સંપુરણ તથા સંતોષકારક રીતે હાર પાડનારાં મરદો તથા સ્ત્રીઓ મળવાં કેટલાં કઠણ છે. આજે લાલહવાલ રીતે કામ કરવાનું કેટલું બધું સાધારણ છે. કામની અંદર કુશળતા અને શરેસટાઇ ઘણાંજ થોડાંઓથી મળવી શકાય છે. આજે વગર વીચારે કામ કરવાની ખાસીયત, બેદરકારી અને સુસ્તી એટલા સાધારણ દુરગુણો થઇ પડયા છે કે તમારાં "સંસારી સુધારાઓ" છતાં બેકારી વધતી જાય છે. એ કદાચ અજાયબીભરેલું લાગતું હશે—પણ તેવી અજાયબી હવે બંધ પડવી જોઇયે. કેમકે જેઓ આજે પોતાના કામના સંબંધમાં આખાડા કરે છે—તેઓ આવતી કાલે, ગરજ પડતાંજ, વગર મનનું કામ શોધવા મંડી જશે. આ જગતમાં "જેસહુથી લાયક છે તે સહુથી વધુ લાંબો વખત નીભે છે"—આ નીયમ ઘાતકીપણા ઉપર રચાયલો નથી. ખુદાઇ ન્યાયનું તે એક સ્વરૂપ છે, કે જે ન્યાય દરેક ઠેકાણે જોયજ છે. કહેવત છે કે "બધે ઉપર ચોમેરનો માર હોય છે;" તેમ જો નહીં હોય તો સદગુણ ખીલીજ કેમ શકે! દુરઅંદેશ અને ઉદયોગી શખ્સની બરોબર એક બેવકુફ અને આળસુ માણસથી અલબત ટકી શકાય નહીંજ.

કાંઈપણ ચીજ પુરેપુરી બજાવવી એજ સંપુર્ણતા છે; તેનો અર્થ એ થાય છે કે તમે એક કામ એટલું તો સરસ રીતે બજાવ્યું છે કે હવે વધુ કશુંપણ કરવાનું બાકી રહ્યુંજ નથી. તેનો અર્થ એ થાય છે કે તમે એક કામ એવી રીતે હાર પાડયું છે કે અગરજો તે બીજાંઓનાં કામ કરતાં વધારે ચઢીયાતું નહીંપણ હોય તોયે તે બીજાંઓના સઉથી સરસ કામ કરતાં ઉતરતાં પ્રકારનું તો નથીજ. તેનો અર્થ એજ છે કે તમારે પુખ્ત વીચાર કામે લગાડવોજ જોઇયે—તમારી તમામે તમામ શક્તી અતે લગાડવીજ જોઇયે—તમારી મકસદ પાછળ તમારે મક્કમપણે ચાલુ મગજ કસવુંજ જોઇયે—તમારે ધીરજથી, ખંતથી અને ફરજના ઉમદા ખ્યાલથી આગળ વધવુંજ જોઇયે. એક પ્રાચીન ઉસ્તાદ લખી ગયો છે કે "જો કાંઇપણ કરવુંજ હોય-તો તેની સામે તમારાં તમામ જોશથી હુમલો લઇ જજો!" એક બીજો શીક્ષાગુરૂ કહી ગયો છે કે "તારો હાથ જેપણ કાંઇ કામ આટોપે—તે કામ તમારાં પુરેપુરાં કામથીજ આટોપજે!"

નાઉમેદી, ખીજવાટ, ચીંતા, ભડભડાટ, છીટાં, ફરીઆદ—આ સરવે આપણા વીચારોને કોતરી ખાતા કીડાઓ તથા મન-શક્તીની બીમારીઓ છે. મગજની દરદી હાલતની તેઓ નીશાની સમાન છે, અને તેથી પીડાતાં દરદીઓ પોતાની વીચાર કરવાની અને વરતણુંક ચલાવવાની રૂઢીમાં ફેરફાર કરશે તો તેઓને મોટો ફાયદોજ છે. આ દુનયામાં પાપ અને મુસીબત અથાગ છે, એ ખરૂં છે—અને તેથીજ દુનયાને આપણાં તમામ પયાર અને દયાની ગરજ પડે છે, પણ તેથી આપણી પોતાની મુસીબતનો વધારો શા માટે કરવો જોઇયે! અરે, દુ-નયામાં મુસીબત હવે જોઇયે તે કરતાં વધારે છે. ના—જેની ખરે ખરી જરૂર છે તે આપણી ખુ-શાલી અને આપણાં સુખની છે. આહ—આ બે ચીજો જોઇયે તે કરતાં ઘણી વધારે આ દુનયામાં કમતી છે. આ દુનયાને તમે સુઉથી શરેશટ શું બક્ષેશ આપી શકશો? જીંદગીની સુંદરતા પીછાણવાથી! વરતણુંકની સુંદરતા પીછાણવાથી! આ બે ચીજ વગર બીજું બધું રદ છે. એમાંજ દુનયાનું તમામ સુખ—દુનયાના તમામ આશીશ સમાઇ ગયલા છે.

બાહેરની ગમે તેવીબી વીરૂધતા છતાં તમે તમારી વર્તણુંક નીયમીત રીતે મીઠાસભરી રાખો—તો તે તમારા તદન સ્વ-આંકોશમાં આવી ચુકેલા આત્માની એક અચુક નીશાની છે. તે તમારાં ડહાપણની—તમારી સાચવટની એક માતેબર ગવાહી છે. એક ખુશાલ અને મીઠો જીવ શ્યાનપતના પાકેલાં ફળ મીસાલ છે. તે ચોમેર પોતાની અસરનો ધમરાટ ફેલાવે છે — બીજાંઓના જીગરો શાદ કરે છે—જગતને સ્વચ્છ કરે છે. જો પારકાંઓને સાચ્ચાં થયલાં તમે જોવા ઇચ્છતાં હોવ, તો તમે પોતેબી સાચ્ચાં થજો. જો તમે સારી ખલકને ગુનાહ અને ગમખારીમાંથી બચી મહેલી જોવા માગતાં હોવ તો તમે પોતે પ્રથમ તેમાંથી બાહેર નીકળી પડજો. જો તમને તમારૂં ઘર અને તમારી આસપાસના સંજોગો ખુશાલ જોવાં હોય, તો તમે પોતે ખુશાલ થવાની કોશેશ કરતાં રહેજો. જો તમારાંમાં જેબી કોઇ ભલો અંશ છે તે તમે સમજતાં થશો તો તે પછીએ તમે આ પરીણામો કુદરતી રીતે નીપજાવી શકશો.

અમર જીંદગીને વખત સાથે કશુંજ લાગતું વળગતું નથી; વખતના પેટામાં અમર જીંદગી સમાયલી કદીબી જણાશે નહીં. અમરગી-- તે તો હમેશગી સાથે સંબંધ ધરાવે છે. જેમ વખત આ જગતમાં, આ જીંદગાનીમાં, છે તેમ હમેશગીબી અહીંજ ધર્તી ઉપર, હમણાંજ છે. જો ઇનશાન પોતાનું અંગતપણું તજી દે —(કે જે અંગતપણું હરદમ ફાની અને ક્ષણભંગુર અસંતોષકારક વસ્તુઓમાંથીજ પેદા થયા કરે છે)—તો તે આ હમેશગીને અહીંજ શોધી શકે અને તેમાં મુકરરબી થઇ શકે એમ છે. જ્યાં સુધીક એક આદમી પોતાના જુસ્સાઓ, ઇચ્છાઓ અને રોજીંદી તકલીફો બનાવોના બોજા તળે દબાયલો રહે છે—અને જ્યાં સુધીક તે આ જુસ્સાઓ, ઇચ્છાઓ તથા તકલીફો બનાવોને પોતાને જીવનનાં સઉથી મુળ 'અંશ તરીકે લેખ્યા કરે છે—ત્યાં સુધીક તેને અમર જીંદગીનું જરાબી ગ્નાન ઉપજી શકેજ નહીં. આવો એક આસામી જે ચીજની ઇચ્છા રાખે છે—તથા જે ચીજને તે ભુલમાં "અમરગી" સમજ્યા કરે છે—તે ચીજ "બજીદાઇ" છે. તે માત્ર વખત મુસાર બનતા બનાવો અને ચાલુ ઉપજ્યા કરતા જુસ્સાઓની એક હારમાળા સીવાય બીજું કશુંજ નથી.

રૂહો કાંઇ ઇનસાનોથી જુદા પ્રકારનાં હોતાં નથી. તેઓ પોતાનાં અંતરજ્ઞાનની જીંદગી (જે ભાંગેલી-તુટેલી હોય છે) તે એક જાતની ચઢતી પોખાર સાથે જુગવે છે; તેઓએ ફેરફારને આધીન હોય છે-તેઓએ પાછાં મરણ પામે છે. આ જગતમાં ખાકી પુરૂષ-જે પોતાના કુંપણાની મોજમજાહને ફરી ફરીથી રજુ થયલી લેવાનીજ બસ તલબ કરયા કરે છે-તે મોત પામવા પછી બી પાછો મરણ પામવાને કાબીલ છે. તે ફક્ત પોતાની બીજી જીંદગીમાં એક નવા શરૂઆત અને એક નવા છેડા સાથ ફરીને પ્રવેશ કરે છે. તેમ કરતાં તેને ભુતકાળનું યા ભવીષ્ય કાળનું જરાબી ભાન હોતું નથી. જે ઇનસાન તકલીદી અને ક્ષણભંગુર ચીજોથી પોતે વીખુટો પડયો અને નહીં બદલાય તેવાં મુકરર ભાણની સ્થીતીએ પોહોંચ્યો તથા ટુંક વખતના બનાવો અને જુસ્સાઓથી અલગ રહી શકયો-તે ઇનસાન ખરેજ અમમર જીંદગીવાળો છે તે એક એવી જાતનો શખ્શ છે કે જે પોતાના ખ્યાલોમાંથી તુરત નો જાગી ઉઠયો હોય-અને જે જાણતો હોય કે તેનો પોતાનો ખ્યાલ કાંઇ ખરેખર અમેશા બનાવ હતો જ નહીં.

અમર જીંદગીવાળો માણસ હરેક પ્રકારના ફેરફારોની અસર તળેથી સમાધાન અને મક્કમ રહે છે; હંમેશગીના જે ભાગમાં તે રહે છે તેમાં તેના શારીરીક મરણથી કશીએ ખલેલ પહોંચતી નથી. એવી જાતના આસામીને વાસ્તે કહેવામાં આવે છે કે "તેને મોતનો અનુભવ હોતોજ નથી"; કેમજે તે બાકી સંજોગોમાંથી અત્યાર આગમજ જે બાહેર નીકળી ચુકેલો હોય છે, અને માત્ર સચ્ચાઇમાંજ જીવે છે. શરીરો—અમુક નામો—પ્રજાઓ—દુન્યાઓ પસાર થઇ જશે, પણ સચ્ચાઇ સદાકાળ રહીજ જશે! વખતના વહેતા સાથ સચ્ચાઇની ઝળક ઝાંખી પડવાની નથી! તો પછી અમર જીંદગીવાળો માણસ તો તેજ છે કે જેણે ખુદને પોતાને જીતી લીધો હોય. તે માણસ પોતાના અંગતપણાના એકલપેટાં જોરને વશ થતો નથી—પણ તે જોરને એક શીક્ષા ગુરના બળથી સારે રાહે દોરવીને સૃષ્ટીની તમામ બીજી શક્તીઓની સાથે એકજ સુરમાં ગણગણાવે છે.

સ્વાર્થનો સમુળગો નાશ કરવો યા તેને આંકોશ તળે લાવવો—એના જેવો સેહલ અને સાદો નીયમ બીજો એકે નથી. તે ખરેંજ એટલો તો બેહવાર અને સેહેલો છે અને તે ઝટ કરતો એટલી તો આસાનીથી ગ્રહણ કરી શકાય તેવો છે કે એક પાંચ વર્ષની વયનું બાળકબી—(જેના મગઝમાં તરેહવાર ફતવાઓ અને આત્મીક યોજનાઓ તથા અટકળ રૂપી ફીલસુફીઓ ભરાઇ હોતી નથી તે—) એક મોટી ઉમરના માણસ કરતાં વધારે જલદી સમજી શકે છે (કે જે મોટી ઉમરના માણસો ચીત્ર વીચીત્ર ગુંચવણભરી થીઅરીઝને ગ્રહણ કરીને સાદી અને ખુબસુરત સચ્ચાઇ ઉપરનો પોતાનો કાબુ ગુમાવી બેઠેલાં હોય છે.) આપણા આત્માની અંદર જે જે ખરાબ તત્વો મોજુદ હોય છે—કે જે આપણને મતફેરી, ઝગડા, મુસીબત, બીમારી અને ગમખવારી તરફ દોરવી લઇ જાય છે—તેને ઉખેડી કહાડવામાંજ સ્વાર્થનો નાશ સમાયલો હોય છે. તમારા પોતાનામાં જે ભલી, નેક અને સુંદર શાંતી ઉપજાવનારી ખાસ્યતો છે તેનો નાશ કરવાથી કાંઇ સ્વાર્થ કચડાઇ જતો નથી.

લાલચ—એ નબળાઇની સાથે બેશુમાર પીડાઓ જોડાયલી હોય છે. પણ લાલચને અને તેની પુઠે આવનારી તમામ પીડાઓને તમે અહીંજ—આ જીંદગીમાંજ—હમણાંજ હઠાવી નાખી શકો તેમ છે. અને તે શાથી? ગ્નાનથી! લાલચ—એ માત્ર અંધકાર, અથવા અરધ અંધકાર,નું પરીણામ છે! જે આત્મા સદંતર ગ્નાનની રોશની જોઇ ચુકેલા હોય છે તે આત્મા લાલચને વશ થતોજ નથી. જો એક ઇનશાન લાલચનું મુળ-લાલચની ખાસ્યત-લાલચનો અરથ સમજતો થાય, તો તેજ ઘડીએ તે સલામત થઇ જાય, અને પોતાની જંજાળો માંથી ફારેગ થાય. જયાં સુધી તે ઇનશાન અગ્નાનતામાં સબડયા કરશે ત્યાં સુધી ચાહો તેવી ધારમીક ક્રીયાઓ, જપ તેવાખી ધરમ પુસ્તકોનો અભ્યાસ, માંગો તેવીખી પ્રારથના તેને શાંતી મેળવી આપી શકનાર નથી.

તા૦ ૨૧ મી જાનેવારી.

માનવીઓ લાલચને વશ કરવામાં નીશફળ નીવડે છે; ને તેઓની એ દીશામાં લડત ચંદરો કાળ સુધી લંબાયાજ કરે છે—કારણકે તેઓ સરવે, લગભગ એક સરખી રીતે બે ધખારાઓમાં ગુંગળાયાજ કરે છે. પહેલો ધખારો એ હોય છે કે તમામ લાલચો આપણી પોતાની બાહેરથી આવે છે; બીજો ધખારો એ હોય છે કે આપણુ નેક છીયે તેથીજ આપણને લલચાવામાં આવે છે. જયાં સુધી એક ઇનશાન આવા ખોટા ખયાલોમાં જકડાયલો રહેશે ત્યાં સુધી તે હરગેજ આગળ વધવાનો નથી. જયારે તે એ બેહુદી માન્યતાઓ ફેંકી દેશે ત્યારેજ તે એક ફતેહપરથી બીજી ફતેહપર ચાલવા માંડશે અને આતમીક ખુશાલી અને આતમીક આશાએશનો અનુભવ તેને મળશે. દરેક લાલચનું મુળ અને કારણ તમારી પોતાની બાતેનની ઇચ્છા છે. તે બાતેનની લાગણી સ્વચ્છ કરો બલકે ઉખેડી નાખો—અને પછી જુવો કે ગમે તેવાબી બહારના એ સંજોગો, બહારની શકતીઓ અને બહારની વસ્તુઓ તમામ આત્માને ગુનાહ યા લાલચ તરફ ખેંચવાને લાઇલાજ થઇ પડશે. બહારની કોઇ વસ્તુ તો ફકત લાલચને બરપા કરનારૂં એક બહાનું છે—લાલચનું તે કદીબી એક કારણ છેજ નહીં ખરૂં કારણ તો લલચાયલા માણસની ઇચ્છામાં સમાયલું છે.

આદમ જાતની પોતાની અંદર જે બદી છે તેજ ઉશકેરાય છે અને લલચાય છે. એક ઈનસાન પોતે જેટલી હદે અપવીત્ર હશે તેટલીજ બરાબર હદે તે લલચાશે જયારે એક માણસ પોતાનું જીગર સ્વચ્છ કરી રહે છે, કે તેજ ઘડીએ લાલચ અટકી જાય છે, કારણ કે જયારે એક ગેરકાયદાસરની ઈચ્છા તમારા જીગરમાંથી તમે હાંકી કહાડો છો ત્યારે એક લલચાવનારી વસ્તુ—(જે અગાઉ તમારાં જીગરને ઘણીજ ખેંચાણકારક લાગતી હતી તે)—હવે તમારાં જીગરને અપીલ કરતી બંધ પડે છે. તમારાં અંતઃકરણ માટે પછી તે લલચાવનારી વસ્તુ જીવ વગરની કમજોર થઈ પડે છે—કારણ કે તમારા અંતઃકરણમાં પછી એવું કંઈજ રહેતું નથી કે જે તે વસ્તુ સાથે દીલસોજી ધરાવી શકે. ગમે તેવીબી અચ્છી તક મળવા છતાં એક પ્રમાણીક માણસ ચોરી કરવાને લલચાવાનો નથી. સ્વચ્છ ભુખવાળો એક માનવી કદીબી ખાઉધરાપણાં અને છાકટપણાં તરફ લલચાવાનો નથી. જે શખ્સનું મગજ શાંત છે અને બાતેનના સદગુણમાં જોરાવર છે તે જીનહાર ગુસ્સે થવાને લલચાવાનું નથી. રદબાતલ ઓરતોના નખરાં અને ફેલફરેબો હંમેશ એક સ્વચ્છ જીગરની ઉપર માત્ર પોકળ અને વગર અર્થના પડછાયાની માફકજ જઈને પડે છે.

જે સખ્શ પોતાની ઉમણાની મોજમજાહ અને દુન્યવી એશો આરામ ભોગી લેવાની ખાસ્તીએ પોતાના અંતરમાં અવાજ કરતી સચ્ચાઇ ઉપર જાણી જોઇને આંખ મીચામણાં કરે છે, તે સખ્શ ઇજા પામવાને, લુટાવાને, નામોશીએ પોહચવાને, અને ધુળમાં રગડોળાવાને કાબેલ છે—કેમકે તેણે ખુદ પોતે આગળ રહીને પોતાના આત્માના ઉત્તમ ભાગને ઇજા પોંહોચાડી છે, પોતાના અગાઇભરયા ભાગને લુટયો છે, નામોશી લગાડી છે, ધુળમાં રગડોળાવા દીધો છે. પણ જે આદમી સદ્ગુણમાં એસ્તવાર છે, સાચવટ અને નેકીમાં ચોખ્ખો છે, તે કદીબી આવી હાલતે પુગવાનોજ નથી—કેમકે તે હરગેઝ પોતાના સ્વાર્થના હલકંત અવાજ ઉપર ધ્યાન આપતો નથી, અને હંમેશ બસ સચ્ચાઇમાંજ આધરો લે છે. યાદ રાખજો એક ચાબુક યા અનેક સાંકળો એક માણસને ગુલામ બનાવતાં નથી; એક માણસ ગુલામ બને છે કે જે તે પોતે અવલથીજ ગુલામ છે.

તાઠે રંગે ભી જાનેવાલી.

જ્યારે એક સાચા માણસની સખ્ત કસોટી કરવામાં આવતી હોય, તો તેને ખુશી અને મગન થવું જોઈએ! સરવોત્તમ નેકીના નીમકના માટે વહાલથી પુરવાર કરવાની તેને તક મળી છે, તે માટે મજકુર માણસે ઉપકારી બનવું જોઈએ. તે માણસે પોતે વીચારવું જોઈએ કે "હવેજુ ખરીખ તક મને મળી છે! હવેજ સમાધાન કરવાનો દીવસ આવી લાગ્યો છે! અગરજો હું આ દુનયામાંથી જાઉં છું તો મને સંતોષ છે કે મેં સાચવટને છોડી નથી!" આ પ્રમાણે વીચાર કરતાં મજકુર માણસ ખુદાને ઠેકાણે મવાઈ આપે છે, અને પોતાને નુકસાન કરનારાં માટે હમેશાં ભલાજ વીચાર ધરાવે છે. એક નીંદાખોર, એક ચુગલીખોર, એક દગાખોર આદમી, કદાચ થોડો વખત ફાવી જતં તમને જણાય— પણ મીનોઈ ઇનસાફનો કાયદો હમેશાં સરવોપરીજ નીવડે છે. એક સાચો માણસ કદાચ થોડા રખાતો માટે નીષ્ફળ નીવડતો તમને જણાશે; પણ તેને તમે હાથે છતી ઢાંકવાના નથી. આ રખીતી યા અણુઠ દુનીયામાં એવું એકપણ હથીયાર હજી સુધીક પેદા થયું નથી કે જે ખરે ખરા સાચા માણસને જમીનદોસ્ત કરી શકે.

એક ઇનશાનનું મન અને તેની જીંદગી હંમેશ ગુંચવાડાથી નીરાળી રહેવાં જોઇયે. ગમે તેવીબી માનસીક, બાકી કે આ-તમીક મુશકેલી સામે ટક્કર ઝીલવા માટે તેણે તઇયાર થઇ રહેવું જોઇયે છે; જેમ સંખ્યાબંધ ચાકો શંકા, વસવસા અને અચોક્કસપણાંની જાળમાં મુશકેલી તથા કહેવાતી કમનસીબીઓ વખતે વીંટળાઇ જાય છે તેમ તેણે પોતાના બાબમાં થવા દેવું જોઇતું નથી. ગમે તેવીબી મુશકીલ ઘડીને માટે તેણે હથીયારબંધ બની રહેવું જોઇયે છે. પણ આજાતની મનની તઇયારી અને મગજ બળની કાયનાત ઠાવકાપણા વગર હરગેઝ પ્રાપ્ત કરી શકવાની નથી. અને આપણી મન શકતી—જે હરદમ હરેક ચીઝનું પૃથકરણ કરવા માટે સરજાયલી છે તે મનશકતી—ને સદા કસાયલી રાખ્યાથીજ તે ઠાવકાપણું ખીલવી શકાશે!.

પોતાના વીચારો ખરા છે કે ખોટા છે તે બાબે ઉંડાણથી શોધ કરવાને જે માણસ બીહતો હોય—જે માણસ પોતાની સથીતી બાબે બારીકીથી જુસતેજો કરવાને ડરતો હોય—તે માણસને ડાહ્યાપણું પોતે મેળવી શકે તે આગમજ નઇતીક હીમત જમાવ કરવી પડશે. એક ઇનશાન પોતે સચાઇના સવચ્છ નીયમો સ્પશ્ટ જોઇ શકે—સચાઇની સરવે પ્રબળ રોશની મેળવી શકે—તે અગાઉ તેને પોતાનાં ખુદનાં સંબંધમાં સાચ્ચા નીવડવુંજ જોઇશે. જેટલી તમે સચ્ચાઇની વધારે ખણખોડ કરશો—તેટલી તે વધારે ઝળકથી પ્રકાશતી રહેશે. ગમે તેવીબી પરીક્ષા અને પ્રથકરણ તળે સચ્ચાઇ ઝં-ખવાણી પડનાર નથી. જેટલી તમે ગુમરાહીને ગુંટયા કરશો તેટલી તે વધારે કાળી બનશે. વીચારના સ્વચ્છ અને તીક્ષ્ણ દરોશ સામે તે (ગુમરાહી) ટકી શકશેજ નહી.

યકીન—એ દરેક કરમનો મુળ-પાયો છે; અને તેમ હોવાથીજ જે યકીન તમારાં મન અને તમારા જીગર ઉપર સરવથી વધુ અસર કરતું હશે તે તમારી જીંદગી માંથી પ્રગટી નીકળશે. દરેક ઇનસાનના ઠેઠ ઉંડા અંતરમાં જેવું યકીન જડ ઘાલીને બેઠેલું હોય છે તેવાંજ ધોરણ મુજબ મજકુર ઇનસાન વરતે છે, વીચારે છે અને જીંદગી જુગવે છે. મનને દોરવતા કાયદાઓનો એવાતો સાબુત હીસાબરૂપ મામલો છે કે એકી વેળા બે ઉલટાસુલટી બાબદોપર યકીન ધરાવવું કેવળ અશકયજ થઇ પડે છે. દાખલા તરીકે ઇનસાફમાં અને ગેર-ઇનસાફમાં—પ્યાર અને ધીક્કારમાં—શાંતી અને ઝગડામાં—સ્વારથ અને સચ્ચાઇમાં, તમે એકી વેળા કદીબી યકીન ધરાવી શકશો નહીં. અમુક એક બાબદ, યા તેનેથી સદંતર ઉલટી એક બાબદમાં દરેક માણસ યકીન ધરાવે છે—બંનેમાં સામટી વેળા તો નહીંજ અને દરેક સખશની રોજંદી વરતણુક તેનાં યકીનની ગવાહી પુરે છે.

તા૦ ૨૯ મા જાનેવારી.

જે માણસ પોતાના ભાઈબંધ માનવીઓના ગેરઈન્સાફ બાપે હરદમ કોપમાન બનતોજ રહે છે–જે માણસ ખુદ પોતાને ગેરઈન્સાફ થવા બાબેની વાતો કરયા કરે છે–જે માણસ પોતાની આસપાસની દુન્યામાં ઈનસાફની કોતાણી માટે વીલાપ કરયોજ જાય છે–તે પોતાની વર્તણુકથી પોતાના મનની વલણ પ્રદરશીત કરી આપતો રહે છે કે તે પોતે ગેરઈનસાફમાં માને છે! તે ગમે તેવોભી ઉચી પ્રકારનો વીચાર મક્કમપણે દરશાવે–પણ તે પોતાના બાતેનનાં ઉંડાણમાં તો જરૂરજ માને છે કે આ શ્રુષ્ટીમાં ગુંચવાડો અને સીહા ગથલ મથલ બાયજ છે. પરીણામમાં તે પોતે ચાલુ કંગાલતમાં અને બેકરારીમાં વસે છે–અને તેની વર્તણુક બહુજ ખોટી બને છે. હવે બીજી બાજુએ જે માણસ પ્યારમાં, અને પ્યારની સ્થીરતામાં માને છે તે ખરેજ પ્યાર ને હરેક સંજોગો વચ્ચે પોતે અમલમાં મેલી લેય છે–કદીભી પ્યારથી દુર જતોજ નથી—અને દુશમન કે દોસ્તની ઉપર તે એકસરખી રીતે વરસાવતો જાય છે.

તા૦ ૩૧ મી જાનેવારી.

સચ્ચાઇ સરવોતમ ખરેખરાઇમાં યકીન રાખવાથીજ ઇનસાન બદ્દુવાતીમાંથી બચી જઇ શકે છે. પાકીઝગતાઇ, અને સંપુરણ નેકીમાં યકીન ધરાવવાથીજ માનવી ગુનાહ કરતો અટકે છે. યાદ રાખજો જીંદગીમાં હરેક પ્રકારનું યકીન પ્રગટી નીકળે છે; અને ભલાઇ વીષે એતેકાદ ધરાવવાથીજ આદમ જાત બદીમાંથી બચી જાય છે. એક માણસની ધરમ સંબંધી માનયતા શું છે તે બાપે ઝાઝા પુરછપરછ કરવાની કંઇ ખાસ અગત્ય નથી–કેમ જે તેની ઉપર બહુજ થોડો યા ખીલકુલ નહી જેવો આધાર રાખવો જોઇએ. એક માણસ પોતાના પેગમબરને ખુદાનો પ્રતીનીધી સમજતો હોય–તો પણ તે જાણવું શા ખપનું, અગર જો તે સદા હરવકત ગુનાહભરયા ખ્યાલ સાથ જીવયા કરતો હોય? જે પુછવું અવશયનું છે તે આ છે; "એક માણસ જીંદગી કેમ ગુજારે છે?" "તે બહુ મુશકીલ અને સંકટનાં સંજોગો વચ્ચે પોતાની વરતણુક કેવી રાખે છે?" આ સવાલોનો જવાબ તમોને દેખાડી આપશે કે તે ઇનસાન બુરાઇની શક્તીમાં માને છે કે ભલાઇની શક્તીમાં માને છે?

જે શખ્સ સરવે ભલી ચીઝમાં માને છે, તે શખ્સ ખરાં જીગરથી ભલી ચીઝને ચહાય છે, બલકે ભલાઇમાંજ તે જીવે છે. જે માણસ નજીસ અને એકલપેઠા બાબદો ઉપરજ આસ્થા રાખે છે, તે માણસ અસ્વચ્છ અને સ્વારથી વસ્તુઓનેજ ચહાય છે—બલકે તે માણસ નજીસ અને એકલપેઠી જીંદગીજ ગુજરાવે છે. એક ઝાડની પરીક્ષા તેના ફળ ઉપરથીજ થાય છે. અમુક માણસ ખુદા વીષે, પોતાના પયગમબર વીષે, પોતાના ધરમ પુસ્તક બાબે જમ તેવાખી વીચારો ધરાવતો હોય તે એક બાજુએ મુકો—તે પોતાની જીંદગીમાં કેવાં કરમો કરે છે તેજ બસ બીજી બાજુએ મુકીને તપાસો. છેલ્લી બાબદ ઉપર વધારે વજન મુકજો. એક ઇનશાનની ધારમીક માન્યતા, શું છે તે ઉપર કાંઇ મોટી અગત્યતા મેલી શકાયે નહી. તે ઇનશાન શું વીચારો ધરાવે છે, પારકાઓ પ્રત્યે કેવી વરતણુંક રાખે છે, તેની ચાલચલણ કેવી છે,—એજ ફકત તમને સેવટનું દેખાડી આપશે કે મજકુર માણસીનું જીગર સાચ્ચું છે કે જુઠું છે.

જબરદસ્ત મોટી બાબતને સબંધે જ્યારે એક ઇનસાનને (જે પોતે ઘણોજ બદીની સામે મક્કમ રહેવા માટે જાણીતો હોય, અથવા જે અનીતીની સામે મક્કમ રહેવા માટે પોતે મગરૂર હોય તેને) —એકાએક કોઈ જબુન માઠાં પાપમાં ગબડી પડતો તમે જુવો ત્યારે તેની એવી પડતી ઓચીંતી તેમજ વગર કારણની તમે માનશો નહી. આ પડતીના મુળ છુપાં સબબો શું છે—અને વીચારોની કઈ રીતીએ તે પડતી ઉપજાવી શકાઈ છે—તે જો તમે જાણો તો તમને એ પરીણામ વગર કારણનું લાગશે નહી. મનની અંદર શરૂ થઈ ચુકેલા કદાચ વર્ષો આગમ-ચથી જડ ઘાલી ચુકેલા—દુરંગોનું આ પડતી માત્ર એક સંપુર્ણ પરીણામ છે—સેવ. નો સરવાળો છે. તે માણસે પ્રથમ જરૂરજ એક બુરો વીચાર પોતાના મગજમાં દાખલ થવા દીધો તો હોવોજ જોઈએ; ત્યાર બાદ બીજી યા ત્રીજી વેળા તો તે તેણે મજબુર બુરા દુરંગને પોતાના જીગરમાં કાંઈક વાસો આપ્યો હશે-જ. રહેતે રહેતે તે સબબને મજબુર બુરા વીચારની વધારે અને વધારે આદત પડવીજ ચાલેલી હોવી જોઈએ; પછી તેણે તે ખરાબ દુરં-ગને હેવામાં પાળી, પોશી અને ઉછેરેલો હોવોજ. આ રીતે તે નાપાક વીચાર બેમાલુમ રૂપે બસ તે ધણીની છાતીમાં ઉગતોજ ચાલ્યો હશે—અને છેવટે સરવાળે તેણે એટલું તો જોર પકડ્યું હશે કે એક તક પોતાની બની પોંચી લાવીને તે બદ વીચાર પાકટ હાલતમાં એકદમ ઉભરી નીકળી એક પાપના કામના આકારમાં પ્રગટ થયો હશે.

"આ સૃષ્ટીમાં એકપણ એવી છુપાયલી ચીજ હસ્તી ધરાવતી નથી કે જે વખત જતાં પ્રગટ થવા વીના રહે!"—અને તેજ નીયમે તમારાં મનમાં વાસો કરતો એકેએક છાનો વીચાર, કુદરતના કાનુનના અદભુત જોસને આધીન થઈ, અંતે અને આખીર એક સારાં યા માઠાં કરતબના આકારમાં ખીલી નીકળવા વીના રહેવાનોજ નથી; વીચારની જેવી ખાસીયત હશે તેવીજ તેના પરીણામે ખીલવાં કરમની રહેશે. એક માહન જુવાઈ પયગમ્બર યા એક હવસી કંગાળ બદકાર બંને પોત-પોતાના વીચારોનાંજ ઉત્પન્નો મીસાલ છે. તેઓ બંનેએ પોત-પોતાની ઉમરનાં ગુલશનમાં જે ઉમંગોનાં બીયાં હાથે જાતે રોપ્યાં—આ તે બીયાં ત્યાં જઈને પડયા ઉગ્યાં—અને પછી તેને પાણી પાઈ, તેની બરદાસ્ત લઈ તે બીજાંને ઉગાડયાં, તેના જુદાં જુદાં પરીણામો તરીકે પાછળથી તેઓ બંને જગતની રૂબરૂ હાજર થઈ શકયા એમ સમજી લેઓ: તમે તમારી તકોની સાથે ટક્કર લીધી—યાને જીંદગીમાં તમને મળતા વાંકા ટુંક સંજોગોને મજબુત પકડી લીધા—તો તમે ગુનાહ અને વાંક-અમાંથી છટકી જઈ શકશો, એવા ખોટા ખ્યાલ રાખતાંજ ના. તમે માત્ર તમારા ઉમંગો સ્વચ્છ અને પાક રાખશો તોજ તમે પાપ અને વાંકમાંથી સલામત રહી શકશો.

તમારા તુરંગોને તમારાં મનમાં ઉપજાવનારા તમો પોતે છો—અને એ રીતે તમે તમારી પોતાની ખાસીયત અને તમારી પોતાની સ્થીતીના કરતા છો. વીચાર—એ કાંઈક પેદાએશ રજુ કરતી, અને વારંવાર પ્રગટ થતી, બાબદ છે—અને તે તમારી ચાલચલણમાં અને તમારી જીંદગીમાં એક પરીણામના આકારમાં પ્રદર્શીત થાય છે. તમારી જીંદગીમાં કાંઈ પણ પ્રકારનો અકસ્માત છેજ નહીં. જીંદગીની સુખી બાજુ તેમજ જીંદગીની દુઃખી બાજુ—એ બંને ફક્ત તમારા પોતાના તુરંગોને પ્રતી ઉત્તર દેતા પડઘાઓ છે. જેવા વીચારો માણસ રાખે છે, તેવી તે માણસની જીંદગી આકાર લે છે. જો તમારાં મનની જોરાવર વળણ શાંતી અને મોહબત તરફ હશે, તો સુખ અને આશીષ તમારી પુઠે ચાલ્યાં આવશે. જો તમારાં મનની વળણ કપટભરી અને કુંજતભરી હશે, તો તમારી જીંદગીનાં મારગમાં જંજાળ અને મુસીબતના વાદળાં આડે પડશે. કીના વેરીમાંથી ગમી અને ગીરફતારી નીપજે છે; ભલમણસાઈ માંથી સંતોષ અને સખીયારો મળે છે.

જુસ્સાઓના બંધમાં જકડાયલા આત્મા જ્યારે દુન્યામાં દરેક ઠેકાણે ફક્ત ગેરઇનસાફજ ભાળી રહેલા હોય છે, ત્યારે એક ભલા પુરૂષ, કે જેણે પોતાના જુસ્સાઓ ઉપર જીત મેળવી છે, તે દુન્યામાં બનતા દરેક બનાવને, કારણ અને તેથી થતી અસરના નીયમ મુજબ બનેલા જોઇ શકે છે, અને તેમાં સંપુર્ણ ઇનસાફ સમાયલો તેને દેખાય છે. એવો એક પુરૂષ પોતાને ગેરઇનસાફ થયેલો લખે એ સદંતર અશક્ય છે, કારણ કે તેણે ગેરઇનસાફ જોવાનું બંધ કરી નાખેલું છે. તે જાણે છે કે કોઇબી માણસ મને ઇજા કરી શકે યા ઠગી શકે તેમ નથી, કારણ કે તેણે પોતે બીજાઓને ઇજા કરવાનું યા ઠગવાનું બંધ કરી નાખેલું છે. બીજાઓ ભલે એવા જુસ્સાથી યા અભણપણાથી તેની સાથે વરતે, તોપણ તેથી તેને કાંઇબી વેદના થતી નથી. સબબ, તે જાણે છે કે મને કાંઇબી થાય—પછી કોઇ મને ગાળ દે યા હેરાન કરે યા બીજું કાંઇબી કરે, તે દરેક બનાવ, મેં અગાઉ કરેલાં કામના પરીણામ તરીકેજ બને છે. તેટલા માટે તે સઘળી ચીજોને સારીજ લખે છે, સઘળી ચીજોથી ખુશાલ બને છે, પોતાના દુશમનો તરફ પ્રીત બતાવે છે અને જેઓ પોતાને શ્રાપ દે છે તેઓને તેના બદલામાં તે આશીરવાદ દે છે. પોતાના દુશમનોને તે આપણાં પણ લાભકારી હથીયારો તરીકે લખે છે, કે જે હથીયારો વડે તે, દુન્યામાં કાર્ય કરી રહેલા મહાન કાયદાને અનુસરીને, પોતાના નેકીક કરજો ભરપાઇ કરી શકે છે.

માણસનું શરીર જેમ ઝીણા ઝીણા રેસાનું બનેલું હોય છે અને એક ઘર જેમ ઈંટોથી બંધાયલું હોય છે, તેજ પ્રમાણે માણસનું મન તેના વીચારોથી બંધાયલું હોય છે. માણસોના જુદાં જુદાં ચારીત્રો એ બીજું કાંઈજ નહી પણ જુદી જુદી રીતે ગોઠાયલા વીચારોના મંદીરો છે. 'માણસ પોતાના અંતઃકરણમાં જેવા વીચારો કરે, તેવોજ તે પોતે હોય છે,' એ એક કહેવત છે, અને તેની ઉંડી સચાઈ એ ઉપરથીજ જણાઈ આવે છે. જુદા જુદા આસામીઓના ગુણદોષ તેઓના વીચારોથીજ બંધાયલા હોય છે, એટલે એમ કે તે ગુણદોષો તેઓના ચારીત્રના એક ભાગ જેવા બની ગયલા હોય છે, અને પોતાના જુસ્સાઓ ઉપર પુષ્કળ કાબુ રાખવાથી તેમજ ઈચ્છા શક્તીની ઘણુ લાંબી મુદતની કોશીશથીજ તે ગુણદોષોમાં ફેરફાર કરી શકાય છે અથવા તે દુર કરી શકાય છે. જે રીતે એક ઝાડ ઉગે છે અથવા ઘર બંધાય છે, તેજ રીતે માણસનું ચારીત્ર બંધાય છે—યાને નવો માલ મસાલો ચાલુ ઉમેરવા કરવાથી તે બંધાય છે અને તે માલમસાલો માણસના વીચારો છે.

જો સ્વચ્છ રંગોને અક્કલમંદીથી પસંદ કરો અને ઠાવકાપણાથી રજુ કરો તો તે એક એવી જાતની ઇંટવાળી દિવાલ તરીકે તમને કામ લાગશે કે જે હરગીઝ તુટી પડનાર નથી. આ ઇંટોમાંથી એક સંપુરણ અને સુંદર ઇમારત જલદીથી બંધાશે—કે જે ઇમારત તેના માલેકને સદ્ધારો અને આશરો આપતી રહેશે. કદ્દવત, વીશવાસ, ફરજનો ખ્યાલ ઉપજાવનારા આશાવંતા વીચારો—મોટી, સ્વતંત્ર, બીનઆંટોશ, અને બીનસ્વાર્થી જીંદગીના ખ્યાલ ઉપજાવતા રંગો——થી મનના વીસ્તારનું એક ભરખમ મંદીર તમે ઉભું કરી શકશો. પણ આવા એક મંદીરની સ્થાપના માટે અવશ્યનું છે કે તમે તમારા વીચારોની પુરાણી અને વગર કામની આદતો છોડી દો—બલકે તેમનો નાશ કરો! જેમ જેમ જુગત બદલાતો જાય છે-તેમ તેમ તમે તમારા આત્મા માટે વધુ અને વધુ દમામદાર ઇમારતો બાંધતાજ ચાલજો!

માનવી જો એક ફતેહમંદ, જોરાવર અને નકલ કરવા જોગ જીંદગી રચવાજ માગતો હો—જો તે એક એવી જીંદગી ઉભી કરવા ચહાતો હોય કે જે ઇજત અને મોજીનીના સૌથી [illegible]નીમાં ઝનુની તોફાનોની સામે [illegible]ાસ્ત-વારીથી ટકી શકે—તો તે માણસે ઘણાજ થોડા, સાદા પણ સેહેલા નૈતીક નીયમોપર પોતાને જીવવું પડશે. આ નીયમોમાં મુખ્ય નીચલા ચાર છે; ઇનસાફ પ્રમાણીકપણું, સાચવટ અને દયા. એક ઘરની બાંધણી માટે જેમ એક સમચોરસ આકરૂતીની ચાર લીટીઓ જરૂરની થઇ પડે છે તેમ જીંદગીના બંધારણ માટે ઉપલી ચાર ધાર્મીક સચ્ચાઇઓ અવશ્યની છે. જો ઇનશાન આ નીયમો તરફ બેદરકાર બને, અને જો તે એમ ધારે કે ગેરઇનસાફ, લુચ્ચાઇ અને એકલપેટાઇથી તે ફાવી જશે—યા ફતેહમંદ થશે—તો તે એક એવા ઘર બાંધનારની સ્થીતીમાં આવી પડેશે પોતાને જોશે કે જે ઘર બાંધનાર બરાબર સીધી હીસાબી લાઇનોની કામ લેવા વગર એક મજબુત અને ટકાઉ ઇમારત બાંધવાના સ્વપનાં જુવે છે, અને જેને સેવટે નીશ-ફળતા અને નાસીપાસી સીવાય બીજું કશું મળતું નથી.

જે ઇનશાન જીંદગીના ચાર ધાર્મીક નીયમો—ઇનસાફ, સાચ-વટ પ્રમાણીકપણું, અને દયા—ના પાયા ઉપર પોતાની હસ્તી રચે છે, જે માણસ તેઓની ઉપર પોતાની વર્તણુંકની ઇમારત બાંધે છે, જે શખ્સ મનશની—બવશની—કુનશનીમાં આ ચાર મહાન નીયમોથી કદીપણ વેગળો જતોજ નથી, જે પુરૂષ પોતાની રોજીંદી ફરજોમાં અને રોજીંદા વ્યવહારમાં આ ચાર નીયમોને ચીવટાઇથી વળગી રહે છે—તે ઇનશાન પોતાના અંતઃકરણની મજબુતીનો પાયો અતીશય ઉંડો અને જોરાવર ખોદી તેની ઉપર પોતાની કીર્તી, માન અને ઇજ્જતનો અમપો ઉઠાવ્યા વીના રહેતોજ નથી. ત્યાં તે પોતાને માટે એક એવું મંદીર બાંધે છે કે જેમાં પોતે શાંતી અને આશીષ વચ્ચે આરામ લઇ શકે છે. પછી આ તેની જીંદગીનું એક જોરાવર અને સુંદર ધર્મ-સ્થળ થઇ પડે છે.

મોજશોખની અને જડવાદી એક તકલીદી જીંદગીના કરતાં જે પુરૂષ એક ચઢીયતી, વધારે સ્વચ્છ અને વધારે પ્રકાશીત જીંદગીએ પહોંચવાને જાનોજીગરથી આરઝુ રાખે છે, તે આશાના વમળમાં વીટળાય છે. જ્યારે તેજ સખ્સ તેવીજ ઉંચ પ્રકારની જીંદગી શોધવાને પોતાના પુરંગા ખરાં અંતઃકરણથી એકઠા કરે છે ત્યારે તે "સમાધી"નો અનુભવ લેવા માંડે છે. "આશા" વગર "સમાધી" હોઈ શકેજ નહી. સુસ્તી અને બેદરકારી આ ચીજોને માટે નાશકારક થઈ પડે છે. એક ઇનસાનનો ખ્વાએશ જેટલો વધારે જોશબંધ હશે તેટલો તે સમાધી વધારે ઝડપમાં પ્રાપ્ત કરી શકશે—અને તેટલી એ બાબદ તે ગ્રહણ કરી શકશે. એક ગરમ સ્વભાવના આસામીની "આશા" જ્યારે સંતોષકારક હદે જાગ્રત થયલી હોય છે ત્યારે તે સમાધીની ઉંચાઇએ ઘણીજ ઝડપથી ચઢી શકે છે.

પહેલાં ખરેખરી સમાધીમાં રા-કેલો વખત લે કે ટુંકો હોય છે-સવારના પરોઢીયામાં કદાચ અરધા કલાક જેટલો હોય છે–તો પણ તેજદાર અભીલાશા અને એકાગ્રહ કરેલા વીચારના તે અરધા કલાકમાં મળેલું જ્ઞાન આખા દીવસના કામકાજ દરમ્યાન ઉપયોગમાં આવે છે. તેટલા માટે સમાધીમાં એક માણસની આખી જીંદગી સમાયલી હોય છે. તે તેના માહવરામાં જેમ જેમ આગળ વધતો જાય છે, તેમ તે જેઓ સંજોગોમાં મેલાય તે સંજોગો વચ્ચે, જીંદગીની ફરજો બજાવવાને વધુ અને વધુ લાયક થાય છે, કારણ કે તે વધારે બળવાન, વધારે પહેરેજગાર, વધારે શાંત અને વધારે ડાહયો બને છે.

સમાધીનો ધોરણ પાવડા છે, એટલે કેઃ–

૧. પવીત્ર ચીજોનો ફરી ફરીથી વીચાર કરીને અંતઃકરણને સ્વચ્છ કરવું.

૨. વહેવાર જીંદગીમાં એવી પવીત્રાઇને આમેજ કરીને ખરૂં જ્ઞાન પ્રાપ્ત કરવું.

મનને એકાગ્રહ રીતે સંકોચાવ્યા કરવાથી એક ધનવાન બાહોશીની ઉંચામાં ઉંચી ટોચ ઉપર ચઢી શકે છે; પણ તે સમ્યાધુની ધણી ઉંચાઇએ ચઢી શકતો નથી. આ દીશાએ ફાવવા માટે તેણે સમાધી કરવીજ જોઇએ. મનને સંકોચાવ્યાથી એક આદમી કદાપી અદભુત પ્રકારે બુધ્ધીબળ ખીલવી શકશે—કદાપી એક સીઝરની જંબર સત્તાએ સંપાદન કરી શકશે; પણ સમાધીથી તે એક બુધ્ધની સંપુરણ શાંતી અને ખુદાઇ સ્થાનપતને પુગી શકશે. મનને સંપુરણ રીતે સંકોચાવ્યાથી કૌવત મળે છે; સમાધી સંપુરણ રીતે કરવાથી ડહાપણ મળે છે. મનને એકાગ્રહ બનાવવાથી આદમી પોતાની જીંદગીની ચાલે—(જેવી કે સાયન્સ, આરટ, વેપાર, વગેરે)માં કુશળતા પ્રાપ્ત કરે છે; સમાધીથી આદમ જાત ખુદ જીંદગીની અંદર—(યાને અધ્યાઇમાં, ડહાપણમાં, મનશની)માં કુશળતા મેળવે છે. સાધુઓ, મહાત્માઓ, પયગમબરો, દાનેશ મહાન નરો અને ખુદાઇ પરમ શીક્ષકો—સઘળા સમાધીનાજ સંપુરણ પરીણામો હોય છે.

સ્વચ્છ વીચારો ઉપર રોકીનું મન રોકવાથી સમાધીવાળો એક આસામી નેક અને સાની મનસ-નીની આદત સંપાદન કરી શકે છે, અને તેથી આયંદે તે નેક સાની કુનરાની તરફ દોરવાય છે તથા સંપુર્ણ રીતે અદા થયલી ફરજોમાં તે સફળ નીવડે છે. નેક વીચારો ચાલુ પાછા અને પાછા કરયા કરવાથી આદમીને માટે ગોયા ભલા વીચારો કુદરતીજ થઈ પડે છે, અને તે એક સ્વચ્છ માનવી બની સ્વચ્છ કામોમાં અને એક રૂડી શાંતીભરી જીંદગીમાં પોતાની મોતેબરી પુરવાર કરી શકે છે. માનવી જાતનો મોટો ભાગ ઉલટપુલટ ધચ્છાઓ, જુસ્સાઓ, લાગણીઓ, અને ધખારાઓની એક હારમાળા સહીત જીવે છે, તેથી ગભરાટી અચોકસાઈ અને ગમી નીપજે છે. પણ જયારે એક માણસ સમાધીમાં પોતાના મનને ખીલવવા માંડે છે ત્યારે એક મહાન મધ્ય નીયમ ઉપર પોતાના તુરંગોને એકી વેળા સંકોચાવી પોતાના જીગરના બાતેન માંહેલા ઊંડાણો ઉપર રહેતે રહેતે તે કાબુ મેળવી શકે છે.

તવંગરો અને મુફલીસો એકસરખી રીતે પોતાનીજ એકલપેટાપણના પરીણામ આપદા ખમે છે. હોઇને તે પરીણામમાંથી છટકી શકતું નથી. ગરીબોની અમુક મુસીબતો હોય છે—તેમ વળી શ્રીમંતોનીએ મુસીબતો હોય છે. જયારે ધનવંવાન લોકો પોતાનો ગંજ ગુમાવતાંજ જાય છે ત્યારે તંગદસ્તો પૈસા પેદા કરતો જાય છે, આજનો ભીખારી માણસ આવતી કાલનો માલેતોઝાર ધણી થઇ જાય છે. તેમજ આજનો કરોડપતી સાહુકાર આવતી કાલે હાથ ઓજાળો હાજતમંદ બની જાય છે. ખાસ્સી—એ માનવી જાતને એક ભયંકર પડછાયાની મીસાલ પુઠે વળગે છે. જે, આદમીએ પોતાની એકલપેટી ગુરાવરીથીજ સત્તા અને દોલત મેળવી હશે તે સદા પોતાની સ્થીતી માટે અચોક્કસ રહી ધુજયા કરશે અને તે સત્તા તથા ગંજ ગુમાવવા માટે ખાસ્સી રાખ્યા કરશે; એક ગરીબ માણસ, જે આ જડવાદી દુન્યાની માલમતા સ્વાર્થી મતલબથી પુંઠતો હશે તે, સદંતરજ પાયમાલીના વીચારથી હેબતાયા કરશે. યાદ રાખજો—એકકે, એક જણ આ ફાની દુન્યામાં જીવતર લે છે તે એકજ, ગજબનાક વીચારથી હંમેશાં તબાયલો રહે છે: અને તે વીચાર મોતનો છે.

એક આદમીએ શરણુતાના ત્રણ દરવાજાઓમાંથી પસાર થવું જ જોઇએ છે: પહેલા દરવાજે "ઇચ્છાની શરણુતા" નો છે. બીજે દરવાજે "મતાભિમાનની શરણુતા" નો છે. ત્રીજે દરવાજે "સ્વાર્થની શરણુતા" નો છે. સભાખંડમાં દાખલ થતાંજ ઉમેદવાન પોતાની ઇચ્છાઓની કસોટી કરવાનું શરૂ કરે છે; તે ઇચ્છાઓ પોતાના મનની બાહેર હડસેલી કહાડવા તે' મંડે છે. તે તુરત જોઇ શકશે કે ઇચ્છાનો ત્યાગ કરવા સિવાય એક આદમી પોતાની આસપાસનાં સંજોગો અને પોતાના ખુદના સ્વાર્થનો ગુલામ સદાજ રહેવાનો! આ જો એક માનવીએ શોધી કહાડ્યું તો એમજ સમજી લેજો કે મજકુર પુરૂષ સહુથી પહેલા દરવાજે—"ઇચ્છાની શરણુતા"નો દાવાજો—ઓળંગી ચુક્યો છે. આ દરવાજાની અંદર પેસવા પછી તે માનવી એક એવી સ્વજાતી તાલીમ લેવાનું શરૂ કરે છે કે જે આત્માની સ્વચ્છતા માટે સહુથી પહેલું પગલું થઇ પડે છે.

એક આદમીને બહાદુરીથી બસ પોતાનો રસ્તો આગળ કાપવા દો! [illegible]થી અલગ રહીને તેની ઠઠા કરતા કહેવાતા દોસ્તોની-યા તેની પુંઠે લાગીને તેની સામે બખાળા કહાડતા દુશમનોની દરકાર તેમ કરવા દેતાજ ના. બસ તેને આશાવંત જીગર, હર હમેશ કોઈ બુલંદ ચીજની શોધમાં, સદા કોશેશ કરતો તે માનવીને પયારની પવીત્ર આંખો સાથ પોતાની સરવોતમ ઉમેદ તરફ આગળ વધતોજ રહેવા દેજો! રોજ બરોજ તે ઇનશાનને તેની એકલપેઠી મકસદથી વીખુટો પડવા દેજો-તેને તેના અંતઃકરણ માંહેલી ખુશી ઇચ્છાઓથી નીરાળો બનવા દેજો. કોઈવાર તે ઠોકર ખાશે-કોઈ વાર તે તુટીબી પડશે, પરંતુ તે એ રીતે હમેશાં બસ આગળ અને ઉંચે વધ્યો તો જશેજ. રોજ રાત્રીએ જયારે તે પોતાના અંતરમાં પોતીકી તે દીવસની મુસાફરીનો હીસાબ કહાડવા પડે ત્યારે જે દીન પછી દીનની લડવામાં આવેલી લડાઈઓ નીશફળતામાં આવેલી જુએ-જે દીવસ પછી દીવસની મુંગી ફતેહની તજવીજ નીરફળ થતી તે જુએ-તો તેને નાસીપાસ બની આશા રહીત થઈ જવા દેતા ના!

તા૦ ૧૫ મી ફેબ્રુવારી.

પોતાના આત્માને નમનતાઇનું રંગરહીત વસ્ત્ર સજાવીને એક આદમી પોતાના તમામ અત્યાર-સુધીકના હરષીત અને હોશભેર ખખારાઓને ઉખેડી કહાડવા માટે પોતીકી તમામ શકતીઓને બલે ઉખાડી શકે છે. ત્યારેજ તે ઇન-સાન ખરી "સચ્ચાઇ" (જે હરગેઝ બદલાતી નથી, જે સદા ફકત એકજ હોય છે) અને પોતાના તેમજ પારકાઓના ખયાલો મુજ-બની કહેવાતી "સચ્ચાઇ" (જે સંખ્યાબંધ પ્રકારની હોય છે અને જે હમેશાં બદલાયા કરે છે) તે બંનેની વચ્ચેના તફાવતની પીછાન કરી શકે છે. ત્યારેજ તે આદમી જોઇ શકે છે કે નેકી, પવીત્રાઇ, દયા અને પ્યાર માટેના તેના પોતાના અભીપ્રાયો ખુદ આચાર સદગુણો જે ખરેખર નીરમાણ થયલા છે તેનેથી કાંઇક જુદાજ હોય છે. ત્યારેજ તે માણસને માલમ પડે છે કે આ સદગુણો જો ગ્રહણ કરવાજ હોય તો તે મજકુર ખરા ખુદાઇ નીયમોની પરજ—અને નહી કે ખુદાના પોતાના ખખારાઓપર—તેને ઉભું રહેવું જોઇએ. અત્યાર સુધીક તે શખસે પોતાના અભીપ્રાયો માટે બહુ ઉંચી કીંમત આંકી હશે, પણ હવે તે પોતાના વીચારો તે અતીઘણું વજન આપતાં અટકે છે; બીજાઓના વીચારોની સામે પોતાના વીચારોનો બચાવ કરતાં તે અચકી જાય છે; બલકે ખુ-દાના પોતાના વીચારોને નકામાં અને ફીરના તે બખવાંમત વગ માડે છે.

જે માણસ એવો નીશ્ચય કરે છે કે હવેથી બસ બાહિરના ભપકા દેખાવો, પોકળ પડછાયાઓ અને ખાલી પડખારાઓથી સંતોષ પામવું જ નહિ; તે માણસ પોતાના ઠરાવની આરપાર પ્રકાશની રોશની વડે તમામ તકલીફો અને વાહિયાત કલ્પનાઓ હડસેલી કહાડી શકે છે. અને જીંદગાનીની ખરેખરી મોતેબર બાબતમાં દાખલ થાય છે. જીંદગી કેમ ભોગવવી તે મજકુર ઇનસાન ત્યારેજ શીખે છે—અને ખરી જીંદગી ત્યારેજ તે બરાબર ભોગવે છે. ત્યારે તે કશાબી જુસ્સાઓનો ગુલામ થતો નથી—કશાબી મતાભીમાનનો નોકર બનતો નથી; ત્યારેજ તે કોઇની ગુમરાહીનો પુંજારી બનતો નથી. ઇશ્વરી મદદની કુંચી ત્યારેજ તેના પોતાના જીગરમાંજ તેને મળી આવે છે—અને તેથી અપ તેવાની સંજોગો વચ્ચે તે કરસ્ત, શાંત, શકતીવાન અને સ્થાયી રહી શકે છે. ત્યારેજ તે ખરી ખુદાઇ જીંદગીનો બાસ આસપાસ ફેલાવી શકે છે—કેમકે તેની પોતાની જીંદગી ખુદાઇ હોય છે.

અપવીત્ર માણસોને પવીત્રાઈ તરફ વળવા દેવો અને તેઓ પવીત્ર બનશે, નબળાઓને બળનો આશરો લેવા દેવો અને તેઓ બળવાન થશે, અબુધોને જ્ઞાન ભણી જવા દેવો અને તેઓ ડાહ્યા બનશે. સઘળી ચીજો ઈનસાન-ની જ છે અને તે જે કાંઈ પસંદ કરે તે તેને મળશે. આજે તે અજ્ઞાનપણામાં એક ચીજ પસંદ કરશે તો કાલે તે ડહાપણથી બીજી ચીજ તરફ નજર રોકાવશે. તે માનતો હોય કે નહી માનતો હોય, તોપણ તેની મુક્તીને લગતું કામ તો તેને પોતાનેજ બજાવવું પડશે, કારણકે પોતાના આતમાને લગતી હમેશની જોખમદારીમાંથી તે જેમ છટકી જઈ શકે તેમ નથી, તેમજ તે જોખમદારી તે બીજાને ગળે વળગાવી શકે તેમબી નથી. ઈશ્વરી વીદ્યાના કોઈબી દાવપેચથી તે પોતાની હસ્તીના કાયદાને હાથતાળી આપી શકશે નહી. નેક વીચાર અને નેક કામો નહી કરવા માટેના તેનો સઘળાં બહાનાઓ તથા તેના સઘળા સ્વારથી ખ્યાલોને એ કાયદો ભાંગીને ટુકડા કરી નાખશે. તેજ મુજબ જે કામ બજાવવાનું તેના આતમાની સરજતમાં લખાયલું છે તે કામ તેને માટે ખોદા પોતે કરી આપનાર નથી.

માનવીઓ પોતાની ઇચ્છાઓને સદા ચહાય છે—કેમજે કામી હવસોને તરૂપ્ત કરવાનું તેઓને બહુ મીઠું લાગે છે; પણ તેનું સેવટ સદા દુખ અને બેકરારીમાંજ આવે છે. ઇનશાનો હંમેશ પોતાની મગજ બુધ્ધીની રકઝીકો ને ચહાય છે; હુંપણું તેઓને મનથી ઘણુંજ ઇચ્છવા જોગ હોય છે.—પણ એ બડાઇખોરા હુંપણાં-નું પરીણામ શરમીંદગી અને ગમી સીવાય બીજું કશું હોઇ શકતું નથી. જયારે તમારો આત્મા તમારી બ્યાસનાઓ તરૂપ્ત કરવાની તમારી અધીરાઇની ટોચે જઇ પુગે છે ત્યારે—અને જ્યારે તે તમારાં હુંપણાંનાં કડવાં ફળો વાવીને દપટ પડે છે ત્યારે—તે ખુદાઇ ડહાપણ મેળવવા માટે અને ખુદાઇ જીંદગી જુગવવા માટે તઇયાર બને છે. સ્વાર્થને મારી નાખવા-થીજ તમારાં જીગરનો ખુદા અમ્મર જીંદગાનીમાં પાછો જાગરૂત થઇ શકઇ; અને સ્વાર્થને નાબુદ કરવા-થીજ તમે ડહાપણના શીખર ઉપર પ્રકાશતા ઉભા રહી શકશો.

માનવી એક ઇમાન ઉપરથી બીજાં ઇમાન ઉપર દોડે છે; અને એની સીવાય બીજું કંઇ તે શોધી શકતો નથી. તે એક દેશથી બીજે દેશ મુસાફરી કરે છે; પણ નાસીપાસી સીવાય બીજું કશું તેને મળતું નથી. ઇનશાન સુંદર મહેલો બાંધે છે, આલીશાન બગીચાઓ રોપે છે; પણ પરીણામમાં તેને કંટાળા અને અમ-વડ સીવાય બીજું કશું મળતું નથી. જ્યાં સુધી આદમી પોતાના જીગરની સચ્ચાઇ ઉપર પોતાની આશાએશનો પાયો રચતો નથી, ત્યાં સુધી તેને કદીબી આશા-એશ અને સંતોષ મળતેંજ નથી. જ્યાં સુધી માનવી ચુક વગરની વર્તણુકનો પોતાનો મહેલ બાંધતો નથી ત્યાં સુધી તેને અણહદ અને અચુક ખુશાલી મળી શકતીજ નથી. જ્યારે માનવીને તે મળે છે ત્યારે તે આ દુન્યાના તમામ પોતાના કામોમાં અને તમામ પોતાની મતાઓમાં તે ખુશાલી આમેજ કરી શકે છે.

તા૦ ૨૫ મી ફેબ્રુઆરી.

જ્યારે એક આદમી ભુતકાળમાં બની ગયલા બનાવો ઉપર અથવા તો ભવિશ્ય કાળમાં બનનારા બનાવો ઉપર ચાલુ ગૌર કરય કરે છે, ત્યારે વર્તમાન કાળમાં બનતા બનાવો તે ચુકી જાય છે. ગઇ કાલે તે કેમ જીવ્યો, આવતી કાલે તે કેમ જીવશે તેનો અંદેશો કરતાં આજે તે કેમ જીવે છે તેનું તેને ભાન રહેતું નથી. હમણાંજ—આ ઘડીએજ—દરેક ચીજ બની શકશે: હમણાજ-બીજી કોઇબી વખતે નહીજ. ડહાપણની રાહબરી વગર-"પોકળ"ને ને "સંગીન" માની લઇને--ઇનશાન પોતાના જીવ સાથે તકરાર કરે છે કે, "ગયે અઠવાડીયે જો મેં ફલાણું ચીણું કરયું હોત-ગયે મહીને યા ગયે વરસે જો હું ફલાણી ચોગ્ગી રીતે વર્તયો હતે-તો આજે મારા બાબમાં ફાયદો થઇ ગયો હતે." વળી તે આદમી હમેશ બડબડ કર્યા કરે છે કે "હવે શું કરવું તે હું જાણું છું, અને તે હું આવતી કાલે કરીશ." આમ તકરાર કરનારાંઓ એકલપેટાં હોય છે; તેઓ વર્તમાન કાળની જબરદસ્ત મહાન અગત્યતા પીછાનવાને અશક્ત હોય છે. આજની ઘડી,—વર્તમાનકાળ—ના માત્ર પોકળ પડછાયાઓ તરીકેજ ભુતકાળ અને ભવીષયકાળ હોય છે એવું મજકુર ઇનશાનોનાં મગજોમાં ઉતરતુંજ નથી.

તા૦ ૨૬ મી ફેબ્રુરવારી.

ઓશીયાળાંપણાંની હરેક ગલી ગુંચીમાં ભટકવાનું મોકુફ કરો; લાલચ મોહીનીની દરેક સાંકડી શેરી—(જે તમારા આત્માને ભુતકાળ અને ભવિશ્ય કાળની અંધારી જગ્યાઓમાં દોરવાઇ જવાને લલચાવતી હોય તેને)—પડતી મેલો; તમારૂં ખરૂં અસલ ઇશ્વરી ખમીર હમણાંજ દેખાડો. આજનાં ઉંઘાડાં મેદાનમાં બસ બેફીકર બહાર આવો. જે તમો થવા ઇચ્છો છો—જે તમો થવાની આશા રાખો છો-તે તમો ગઇ કાલે થઇ શક્યા નથી, આવતી કાલે થઇ શકનાર નથી; માત્ર આજેજ થઇ શકશો. તમારી ચાલુ ઢીલમાં-તમારી કાયમની મોકુફીમાં,--તમો સદા તમારૂં કામ પડતુંજ મેલ્યા કરશો. મુલતવી રાખવાની જો તમો શક્તિ ધરાવો છો તો બજા લાવવાની-જાથુક માટે બજાલાવવાની-પણ તમે શક્ત ધરાવો છો. આ સચ્ચાઇની અગત્યતા પીછાનો અને તમો આજને માટે-રોજને માટે-તેજ સર્વોતમ પ્રકારના માનવી બનશો કે જે જાતનાં માનવી બનવાના તમો ખુબ સ્વપનાઓ જોતા આવ્યા છો. હમણાંજ કામ બજાવો, અને તે ઝટ થશે; આજને માટેજ જીવો, અને તમો આબાદ બનશો; હમણાંનીજ ઘડી માટે વર્તો, અને તમો સંપૂર્ણ થશો.

તા૦ ૨૮ મી ફેબ્રુઆરી.

કોઈપણ બાબદને માટે "આવતી કાલ" અતીશય અસુરી થઈ પડે છે. જે આદમી "આવતી કાલ"માં મદદ અને મુક્તી જુવે છે તે સદાજ "આજે" પડવાનો તથા નીશફળ નીવડવાનો! તેં "ગઇ કાલે" ઠોકર ખાધી હતી! હા-"ગઇ કાલે" તેં ગંભીર ગુનાહ કયા હતો! આ બીના જો તું માન્ય રાજતોજ હોય તો તે તારી ગફલતી એકદમ હમણાંજ—અને જાવુકને માટે—છોડી દે, અને ખુબ ચોકસી રાખ કે હવે તેવીજ ઠોકર તું "આજે" ખાશે નહીં; એવોજ ગુનાહ તું "આજે" કરશે નહીં. ભુતકાળની ભુલ સારૂં જ્યારે તું રૂદન કરતો હશે ત્યારે વર્તમાનકાળ દરમ્યાન તારા આત્માનો દરવાજો ગુનાહને પેસી જવા માટે વગર ચોકીબાને ખોલ્લોજ કદાચ રહી જશે તે ભુલતો ના! એક પુરૂષ જે હમણાંની કોશીશનો ધોરી રસ્તો છોડી દઈને ભવીષ્યની ઢીલનો કાદવ-કીચલવાળો માર્ગ વધુ પસંદ કરે છે, તે કહે છે કે "આવતી કાલે હું વહેલો ઉઠીશ; આવતી કાલે હું કરજમાંથી બહાર નીકળીશ; મારી મકસદો હું આવતી કાલે પાર પાડીશ." પણ જે ધનવાન થવાનો છે તે હમણાંની જાવેદાનીભરી અગત્યતા પીછાને છે અને આજેજ વહેલો ઉઠે છે—આજેજ કરજમાંથી બાહેર નીકળી જાય છે—આજેજ પોતાની મકસદ પાર પાડે છે.

જે બાબદ હજી આવી પુગી નહીં હોય તેને પડતી મેલવામાં—અને જે બાબદ નજર સામે ખડી ઉભી હોય તેની ઉપરજ ધ્યાન આપવામાં—ડાહપણ છે. તે છેલ્લી પ્રકારની બાબદ ઉપર તમે તમારા આત્માની તમામે તમામ પવીત્રાઇથી, તથા તમારી કોશેશનાં તમામે તમામ અંતઃકરણપુરવક જોશથી, એવું તો ધ્યાન આપજો કે પાછળથી કોઇબી સુરતની દલગીરી પેસવા માટે સેહજ પણ ખાચો ખુંચો રહેજ નહીં. ઇનસાન જાતની આત્મીક બુધ્ધી પોતાનાજ સ્વારથના બખારાઓથી એવી તો ઢંકાઇ ગયલી હોય છે કે તે પોતાના જીવસે બડબડે છે કે—"હું કેટલાંક વરસો અગાઉ ફલાણા દીવસે એ જન્મયો હતો, અને જયારે નસીબમાં હશે ત્યારે હું મરણ પામીશ". પણ તે ઇનસાન જનમયો હતોજ નહીં—અને તે મરી જવાનોબી નથીજ. કેમકે જે ચીઝ અમર છે—જે ચીઝ જાવેદાની. ઝુલીકની છે—તે જન્મ અને મરણને આધીન હોઇ શકેજ નહીં. એક શખશને પોતાના બખારાઓ એકવાર છોડી દેવા દો, અને પછી તે પોતેજ જોશે કે તેના ખાકી બદનનો જન્મ અને ખાકી શરીરનું મોત એ માત્ર એક મોટી મુસાફરીના છુટા છવાયા બનાવો મીસાલ છે; ત્યારેજ તે જોશે કે જન્મ કાંઇ આ મહાન મુસાફરીની શરૂઆત નથી—મોત કાંઇ આ અમર મુસાફરીનો છેડો નથી.

જીંદગીને એક માત્ર નાનકડા અલાહેદા ટુકડા તરીકે ગણતા તમે બંધ પડજો. તમારી હસતીને એક સંપુરણ આખી બાબદ તરીકે લેખીને જીવ જો તયારેજ તમને સંપુરણતાની સાચાઇ દેખાઇ આવશે. વીચાર કરો— એક નાનો ટુકડો આખી વસતુનો તમને કેમ ખયાલ આપી શકે? પણ આખી વસતુ એક નાના ટુકડાનો ખયાલ ઉપજાવી શકે એ કેટલું સેહેલું છે! પાપ—એ પવીત્રાઇનો તમને કેમ ખયાલ આપી શકશે? પણ કેટલું સાદું સમજ પડે તેવું છે કે પવીત્રાઇ તમને પાપનો ખયાલ આપી શકે છે. જે માનવીઓ મોટાઇએ પુગવું હોય તેણે નજીવી ચીજો તયાગ કરવીજ જોઇયે. યાદ રાખો— કોઇબી ગમે તેવી આકરૂતીના એક ગોળાકાર કુંડાળું બંધ બેસી જવાનું નથી; પણ દરેક પ્રકારની આકરૂતીમાં તમે એક ગોળાકાર કુંડાળું બંધ બેસાડી શકશો. કોઇબી રંગમાં તમે ઝગઝગીત રોશની સંકોચાવી શકનાર નથી—પણ ઝગઝગીત રોશનીમાં તમે હરેક રંગો આમેજ કરી શકશો. એક માનવીને પોતાના સવારથની આકરૂતીઓનો નાશ કરવા દો અને તે સંપુરણતાનું ગોળાકાર કુંડાળું ખુલ્લું જોઇ શકશે.

આદમ જાતના જીગરમાં તું માયા મોહબતથી વાસો કર, અને તારાં જીગરમાં તું બહેશતની ખુશનુદ શાંતી વસાવી મેળશે સરવે ધનશાનો ભરૂચીના અનહદ પયારમાં તું ગેયા પીગળી જા, અને તું અમર કાળના કામો બજાવશે, તથા આશીશના જાવેદાન મહાસાગરમાં પોતે પીગળી જશે. બહારથી માણસ એક ગુંચવણ ભરયા તબક્કા તરફ વધતો જઇને પ્રગટે છે—અને પછી પાછો સાહેબના એક મહાન મધ્યબીંદુ તરફ હટતો ચાલી પોતાને સંકોચાવે છે. જ્યારે એક માણસને માલમ પડે છે કે ખુદને પોતાને સમજી શકવા અગાઉ આ શરૂઠીને સમજવી કેવળ ગણીતની નીયમે વટીક અશકય છે, ત્યારે જ તે માણસ ખરી મીનોઇના મહાન મારગે ઉપડવાનું શરૂ કરે છે, કે જે મહાન મારગ કુદરતની અસલ મુળ સાદાઇ ભણી તેને દોરવી લઇ જાય છે. એ મારગ ઉપર જેમ તે આગળ વધે છે, તેમ તેમ આ શરૂઠીની સમજણમાંથી તે આદમી આગળ વધે છે.

જે આદમી પોતાનો છુપો હવસ, પોતાનો લોભ, પોતાનો ગુસ્સો, પોતાનો ધખારો છોડી દેતો નથી તે માણસ કદીપણ કોઈ ચીજ જોઈ શકતો નથી સમજી શકતોજ નથી. ડહાપણની નીશાળમાં તે એક બેવકુફજ રહીજ જાય છે—જો કે તે કદાચ દુન્યવી કોલેજોમાં ઘણો "કેળવાયલો" લેખાય છે. જો તમારે જ્ઞાનની કુંચી શોધવી હોય, તો તમારે પ્રથમ તમારી પોતાની હાલત શોધી કહાડવીજ પડશે. જાણો! તમારાં પાપો જે મોજુદ છે, તે તમો પોતે નથી; તમારાં પોતાના અંગત જીવણનો એ પાપો કશોપણ ભાગ નથી, તે ગુનાહો માત્ર દર્દો મીસાલ છે—કે જે દર્દોને તમે ચાહતાં શીખ્યા છો. તેને વળગવાનું માફુક કરો—અને તેઓ તમને વળગતાં બંધ પડશે. તેઓને તમારી સોડેથી ખરી પડવા દો—અને તમે તમારા ખુલ્લા આકારમાં બાહેર આવી શકશો. પછીજ તમે અજીત નીયમ—અમર જીંદગી અને જાવેદાનીની નેકી સાથ એકત્ર છો એમ સમજી શકશો.

નમનતાઇ, ધીરજ, પ્યાર, દયા, અને ડહાપણુ—એ કુદરતની અસલ સાદાઇની મુખ્ય ખાસીયતો છે. જે માણસ આ પાંચ બાબદોમાં અપુર્ણ હશે તે મજકુર સાદાઇ સમજી શકવાનો નથી. દયાનો પુરૂષજ સ્વાનપતને પીછાની શકશે. એક મુર્ખોજ હમેશ કહેતા નીકળે છે કે, "આ દુનીયામાં કોઇ ડાહયું છેજ નહી." એક અપુર્ણ માણસજ હંમેશાં કહેતા નીકળે છે કે "આ દુનીયામાં કોઇબી માણસ સંપુર્ણ છેજ નહીં." આમ કહેનારાં આદમીઓ પોતે જયાં હોય છે ત્યાંજ ઠરીઠામ થઇને રહે છે—આગળ વધતાંજ નથી. ખોડ ખામીવાળો માનવી પોતાની આખી જીંદગી એક સંપુર્ણ માણસ સાથે ગુજારશે, તો એ તેની સંપુર્ણતા તે જોઇ શકનાર નથી. નમનતાઇને તે હીચકારાપણાની ઉપમા આપશે; સબુરી, મોહોબત, માયા તેને નબળાઇના ચીન્હો લાગશે; સ્વાનપત તને મનથી બેવકુફાઇ માલમ પડશે. અમુક બાબદને ખરી રીતે પીછાનવી હોય તો તે બાબદને આખીજ તપાસજો—ટુકડે ટુકડે તેને લેતા નહીં. તમે જયાં તુલીક તમારી આખી સંપુર્ણ જીંદગી પ્રદરશીત કરી શકો નહીં, ત્યાં તુલીક કોઇબી બાબદ ઉપર તમારો અભીપ્રાય આપશો નહીં.

તમારી પોતાની છાતીમાં જે ઇશ્વરી અંતઃકરણ ધડકે છે તે જો તમો સમજી શકો તો તમામ મનુષ્ય જાતના અંતઃકરણ તમને સમજ પડશે. જે પુરૂષે ખુદના પોતાના વીચારો ઉપર કાબુ મેળવ્યો તે પુરૂષને સરવે માણસોના વીચારો સમજતાં મુશ્કેલી પડતી નથી. તેથીજ એક નેક આદમી પોતાનો બચાવ કરતો નથી—પણ બીજાઓના મનને પોતાના આચાર વીચાર મુજબ દોરવવા તે હમેશ મથે છે. જ્યારે સ્વચ્છ નેકીએ તમે પુગો છો, ત્યારે તમારી સરવે ગુંચવણો દુર થાય છે. જ્યાં પાપ હસ્તી ધરાવતુંજ નથી ત્યાં કઇ ગુંચવણ તમુને ગુંગળાવી શકે? ઓ, તું કુદરતને સમજવા માટે અછાડ પછાડ કરીને સદા બેચેન રહેતા ઇનસાન! તારા પોતાના અંતરની પવીત્ર ચુપકીદીમાં જઇને વાસો લે! ત્યારેજ તને સ્વચ્છ નેકી જડશે ને ત્યારેજ તું તારી આંખોપર ફરી વળેલા પખ્ખારાઓનો પડદો બે ભાકમાં ફાડી નાખી શકશે—ત્યારેજ તું સબુરી, શાંતી અને સંપુરણતામાં દાખલ થઇ શકશે. કેમજે જાણ, કે સ્વચ્છ નેકી અને કુદરતની અસલ સાહાદ એ બંને એકની એકજ બાબદો છે.

બાહેરની દરેક ચીજથી સદંતર વીખુટા પડી જવું—અને ભીતર-નાજ સદ્‌ગુણ ઉપર સંપુર્ણ રીતે આધાર રાખી ઉભા રહેવું—એજ તે મહાન ડહાપણ છે કે જે કદીબી ડાપ ખાતું નથી જે આદમી આવું ડહાપણ ધરાવે છે તે તવંગીરીમાં તેમજ મુફલીસીમાં એકસરખોજ તમારી સમક્ષ રજુ થાય છે. પઈસા તેના કઉવતમાં ઉમેરો કરતા નથી—તંગદસ્તી તેના મનની શાંત સમાધાનીમાં ખલલ કરી શકતી નથી. જે ઇનસાને પોતાના બાતેનની તમામ ગંદકીને ધોઇ નાખેલી હોય છે, તે ઇનસા-નને ધન દોલત ગલીચ બનાવી શકતી નથી, જે ઇનસાન પોતાના આતમાના મંદીરને જરાબી નામોશી પોહચાડવાથી બસ આટકી ગયેલો હોય છે તે ઇનસાનને માથા ખજાનાની ગેરહાજરી નામોશી પહોંચાડી શકતી નથી.

આપણી આસપાસ જેબી કાંઇ ગ્રાહેત ચીજો અથવા બનાવો બને તેથી આપણા મનને ગુલામગીરીમાં જકડી નાંખવાની ના પાડવી અને આવી સઘળી ચીજો અથવા બનાવોને જાણે આપણા પોતા-નાજ ઉપયોગ માટે હોય એવી રીતે ગણવા—એજ ડહાપણ છે. ડાહ્યા માણસોને મનથી સઘળા બનતા બનાવો સારા છે અને તેઓ બદી તરફ કાંઇબી નજર નહી રાખતા હોવાથી તેઓ દીન પરદીન વધુ અને વધુ ડહાપણ-વાળા બને છે. તેઓ સઘળી ચીજોનો ઉપયોગ કરે છે અને આ મુજબ સઘળી ચીજોને પોતાના પગની હેઠળ મુકે છે, તેઓ પોતાની સઘળી ભુલો જેવી થાય છે કે તુરતજ જોઇ લે છે અને તેઓને નકકર કીંમતના નસીયતના પાઠ તરીકે સ્વીકારે છે, કેમકે તેઓ જાણે છે કે ખુદાઇ હોકમમાં કાંઇબી ભુલો નથીજ.

તા૦ ૧૦ મી માર્ચ.

પોતાના અંતરમાં એક ધનશાન સઘળું જોર, શયાનપત, સત્તા અને ભંડોળ શોધી શકશે-પરંતુ એ ચીજો તેને હુંપણામાં જડવાની નથી. ન બ:જદો તેને માત્ર તાબેદારી, નમનતાઈ અને શીખ-વાની તલબગારીમાંથી મળી આવશે. તે થકી તેને ઉંચ પ્રકારની શકતી-ઓને તાબે થવું પડશે—નીચ પ્રકારની શકતીઓમાં વડાઈ છતાં તેને બંધ પડવું પડશે. જે માણસ ઠપકાને, નસીહતને અને અનુભ-વના પાઠોને છટકારી કહાડી માત્ર આપબડાઈ ઉપરજ ઉભો રહેવા માંગે છે તે જરૂરજ પડવાનો. અરે—તે હંમેશનોજ અત્યાર આગ-મજનો પડેલો છેજ! એક મોટા ધર્મ શીક્ષકે પોતાના ચેલાઓને કહયું હતું કે "જેઓ પોતાને ખુદ ને માટે પોતાનાજ અંતરની જોત વાપરે છે, જેઓ પોતાની ઉપરજ બસ પોતાનો આધાર રાખીને આગળ વધે છે, જેઓ બાહેરની મદદ ઉપર કશીબી મદાર બાંધતાજ નથી, જેઓ પોતાની રોશની તરીકે માત્ર સચ્ચાઇનોજ ઉપયોગ કરે છે, જેઓ માત્ર સચ્ચાઇમાંજ પોતાની મુકતી માની પોતાના સીવાય બીજાઓની મદદ ચાહતા વઠીક નથી—તેવાજ મારા ચેલાઓ સહુથી મથાળે ટોંચ ઉપર ચઢી શકશે. પણ તેવાઓએ શીખવા માટે તલ-બગારી દેખાડવીજ જોઇશે.

દરેક ચીજ અને દરેક વિચારના છુટા છુટા ભાગોને જો મજબુત રીતે અને સમજદાર રીતે તમે એકત્ર કરો, તોજ મજકુર ચીજ અને મજકુર વિચાર તમને ઉપયોગી થઇ પડશે. કોઇ પણ મકસદ ઠરાવવી—એ અમુક વિચારને સંપુર્ણ તમારાં જોશથી એકત્ર કરવા બરાબર છે. "મકસદ" —એટલે શું ? તમારાં મનની તમામ શક્તિઓ એક અમુક ચીજ મેળવવા પાછળ તમે ગતે લગાડો— અને મજકુર ચીજ અને તમારી પોતાની વચ્ચે નડતી દરેક મુશ્કેલીઓ તમે તોડતા ચાલો - એ પ્રયોગનો બીજો અર્થ "મકસદ ધરાવવી" એવો થાય છે. ફતેહના મંદીરનો મુળ પાયોજ "મકસદ" છે. એક સંપુર્ણ આખ્ખી ચીજને "મકસદ" બધી ગમથી બાંધેલી તથા એકત્ર રાખે છે "મકસદ" વગર તે ચીજ વીખેરાઇને બીન ઉપયોગી થઇ પડે! પોકળ ખ્વારાઓ, તકલીદી શોખો; અડકચાડી ઇચ્છાઓ અને મન વગરના ઠરાવોનો સમાવેશ "મકસદ" માં થઇ શકતોજ નથી. અમુક ચીજ હાર પાડવાના દ્રઢ ઠરાવમાં એક એવી અજીત શકિત સમાયલી હોય છે કે જે તમામ ઉતરતી પ્રકારના વિચારોને ગળીજ જાય છે, અને સીધ્ધી ફતેહ ભણી કુચ કરતી રહે છે.

શક, ચીંતા અને બળાપો, એ હુંપણુાને લગતા ટકી ન શકે એવા ઓળા છે. જે ધણી આત-માની સ્વચ્છ ઉંચાઈએ ચહડશે તેને એ ઓળાઓ વધુવાર હેરાન કરશે નહી. વળી જે પોતાની હસ્તીના કાયદાને બરાબર સમજશે તે પોતાનાં દુઃખને હમેશનું હાંકી કહાડી શકશે. જે એવી રીતે સમજે છે તે જીંદગીનો સરવોપરી કાયદો સમજી શકશે અને તેને માલુમ પડશે કે તે કાયદો તે પ્યાર છે અને તે નાશ નહી પામે તેવો પ્યાર છે. એવા પ્યાર સાથ તે એકત્ર થશે, અને સઘળા ધીકાર તથા મુરખાઇથી નીરાળાં બનેલાં સઘળાંઓને પ્યારથી ચાહીને તે અજીત રક્ષણ મેળવશે, કે જે રક્ષણ પ્યારજ આપે છે. કોઇબી ચીજ મેળવવાનો દાવો તે કરતો ન હોવાથી તેને કશી ખોટ જવી નથી, મજાહ મેળવવાની કોશેશ તે કરતો ન હોવાથી તેને દુઃખ ઉપજતું નથી. બીજાઓની સેવા બજાવ-વાનાં હથીયારો તરીકેજ પોતાની સઘળી શકવીઓને તે લેખતો હોવાથી તે હમેશ આશીરવાદભરી સુખી સથીતીમાં રહે છે.

જેમ એવાં જબરાં તોફાનથી પરવત વાંકો વળતો નથી, પણ તે મેંઢાં તથા તુરતની પાંખ આવેલાં પક્ષીઓનું રક્ષણ કરે છે. જોકે સઘળાં માણસો તેની ઉપર પગ મેલીને ચાલે છે, તોપણ તે તેઓનો બચાવ કરે છે. તેવીજ હાલત એક રાંક માણસની છે. જોકે તે કોઇથીબી ડગમગતો નથી, છતાં ઘણાજ તુચ્છ પ્રાણીનું રક્ષણ કરવાનેબી તે દયાથી વાંકો વળે છે. જોકે તેને ધીક્કારવામાં આવતો હોય તોબી તે સઘળાં માણસોનો હેતથી બચાવ કરે છે અને તેઓને ઉંચ હાલતે લાવે છે.

મુંગી ચુપકીદી વચ્ચે એક પરવત જેટલો દમામદાર છે તેટલોજ એક ઇશ્વરી પુરૂશ પોતાના મુંગા રાંક ખવાસ વચ્ચે મહાપ્રતાપી હોય છે. ખરેખર તેનું શરીર પહાડની પેઠે નીચાણ ખીણોમાં અને ધુમસમાં ઘંકાયલું રહે છે પણ તેના આત્માનું શીખર હંમેશ વાદળાંથી ઝાંખા પડયા વગરના ઉજાસમાં પ્રકાશીત રહે છે અને ચુપકીદી સાથ જીવે છે.

તા૦ ૧૫ મી માર્ચ.

રાંક પુરૂષ અંધારામાં પ્રકાશી રહે છે અને એકાંત ખુણામાં આબાદી ભોગવે છે. રાંક ખવાસ બડાઈ મારતો નથી, યા પોતાને જાહેરાત આપતો નથી યા લોકપ્રીયતાથી તેની ચઢતી થતી નથી. રાંક ખવાસ એક માણસની વરતણુકમાં વપરાય છે અને ત્યારેજ તે દેખાય છે યા દેખાતો નથી. તે એક આત્મીક ગુણ હોવાથી ફકત આત્માની આંખ વડેજ તે જોઈ શકાય છે. જેઓ આત્મીક રીતે જાગરૂત થયલા હોતા નથી તેઓ તે જોતા નથી અથવા તેને ચાહતા નથી, કારણ કે ખોટા દુન્યવી દેખાવો ઉપર તેઓ ફીદા થઈ ગયલા અને તે દેખાવોથી આંધળા બની ગયલા હોય છે. વળી તવારીખબી એક રાંક ખવાસના માણસની કશી નોંધ લેતી નથી. ઇતીહાસીક મોટાઈ તો મારામારી અને આપવડાઈમાં સમાયલી હોય છે, જ્યારે રાંક ખવાસના પુરૂષની મોટાઈ શાંતી અને નરમાશમાં સમાયલી હોય છે. તવારીખમાં દુન્યાદારીના કામકાજોની નોંધ લેવાય છે અને નહીં કે ઇશ્વર રાજી થાય તેવાં કામોની. પણ તે છતાંબી એક રાંક માણસ ખુણે પડેલો હોવા છતાં તે છુપો રહી શકે તેમ નથી, કારણ કે રોશનીને કેવી રીતે છુપી રાખ્યા શકાય? દુન્યાથી પોતાને વેગળો કરવા પછીબી તેનો પ્રકાશ ચાલુજ રહે છે, અને જે દુન્યાએ તેને પીછાનયો હતો નહીં તે દુન્યા તરફથી તે પુંજાય છે.

જે માણસ એમ ધારતો હોય કે બીજાઓ મને નુકસાન કરી શકશે, અને એમ ધારીને જે પોતાને ખરો ઠરાવવાની કોશિશ કરતો હોય અને બીજાઓ સામે પોતાનો બચાવ કરતો હોય, તે માણસ રંક ખવાસ તે શું સમજતો નથી અને જીંદગીનો અર્થ તેમજ સત્વ શું છે તે જાણતો નથી. "તેણે મને ગાળ દીધી–તેણે મને માર્યો–તેણે મને હરાવ્યો–તેણે મને લુટયો. જેઓ એવા વીચારો કરતા હોય, તેઓના મનમાં ધીક્કારની લાગણી ઉત્પન થવી કદીબી બંધ પડવાની નથી. સબબ, ધીક્કાર દેખાડયાથી સામા ધણીના મનમાંની ધીક્કારની લાગણી કોઇબી વખતે બંધ પડતી નથી; ધીક્કારની લાગણી પ્યાર દેખાડયાથીજ બંધ પડે છે." બોલ, હવે તું શું કહે છે? શું તારો પાડોશી તારે માટે જુઠું બોલ્યો? વારૂ, તેથી શું થયું? એક જુઠાણું શું તુને ઇજા કરી શકશે? જે જુઠું છે તે તો જુઠુંજ રહેવાનું અને ત્યાંજ તેનું સેવટ આવી ગયું; તે જુઠું જીંદગી પામે જીવ વગરનું છે–કોઇનેબી ઇજા કરવાની તેનામાં શક્તી નથી, સીવાય કે જે ધણી તેનાથી ઇજા પામવાની જાણીજોઇને કોશિશ કરતો હોય. તારો પાડોશી તારે માટે જુઠું બોલતો હોય તેમાં તુને કાંઇબી મુજાકો નથી, પણ તું જો તેની સામે થાય અને તુને પોતાને ખરો ઠરાવવાની કોશિશ કરે તેમાં તુંને ઘણો મુજાકો છે, કારણ કે તેમ કરીને તું તારા પાડોશીના જુઠાણાને જીંદગી અને જીવનશક્તી આપે છે અને તેથી તુને પોતાનેજ હેરાનગતી થાય છે અને સંતાપ ખમવો પડે છે.

તા૦ ૧૭ મી માર્ચ.

મકસુદ હોય ત્યાં ખુશી હોવીજ જોઈએ. જેટલી તમારી ચઢતી ઉતરતી ખુશી તેટલી તમારી વધતી ઓછી મકસુદ! એક વીશાળ મોટું મન હંમેશ કોઈ જંગી મોટી મકસુદજ ધરાવશે. એક નબળી અક્કલનું માણસ મકસુદ રહીતજ રહેશે. અહીં તહીં ડોળા ખાતું એકાદ મગજ ગવાહી પુરે છે કે હજી તે સંપુર્ણ રીતે ખીલવા પામ્યું નથી. દુન્યાના જે આદમીઓએ ઇનશાન જાતની તકદીરના તાળાઓ રચ્યા છે, તેઓની મકસુદ જબરદસ્ત મોટી હતી. જેમ રોમન લોકો પોતાના રસ્તાઓ ગંજાવર પાયાપર રચતા હતા તેમ દુન્યાના મહાન પુરૂષો હંમેશ એક અમુક સ્પષ્ટ રીતે નીરમાણ થએલો માર્ગ અખ્તયાર કરતા આવેલા છે; જહાં તેમજ મોત સામે આવ્યા છતાં તેઓ રાસ્તીના રસ્તાથી ડગમગવાને સદાના પાડતા આવ્યા છે. મનુષ્ય જાતના મહાન સુખીઓ ગોયા આપણા મગજ બળના રસ્તાઓના બાંધનારાઓ છે. જે ખુશીસાન અને આત્મીક રસ્તાઓ તેઓ બનાવે છે—અને વ્યવહાર માટે પાકટ કરે છે-તે રસ્તાઓ ઉપરથી આદમ જાત પાછળથી ચાલ્યો જાય છે.

તા૦ ૧૮ મી માર્ચ.

સરવે કંગાળ માણસોમાં સહુથી કંગાળ માણસ તેજ છે કે જે પોતાની જોખમદારી વિષે અખાડા કરવા માગે છે. મુશકીલ કે જેથી દુર નહાસવામાંજ આશ અને આરામ મળે છે એવો ખોટો ખ્યાલો રાખી-મહેનત અને મજુરી કરવાનું માંડી વાળવામાંજ સુખ મળે છે એવો વાહીયાત વીચાર ધરાવી-તે ઇનશાન હરદમ મગજે ફીકરગાર અને અસુખી રહે છે; તેના જીગરમાં નામોશી અને શરમીંદગીનો એક છુપો ભાર તેને સદા હેરાન કરે છે; તે પોતાની મરદાનગી અને સ્વમાન ગુમાવી બેસે છે. કારલાઇલ કહે છે કે, "જે પુરૂષ પોતાની ખુશી મુજબ કામ કરવા માંગતો નહી હોય, તેને તેની પોતાની હાજતના પ્રમાણમાં બસ નાબુદ થવા દેજો." કુદરતનો કાયદોજ છે કે જે માણસ પોતાની ફરજ ચુકે છે, અને પોતાની શક્તિના પ્રમાણમાં કામ કરવા ના પાડે છે, તે માણસ ખરેખરજ બે પ્રકારે નાબુદ થાય છે; એક તો તે પોતાની ખાશીયતમાં નાબુદ થાય છે--અને બીજું તો તે પોતાના શરીરમાં તથા પોતાના સંજોગોમાં નાબુદ થાય છે. જીંદગી અને કર્મ આ બે વચ્ચે કાંઇજ ફરક નથી. જે ઘડીએ એક માનવીએ શારીરીક યા માનસીક મહેનતથી છટકવા માંગ્યું કે તેજ ઘડીએ તે સબડવા માંડયો એમ સત્ય માની લેજો.

એક ખેડુતે પહેલાં જમીનની અંદર પોતાના સઘળાં બીયાંઓ વાવવાંજ જોઇયે. અને પછી તે બીયાંઓને ઉગવા માટે તેણે રૂતુ ઉપર છોડવા જોઇયે, આમ કરવાને બદલે જો મજકુર ખેડુત પોતાનાં બીયાંઓને પોતાના ઘરમાં સંઘરી રાખે, તો તે બીયાંઓબી ખોઇ બેસે અને બીયાંઓમાંથી ઉપજતો પાકબી ખોઇ બેસે! કેમજે વાવ્યા વના તેના બીયાંઓ તો જરૂર મરી જાય. અલબત, જ્યારે બીયાંઓ જમીનપર રોપાય છે ત્યારે તેઓ મરી જાય છે ખરાં—પણ એ રીતે મરી જતાંબી તેઓ વધારે ફળારૂપ પાક ઉત્પન કરી આપે છે. તેજ પ્રમાણે જીંદગીમાંબી છે. આપવામાં આપણે ફાયદો મેળવ્યે છીયે. આપણી પાસે જે કંઇ હોય તેને ચોમેર ફેલાવવામાં આપણે શ્રીમંત બન્યે છીયે. જો કોઇ આદમી એમ કહેતો હોય કે તેની પાસે ભંડોળ છે, પણ તે ભંડોળ તે પોતે ફેલાવી શકતો નથી—કેમજે દુન્યા તેનું ભંડોળ સ્વીકારવાને લાયક નથી—તો તે આદમી યા તો ખરૂં ભંડોળ ધરાવતોજ નથી, કે યા તો તે ખરાં ભંડોળથી ટુંક વખતમાં અલગ થઇ જવા વગર રહેવાનો નથી. જાણો—તમે સંઘરી રાખશો તેટલું તમે ખોશો; એકલા પેટાઇથી જેટલું તમે જીવસે બાંધવા જશો, તેટલા તમે તેજ વસ્તુથી બાકાત થશો.

વર્ષના
બાવન
રવીવારો
માટે
બાવન
વધુ
નેક—
વીચારો !

કપતી શતરૂની નીંદાની કંઇજ પરવા કરતો ના. તું તાહરે રસતે સીધો ચાલજે અને એવી નાસ્તરી એોને અંધકારમાં ડુબતી છોડજે. એવા નીચ પુરૂષોના બોલવાનો જવાબ આપવો, એ ગોઆઆ, તેઓને ઉત્તેજણ આપવા જેવું છે નીંદાખોરો તાહરે વીશે જે બોલતા હોય, તે જો ખરૂંજ હોય તો, તારી ભુલ જરૂર સુધારજે, પણ જો જુઠું જ હોય તો, એક ઘેલાં કુતરાંના ભોંસવા જેટલુંબી વજન તેને આપતો ના. તાહરા ઠેડાવમાં મકમ રહેજે. મનની મજબુતાઇ વીના કાબેલ પુરૂશોબી ફાવતા નથી, એ ખરી વાત છે. જંહડફ, શકતી, કાબેલીઅત અને ઠેડાવની મજબુ તાઇ જે સખશમાં હોય, તે હમેશ ફાવતો અને જશ મેલવતો રેહ છે. ઠેડાવ કરે તે અગાઉ પુખત દરીઆફત કરજે, પણ એક વખત તેવો ઠેરાવ કીધો કે મકમપણાને અમલમાં લાવજે.

(મનસુખી નીતી વચનનાં ગોહરો.)

તકદીરી ફેલવણી અથવા તકદીરી અને દામાડોળ ઇમાનનું માણસ તે ગોથા તોફાનના પવનની એક પેહકી છે, અથવા તોફાની દરીયા મધેની વગર સૂર અને સુકાનની એક કીશતી છે, જે હરએક તરફ ઢળી જતાં, તથા હરએક વંમળ અને ખરાબા તરફ ધસડાઈ જતાં અટકી કે બચી શકતી નથી. બાપદાદાએ મળવેલી કીરતી ઉપર નચીંત રેહવાના અથવા તકોબરી બતાવવાનાં ફાંફાં મારવાં, એ એક જાતનું હરામ ખાનું ખાઈને સંતોષ બતાવવા જેવું છે, અથવા ગુરદાલ કુતરાંની મીશાલે સુકાં હાડકાં ચુસીને રાજી રેહવા સરખું છે. ખરેખરૂં માન તો ખુદ પોતાની અકલ, હોશીયારી, જહુદ, અને ઉદ્યોગથી કીરતીને લાયક થવામાં છે.

(મનસુખી નીતી વચનનાં ગોહરો.)

એક માણસને પોતાની જીંદગીમાં કેવી અજબ લડાઇઓ લડવી પડે છે! લોભ, ફીકર, ગરીબાઇ, મગરૂરી, લાલચ, અને હવસ, એવા જુદા જુદા શતરૂઓ સામને ઘણી વાર એખલે હાથે લડવું પડે છે. ઇંતેજારી અને ઉમેદ પોતાના જહલકતા દખાવોથી તેને કેવા લલચાવે છે, અને અંતે નીરાશીના ઊંડા ગારમાં તેને કેવા ડુબાડે છે. એ જુદી લડાઇઓ લડતાં જે જંખમો તેને ખમવા પડે છે, તે જખમો માણસ તો નહીં પણ વખતજ માતર રૂજવી શકે છે. એવા માહભારત શતરૂઓના સામટા હોમલાઓથી ઘણાઓ હારી ખાય છે, અને ઘણાજ થોડાઓ મકમ હઇડાં સાથે તહરેવાર સંકટોને હરાવીને ખરી ફીરતીની નોબતે પુગવાને ભાયગશાલી થાય છે. એક શખસની અકલનું અથવા તેના શોકનુ અને તેની ચાલચલણનું જો તોલ કરવું હોય તો તે શું ચીજની તારીફ અને વખાણ કરે છે તે જોઇ કરજે.

મનસુખી નીતી વચનનાં ગોહરો.)

હરએક જાતની મુશકેલી અને દુ:ખ દરદની વખતે, ધીરજ અને સબર અને શોકર ગુજારીથી પોતાનું મન મોટું અને જાન ખુશી રાખવો, લેઇએ છે, અને જે ઇનસાન એવી આદત રાખે છે, તેજ ખરી નેકબખતી અને આબાદી ભરેલા દીવસો પાછલથી મેલવી અથવા ભોગવી શકે છે. ખોદાતાલાનું ખરેખરૂં અને ખુબીવંતું ફરમાન એવું છે કે, જે ચીજ અથવા જેવી ચાલચલણુથી ગુનાહ થાય, તેવી ચાલ ચલાવતો રાખે,—અગર એવાં ફરમાન મુજબ તાહરાથી ચલાયતો આએ જમીન ઉપર,—અથવા આએ આકાશનાં છતર હેઠળ, તું સુખેથી અને પુર છુટથી રેહેજે, પણ જો તું મારા ઇયાને ખોદાનાં ફરમાન અથવા હોકમ મુજબ નહી ચાલે તો, જાંહાંબી મારા આકાશનું છતર અને મારી જમીનની બેઠક તુને નહી મલી શકે, તે જગા તરફ તું જતો રેહજે અથવા દેશ નીકાલ થજે, ઇઆને ખોદાતાલાની સતાની હદની બાહેર જઇને વસજે.
(મનસુખી નીવી વચનનાં ગોહરો.)

એક શખ્સ ગમે એટલો એલમ શીખે અને ગમે એટલો ચંચલ બને, પણ જ્યારે તે એલમની ખુબી ઉપર અમલજ નહી કરે, તયારે ઉકરડા પરના કચરાનાં ભારબરદાર એક ગધેડા કરતાંબી તેને બદતર ગણવો જોઇએ. સંભાલજે એ ભાઇ, કે તારી લાગણીઓ તરફ જે શખ્સ માનની નજરથી જોયનહી, તાહારી ખામીઓ વીશે છુપી રીતે તુને ચેતાવે નહી, તાહરી પીઠ પાછલ તાહરો ઘટતો અને મજબુત બચાવ કરે નહી, બીજા તવંગરોની મંડલીમાં તે હોય ત્યારે બી તાહરી સાથે સરેસતાના માન અને મમતા સાથે ચાલે નહી- અને તેં તેને કહેલી કંઇ ભેદી વાતોને પોતાનાં જીગરની તીજોરીમાં ગુપ્ટ રીતે સાચવે નહી, તેવા શખ્સને તાહરા દોસત તરીકે કબુલતાં સંભાલજે! બલકે એક બુરા મુદઇ તરીકેજ તેને ગણજે.

(મનસુખી નીતી વચનનાં ગોહરો.)

તજવીજ રાખી ભાલકારી
ચીજ પાસે રાખજે,
અવસાન છે નુકશાન તે
સામન કાઢી નાખજે;
વળી સંત પરીંદા રાખી
શાંત ભવ વિષે પતવાર છે,
દાતાર આ અવતારનો
સૃજનાર તે કિરતાર છે.
ભગવાનની દુકાન એમાં
માનવી મુનીમ છે,
સહુ ખાળની સંભાળ લેવી:
એ કૃપાળુ નીમ છે;
કરતાર વહિવટ વ્યાજ માગે,
વ્યાજની દરકાર છે.
દાતાર આ અવતારનો
સૃજનાર તે કિરતાર છે.
સંસાર મધ્યે યાર !
શુભ આચાર સોદા તોળવા,
આભંર અરે માનવ !
નહિજ પાતાળજળમાં બોળવા;
પાતાળથી નિકાલ નહિ,
વિકરાળ એ વિસ્તાર છે,
દાતાર આ અવતારનો
સૃજનાર તે કિરતાર છે.
ધર ધ્યાન, રાખી સાન,
માનવી ! માન મારૂં ચિતમાં,
રસકસ તજી સંસારનો
થા વશ પ્રભુની પ્રીતમાં;
આરામ દેશે પ્રભુ જે
બ્હેરામનો આધાર છે,
દાતાર આ અવતારનો
સૃજનાર તે કિરતાર છે.
[મરહુમ બેહરામજી મલબારી—
(નીતિવિનોદ)]

આજ મને અવકાશ ક્યાં ?
કરીશ કામ એ કાલ;
જે મૂર્ખો આવું વદે,
તેના હાલહવાલ.
એક ઘડીપર ભાવ ક્યાં ?
કોણે દીઠી કાલ ?
કાલ કાળ થઇ આવશે,
ઊડી જશે વહાણ.
તરિયો તે તુંજ બાપનું,
આગળ ઘોર અખાત;
વાટ જોઈ બેસી રહે,
રહીશ ઘસતો હાથ.
ભવપાણી આવી ચડે,
તરવું અતિ મુશ્કેલ;
મોજાં ચઢશે જોસથી,
સમજ વેઢિયા બેલ !
નવ કરતો તું વાયદા,
કરજે સઘળું હાલ;
ઊંડા ભવિષ્યના પેટમાં,
ગુમ કાળ વિકરાળ.
જે કરવું તે આજ કર,
કાલે શો અવકાશ ?
[મરહુમ બેહરામજી મલબારી-
(નીતિવિનોદ)]

ઘણુ કાલ કામે નડે,
આજથકી શુણુ આસ.

ટુંકી મુહૂત માનવી!
નિત્ય આગલી થાય;

વધે કામ ક્ષણ ક્ષણ જમે,
આયુષ્ય ઘટતું જાય.

માટે માગે સુખ જે
બને ભવની માંય;

કાલ ભરોંસે ના સુઘડ;
કર જે હમણાં થાય.

અગવડથી સગવડ મળે,
દુ:ખ વેઠયે સુખ હોય;

કામ કરી આરામ કર,
નહિ તો પાછળ રોય.

ખસડી જઇ આ ઘરથકી,
પૂછશે જમ આ સવાલ;

જવાબ શો બ્હેરામ દે?
કિયા કામની કાલ?

[મરહુમ બેહરામજી મલબારી-
(નીતિવિનોદ)]

મરણુ સમે ગભરાશો રે,
સહુ મરણુ સમે ગભરાશો;
પાપથી વેગળા ન્હાસો રે,
સહુ મરણુ સમે ગભરાશો.
પાપની થાપથી
ફાકળો વસજે,
જીત્યો કામ તે જીવ્યો
ખાસો રે; સહુ૦
સુખ સંસારી
હ્રહાવીને હસજે,
નથી ફરવા સો
કે પચાસો રે; સહુ૦
જુવાની દિવાની રાખો
સદ્ગુણુ સાથે,
એના કપટે ચપટ
સપડાશો રે; સહુ૦
લોભની જાળને રાખો
ન માથે,
સુખ ઉડી પડશે
દુઃખ પાસો રે; સહુ૦
પરનિંદાથકી હાથ ઉઠાવો,
ના પ્હેરો ધર્મકિરો
ફાંસો રે; સહુ૦
[મરહુમ બેહરામજી મલબારી–
(નીતિવિનોદ)]

સૌને ભણ્યા લાભ
માટે વધાવો,
પરસુખથી ન નાંખો
નિસાસો રે; સહુ૦
તજી અતિ આળસ
કામમાં ગુંથાય,
જગ જાણો બે દિવસનો
વાસો રે; સહુ૦
ચોરી લૂંટી અંતે બાંધો
લંગોટી,
ત્યારે થાઓ ન જૂઠ
જગદાસો રે; સહુ૦
જાણી બુઝી કોઈ
જાઓ ન નરકે,
મળશે નહિ ત્યાં કો
દિલાસો રે; સહુ૦
ચિત્તમાં ચાહો જો
સિધારવા સ્વર્ગે;
તો બહેરામ વેણ
તપાસો રે! સહુ૦
[મરહુમ બેહરામજી
મલબારી (નીતિવિનોદ)]

અરે જુવાનો! તમો નબરવસ ના રહેતા કે જુવાની હંમેશાં રહેશે. દુધનો ઉભરો અને જુવાનીનું જોબન થોડીવારજ રહે છે. ગએલી જુવાની પાછી આવતી નથી. કહેવત છે કે ઉજડ જગા ફરીથી વસે, નિર્ધન કોઈ દીવસ ધનવાન થાય, પણ જુવાની જે જાય તે પાછી નહી મળે. માટે જુવાનીને ડહાપણ અને જુગતીથી જોગવજો. ધન્ય છે તે જુવાન નર કે નારીને જે પોતાની જુવાનીની મગરૂરીમાં મસ્ત નહી થતાં નમનતાઇથી નેક વિચારે, નેક બોલે અને નેક કામો કરે. ધન્ય છે તે જુવાન નર કે નારીને કે જે ખુદાનો ડર રાખીને અંતઃકરણના અવાજને માન આપી ભલી વર્તણુક રાખે. અંતઃકરણના અવાજને માન આપી ચાલવાથી આપણા આત્માને ઘણું સુખ મળે છે.

જુવાનીમાં સુસ્તી અને આલસાઇ છોડી મહેનત કરો. જઇફી અને બુઢાપામાં તેટલું જોર રહેશે નહી. કુદરતે જુવાની સાથે હિંમત અને મોટી મોટી આશાઓ જોડી છે તે સારી નેમથી જોડી છે.

(મી૦ અ. ખ. વેસાવેવાલા.)

દોસ્તો સાથે એકદીલથી વર્તજે; સ્વતંત્ર દેખાવવાલા અનુભવી અને ચાલાક શખ્સોનો દોસ્ત થજે. ઘણા દોસ્તોવાળો થજે જેથી તું નેકનામ થાય. જુના દોસ્તને નવો દોસ્ત કરજે, કારણ કે જુનો દોસ્ત જુના સરાબની મીસાલે છે, જેમ જેમ તે વધારે જુનો થતો જાય છે, તેમ તેમ તે પાદશાહોને પીવામાં વધારે સારો ને લાયક થાય છે. તારા હાથ નીચેનાઓ સાથ સારી રીતે વર્તજે, દોલત દરજાની જરાખી તકોબરી કરતો ના, કારણ કે તે એકને એક ઠેકાણે રહેતી નથી પણ એક પંખેરૂ જેમ એક ઝાડપરથી બીજા ઝાડ ઉપર ઉડે છે, તેમ દોલત પણ બીજાનાં હાથમાં જાય છે. અને આ ઉપદેશ યાદ રાખવી કે આપણ સર્વ શું નાના કે મોટા, શેઠ કે વાણોતર, ચહડતી પંકિતના, કે ઉતરતી પંકિતના સર્વ મરણ બાદ ઇનસાફ માટે એકજ જગાએ જવાના છીએ. પડોસી સાથની વર્તણુક માટે આદરબાદ કહે છે કે જો તું ઇચ્છે કે કોઇ શખ્સ તુંને બુરૂં બોલે નહીં તો તું પણ તેઓને બુરૂં બોલતો ના. ભલાં ફરમાન બજા લાવનાર થજે કે જેથી તું સારો ફાયદો મેળવનાર થાય.

(દસ્તુર આદરબાદ મારેસ્પંદની નસિહતો.)

ચીનાખોર શખ્સથી ઘણો બીહુનો રહેજે, અને તેનેથી દુર રહેજે. આદમી ઉપર વેર રાખતો ના, તિક્ષણ સખુન તપાસીને બોલજે, કારણ કે સખુન જેમ કહેલા સારા તેમ જાળવવા બી સારા છે, માટે તે બોલવા કરતાં જાળવવા બેહતર છે. માણસે વગર વિચારનું અને બેહુદું બોલવાની ટેવ રાખવી નહી, કારણકે વગર વિચારનો બેહુંદો સખુન એવો તો નાશકારક છે કે જાણે આતશ, જે એ ઝાડીના જંગલમાં પડે છે તો તેમાનાં ચરંદા, પરંદા, તેમજ સઘળા નુકસાનકારક જાનવરોને બાળી નાંખે છે, તેમજ બેહુંદો સખુન શું સારાં કે શું નઠારાં માણસને એકસરખી રીતે માઠું લગાડે છે.

આદમીને મદદ કરનારી વસ્તુ અક્કલ છે, અક્કલથી માણસ પોતાને આફતોમાંથી છોડવે છે. અક્કલની દોલત કદી નાશ પામતી નથી. અક્કલ સઘળા સંકટ મટાડનારૂં, ઇલાજ કરનારૂં, મોટો મરતબો પામવાનું, અને સઘલી રીતે સુખી રહેવાનું એકનું એક સાધન છે. અક્કલથી ગ્નાનને પ્રકાશ મળે છે, જેની પાસ અક્કલ છે તે દોલત છે.

(દસ્તુર આદરબાદ મારેસ્પંદની નસિહતો.)

જીંદગી માણુસે કેવી રીતે ગુજારવી તે વિષે જુદા જુદા લખનારાઓ જુદા જુદા વિચારો જણાવે છે. કોઇ કહે છે જીંદગી જેમ બને તેમ દુઃખ અને દલગીરીથી છટકી જવામાં અને મોજમજાહ ગુજારવામાં ગુજારવી. કોઇ કહે છે કે જીંદગી ગુજારવામાં સમભાવ રાખવો યાને જો દુઃખ આવી પડે તો તે વગર દલગીરીએ ખમવાં તેમજ સુખ યા મોજ મળે તો તેબી વગર મજાહ લેવે જાણુ તે હોય તોબી સરખાં અને નહીં હોય તોબી સરખાં તેવી રીતે તે તરફ બેદરકાર રહેવું. કોઇ કહે છે કે સંસાર ત્યાગ કરવો અને ચોકસ ઉમરે સંસાર છોડી જંગલવાસી કરવો, અને ખુદાઇ જ્ઞાનમાં મશગુલ રહેવું. કોઇ કહે છે કે તન ફના થવાનું છે અને આત્મા અમર છે માટે તનની જાળવણી, તનને પંપાળવામાં જરાબી વખત રોકવો નહી કે જેથી પાપી ઇચ્છાઓ મનમાં દાખલ થાય નહીં. દેહકષ્ટ કરવું અને હાથે કરી આ શરીર ઉપર દુઃખ લાવવું અને તેને નબળું બનાવવું કે જેથી આત્માને મુક્તિ મળે.

(મી૦ અ. ખ. વેસાવેવાલા.)

ધન માલની મેહેરબાંની જ્યારે તે દાતાર તાહરી ઉપર, કરે, તયારે તુંનેબી લાજમ છે કે વગર ધનમા-લનાં અને દુખ્યાં ભુખ્યાં શખ્સોની ઉપર મેહરબાની અને મોહબતની નજરથી જોય. કારણ કે કઠણ દીલ અને સાંકડી આંખવાલા દોલતમંદ શખ્સોને, બેઉ જહાંનની નેઆમત અને સગવડનો ભોગ આપીને શેવટે ફીટકાર અને અંધકારમાં ડટાવું પડે છે. માણસ જાતમાં જેમ પાક મોહબતનો જોશો હોય છે, તેજ મીસાલે પાક ગુસાનો જોશોબી હોય છે. અને એક શખ્સ મધેની ખરી નેકીનો ઝલકાત સઉથી વધારે દીપકતો તયારેજ દેખાય છે, કે જ્યારે તે પેલા પવીતર ગુસાની અ-સરથી બીલેલો બને છે. અખારો કરવાથી ઘણી એબો છુપી રહી શકે છે તે ખરૂં છે, પણ તેમ કરતાં ઘણી ખુબીઓનો ઝલકાતબી દબાઇ રહે છે તેમાં શક નથી. વાસતે પાક મોહબતના તેમજ પાક ગુસસાના જોશાને કામે લગાડતા રેહવામાંજ ફાયદો છે.

(મનસુખી નીતી વચનનાં ગોહરો.)

બુરી કરણી કરીને ભલાઇની આસા રાખવી, તે ગોઆ ઉગામાં બીઆં વાવીને સેવટે તોફાની પવનનીજ કાપણી શીવાય બીજી ચીજની આશા રાખવાની મુરખાઇ જેવું છે. જે ભુલ એક નયાધીસ કરે, અથવા જે ભુલ એક રાજા કરે,—અને જે ભુલ એક લશકરી સરદાર કરે, તે સઘલાંના માઠાં પરીણામનો બોજો સેવટે ગરીબ રઇઅતનેજ સોસવો પડે છે. એક વીદવાનના મત મુજબ એવી ભુલ તે ગોઆ જોશબંધ વેહતાં પાણીનો એક ધોટ છે, કે જેનુ અસલ મુલ ઊંચો પાહડ છે, પણ સેવટે તે નીચાણુ જમીન પરનીજ ચીજોને ખણી ખોડી નાબુદ કરે છે.

બદ નીષટાની અને લોભલાલચ ભરેલી ગરીબાઇની પીઠ, તકોબરી ભરેલા તવંગરીના પગ આગલ સદા વાંકી વલેલી રેહ છે. પણ જે સતવંતા ગરીબો, ખોદાતાલાની તરફથી જે આવી પડે તે હીમતથી બરદાસત કરનારા હોય છે, તેવા ગરીબો તો પેલા અભિમાની ભરેલા તવંગરોને મોટા અવાજનાં પોકલ ઢોલની મીસાલનાં ગણીને, ખરેપગે ઉભા રહીને, ધીકારથી સામી ઠોકડ મારી ચાલી જાય છે.

(મનસુખી નીતી વચનનાં ગોહરો.)

(શેખ સાદીના "ગુલિસ્તાં" ઉપરથી.)

જે વ્યક્તી કોઇ ઘમણ્ડી આદમીને ઉપદેશ કરે છે તે ખુદ નસીહતનું મોહતાજ છે!

જે માણુસ શક્તીવાન છે છતાં ભલાઇ નથી કરતું તો તેને તે શક્તીના જવા પછી ભલાઇને માટે પોતેજ મોહતાજ રેહેવું પડે છે!

કોઇના છુપાયલા અયબને ખોલો ના, તેનાથી તમારાપરનો વીશ્વાસ ઉઠી જશે!

કેળવણી લઇને તે વીદ્યાનો ઉપયોગ નહીં કરવો, એ જમીન ખોડીને તેમાં બીજ નહીં બોવા સમાન છે!

જેના આંગલાઓમાં જોર નથી તે જો કોઇથી પંજો લડાવે તો તેમાં તેનીજ મુર્ખાઇ છે!

* * *

ગુણહીણ ગુણવાનોથી દ્વેસ કરે છે!

અગર પત્થર હાથમાં હોય અને સાંપ નીચે તો તે વખતે વીચાર કરવા થોભવું નહીં!

અગર કોઇ અકલમંદ બેઅકલીઓ સાથે તકરાર કરે તો તેમાં તેણે કીરતીની આશા તો નહીંજ રાખવી!

જે મીત્રને તમે બહુ લાંબા વખત પછી પાછો મેલવ્યો છે તેને નીભાવી લેવાની બધી કોશીશ કરો!

બે વાત અશક્ય છે: એક તો આપણી હદ ઉપરાંત ખાવું, અને બીજું મઓત પહેલાં મરવું!

(શેખ સાદીના " ગુલિસ્તાં " ઉપરથી.)

એક દીવસ ખલીફા હારૂંરશીદના એક શાહઝાદાએ ગુસ્સાથી પોતાના પીદર આગળ જઈ કહયું " મને ફલાણા સીપાહના છોકાએ ગાળો ભાંડી ! "

બાદશાહે વઝીરોને તે બાબતમાં શું કરવું તે પુછયું, જેથી કોઈએ કહયું. " ગાળો ભાંડનારને કપદ કરો." કોઈ કહે " તેને મારી નાંખો."

નેક ખલીફાએ શાહઝાદાને કહયું. " બેટા, ઉત્તમ તો એ છે કે તેને તમે દરગુઝર કરો, ગાળો ભાંડનારને માફી આપો ! અગર માફી નહીં આપી શકતા હોય તોજ લાચારીએ તેને ગાળોના બદલામાં તમેબી ગાળો ભાંડી આપો ! ! "

* * *

એક માણસપર કોઈ માંગનારના રૂપીઆ ચઢી ગયા હતા, જે માંગનાર દરરોજ આવીને તે બીચારા ગરીબને સતાવતો અને હઝાર તાણા ટપલા મારી સખત શબ્દો કેહેતો જે પેલો ચુપચાપ સાંભલી લેતો !

એક ચતુરે તે મામલો જોઈને કહયું. " ઇચ્છાનું ટાલવું એટલુ બધું કઠણ નથી જેટલું કે માંગનારનું માંગવું ! કસાઈઓના તગાદા સેહેવવાના કરતાં તો માંસની આશામાં મરી જવુંજ સારૂં છે ! "

(શેખ સાદીના " ગુલિસ્તાં "
ઉપરથી.)

દુશ્મનની સલાહની વીરૂધ કામ કરવું તેજ અક્કલમંદી છે! અગર તે તમને તીર સમાન સીધી રાહ બતાવે તોબી તે રસ્તો છોડી દો અને ઉલટોજ રસ્તો પકડો.

એવા સખત ના બનો કે લોકો તમારેથી બીહી જાય, અને એટલા નરમબી ના બનો કે લોકો તમારે માથે ચઢે!

બે માણસો રાજ્ય અને ધર્મના દુશ્મન છે: એક તો નીરદયી રાજા અને બીજો મુર્ખ સાધુ!

રાજાઓને લાઝમ છે કે તેઓ પોતાના દુશ્મનપરબી એટલો બધો ગુસ્સો નહીં કરે કે જેથી તેમના મીત્રોના મનમાંબી ખટકી બેસી જાય!

સાંપના માથાને તમારા દુશ્મનના હાથથી કચડાવી નખાવો! યાનો સાંપ મરશે યા દુશ્મનથી તમારૂં ગલું છુટશે!!

* * *

એક બુઢાને લોકોએ પુછયું. " શાદી કેમ નથી કરતા ?"

તેણે જવાબ આપ્યો " હું બુઢી ઓરત પરણવા માંગતો નથી."

પાછો સવાલ થયો " તો કોઇ જવાન ઓરત સાથે કેમ નથી પરણતા ?"

જવાબ મલ્યો " જયારે હું બુઢો હોવા છતાં બુઢી સ્ત્રી પરણવા ચાહ તો નથી તો જવાન ઓરત મારા જેવા બુઢાને કેમ ચાહશે ?"

* * *

([illegible] સાદીના " ગુલિસ્તાં " ઉપરથી.)

એક ફકીર દુનીયા છોડીને જંગલમાં રહેવા લાગ્યો. એક દીવસે બાદશાહની સવારી તે તરફથી નીકળી જેપર ફકીરે કાંઇજ ધ્યાન નહીં આપ્યું!

વજીરે જઇને પેલા ફકીરને કહ્યું " ફકીર, બાદશાહ સલામત તમારી સામેથી નીકળ્યાં છતાં તમે તેઓને કાંઇપણ માન નહીં આપ્યું તેનું શું કારણ?"

ફકીરે જવાબ આપ્યો " શાહો અને શહેનશાહોએ તો તેઓથી માનની આશા રાખવી કે જેઓ તેમને ચાહતા હોય! અમો ફકીર લોકો તો દુનીયાજ છોડીને બેઠેલા છીએ એટલે રાજા બાદશાહથી અમને શું!"

રાજા તો પ્રજાની રક્ષાને માટે છે, અને નહીં કે તેમની બંદગી સલામ માટે!!"

* * *

દુષ્ટો પર દયા કરવી તે સજ્જનો પર અત્યાચાર કરવા બરોબર છે!

રાજાઓની દોસ્તી અને બાળકોની મીઠી મીઠી વાતોપર ભરોસો નહીં રાખવો!

જો કોઇ નીરબલ શત્રુ તમારી સાથે મીત્રતા કરે તો તમને તેનાથી વધારે સચેત રહેવું જોઇએ! જ્યારે મીત્રની સચ્ચાઇનો ભરોસો નથી, તો પછી શત્રુઓની ખુશામતનો શો વીશવાસ?

(શેખ સાદીના "ગુલિસ્તાં" ઉપરથી)

હું દમાસ્કના એક ઓલીયાની કબર પર બેઠો હતો જેવામાં આરબ દેશનો એક અત્યાચારી બાદશાહ કબર પાસે દુઆ ગુઝારવા આવ્યો. નમાઝ પઢયા પછી તે મને કહેવા લાગ્યો "હું આજકાલ મારા એક દુશ્મનને હાથે તંગ આવી ગયો છું, માટે તમે મારે લીધે દુઆ કરો.

મેં જવાબ આપ્યો "અગર જો તમે તમારા દુશ્મનને હાથે બચવા માંગતા હોય તો તમારી ગરીબ રઈયત પર દયા કરો."

* * *

એક ઝુલ્મી બાદશાહે એક ફકીરને પુછયું ' મારે લોકપ્રીય થવા માટે શું કરવું જોઈએ ?'

જવાબ મલ્યો "તમારે આખો દીવસ સુઈ રહેવું જોઈએ કે જેથી તમે તમારી જાગૃત રઈયત પર ઝુલ્મ નહીં કરી શકો!"

મારી જવાનીમાં મેં એક દીવસે માતાને કાંઈ કઠોર વાત કહી! માદર દુખી થઈને એક ખુણામાં જઈ બેઠી અને રડીને બોલી "બચપણ ભુલી ગયા, જેથી એવી વાતો હવે મોંઢામાંથી નીકલી રહી છે!"

(મીસીસ એલનના લેખ ઉપરથી.)

બુરાઈ કરવા અથવા ભલાઇ કરવાની શકતી તમારી પોતાની અંદરજ મઞ્જુદ છે. હવે તમે પોતેજ બતાવો કે તમે બુરાઇ કરશો કે ભલાઇ ? શામાં બુરાઈ છે અને શામાં ભલાઈ છે તે વાતની તો તમને સમજ છે, તો બોલો હવે તમે બુરી વાતને ગ્રહણ કરશો કે ભલી વાતોને ? તમે પોતેજ તમારા વીચારો અને કામોનાં પસંદ કરવા વાલા છો. તમેજ તમારી હાલતના બનાવનાર છો. જે કાંઇ બી તમે કરવા માંગો છો તેની શકતી તમારામાં મઞ્જુદ છે, માટે તમે ચાહો તો પ્રેમ અને સત્ય ગ્રહણ કરો કે ચાહો તો દ્વેશ અને કલેશ તે ! બધું તમારા હાથમાં છે.

ગુલ મીસાલ તમારી મીનદગીને બનાવો. જેમ ફુલ પોતાની ખુશબોથી લોકોને લાભ પહોંચાડે છે તેમ તમેબી સદા બીજાઓને લાભ કરતા રહો.

જો તમે પુર્ણ ગ્નાન પ્રાપ્ત કરવા માંગતા હોય તો પહેલાં પુર્ણ પ્રેમને પ્રાપ્ત કરો.

જો તમે ઉંચા દરજ્જાપર ચઢવા માંગતા હોય તો નીર ઉભર તમારા અંતકરણને દયા અને પ્રેમથી ભરપુર રાખો.

દુનીયાની તકલીફી લાલચ છોડો, અને તે વસ્તુ મેળવો કે જેમાં બધુંજ છે.

(મીસીસ એલનના "મૉરનીંગ એન્ડ ઇવનીંગ થોટસ" ઉપરથી.)

આપણી ઝીનદગીનો દરેક દીવસ એક નવીજ ઝીનદગીની શુરૂઆત સમાન છે જે દીને આપણે ગઇ કાલ કરતાં વધારે ઉત્તમતા અને અકલમંદીથી વીચાર અને કામ કરવા જોઇએ.

એક આખા દીવસમાં તમે શું શું કીધું છે અને તે કામોમાં તમે ભૂલ કીધી છે કે કાંઇ ભલાઇ વાપરી છે તેનો જો સુતી વખતે વીચાર કરશો અને થઇ ગયલી ભુલ માટે પાક ખુદાની માફી માગી ફરી એમ નહીં કરવા મક્કમ થશો તો તમે ઘણા આગલ દર-રોઝ વધતા જશો.

દુનીયામાં ત્યાં સુધી કોઇબી ઉન્નતી કે સફળતા નથી થઇ શકતી જ્યાં સુધી સ્વાર્થની આહુતી અપાય! જેમ વધારે માણસ વી-ષયવાસનાઓને તજી દેશે અને પોતાની ઉપર વીશવાસ કરતા શીખશે તેમ વધારે કુદરતની પવીત્ર મદદ તેને ફત્તેહના રસ્તાપર દોરવી જશે.

"ફલાણું તો મારાથી નહીં થાય." એવું ન વીચારી હારી નહીં ખાનારાઓ તથા આપસ્વાર્થથી બાઝ રહી બીજાને ફાયદો આપવા ચાહનારાઓ પોતે વીર, સાહસી, સાચ્ચા અને ઇમાનદાર બને છે.

(મીસીસ એલનના લેખ ઉપરથી.)

મનની શાંતી જ્ઞાનના એક સુંદર રત્ન સમાન છે. માણુસને જેમ જેમ ખ્યાલ આવતો જશે કે મારા વીચારોથી 'મારી દુનીયા' તૈયાર થાય છે તેમ તેમ તે શાંત ચીત થતું જશે અને તેથી તેની સદબુધ્ધી વધતી જશે અને તે તમામ અંદરની વીચારને બાહેરની ચીજોના યંત્ર સમાન ગણીને નમ્ર સારા વીચારો લાવી ગુલગપાડા હાંકવાનું-ફુંફા કરવાનું-એકલ બેટીલ થવાનું છોડી દઈ ગંભીર અને ભલું બનશે.

તમારા કામોને અચ્છી તરેહ સમજી લો અને તમે પોતે તમારા કામો કરો. જેટલા તમે તમારા અંતર-આત્માને અનુસાર કામ કરશો અને વીવેકશકતીથી કામ લેશો તેટલા તમે ફત્તેહમંદ બનશો અને રફતા રફતા ઉનતી કરી કરીને ઉંચા દરજાપર પહોંચી જશો, અને તમારા ઉદાર વીચારો દ્વારા જીનદગીની સુંદરતા ધીરે ધીરે તમોપર પ્રગટ થતી જશે. પાક પરવરદેગાર ભલા મહેનતુનો મદદગાર છે તેનો ખ્યાલ રાખીને તમારી પોતાની બાજૂપર વીશવાસ મુકીને તમારા કામમાં આગળ વધ્યા જશો તો સફળતા જરૂરજ પ્રાપ્ત થશે અને વલી મનને વશમાં લેવાથી તમારી શકતી અને જોર ઘણી વધારે વધી જશે.

(મીસીસ એલનના લેખ ઉપરથી.)

હું બીજાઓ તરફ કેવી ચાલથી ચાલું છું, તેમને માટે હું શું કરું છું, હું બીજાઓ માટે કેવા વીચારો ધરાઉં છું, બીજાઓ તરફ હું ભલાઈ અને ભલમનસાઇ વાપરું છું કે એવા એવા સવાલો દરેક માણસ રાત્રે સુતી વખતે પોતાને પુછે તો તે શાંત વખતમાં તેને પોતાની ભુલોનો પતો મલી જાય. અને તેને બીજી સહવારથી પોતાની જે જે ભૂલો થઇ હોય તે સુધારવાનું સાન થઇ તે તેમ કરી બીજાને ને પોતાને ખુશ રાખી શકે.

દરેકે દરેક જીવની સાથે હંમેશા પ્રેમ રાખવાથીજ સાચ્ચી ઝીંનદગી ભોગવી શકાય છે. એ વાત જાણુનાર નેક આદમી પ્રેમમાં લીન થઇ જાય છે જેથી તે કોઇ સાથે વેરભાવ રાખતું નથી કે કોઇથી દવેશ કરતુ નથી કે કોઇની નીનદા કરતું નથી અને બધાને પોતાના દોસ્ત સમજી કોઇનેબી દુશ્મન તરીકે ગણુતું નથી.

નીઃસ્વાર્થ પ્રેમથી બધા પ્રકારના પાપોનો નાશ થઇ જાય છે અને વેર વીરોધ ઇરષા દવેસના કાલા મોહ થાય છે!

(મીસીસ એલનના લેખ ઉપરથી.)

જ્યારે પાપ અને સ્વાર્થનો નાશ થાય છે ત્યારે હરદયમાં પરમ આનંદ થાય છે.

ખુશી તેજ અંતકરણમાં વસે છે, જે ખુશી મતલબ વગરનું; શાંત અને આઇનામીસાલ સાફ છે.

જે હરદય મલીન, ઇરખાવાલું, અને દવેશથી ભરેલું છે તે આનંદથી વંચીત છે, સ્વાર્થી. માણસોથી આનંદ કોસો દુર છે.

જેમ પ્રેમાલુ દયાલુ છે અને જેનામાં નીઃસ્વાર્થ કુટી કુટીને ભરેલું છે તે સદા શાદમાનીમાં છે તેનો ચેહેરો ખુશનુમાં છે અને તેનાં ઘરમાં હંમેશા ખુશી છે.

જેમ જેમ એક માણસ બીજા માણસોના દોષ જોવાનું છોડે છે તેમ તેમ તે પાપ, સોગ, અને સંતાપથી મુક્ત થતું જાય છે.

પવીત્ર હરદયમાં ઇરખા, દવેશ, સ્વાર્થ અને પક્ષાપાતને માટેની જગ્યાજ હોતી નથી.

જો લોકોને ફક્ટ એટલીજ એક વાત સમજમાં ઉતરી જાય કે જેના અંતકરણમાં પાપ છે તેને હંમેશા સોગ, અને પશ્ચતાપ થશે અને જેના મનમાં દવેશ છે તે અંને નક્કીજ દુખી થઇ કષ્ટ ઉઠાવશે અને માનસીક ચીંતાની સાથોસાથ તેને શારીરીક વેદનાખી થશે તો તેવી સમજના માણસો પ્રેમમાં લીન થઇ જઇ દયા અને કરૂણાના રસમાં બીંજાઇ જશે.

(શેખ સાદીના "ગુલીસ્તાં" ઉપરથી.)

જવાનીનો મારા દોસ્તોમાં એક ગબરૂ બહુ ખુશમીઝાજ, હસ્તા ચેહેરાનો, રંગીલો, મોજીલો હતો. સહેગરથી શું તે તે કદીબી સમજતોજ નહીં હતો! થોડા વરસ પછી સંજોગે તે મહને મલ્યો તો તે ઉદાસ ચેહેરેનો જણાયો! મેં તેને તેની દીલગીરીનું કારણ પુછતાં કહયું. "તમારો તે અસલી શોકરસ હવે સોગરસમાં કેમ બદલાયો? તે સૃંગાર કયાં ગયો? હસતો રમનો ચેહેરો કેમ બદલાયો?"

તેણે જવાબ આપ્યો "હું પરણ્યો છું, બચ્ચાં છોકરાંવાલો થયો છું તો હવે તે ખેલાડીપણું કાંથી લાઉ? વખતનાં ઢોળ વખતેજ છાજે!"

* * *

એક ચતુર યુવકનો નીયમ હતો કે બુધ્ધીમાનોની સભામાં બેસતો તો તદનજ ચુપચાપ રેહેતો! લોકોએ તેને કહયું. "તમેબી કોઇ નાઇવાર કોઇ કોઇ બાબતપર બોલ્યા કરો."

તેણે જવાબ આપ્યો "એવું નહીં બની જાય કે અકલમંદો જે બાબત માટે મને પુછે તેનો જવાબ આપતી વખતે મને ન આવડતું હોય તેથી લજીત થવું પડે! ખામુશી બેહઝ બેગુઇ વલેગીરી નામુશી!"

નસીહત.

પલંગ૫ર પડી રહેવાવાળું બચ્ચું-બી કેમ આગલ વધવું તેની ફીકર કરે છે! તે એકે ચુપચાપ પડીને રમે છે. અને મોજથી ખેલ કરે છે તોબી તેનાથી નહીં ધરાઇને ઉઠવા માંગે છે! ઘડી ઘડી પડી જવા છતાંબી તે ઉઠવાનીજ કોશીશ કરે છે! પડી પડીનેબી તે ચાલતાં શીખે છે, અને ચાલતાં ચાલતાં ટપકાઇ જાય છે ત્યારે તેને જે ગુસ્સો પેદા થાય છે તેને તે અનેક ચેન ચાલાઓથી પ્રગટ કરે છે! આ બચ્ચાના દાખલા ઉપરથીજ માણસ સમજી શકે કે તેને આ દુનીયામાં રહતા રહતા આગલ અને આગલજ વધવાનું છે અને તેને ઉત્તમ કામો કરવાના છે.

દુનીયામાં કોઇ ગરીબ છે, કોઇનું ગ્નાન થોડું છે, લેકીન તેમને ધીક્કારવાનું કામ તમારૂં નથી તે સદા યાદ રાખો. મરયાદાયા ઇજ્જતનો ખ્યાલ હંમેશાં હોવોજ જોઇએ. એક માણસ ચાહે તેટલો ઉંચી પદવીપર હોય તેથી તે નીચી પદવીવાલને ધીક્કારે એ ઇઝ્ઝતથી ઉલટી વાત છે! રાજા-રઇયત, પીદર પીસર, મોટા છોટા, ભાઇ-બંધુ, મરદ-ઓરત બધાનો ઇજ્જતથી ખ્યાલ રાખવો જોઇએ. જો તમે બીજાને ઇઝ્ઝત આપશો તોજ તમને બીજા ઇજ્જત આપશે.

નસીહત.

આફતાબ રાતની અંધારી દુર કરીને પ્રકાશી લોકોને દીવસનો ઉજાળો અને ગરમી આપે છે ગોયા દુનીયાની ગરમીને તે નવી ઝીનદગી હરરોઝ બતાવે છે! જુઓ, તેના ઉગવાથી પક્ષીઓ ઉઠી એક બીજાને જગાડી પાક ખુદાની બંદગી કરે છે!

તમે માણસો શું કરી રહયા છો? નદીની માફક બીજાને ફાયદો કરો છો? આફતાબની માફક બીજાની ઝીનદગીને નવી અને ઉજાસદાર કરવામાં મદદ આપો છો? પક્ષીઓની માફક બંદગી કરી તે બંદગીમાં બીજાઓને શામીલ કરો છો કે?

ગવૈયાના મધુર કંઠમાંથી નીકલતા ગાયણો મનને જીતી લે છે, સારા ચીત્રો બનાવવાવાલા કારીગરનું ચીત્ર જોવાથી મનરંજન થાય છે, મગર આ જગતમાં ધરમ, અક્કલમંદી અને દઓલત નહીં હોય તો કાંઇબી નથી! ગાયણકાર વગર ચાલશે, ચીત્ર વગર ચાલશે, મગર જે શહેરમાં ધરમ, દાનાઈ અને દઓલત નહીં હશે તે નકામું ગણાશે. ફુળ ખુશબુ તો આપશે. મગર તે કરમાઇ જશે, જયારે દઓલત, દાનેશમંદી અને ધાર્મીક નીતીથી ફેલાયલી નહી સદા કયામ રહેશે.

નસીહત.

આ નાશકારક દુનીયામાં જે મા-માણુસ સુખને મેળવવા ફત્તેહમંદ બને છે તેજ ખરૂં માણુસ છે.

આ જગતમાં ગરમી—આગ, સરદી તુફાન, તડકો દુખ એ બધાથી માણુસોને પોતાને બચાવવા પડે છે માણુસો જે અન્નને રોઝ ખઇને પોતાના જાનને બચાવે છે તે અનાજ કેમ બને છે અને તેને કેમ સાચવ-વામાં આવે છે તેનો જો ઉંડો વીચાર કરવામાં આવે તો બહુ મોટી વાત છે: તુફાની વરસાદ, તડકાની સખતી, તીડ ઉંદરનો ઝુલમ એ બધાથી બચીને અનાજ આપણે ત્યાં આવે છે.

ટુંકમાં, મતલબ એ કે આ દુની-યામાં ચારો તરફ મઓતની છાયાની વચે ઝીનદગીનો ભરોસો બાંધવો પડે છે યાને ચારો તરફના દુખ વચે સુખ મેલવાની તજવીજ કરવી પડે છે. આવી હાલતમાં જે સુખના ખરા રસ્તાને પીછાણીને ચાલે છે તેજ દુનીયામાં શાદમાની પામે છે.

કોઇ સારી ચીઝ મેલવવાની તમને ચાહ નહીં હોય તો તમે આગલ વધી શકશો નહીં, લેકીન જે ચીઝ મેલવવાનો તમને હક્ક નહીં હોય તેને માટે તમે આશા કરો તો તેને લોભનું નામ આપવું બેહેતર છે. લોભથી માણુસો બહુ બુરા કામોમાં ફસી પડે છે.

મરવાથી શું બિહે !—રે મુરખા!
મરવાથી શું બિહે? (ટેક)

જીવતું મરશે, મૂવું જીવશે,
સૃષ્ટિ નિયમ નીતિ એ;
રે મુરખા! ૦

ઊંઘ્યું જાગશે, જાગ્યું ઊંઘશે,
છે અનુક્રમ સ્થિતિ એ;
રે મુરખા! ૦

હસતું રડશે, રડતું હસશે;
ધણું હસી રોશે જરિયે;
રે મુરખા! ૦

ચ્હડતી પડતી, નબળી સબળી,
જ્યાંત્યાં નિત દેખિયે;
રે મુરખા! ૦

મરવુ એ જીવવાને માટે,
સુખી જે ઝટ મરી લિયે;
રે મુરખા! ૦

જીવતો મૂવો જે કાયર જન,
જરી જરીમાં રડી દિયે;
રે મુરખા! ૦

શૂરવીર તે કાર્ય કરી સિદ્ધ,
અમરાયુષ અમી પિયે;
રે મુરખા! ૦

માટે ઉઠ, મેદાન પડી જા,
ખરી રીત ડહાપણની એ;
રે મુરખા! ૦

રણિયો મરણિયો થઇ રણ ગજવે,
અનુભવ્યું અર્જુનજીએ;
રે મુરખા! ૦

ઊઠ, ઊઠ, વીરા! જલદી ઊઠ,
શ્રી શીખવે તે શીખિયે;
રે મુરખા! ૦

(અનુભવિકા)

(મરહુમ બહેરામજી મલબારીના કાવ્યરત્નો પરથી)

જે આવ્યું તે જાય, જગતમાં
જે આવ્યું તે જાય. (ટેક)

આવ્યું જાશે, ઉગ્યું કરમાશે,
નિશ્ચલ નહિ જ ટકાય:
જગતમાં૦

ફારફેર કાયાનો કાયદો,
કાં રૈયત કાં રાય;
જગતમાં૦

વધી વધી સહુ ઘટવા માંડે,
ઘટિ ઘટિને જ વધાય;
જગતમાં૦

મ્હોટા ન્હાના, ન્હાના મ્હોટા,
એક બીજાને ખાય;
જગતમાં૦

કાયા એ જ કહું રોગ કારમો,
મરણ જ તેનો ઉપાય,
જગતમાં૦

હો હા કરી શું બચી જવાનો?
અંતે હાયની હાય;
જગતમાં૦

વધુ સાચવી વધુ સંકોચાશે,
પડી પડી પૂંજી કટાય;
જગતમાં૦

નહિ સાચવશે. વ્હાલા વંશજ,
બીજે હાથે વ્હેંચાય;
જગતમાં૦

કીર્તિકોટ ચણી શું કરવાનો?
મહાન વીરો વિસરાય;
જગતમાં૦

કરવી હોય તો કરી લે ભલાઇ,
એથી જ જીવ જળવાય;
જગતમાં૦

(અનુભવિકા)

(મરહુમ બહેરામજી મલબારીના કાવ્યરત્નો પરથી)

નસીહત.

અક્કલમંદો પહેલો ખોરાક પચ્યા પછી ખાએ છે, યોગી લોક એટલું ખાય છે કે જેથી જીવી શકાય, જવાનો પેટ ભરીને ખાએ છે, બુઢાઓ પસીનો પડે ત્યાં સુધી ખાયા કરે છે, જ્યારે લોભી કલન્દર તો દમ લેવાની જગા નહીં રહે ત્યાં સુધી ખા ખા કર્યાજ કરે છે!!

જેમ બાઝારી કુતરા શીકારી કુતરાઓને જોઇને દુરથીજ ઘુરકે છે પણ પાસે જવાની હીમત કરી શકતા નથી, તેમ ખરાબ માણુસો સારા માણુસોને દેખી શકતા નથી!

બે દુશ્મન બનેલા માણુસોની વચ્ચે તમે કાંઇબી વાત કહો તે એવી સાવચેતીથી કહેજો કે અગર પેલા બેઉ પાછા દોસ્ત બને તો તે વખ્તે તમારી વાતને લીધે તમને તેમનાથી લજવાવું નહીં પડે!

જો માણુસ હંમેશા પ્યાર, નમનતાઇ, ભલાઇ, અને સંતોષના ગુણોથી દુર નહીં રહે તો અને સચ્ચાઇ અને ઇન્સાફી થવાથી બાઝ ન આવે તો આલામાં આલા જગ્યા પામે.

નદીનું પાણી રાતભર વહેવા છતાંબી હજી વહયાજ કરે છે અને તે તેમ કરીને પોતાના મીઠા પાણીથી બાગ બાગીચાના ઝાડોને હરાભરા કરે છે બાગબાનને જીવને ખુશી રાખે છે!

ડાહયાં માણસોની ડાહી વાતો.

મધ્યમપણું ઘરમાં શાંતી લાવે છે, મગજને સમજશકતી આપે છે, આત્માને આતશી બનાવે છે, ગજવામાં સોનાનો ભાર ભરે છે, આટલું જરૂર યાદ રાખવું.— કાંઇપણ શારીરીક દુ:ખ વગર મગજના દરદથી લોકો વધારે પીડાય છે. તમારો આત્મા જયાં સુધી સુખી અને નચીંત હશે નહી, ત્યાં સુધી શરીર ખીલવવાના ને મજબુત બનાવવાના સઘલા ઉપાયો કારગત લાગનાર નથી, તેથી ઉલટું આત્માની શાંતીથી શારીરીક શકતી પોતાની મેળે કોશેષ વગર આવતી જશે. તમે ઉંઘમાં પડો, તેની પાંચ મીનીટ અગાઉ ખુદાની યાદ ઘણાં જોશથી ને અંતરના પ્રેમથી કરજો, તમારી જીંદગી એકસો વરસની થશે. તમારા દુ:ખો ટળી જશે, ને તમે આ તથા પેલી દુન્યાનું સુખ મેળવવા ભાગ્યશાલી થશો, અજમાવી જોજો.

ડાહ્યા માણસોની ડાહી વાતો.

આપણી હાલની કેળવણી ને મોટે ભાગે ફક્ત મનની ખીલવણીજ છે, તેની પર તદન ભરૂસો મુકતાં નાં.—આપણે તો પરિણામ જોવાનું છે. તે માણસોને વધારે સારાં કરે છે ખરાં, પણ તે બધું ઉપરનુંજ વધારે તીક્ષણ નજરના ને ચચલ બનાવે છે, પણ તેમાં ડાહાપણનો અંશ ઘણો કમી હોય છે. વધારે પક્કા બનાવે છે ખરાં, પણ વધારે ઉમદા જીગરના બનાવી શકતાં નથી; બધું વધારે મેલવવાને આતુર, પણ વધારે સુખી નહિ. આવી રીતે જોતાં આવી ખીલવણી અકલપસંદ નથી.

ઇનસાન પોતે જે પણ હાલતમાં હોય, તેમાં મજાહ ભોગવી શકે છે, કયારે કે તે પગ જોઈ પાથરણું તાણનારો હોય, સાદી રોટલી ને ચટણીપર શુકરાના કરી જાણતો હોય, ને તને તથા મને તંદરોસ્ત હોય. આજનો દહાડો જે સુખનો ગયો તે ખરો, કાલ ઉઠીને ચાલ્યાં પણ જઇએ. પણ તે સુખના દહાડાને ખુદા ખુશ થાય એવી રીતે તપાસ કરજે, એવું સમજીને કે તું હયાં ચંદરોકાળ જીવવાનો છે.

ડાહ્યાં માણસોની ડાહી વાતો.

તમે જેમ દુન્યાને જોવાની શક્તી ધરાવો, તેમ તે તમને દેખાશે. તમે જો હસતા હશો તો તે તમને ખુશાલ જણાશે, તમારૂં દીલ દલગીર હશે, તો તે તમને રડતી જણાશે.

માણસની જીંદગી બસો વરસની થાય, એ સંભવીત છે, અને બુઢાપાને લીધે જેમ કુદરતી ઉંઘ આવે તેમ નબળાઇને વશ થઇ આખર થઇ જાય. પણ ઇનસાન યા તો અજ્ઞાનપણાને લીધે કે યા તો મોજમજાહના ખોટા ખ્યાલથી દોરવાઇ કુદરતના કાયદા હરપળ તોડયો જાય છે, ને પરિણામમાં કોઇ ભર જુવાન તો કોઇ મધ્યમ ઉમર જે કોઇકજ કદાચ વધારે લાંબી ઉમર કાઢી શકે છે.

અંતરના આત્માના અવાજ વગર, આપણી ઉમદા શક્તીઓ મંદ પડી રહે છે. આપણામાં રહેલી એ, ઝીણી ચીંગારીજ આગળ વધતાં મોટું ભડકું લે છે.

સત્ય.

માનવી! જો તું સત્યનો સાથી થયો હોય, જો સત્યને તારાં અંતઃકરણથી ચાહાતો હોય તો, તું તારૂં દિલ સાચું રાખ. સત્યને કદી તું છોડતો ના. સત્યને વળગી રહ્યાથી તને કીર્તિનું તાજ મળશે. જે માણસનું દિલ સાચું અને ચોખ્ખું છે તે માણસનાં દિલમાં સત્યનું મુળ માલમ પડેછે. તેના બોલવામાં ઠગાઈ અને લુચ્ચાઇ માલમ પડતી નથી. જુઠાઇથી તે શરમીંદો થઇ પડેછે તથા ગભરાઇ જાયછે પણ સાચું બોલવામાં તેને કંઇ પણ ડર રેહેતો નથી. સાચાં દિલવાલો માણસ પોતાની આબરૂનો મરતબો સાચવી રાખેછે. ઠગાઇ અને લુચ્ચાઇને તે પોતાનાં સત્ર દિલથી ધિક્કારેછે. તે પોતાના સર્વ ઠરાવમાં નિયમ પ્રમાણે ચાલેછે અને ગુચવણથી મોકળો રેહેછે.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજી ના "નીતી વચન" ઉપરથી.)

દયા.

જે પ્રમાણે સુકાઇ ગયલાં ઝાડ-પાન અને ફળ ઉપર વસંતઋતુના દેખાવથી વિલાસ અને ખુબસુરતી આવેછે, જે પ્રમાણે વેરાણ ખેતરમાં ઉનાળાની બક્ષિસથી પુષ્કળ અનાજ પાકેછે, તે પ્રમાણે અભાગ્ય લોકોની ઉપર દયા મોટી બક્ષિસ થઇ પડેછે. જે પુરૂષ બીજાની દયા કરેછે તે પુરૂષ બધાઓની દયા મેળવવાને લાયકનો થઇ પડે છે; પણ જે પુરૂષ દયા વગરનોછે તે દયા મેળવવાને મુદ્દલ લાયક નથી.

જે પ્રમાણે એક કસાઇને બકરાંની ચિચિયારીથી દયા ઉપજતી નથી, તે પ્રમાણે ક્રૂર કે ઘાતકી માણસનાં દિલમાં કોઇનું દુઃખ જોઇને દયા ઉપજતી નથી. તેટલા માટે, હે માનવી! તું તારા કાન ગરીબ લોકોનો સાદ સાંભળીને બંધ કરતો ના; અને નિરપકારીઓનાં દુઃખ જોઇને તારૂં દિલ કઠણ અને નિર્દય રાખનો ના.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજી ના "નીતી વચન" ઉપરથી.)

નમ્રતા.

હે મનુષ્ય! એવો તું કોણ છે કે તું તારા ડાહાપણનું અભિમાન કરેછે? તું તારી કાબેલિયત ઉપર, તું તારી વિદ્યા ઉપર એટલો બધો શા માટે ફૂલાય છે? તું પોતે અજ્ઞાન છે એવું સમજ; કારણ પોતાને અજ્ઞાન સમજવું એ ડાહાપણનું મંડાણ છે. બીજાઓના વિચારમાં તું મૂર્ખ માલમ ન પડે વાસ્તે તું તારા પોતાના વિચારમાં ડાહયો થવાની મૂર્ખાઈ કહાડી નાખ.

એક સ્વરૂપવાન સ્રીને સાદો પોશાક જેમ ઝલકાટ અને શોભા આપે છે, તેમ નમ્રતા ભરેલી ચાલ ડાહાપણનો એક મોટો શૃંગાર થઇ પડે છે. નમ્રતાવાળા માણસનું બોલવું સત્યને પ્રકાશ આપે છે અને તેનાં બોલવાની ખામી તેની ભૂલને ઢાંકી કાપે છે. નમ્રતાવાળું માણસ પોતાનાં ડાહાપણ ઉપર વિશ્વાસ રાખતું નથી; તે પોતાના મિત્રની શિખામણ ઉપર લક્ષ આપે છે અને તે પોતાની સંપૂર્ણતા સઉથી છેલ્લી નજરે જોય છે.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજીના "નીતી વચન" ઉપરથી.)

વેર.

વેરનું મુળ માણુસની નબળાઇ છે. વધારે નબળા અથવા બીહકણા માણસો વધારે વેર રાખે છે. પણ અરે માનવીના દીકરા! તું વેર શા વાસ્તે શોધે છે? તું શા કારણથી વેરભાવ રાખે છે? તું શું એમ સમજે છે કે વેર રાખવાથી તારૂં પોતાનું દુઃખ ઓછું થશે? ના, નહીં કારણ તું ખાતરીથી જાણ કે તારૂ પોતાનું દુઃખ તેથી ઘટવાને બદલે અત્યંત વધી પડે છે. જે માણસનાં દિલમાં વેર છે તે માણસનું દિલ હંમેશ બેચેન અને દુઃખી માલમ પડે છે; અને જે માણસની ઉપર વેર રાખ્યું હોય છે તે માણસ આરામ અને વગર ફિકરથી ફરે છે.

જે પુરૂષ વેર લેવાને ધારે છે તે પુરૂષ પોતાની ઉપર પડેલાં દુઃખથી ધરાયો હોય એમ દેખાતું નથી. વેરભાવ રાખ્યાથી જે દુઃખ બીજાને ઉપજવું જોયે છે તે દુઃખ તને પોતાનેજ ઉપજે છે. જે પુરૂષને તું દુઃખ દેવાને ઇચ્છે છે તે પુરૂષ મુંગો મુંગો અને હસતો હસતો પોતાનું કામ કરયો જાય છે. તે તારા દુઃખમાં ઉમેરો થઇલો જોઇને વધારે ખુશી થાય છે.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજી ના "નીતી વચન" ઉપરથી.)

મોત.

મોત એ માણસના જીવની પરિક્ષા છે. મોતથી માણસનાં સારાં નરસાં કામની ખુબી એકદમ જણાઇ આવે છે. જે માણસ સમજે છે કે સારી હાલતમાં મરવું બિહેતર શું, તે માણસ પોતાનું જીવતર ખરાબ રીતે ગુજારતો નથી. જે માણસે પોતાની હૈઆતીનો છેલ્લો ભાગપણ સારી રીતે ગુજારયો હોય તેનો જન્મ વ્યર્થ ગયો એમ કેહેવાશે નહીં. જે સ્થિતિમાં મરવું જોઇએ તે સ્થિતિમાં મરવાને તૈયાર રેહેનાર માણસ પોતાની હૈઆતીના વખતનો માઠો ઉપયોગ કરતો નથી.

જે માણસ એવું સમજે છે કે "મારે મરવું છે" તે માણસ જીવે છે ત્યાંસુધી સંતોષથી રેહેછે. અને જે માણસ મરવું ભુલી જાય છે તે કંઇ પણ રીતે ખુશી થતો નથી.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજીના "નીતી વચન" ઉપરથી.)

ડાહ્યા અને મૂર્ખ

માણસો જો ઇશ્વરે તને ડાહાપણ આપ્યું હોય, જો ઇશ્વરે તારાં મનને સત્યના પ્રકાશથી ખુલ્લું કર્યું હોય, તો અજ્ઞાન માણસોને તેનો લાભ આપ, તથા ડાહ્યા અને અક્કલવાળા માણસોને તારા વિચારથી જાણીતો કર, કે જેથી તારા પોતાના વિચારમાં સુધારો થાય જે માણસમાં ખરૂં ડાહાપણ છે તે પોતાના વિચારને વળગી રેહેતો નથી. ડાહયો માણસ વારેઘડીએ વિચાર કરે છે અને પોતાની ભૂલ માલમ પડે છે તો તે કબુલ કરવાને તથા સુધારવાને વિલંબ લગાડતો નથી. મૂર્ખ માણસ પોતાના વિચારમાં મક્કમ રેહે છે અને "હું કદી ભુલ કરતો નથી" એવી ગરૂરી રાખે છે.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજી ના "નીતી વચન" ઉપરથી.)

ડાહાપણ.

માનવી ! તું ડહાપણની વાત સાંભળ. તું ડાહાપણના ઉપદેશ ઉપર લક્ષ પોંહોંચાડ. ડાહાપણનો સંગ્રહ તારા મનમાં કર. ડાહાપણનાં વચનથી કોઇ અજાણ્યો નથી. ડાહાપણ ઉપર સર્વ સદ્ગુણ

આધાર રાખે છે. ડાહાપણ માણસનાં જીવતરનો રખેવાળ અને સંભાળ લેનાર છે. હે મનુષ્ય ! તું તારી જીભ ઉપર લગામ રાખ. તું તારો હોટ ઉપર ચોકી પેહોરો રાખ, નહીં તો તારા બોલવાથી તારી પોતાની ખરાબી થશે.

જે માણસ લંગડાને ધિક્કારેછે તેને તપાસવું જોઇયે છે કે "હું પોતે લંગડો નથી." જે પુરૂષ બીજાની અપદિશા જોઇને ખુશી થાય છે તે પુરૂશને પોતાની અપદિશા કોઇ દિવશે ઘણી દલગિરીથી જોવી પડશે. ઘણુંજ બોલવાથી પશ્ચાત્તાપ કરવો પડે છે પણ મુંગા રહ્યાથી સલામત રેહેવાય છે.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજી ના "નીતી વચન" ઉપરથી.)

હિંમત.

આ પૃથ્વી ઉપર અવતાર લેનાર દરેક માણસને કપાળે થોડું ઘણું દુઃખ, દરદ અને કમનસીબ ચોંટેલું છે તથા થોડી ઘણી આપદા, પિડા અને વિપતી વળગેલી છે. તેટલા માટેરે દુઃખ અને સંકટના માનવી! તને ઘટે છે કે વગર ઢિલ કરવે તારાં મનને હિંમતથી અને ધીરજથી જોરાવર કર; કે જેથી કરીને માણસ જાતને કપાળે થોડું ઘણું દુઃખ વળગેલું છે તે સહન કરવાને ધીરજથી બની શકે. જે પ્રમાણે ઉજડ રેતીના મેદાનમાં એક ઉંટ મેહેનત, તાપ, ભુખ અને તરસ સહન કરે છે, તે પ્રમાણે માણુસ જાતની હિંમત સર્વ સંકટમાંથી તેનું રક્ષણ કરેછે.

મોટા કુળનું બાળક દોલતની અહંકાઈ કરતું નથી અને તેના આત્માની મોટાઈ જતી રેહતી નથી. સુખના હસતાં મોહો ઉપર તેણે પોતાનો આધાર રાખ્યો નથી, તેથી તે દુઃખની વેળાએ દબાઈ જતો નથી.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજી ના "નીતી વચન" ઉપરથી.)

ક્રોધ.

જે પ્રમાણે વંટોળિયો પવન પોતાનાં જોરમાં આવીને ઝાડોને ઉખેડી નાખે છે, જગતના રમણ્ય દેખાવને બદસુરત અને બેડોળ કરી નાખે છે; અથવા જે પ્રમાણે ધરતીકંપ પોતાનાં જોરમાં આવીને આખાં શેહેરોના શેહેરો પ્રલય કરી નાખે છે; તે પ્રમાણે એક ક્રોધી માણસનો ક્રોધ ની આસપાસ નુકસાન અને ખરાબી ઉપજાવે છે. ક્રોધવળાં માણસને હાથે કંઈ પણ ખરાબી અને નુકસાની થવાનો ભય રેહે છે. પણ અરે માનવી! તું વિચાર કર અને તારી પોતાની નબળાઈ ભુલી ન જા; તથા બીજાઓના અપરાધ ક્ષમા કર.—ક્રોધના વિકારને તું તાબે થતો ના; ક્રોધને તાબે થવાથી તુ એવું સમજ કે તુ તારૂં પોતાનું ગળું કાપવાને તૈયાર થયો છે અથવા તું તારા પોતાનાં મિત્રનું ખુન કરવાને ઉભો થયો છે.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજી ના "નીતી વચન" ઉપરથી.)

સંતોષ.

માનવી! જે સર્વ શક્તિમાન ઇશ્વર તારા અંતઃકરણની સઘળી વાત જાણેછે, જે સર્વ શક્તિમાન ઇશ્વર તારી ઇચ્છાની સર્વ ગરૂરી જોયછે, અને જે સર્વ શક્તિમાન ઇશ્વર તારા પોતાનાજ લાભને વાસ્તે તારી અરજ કબુલ રાખતો નથી, તે સર્વ શક્તિમામ ઇશ્વરે આ પૃથ્વી ઉપર તારૂં વતન ઠેરવ્યું છે તે તું ભુલી જતો ના. તથાપિ ડાહાપણ ભરેલી સર્વ ઇચ્છાને માટે તથા પ્રમાણિક મેહેનતને માટે હરએક કામમાં ઘણું કરીને ફતે મળે એવું તેણે પોતાની પરોપકાર-બુદ્ધિથી ઠેરવ્યું છે તે તું યાદ રાખજે. બેચનપણું તને માલમ પડે છે, જે અપદિશા કે માઠી હાલત તું ભોગવે છે, તે કયા અને કેવા ઝરામાંથી નિકળે છે, તેનું મૂળ તું તપાસ; એટલે તને માલમ પડશે કે તારી પોતાનીજ મૂર્ખાઇથી, તારી પોતાનીજ ગરૂરીથી અને તારા પોતાનાજ ભમતા વિચારથી તે સઘળું ઉત્પન્ન થયુ છે,

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજીના "નીતી વચન" ઉપરથી.)

ઉદ્યોગ.

જે દિવસ ગયા તે તો સર્વદા ગયા અને જે દિવસ આવવાના છે તે ઉપર મુદ્દલ ભરોસો નથી; વાસ્તે હો માનવી! તને ઘટે છે કે જે વખત તારો વ્યર્થ ગયો હોય તેની ચિંતા કે દલગીરી કરયા વગર અને જે વખત આવવાનો છે તે ઉપર ઘણો આધાર રાખ્યા વગર, તું તારા ચાલતા વખતનો રૂડો ઉપયોગ કર. ચાલતો વખત એ તારો વખત છે; હવે પછીનો વખત ભવિષ્યના ગર્ભમાં છે, અને તું જાણતો નથી કે તે ગર્ભમાંથી શું નિકળશે. વાસ્તે જે કાંઇ કરવા વિષે તું ઠરાવ કરતો હોય તો તે જલદીથી કર અને જે કાંઇ સવારે થઇ શકતું હોય તે સાંજ ઉપર ન રાખ.

આળસાઇ, એ દુઃખ અને તંગીનો એક મોટો પિતા છે. પ્રમાણિક ઉદયોગથી સુખ અને વૈભવ ઉત્પન્ન થાયછે. ઉદયોનો હાથ તંગીને નસાડે છે.

(સ્વર્ગવાસી કરસનદાસ મુળજી ના "નીતી વચન" ઉપરથી.)

વિચાર.

માનવી! તું તારાં મનને પુછ અને વિચાર કર કે આ પૃથ્વી ઉપર તું શા માટે પેદા થયોછે. તારી શકિત વિષે વિચાર કર; તારી ગરજ વિષે વિચાર કર; અને મનુષ્યની સાથે તારા સંબંધ વિષે વિચાર કર. એથી તને તારી હયાતીનો ધર્મ માલમ પડશે અને તે પ્રમાણે ચાલવાને બની આવશે. તું જે કાંઇ કર અથવા બોલ તેની અગાઉ સારી રીતે વિચાર કર, અને જે દરએક પગલું ભરવાને તું તૈયાર થયો હોય તેની દરએક ગતિ અને તેનું દરએક વલણ તપાસ. એમ કીધાથી તને કદી નઠારૂં લાગશે નહીં, કદી પશ્ચાત્તાપ કરવો પડશે નહીં તથા કદી દલગિરી ઉત્પન્ન થશે નહીં.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજી ના "નીતી વચન" ઉપરથી.)

સુખ અને દુઃખ.

માણસ જાતનાં સર્વ કામકાજ ઉપર લાંબો અને બારિક વિચાર કરતાં માલમ પડે છે કે માણસ ગમે તેવી સ્થિતિમાં હોય, અને ગમે તેવી પદ્વી ભોગવતો હોય તે છતાં તેનું સુખ સમધારણ છે. મોટા અને નાહાના, માતબર અને ગરીબ, ઘણું કરીને એકજ સરખું સુખ ભોગવે છે. આપણાં મનમાં વિચાર આવે છે કે [જેઓ મોટા અને 'બડેજાદે' છે, જેઓ બે ઘોડાની "ખણખણ" કરતી ફાંકડી ગાડીમાં બેસીને ફરવા નિકળે છે તેઓ ઘણા સુખી હશે. પણ આપણે એ વિચારમાં નિશ્ચય ઠગાઇએ છે. માણસને કપાળે સુખ અને દુઃખ સાથેજ, અને પરસ્પર ચોંટેલાં છે. ઇશ્વરે એવું કદી નિર્માણ કીધું નથી અથવા એવું કદી ધાર્યું નથી કે આ દુનિયામાં હરએક સ્થિતિ એકદમ સુખી અથવા એકદમ દુઃખી થઇ પડે.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજી ના "નીતી વચન" ઉપરથી.)

જુવાનીનો વખત.

તમારી જુવાનીનો વખત જે તમારાં સુખ અને લાભને માટે ઘણો અગત્યનો છે તેને સુધારાના ફળોથી ઉજડ રહેવા દેશો ના. તમારી પ્રતિષ્ઠા અથવા આબરૂ તમે કરશો તેવી થશે. તમારૂં નશીબ કેટલીએક વાતે તમારા પોતાના હાથમાં છે. તમે હજુર જુવાન છો તેથી તમારો સ્વભાવ અને તમારૂં અંતઃકરણ નરમ અને કોમળ છે. કેટલાએક ખરાબ વિચારોથી અને માઠી ચાલચલણથી તે પથ્થર જેવું જડ થઈ ગયું નથી. તમારી સમજ ઉપર હજુર ખોટા વિચારોએ અને ખોટા વેહેમોએ સરદારી મેળવી નથી. તમારા ખરા પ્યારને ઉતારી પાડવાને તથા હલકો કરી નાંખવાને દુનિયાને હજુર વખત મળ્યો નથી. તમે મોટી ઉંમરે પોંહોંચશો તેના કરતાં હમણાં તમારી સઘળી શક્તિ વધારે કૌવતવાળી, સ્વતંત્ર અને વધારે ખુલ્લી છે. તમારાં કામ ક્રોધને હાલ જે વલણ તમે આપશો તે વલણ જરૂર પકડશે, તથા તે વલણ તરફ તમારી જીંદગી પોતાનો રસ્તો પકડશે.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજીના "નીતી વચન" ઉપરથી.)

પ્રમાણિકપણું.

પ્રમાણિકપણું ઇશ્વરને પસંદ છે. તેમજ સર્વ મનુષ્યને પસંદ છે. પ્રમાણિકપણાંની સર્વ ઠેકાણે અને સર્વ જગાએ સ્તુતિ થાય છે. કોઇ ગમે તેવો લુચ્ચો અને અપ્રમામાણિક માણસ હશે તોપણ તે પોતાનાં મનમાં પ્રમાણિક માણસની લાયકી તથા યોગ્યતા સમજે છે અને જયારે તેને જોય છે ત્યારે શરમાઇને પોતાનાં મનમાં હલકો પડે છે. હે મનુષ્ય ! તું સર્વ કામમાં અને સર્વ ધંધામાં પ્રમાણિકપણું રાખજે. તું પ્રમાણિકપણાંની પડખેથી જરાય ખસીશમા. આ દુનિયામાં તને આડે રસ્તે લઇ જવાને બહુ લાલચ અને લોભ માલમ પડશે. પૈસાની ભૂખ અને લાભનો સાદ જયારે ત્યારે તારા કાનમાં આવીને કેહશે કે "કામ ધંધાંમાં પ્રમાણિકપણું રાખીશ તો ભુખે મરીશ; લોકો લાખો રૂપીઆ મેળવે છે તે ઉથલપાથલ અને કાળાં ધોળાં કીધા વગર મેળવતા નથી."

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજી ના " નીતી વચન " ઉપરથી.)

દુ:ખ અને દરદ.

દુ:ખ અને દરદ એ બે પિતરાઇ ભાઇઓ છે. એઓની સંગત કરવા આપણે જેમ બને તેમ વેગળા રહીએ, પરંતુ તેઓ આપણી સંગત કરવાને ઘણીજ આતુરતા રાખે છે. જરા દાવ કે લાગ આવ્યો તો તેઓ આપણા સોબતી થઇ પડે છે. તેઓથી પછી વેગળા જવાની આપણે ઘણીખી મેહેનત અને તજવીજ કરીએ પણ તે સર્વ વ્યર્થ જાય છે. તેઓ થોડી વાર વેહેતાં હથિયારથી બીહીને નાસે છે પણ પાછા લાગુ પડવા મુદલ આંચકો ખાતા નથી. દુનિયામાં કોઇ એવું માણસ પેદા થયું નથી અને થશે પણ નહીં કે જેની સંગત એ બે ભાઇઓએ કીધી નહીં હોય.

એવું જ્યારે ઉઘાડું છે ત્યારે આપણે શા માટે તે ભાઇઓની ભેટ લેવાને એટલા બધા બિહિવું જોઇએ? જેઓ બિહે છે તેઓ બમણા ફસી પડે છે. એઓની સંગતથી આપણને ઘણી વેળા નુકસાન થવાને બદલે લાભ થાય છે. એઓની સંગતથી માણસને ઇશ્વર શક્તિ વિશે ઘણું જ્ઞાન પેદા થાય છે. એઓની સંગતથી માણસ નીતિ અને સદ્ગુણને રસ્તે ચાલવાને શિખે છે. એઓની સંગતથી માણસ સાવચેત થઇને ડાહાપણનો રસ્તો પકડે છે.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજીના "નીતી વચન" ઉપરથી.)

"જોઈ તપાસીને ચાલ."

આ શિખામણ ઘરડા માણસોની છે. તે ઉપર વાંચનારે ધ્યાન પોંહચાડવું જોઇએ. વાંચનાર તું મધ્યરાત્રે ખાડા ખબોચિયાવાળા અને ધાસ્તી ભરેલા અજાણ્યા રસ્તા ઉપર થઇને જતો હઇશ તો તું પોતે તારા જીવને કહીશ કે "જોઇ તપાસીને ચાલ;" "જ્યાં પગ મુક ત્યાં જોઇ તપાસીને મુક." વાંચનાર! દુનિયાનો રસ્તો તને કેવો લાગે છે? હું ધારૂં છું કે તે પણ તને ખાડા ખબોચિયાવાળો ભય ભરેલો અને અજાણ્યો લાગતો હશે. ખચિત દુનિયાનો રસ્તો એવોજ છે. તેની ચારે બાજુએ ભય શિવાએ બીજું કંઇજ નથી; વાસ્તે તને સાવધ રેહેવું ઘટે છે. ઘણા પુરુષોએ દુનિયાના રસ્તા ઉપર ઠોકર ખાધી છે અને ઘણા પુરુષોએ પોતાના પ્રાણ ખોયા છે. ઘણા લોકોનાં ડાચાં ભાંગી ગયાં છે ને ઘણાઓનાં મોહોં રંગા ગયાં છે. હજારો લોકો એ રસ્તા ઉપર ચાલતાં લોભ લાલચની જાળમાં લપટાઇ મુવાં છે.

(સ્વર્ગવાસી કરસનદાસ મુલજીના "નીતી વચન" ઉપરથી.)